BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

બી.એ. / બી.એ. ઓનર્સ - સમાજશાસ્ત્ર

## સામાજિક સંશોધન પધ્ધતિઓ

(મુખ્ય વિષય)

**(SOCM-307 / SOMJ-302)**



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સંપાદક:**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જયેશ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ આશ્રમ રોડ, અમદાવાદ |
| પ્રો. (ડૉ.) જે. સી. પટેલ | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ. સુભાષ પાંડર | એસોસિયેટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ |
| ડૉ. ચેતન પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડી. એમ. આર્ટ્સ એન્ડ એસ. એસ. પટેલ કોમર્સ કોલેજ, આણંદ |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા |


**પ્રકાશક:**

કુલસચિવ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** પુનઃ મુદ્રણ – 2025

**ISBN NO:** **978-93-5598-259-9**


: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર

## SOCM-307 / SOMJ-302

# વિભાગ - 1 'સામાજિક સંશોધનના ખ્યાલો અને સ્ત્રોત' વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, આપણે સૌ જાણીએ જ છીએ કે સમાજશાસ્ત્ર સમાજમાં બનતી જુદી-જુદી ઘટનાઓ, સંસ્થાઓ, ક્રિયા-આંતરક્રિયાઓ, સામાજિક સંબંધો એમ પ્રત્યેક સામાજિક પાસાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રનાં વિદ્યાર્થી તરીકે આપણે એ જાણવું આવશ્યક છે કે, સંશોધન માં કઈ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય ? આથી TYBA પાઠ્યક્રમ SOCM-307માં 'સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિ'નો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ 'સામાજિક સંશોધનના ખ્યાલો સોત'માં એકમ - 1 થી 9 એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમાજશાસ્ત્ર એક વિજ્ઞાન છે, જે સતત પરિવર્તન પામતા સમાજનું અવલોકન કરે છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિજ્ઞાનના અર્થ અને તેના લક્ષણોની વિગતવાર ચર્ચા એકમ - 1માં કરીશું. સમાજશાસ્ત્રમાં થતું સંશોધન સામાજિક સંશોધન ગણાય છે. માટે એકમ-2માં સામાજિક સંશોધનનો અર્થ, હેતુઓ અને મહત્વની સમજૂતી મેળવીશું. 'સંશોધન' અને 'જ્ઞાન'ની જેમ જ 'સમાજ', 'સંસ્કૃતિ' અને 'સામાજીકરણ', એક ખ્યાલ છે. ખ્યાલો (વિભાવનાઓ) મુખ્ય સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યો સાથે સંબંધિત છે. ખ્યાલનો અર્થ, કાર્યો, લક્ષણો અને મહત્વ આપણે એકમ-3માં જોઈશું. સંશોધન વિષયની પસંદગી કરી લીધા બાદ ઘટનાઓ કે સંશોધન વિષય સંદર્ભે માત્ર કામચલાઉ વિધાન કરે છે તે ઉપકલ્પનાનો અર્થ અને લક્ષણોની વિગતવાર ચર્ચા એકમ-4માં કરીશું. ત્યારબાદ એકમ-5માં ઉપકલ્પનાના સોતો,ઉપયોગીતા અને મર્યાદાઓ વિશે સમજૂતી મેળવીશું.

વિદ્યાર્થીમિત્રો, કોઈપણ સંશોધન કાર્ય માહિતી વિના આગળ વધી શકતું નથી. માહિતી જ સંશોધનનો મુખ્ય પાયો છે. સંશોધનમાં યોગ્ય અને યથાર્થ માહિતી પ્રાપ્ત થાય તો જ સંશોધન સફળ બને છે. સંશોધનમાં માહિતીનો સમાજશાસ્ત્રીય અર્થ અને માહિતીના સોતોની ચર્ચા એકમ-6માં કરીશું. માહિતી વિશેની ભૂમિકા અને તેના અર્થને સમજ્યા બાદ સંશોધનમાં માહિતીની ઉપયોગીતા સમજવી આવશ્યક છે. આથી એકમ-7માં માહિતીના સ્રોતોનું સંશોધનમાં મહત્વની સમજૂતી મેળવીશું. સંશોધનની શરૂઆતથી માંડી સંશોધનના અંત સુધી સંશોધક માટે ગ્રંથાલય ખૂબ જ ઉપયોગી બની રહે છે. ગ્રંથાલયના માધ્યમ દ્વારા જ સંશોધકને માહિતી, અગાઉ કરેલા સંશોધનો, સંશોધકોના અનુભવો, તારણો, મર્યાદા પ્રાપ્ત થાય છે. આથી એકમ-8માં સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગની વિગતવાર ચર્ચા કરીશું. સંશોધન કરવા માટે સંશોધક અનેક મૂંઝવણ અનુભવતો હોય છે, તેની સમગ્ર સમસ્યાઓનો ઉકેલ ગ્રંથાલયમાંથી પ્રાપ્ત થવાની વધુ સંભાવના છે. સંશોધક તરીકે ગ્રંથાલયમાં મુકાયેલ સામગ્રીની ગોઠવણી કેવા પ્રકારની છે? તે સમજવું આવશ્યક છે. તેમજ ગ્રંથાલયની મુલાકાત વિષેની સમજૂતી એકમ-9માં મેળવીશું.

BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર

સામાજિક સંશોધન પદ્ધતિઓ

(મુખ્ય વિષય)

**(SOCM-307 / SOMJ-302)**

વિભાગ

# 1

## સામાજિક સંશોધનના ખ્યાલો અને સ્ત્રોત


| | |
|---|---|
| એકમ : 1<br>વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો | 1-8 |
| એકમ : 2<br>સામાજિક સંશોધનનો અર્થ, હેતુઓ અને મહત્ત્વ | 9-18 |
| એકમ : 3<br>ખ્યાલનો અર્થ, કાર્યો, મહત્ત્વ અને લક્ષણો | 19-26 |
| એકમ : 4<br>ઉપકલ્પનાનો અર્થ અને લક્ષણો | 27-32 |
| એકમ : 5<br>ઉપકલ્પનાના સ્ત્રોતો,ઉપયોગિતા અને મર્યાદાઓ | 33-41 |
| એકમ : 6<br>માહિતીનો અર્થ અને માહિતીના સ્ત્રોતો | 42-51 |
| એકમ : 7<br>માહિતીના સ્ત્રોતોનું સંશોધનમાં મહત્ત્વ | 52-57 |
| એકમ : 8<br>સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ | 58-64 |
| એકમ : 9<br>ગ્રંથાલયમાં સામગ્રીની ગોઠવણી અને મુલાકાત | 65-71 |

એકમ 1

# વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો

**-: રૂપરેખા :-**

**1.0 ઉદ્દેશ્યો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 વિજ્ઞાનનો અર્થ**

**1.3 વૈજ્ઞાનિક જ્ઞાન અને સામાન્ય બુદ્ધિનું જ્ઞાન**

**1.4 સારાંશ**

**1.5 ચાવીરૂપ શબ્દો**

**1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.7 સંદર્ભ સૂચિ**

## 1.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે.

– વિજ્ઞાનના અર્થની સમજ મેળવી શકશો.

– વિજ્ઞાનના લક્ષણોનું વર્ણન કરી શકશો.

– વૈજ્ઞાનિક જ્ઞાન અને સામાન્ય બુદ્ધિના જ્ઞાન વચ્ચેના તફાવતનું વર્ણન કરી શકશો.

## 1.1 પ્રસ્તાવનાઃ

માનવ એક જ્ઞાન જિજ્ઞાસુ પ્રાણી છે તે પોતાની માટે બાજુની ઘટનાઓ તરફ જાગૃત રહે છે તે સત્ય સુધી પહોંચવાનો સતત પ્રયત્ન કરતો રહે છે. પોતાની વિભિન્ન જરૂરિયાતોની પૂર્તિ માટે સમય સમય ઉપર અનેક સંશોધનો કર્યા છે. આ સ્વભાવના પરિણામ સ્વરૂપે આગ અને પૈડાની શોધ કરી. પ્રારંભમાં વિભિન્ન શોધની ગતિ ખૂબ ધીમી રહી પરંતુ જેમ જેમ માનવ પ્રગતિના પંથ ઉપર આગળ વધતો ગયો તેમ તેમ સત્યની શોધ વિશ્વ જ્ઞાન પ્રાપ્તિ માટે વિશિષ્ટ વિજ્ઞાનોની સ્થાપના થઈ. અભ્યાસની નવી પ્રયુક્તિ અને પદ્ધતિની શોધ કરી. જ્ઞાનના ભંડારને વર્ગીકૃત કરીને તેને ભૌતિક અને અભૌતિક વિજ્ઞાનોના સ્વરૂપમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી. વિભિન્ન શોધો, સંશોધન અને જ્ઞાન પ્રાપ્તિ માટે કોઈ સરળ, સાદો નાનો રસ્તો નથી. તેના માટે વિભિન્ન વિજ્ઞાનો અને તેની અભ્યાસની વિશિષ્ટ પદ્ધતિઓનું નિર્માણ કરવું જરૂરી છે. કાર્લ પિયર્સન કહે છે કે સત્ય સુધી પહોંચવા માટે કોઈ લઘુ માર્ગ નથી. વિશ્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિના દ્વારથી જવા માટે અધિક બીજો કોઈ માર્ગ નથી.

સામાજિક વૈજ્ઞાનિકોએ સમાજથી સંબંધિત વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્તિ માટે સમય સમય ઉપર વિશિષ્ટ સામાજિક વિજ્ઞાનો અને વૈજ્ઞાનિક પદ્ધતિઓનું નિર્માણ કર્યું છે. સમાજથી સંબંધિત જ્ઞાન, વિજ્ઞાન અને સંશોધનના ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે જરૂરી છે.

## 1.2 વિજ્ઞાનનો અર્થ :

સત્ય, પ્રમાણિત અને વિશ્વસનીય જ્ઞાન માટે ક્રમબદ્ધ અને વ્યવસ્થિત અભ્યાસની આવશ્યકતા છે. સામાન્ય બોલચાલની ભાષામાં આ ક્રમબદ્ધ અને વ્યવસ્થિત અભ્યાસને વિજ્ઞાન કહે છે. વિજ્ઞાનના અભાવમાં સિદ્ધાંતોના નિર્માણ અને જ્ઞાનના વિકાસ અને સંભાવના કરવી અસંભવ છે. એનસાયકલોપીડિયા બ્રિટાનિકામાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. શું વિજ્ઞાનના અર્થની વ્યાખ્યા કરવી સંભવ છે ? કદાચ નહીં વિજ્ઞાન માનવ સમૂહથી મુખ્ય ક્રિયા છે વિજ્ઞાનની સંપૂર્ણતામાં વિવેચન કરવું ખૂબ કઠિન છે. લેટિન શબ્દ Scientiaનો અર્થ થાય છે જ્ઞાન પરંતુ આધુનિક અર્થમાં માત્ર નિશ્ચિત જ્ઞાન થાય છે જેનું ક્ષેત્ર એટલું વ્યાપક છે કે કોઈ પણ વ્યક્તિ તેના નાનામાં નાના અંશથી અધિક પ્રાપ્ત કરી શકતા નથી. વિજ્ઞાન વિકસિત થતું રહે છે અને આ કોઈ જ્ઞાનનું સ્થિર ભંડાર નથી. વિજ્ઞાન જ્ઞાનનો વિકાસ છે. જ્ઞાન એ સંશોધનનો પર્યાય બની ગયેલ છે. વિજ્ઞાનમાં વિકાસશીલ પરંપરા હોય છે.

વેનબર્ગ અને શેબત કહે છે કે "વિજ્ઞાન સંસારની તરફ જોવાની એક નિશ્ચિત પદ્ધતિ છે."

ગુડે અને હટ કહે છે કે "વિજ્ઞાન સમસ્ત અનુભવ સિદ્ધ સંસાર પ્રતિ દષ્ટિકોણની એક પદ્ધતિ છે."

કાર્લ પિયર્સન કહે છે કે "સમસ્ત વિજ્ઞાનોની એકતા માત્ર તેની પદ્ધતિમાં છે તેના વિષયવસ્તુમાં નથી. ચર્ચમૈન અને એકોફ કહે છે કે "વિજ્ઞાન એક કુશળ અન્વેષણ છે."

વિજ્ઞાનનો સંબંધ વ્યવસ્થિત અભ્યાસ પદ્ધતિથી છે. વિષય વસ્તુથી નથી વિજ્ઞાન વ્યવસ્થિત જ્ઞાનનો સંચય છે. આ એક દષ્ટિકોણની પ્રણાલી છે. વિજ્ઞાન માત્ર વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રયોગ કરવાની પ્રક્રિયા છે. વિજ્ઞાન એક કુશળ સંશોધન છે. જે નિશ્ચિત પદ્ધતિ પ્રમાણે કરવામાં આવે છે.

## 1.2 વિજ્ઞાનના લક્ષણો :

કોઈપણ અવધારણાનો અર્થ અને પ્રકૃતિને સમજવી સૌથી સરળ બાબત તેના લક્ષણોનો અભ્યાસ કરવાનો છે. વિજ્ઞાનની પ્રકૃતિને સમજવા માટે વિજ્ઞાનના લક્ષણો સમજવા જરૂરી છે. વિજ્ઞાનના મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે.

### 1.2.1 નિરીક્ષણ :

વિજ્ઞાનમાં વ્યવસ્થિત અને પક્ષપાતરહિત નિરીક્ષણ કરવામાં આવે છે. વર્ગી કરણની સહાયથી સામાન્યીકરણના નિયમ બનાવવામાં આવે છે. આ નિયમોને આગળ નિરીક્ષણોમાં લાગુ કરવામાં આવે છે. નવા નિરીક્ષણો અને માન્ય નિયમોમાં તાલમેલ ન હોય તો નિયમોમાં સંશોધન કરવામાં આવે એ અને આ નવા સંશોધન આગળ વધુ નિરીક્ષણ કરવાની દિશા અને પ્રેરણા પુરી પાડે છે. આ રીતે વિજ્ઞાનમાં આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. સામાન્ય રીતે આ જ વિજ્ઞાનની પદ્ધતિનું નિર્માણ કરે છે. ગુડે અને હટના શબ્દોમાં વિજ્ઞાન નિરીક્ષણથી પ્રારંભ થાય છે અને છેલ્લે જરૂરિયાત મુજબ નિરીક્ષણ ઉપર ફરીથી આવવું પડે છે.

### 1.2.2 કારણ :

વિજ્ઞાન વિભિન્ન ઘટનાના પરસ્પર કારણ પ્રભાવોનો અભ્યાસ કરે છે તથા પરિણામોના કારણોની શોધ કરે છે. વિજ્ઞાન ઘટનામાં વર્તમાન તથ્યોનો પરસ્પર કાર્ય-કારણ સંબંધોનો અભ્યાસ, વર્ણન અને વ્યાખ્યા કરે છે. આ

રીતે કારણની શોધ કરવી વિજ્ઞાનનું એક મુખ્ય લક્ષણ છે. ઘટનાના વિભિન્ન પરિસ્થિતિમાં કયો કયો પ્રભાવ પડે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. ઘટનાના પરિણામો અને કારણોની શોધ કરવામાં આવે છે તેનું વર્ણન કરવામાં આવે છે. કાર્લ માર્ક્સ વર્ગસંઘર્ષમાં આર્થિક શોષણ ઉત્પાદનના સાધન અને સંબંધ વગેરેના કાર્યકારણ સંબંધની વૈજ્ઞાનિક વ્યાખ્યા કરીને સામાજિક પરિવર્તનને સમજાવવાનો પ્રયાસ કરે છે.

**1.2.3 અનુભવ :**

વિજ્ઞાન જે કંઈ જાણકારી નિષ્કર્ષ અને જ્ઞાન રજૂ કરે છે તે પ્રત્યક્ષ છે. નિરીક્ષણ એ જ્ઞાનેન્દ્રિય દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. આંખથી જોઈને, કાનથી સાંભળીને, જીભથી ચાખીને, નાકથી સૂંઘીને કે સ્પર્શથી મેળવેલું જ્ઞાન વધુ વિશ્વસનીય છે. વિજ્ઞાનમાં આ રીતે જ્ઞાનેન્દ્રિયો દ્વારા નિરીક્ષણ કરીને હકીકતો કે માહિતી એકત્ર કરવામાં આવે છે. વિજ્ઞાન જાણી શકાય તેવા વાસ્તવિક જગતનો અભ્યાસ કરે છે. જ્ઞાન નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે. વિજ્ઞાનમાં કાલ્પનિક જ્ઞાનને કોઈ સ્થાન નથી વાસ્તવિકતાને સ્થાન છે.

**1.2.4. સાર્વત્રિકતા :**

વિભિન્ન સંશોધનકર્તાઓનું કહેવું છે કે વિજ્ઞાનની વિશેષતા કાર્યકારણ સંબંધ અને અનુભવ સાર્વત્રિક લક્ષણ છે. પરીક્ષણ અને અનુભવ દ્વારા વિજ્ઞાન દ્વારા ઘટનાથી સંબંધિત કાર્યકારણ સંબંધની વિશ્વમાં કોઈપણ જગ્યાએ ચકાસણી કરતા પરિણામમાં બદલાવ આવતો નથી જેમ વિજ્ઞાનમાં સિદ્ધાંત નિશ્ચિત પરિસ્થિતિમાં ઘટનાના પરસ્પર કરાણ પ્રભાવ સંબંધોની વ્યાખ્યા કરે છે. જો પરિસ્થિતિ અને ઘટનાના ગુણ બદલતા નથી તો સિદ્ધાંત સત્ય અને પ્રમાણિત સિદ્ધ થાય છે. સામાજિક વૈજ્ઞાનિક સંશોધનના સોપાન પ્રમાણે તથ્યોનો અભ્યાસ કરીને સિદ્ધાંતોનું નિર્માણ કરે છે તેની ચકાસણી કરી શકાય છે.

**1.2.5 તાર્કિકતા :**

બધા અભ્યાસોની જેમ વિજ્ઞાન પણ તાર્કિક હોય છે. વિજ્ઞાન ઘટનાનું તર્કપૂર્ણ રજૂઆત કરે છે. વિભિન્ન તથ્યોના પરસ્પર સંબંધનો તે તાર્કિક રીતે સિદ્ધ કરીને વર્ણન અને વ્યાખ્યા કરે છે. નિરીક્ષણ દ્વારા મેળવેલી માહિતીને તર્કની કસોટીએ ચકાસવામાં આવે અને માહિતીમાંથી હકીકતોને અલગ તારવવામાં આવે છે. હકીકતોને તર્ક સંગત રીતે ગોઠવીને જ્ઞાન મેળવવામાં આવે છે. વિજ્ઞાનમાં તાર્કિકતાનો ઉપયોગ કરવામાં આવે છે. જ્ઞાનેન્દ્રિયો દ્વારા હકીકતો મેળવવામાં આવે તેટલું પુરતું નથી. કારણ કે હકીકતો પોતે કંઈ કહેતી નથી. છૂટી છવાઈ હકીકતો અર્થહીન છે. પરંતુ જ્યારે આ હકીકતોને તાર્કિક રીતે ગોઠવવામાં આવે, હકીકતોનું તાર્કિક ક્રમમાં વર્ગીકરણ કરવામાં આવે, તાર્કિક વિચારણા કરીને હકીકતો વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત થાય તે રીતે કથનો ગોઠવવામાં આવે છે.

**1.2.6 ક્રમબદ્ધતા :**

ગુડે અને હટ કહે છે કે વિજ્ઞાનનો સંબંધ માત્ર વ્યવસ્થિત જ્ઞાનના સંચયથી જ છે. વિજ્ઞાન ક્રમબદ્ધ અને વ્યવસ્થિત જ્ઞાન છે જેની અન્ય વૈજ્ઞાનિક એ જ ક્રમને ધ્યાનમાં રાખી વૈજ્ઞાનિક ચકાસણી કરી શકે છે. વિજ્ઞાન જ્યારે જ્ઞાનનો

સંગ્રહ કરી ક્રમબદ્ધ અને વ્યવસ્થિત કરી દે છે ત્યારે તે વિજ્ઞાન કહેવાય છે. વિજ્ઞાનનો સંબંધ કેટલાક વિદ્વાનોના ક્રમબદ્ધ અને વ્યવસ્થિત સંચયી જ્ઞાનથી છે.

### 1.2.7 પૂર્વાનુમાન :

વિજ્ઞાન ઘટનાથી સંબંધિત તથ્યોના પરસ્પર ગુણ સંબંધનો અભ્યાસ કરવા ઉપરાંત પરિણામોનું પૂર્વાનુમાન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લે છે. વિજ્ઞાન ઘટનાઓનું પૂર્વાનુમાન કરવાની ક્ષમતા ધરાવે છે. અભ્યાસ દ્વારા ઘટનાના પરસ્પર કાર્યકારણ સંબંધ વિજ્ઞાન રજૂ કરે છે. વિજ્ઞાન વ્યવસ્થિત જ્ઞાનના આધારમાં પૂર્વાનુમાના કરે છે કે ભવિષ્યમાં અમુક અમુક તથ્યોની ઉપસ્થિતિમાં અમુક અમુક પરિણામો નિકળશે. સમાજ ગામથી નગરમાં વિકસિત થાય છે. સંયુક્ત કુટુંબ વિભક્ત કુટુંબમાં પરિવર્તિત થાય છે. અનેક સામાજિક વ્યવસ્થા, સંસ્કૃતિ અને તેના સંબંધિત વિભાગો જેમ કે કુટુંબ, જૂથ, સંસ્થા, લગ્ન વગેરે આગળ જતાં કેવું સ્વરૂપ ધારણ કરશે તેના સંબંધમાં વૈજ્ઞાનિકોએ પૂર્વાનુમાન કરેલું છે. મેક્સ વેબર કહે છે કે ઘટનાના અભ્યાસમાં તેના ઘટનાક્રમના ઈતિહાસનો અભ્યાસ કરવો જોઈએ. સામાજિક વિજ્ઞાન કેટલીક સીમા સુધી પૂર્વાનુમાન કરવાની ક્ષમતા રાખે છે. આથી આપણે કહી શકીએ છીએ કે સામાજિક વિજ્ઞાનોની પ્રકૃતિ વૈજ્ઞાનિક છે.

### 1.2.8 સંચયી જ્ઞાન :

વિજ્ઞાન નિશ્ચિત વૈજ્ઞાનિક પદ્ધતિ કે આધાર ઉપર નિરંતર જ્ઞાનને એકત્ર કરતા રહે છે. પહેલાના જ્ઞાનના આધાર ઉપર આગળ અભ્યાસ કરે છે અને આ નવા જ્ઞાનને પૂર્વજ્ઞાનની સાથે જોડી દેવામાં આવે છે. આ રીતે વિજ્ઞાન એક એવી પ્રક્રિયા છે જે જ્ઞાનનું નિરંતર સંચય કરતા રહે છે. યંગ અને મેક કહે છે કે જ્ઞાનના એક જથ્થા તરીકે વિજ્ઞાન હંમેશા ફેરફાર પામતું રહે છે. નવી હકીકતો શોધાતી જાય, જૂની હકીકતો વધુ સ્પષ્ટ બનતી જાય અથવા તો હકીકતો વચ્ચેના સંબંધો અંગે નવું જ્ઞાન પ્રાપ્ત થતા વિજ્ઞાનની વૃદ્ધિ થતી રહે છે.

### 1.2.9 અભ્યાસ પદ્ધતિ :

બધા વૈજ્ઞાનિકોએ વિજ્ઞાનની વ્યાખ્યામાં તેના એક વિશિષ્ટ અભ્યાસની પદ્ધતિ દર્શાવી છે. વિજ્ઞાનને વિષય વસ્તુથી સ્વતંત્ર રાખ્યું છે. આ તો દષ્ટિકોણની પદ્ધતિ છે. આ કુશળ સંશોધન કે નિશ્ચિત પ્રયુક્તિ છે. સામાજિક વિજ્ઞાનોમાં સમાજ, સામાજિક સંબંધો, સામાજિક વ્યવસ્થાઓ, ઘટનાઓ વગેરેનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે થાય છે. અભ્યાસની યોજના કે રૂપરેખા તૈયાર કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનોમાં તથ્ય એકત્ર કરવા માટે વૈજ્ઞાનિક પ્રયુક્તિ નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલી વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

વિજ્ઞાનમાં પક્ષપાતરહિત નિરીક્ષણ કરવામાં આવે છે. વિજ્ઞાન ઘટનાના પરસ્પર કાર્યકારણના સંબંધનો અભ્યાસ કરે છે. વિજ્ઞાન જ્ઞાનેન્દ્રિયો દ્વારા હકીકતો એકત્ર કરવામાં આવે છે. વિજ્ઞાનનો સંબંધ કેટલાક વિદ્વાનોના ક્રમબદ્ધ અને વ્યવસ્થિત સંચયી જ્ઞાનથી છે. સામાજિક વિજ્ઞાનોમાં તથ્યો એકત્ર કરવા

પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

**નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.**

(1) વિજ્ઞાનના લક્ષણો વર્ણવો.

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો. ખોટાની સામે × ની નિશાની કરો.

1. માનવી એક જીજ્ઞાસુ પ્રાણી છે.
2. વિજ્ઞાન ઘટનાના પરસ્પર કાર્યકારણના સંબંધનો અભ્યાસ કરતું નથી.
3. નવું જ્ઞાન પ્રાપ્ત થતા વિજ્ઞાનની વૃદ્ધિ થતી રહે છે.

## 1.3 વૈજ્ઞાનિક જ્ઞાન અને સામાન્ય બુદ્ધિનું જ્ઞાન

### 1.3.1 વૈજ્ઞાનિક જ્ઞાન :

ઘટનાના વિવિધ તત્વો વચ્ચેનો કાર્યકારણ સંબંધ સ્પષ્ટ કરવો એ વૈજ્ઞાનિક જ્ઞાનનું એક લક્ષણ છે. વ્યવસ્થિત સ્વરૂપે વાસ્તવિક પુરાવાના આધારે હકીકતોનું સ્પષ્ટીકરણ કરવાની ઈચ્છામાંથી વિજ્ઞાનનો જન્મ થાય છે. તેથી સ્પષ્ટીકરણલક્ષી સિદ્ધાંતોના આધારે જ્ઞાનનો સંગ્રહ કરવો અને વર્ગીકરણ કરવું એ વિજ્ઞાનનું ધ્યેય છે. આ ધ્યેય સિદ્ધ કરવા માટે વિજ્ઞાન ઘટનાનો અભ્યાસ કરીને તેના લક્ષણોને જુદા પાડે છે અને આ લક્ષણો વચ્ચેના સંબંધની ઢબ તપાસીને તેની પુનઃ તપાસ કરીને વિજ્ઞાન ઘટના વિશે રજૂઆત કરે છે. પ્રાકૃતિક અને સામાજિક બંને વિજ્ઞાનો ઉચ્ચ કક્ષાના સ્પષ્ટી કરણનો આદર્શ ધરાવે છે.

### 1.3.2 સામાન્ય બુદ્ધિનું જ્ઞાન :

સામાન્ય બુદ્ધિનું જ્ઞાન એટલે સામાન્ય સૂઝ ઉપર આધારિત અને સામાન્ય રીતે લોકોએ પોતાના રોજબરોજના અનુભવના આધારે વિકસાવેલ માન્યતાઓ, વિચારો અને તેની અભિવ્યક્તિ પોતાના રોજબરોજના અનુભવના આધારે સામાન્ય લોકો જે માહિતી મેળવે છે. જે ખ્યાલો વિકસાવે છે જે વિચારો કેળવે છે અને જે માન્યતાઓ ધરાવે છે તે બધાનો સમાવેશ સામાન્ય બુદ્ધિમાં થાય છે. સામાન્ય રીતે લોકોને ખબર છે કે સફરજન ઝાડ ઉપરથી નીચે પડે છે. પરંતુ સામાન્ય લોકોને ગુરૂત્વાકર્ષણના નિયમની જાણકારી હોતી નથી.

સામાન્ય બુદ્ધિના જ્ઞાનની માન્યતાઓ કેટલે અંશે આધારભૂત છે અને તેનું આચરણ કેટલે અંશે સફળ બને છે તે અંગે સામાન્ય લોકો ભાગ્યે જ સભાન હોય છે. સામાન્ય લોકોના જુદા જુદા વિચારોમાં અને માન્યતાઓમાં વિસંગતિ જોવા મળે છે. સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં હકીકતોનું વ્યવસ્થિત સ્પષ્ટીકરણ જોવા મળતું નથી. તેથી સામાન્ય બુદ્ધિના જ્ઞાન દ્વારા વ્યક્ત થતા વિધાનો વિજ્ઞાનમાં સ્થાન પામી શકે નહી.

### 1.3.3 વૈજ્ઞાનિક જ્ઞાન અને સામાન્ય બુદ્ધિના જ્ઞાન વચ્ચે તફાવત :

(1) વૈજ્ઞાનિક જ્ઞાનમાં હકીકતોનું વ્યવસ્થિત સ્પષ્ટીકરણ જોવા મળે છે.

જ્યારે સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં હકીકતોનું વ્યવસ્થિત સ્પષ્ટીકરણ જોવા મળતું નથી.

(2) વૈજ્ઞાનિક જ્ઞાનમાં ઘટનાઓના પરસ્પરાવલંબનની તટસ્થ તપાસ થાય છે.

જ્યારે સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં સામાન્ય લોકો ઘટનાની અસર વિશે પોતાની લાગણીઓથી વિચારે છે.

(3) વૈજ્ઞાનિક જ્ઞાનમાં વપરાતા શબ્દો સ્પષ્ટ અને ચોકસાઈભર્યા હોય છે.

જ્યારે સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં વપરાતા શબ્દો અસ્પષ્ટ અને અચોક્કસ હોય છે.

(4) વૈજ્ઞાનિક જ્ઞાનમાં વિરોધાભાસ જોવા મળતો નથી.

જ્યારે સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં ઘટનાનું ઉપરછલ્લું નિરીક્ષણ હોવાથી વિરોધાભાસ જોવા મળે છે.

(5) વૈજ્ઞાનિક જ્ઞાન વધુ પ્રમાણમાં અમૂર્ત ખ્યાલો ધરાવે છે.

જ્યારે સામાન્ય બુદ્ધિનું જ્ઞાનમાં પણ અમૂર્ત ખ્યાલો વપરાય છે.

(6) વૈજ્ઞાનિક જ્ઞાનમાં પુરાવાલક્ષી માહિતી એકત્ર કરવામાં આવે છે અને તેના આધારે તારણો તારવવામાં આવે છે.

જ્યારે સામાન્ય બુદ્ધિનું જ્ઞાન ઉપરછલ્લા નિરીક્ષણ અને અંગત અનુભવોને આધારે મેળવેલું હોય છે.

(7) વૈજ્ઞાનિક જ્ઞાન હકીકતોના નિરીક્ષણ ઉપર આધારિત છે.

જ્યારે સામાન્ય બુદ્ધિનું જ્ઞાન માન્યતાઓ ઉપર આધારિત હોય છે.

વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસમાં સામાન્ય બુદ્ધિના જ્ઞાનિનો ફાળો રહેલો છે. લોકોના રોજબરોજના જીવનમાં ઉભા થતા પ્રશ્નોનું નિવારણ કરવાના માર્ગ તરીકે સામાજિક વિજ્ઞાનોનો વિકાસ થયો છે. વૈજ્ઞાનિક જ્ઞાન અને સામાન્ય બુદ્ધિનું જ્ઞાન પરસ્પર એકબીજા સાથે કેટલેક અંશે સંકળાયેલા પણ જોવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) વૈજ્ઞાનિક જ્ઞાન અને સામાન્ય બુદ્ધિના જ્ઞાન વચ્ચેનો તફાવત વર્ણવો.

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................
.......................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો. ખોટાની સામે × ની નિશાની કરો.

1. વૈજ્ઞાનિક જ્ઞાનમાં ઘટનાઓના પરસ્પરાવલંબનની તટસ્થ તપાસ થાય છે.
2. સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં વિરોધાભાસ જોવા મળે છે.
3. વૈજ્ઞાનિક જ્ઞાનમાં વપરાતા શબ્દો અસ્પષ્ટ અને ચોકસાઈ વિનાના હોય છે.

## 1.4 સારાંશ :

વિજ્ઞાનમાં વિકાસશીલ પરંપરા છે. વિજ્ઞાન તથ્યોનો પરસ્પર કાર્યકારણ સંબંધ રજૂ કરે છે. નિરીક્ષણ એ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. વિજ્ઞાનમાં સિદ્ધાંત સાર્વત્રિક હોય છે. વિજ્ઞાન ઘટનાઓનું તર્કપૂર્ણ રજૂઆત કરે છે. વિજ્ઞાનનો સંબંધ માત્ર વ્યવસ્થિત જ્ઞાનના સંચયથી છે. સામાજિક વિજ્ઞાન કેટલીક સીમા સુધી પૂર્વાનુમાન કરવાની ક્ષમતા ધરાવે છે. હકીકતો વચ્ચેના સંબંધો અંગે નવું જ્ઞાન પ્રાપ્ત થતા વિજ્ઞાનની વૃદ્ધિ થતી રહે છે.

ઘટનાના તત્વો વચ્ચેનો કાર્યકારણ સંબંધ સ્પષ્ટ કરવો એ વૈજ્ઞાનિક જ્ઞાનનું એક લક્ષણ છે. સામાન્ય બુદ્ધિનું જ્ઞાન એટલે સામાન્ય સૂઝ ઉપર આધારિત જ્ઞાન. વૈજ્ઞાનિક જ્ઞાનમાં સામાન્ય બુદ્ધિના જ્ઞાનનો ફાળો રહેલો છે.

## 1.5 ચાવીરૂપ શબ્દો :

**અનુભવ :** જે સિદ્ધાંત અનુસાર માત્ર પ્રત્યક્ષ અનુભવને આધારે કોઈ વૈજ્ઞાનિક સમજ પ્રાપ્ત કરવામાં આવે અને આવી સમજ ઉપર વિશ્વાસ રાખવામાં આવે.

**આધારભૂતતા :** જે માપવા માટે માપન સાધનનું ઘડતર કરવામાં આવ્યું હોય તે માપવામાં જો તે સફળ થાય તો તેને આધારભૂત માપન કહી શકાય.

**પારસ્પરિકતા :** સામાજિકતા માપનમાં જોવા મળતી બે વ્યક્તિઓની પરસ્પર પસંદગીની સ્થિતિ.

**બુદ્ધિ :** નવી પરિસ્થિતિઓમાં સરળ અને ઝડપી અનુકૂલન સાધવાની તથા અનુભવ દ્વારા શીખવાની શક્તિ, અનુભવોનું એકીકરણ કરવાનું સામર્થ્ય.

**વિકાસ :** સમાજનો વિકાસ સાદા સમાજથી સંકુલ સમાજ સુધી થયો છે.

**વિશ્વસનીયતા :** માપન સાધનનો ઉપયોગ ગમે તે વ્યક્તિ, ગમે તે સમયે કરે અને સરખું જ માપ આવે તેને વિશ્વસનીયતા કહેવાય.

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

(1) વિજ્ઞાન ઘટનાના પરસ્પર કાર્યકારણના સંબંધનો અભ્યાસ કરે છે. વિજ્ઞાન નિશ્ચિત વૈજ્ઞાનિક પદ્ધતિ કે આધાર ઉપર નિરંતર જ્ઞાનને એકત્ર કરતા રહે છે. વિજ્ઞાન ઘટનાઓનું પૂર્વાનિમાન કરવાની ક્ષમતા ધરાવે છે.

(2) 1. √ 2. × 3. √

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

(1) વૈજ્ઞાનિક જ્ઞાનમાં હકીકતોનું વ્યવસ્થિત સ્પષ્ટીકરણ જોવા મળે છે. જ્યારે સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં હકીકતોનું વ્યવસ્થિત સ્પષ્ટીકરણ જોવા મળતું નથી. વૈજ્ઞાનિક જ્ઞાનમાં વિરોધાભાસ જોવા મળતો નથી. જ્યારે સામાન્ય બુદ્ધિના જ્ઞાનમાં વિરોધાભાસ જોવા મળે છે.

(2) 1. √ 2. √ 3. ×

## 1.7 સંદર્ભ સૂચિ :


1. Good, W.J. & Hutt P.K. (1952). Methods in Social Research. Tokyo : McGraw Hill.
2. Kothari, C.R. (2002). Research Methodology. New Delhi _ Wishwa Prakashan.
3. Krishnaswami, O.R. & Ranganathan M. (2008). Methodology of Research in Social Science. Mumbai : Himalaya Publishing House.
4. Young, P.V. (1988). Scientific Social Survey and Research. New Delhi : Prentice Hall
5. પાંડર, સુભાષ (2018). સામાજિક સંશોધન પદ્ધતિ. અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.
6. શાહ, એ.જી. અને દવે, જે.કે. (2004) સંશોધન પદ્ધતિ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ. અમદાવાદ : અનડા પ્રકાશન


⌘ ⌘ ⌘

## એકમ 2 સામાજિક સંશોધનનો અર્થ, હેતુઓ અને મહત્ત્વ

-: રૂપરેખા :-

**2.0** ઉદ્દેશ્યો

**2.1** પ્રસ્તાવના

**2.2** સામાજિક સંશોધનનો અર્થ

**2.3** સામાજિક સંશોધનના હેતુઓ

**2.4** સામાજિક સંશોધનનું મહત્ત્વ

**2.5** સારાંશ

**2.6** ચાવીરૂપ શબ્દો

**2.7** તમારી પ્રગતિ ચકાસો

**2.8** સંદર્ભ સૂચિ

### 2.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે.

– સામાજિક સંશોધનનાં અર્થની સમજ મેળવી શકાશે.

– સામાજિક સંશોધનના હેતુઓની સમજ મેળવી શકાશે.

– સામાજિક સંશોધનના મહત્ત્વની સમજ મેળવી શકાશે.

### 2.1 પ્રસ્તાવનાઃ

દુનિયામાં અનેક પ્રાણી છે પરંતુ માનવ જ એક એવું પ્રાણી છે સામાજિક છે, તે જિજ્ઞાસુ છે. સતત શોધ કરે છે, કઈ પરિસ્થિતિમાં કયા કારણોથી કયા પરિણામ નીકળે છે. વિભિન્ન કારણે કઈ સમસ્યાઓને વિકસિત કરે છે અને સમસ્યાઓનું નિવારણ કેવી રીતે લાવી શકાય તેના પ્રયાસ કરે છે. સમાજમાં લગ્નની કઈ કઈ પદ્ધતિઓ છે ? સમાજમાં ક્યાં ક્યાં રીત-રિવાજ, રૂઢિ પરંપરા છે ? સમૂહોનું નિર્માણ કેવી રીતે થાય છે ? વગેરે પ્રશ્નોના જવાબ આ પ્રકારના પ્રશ્નોના જવાબ જાણવાનો પ્રયાસ કરે છે. તેને સંશોધક કહેવામાં આવે છે. પ્રાકૃતિક વિજ્ઞાનોની શોખ કરનારને પ્રાકૃતિક સંશોધક કહે છે જ્યારે સમાજના સંબંધમાં શોધ કરનારને સામાજિક સંશોધક કહે છે. સામાજિક સંશોધકનો મુખ્ય હેતુ સામાજિક વ્યવસ્થાના નિયમોનો શોધ કરવાનો છે. જેના દ્વારા આ વ્યવસ્થા નિયંત્રિત અને સંચાલિત થાય છે. આ રીતે સામાજિક ક્ષેત્રમાં પ્રશ્નોના જવાબ શોધવાનું કામ અવિરત ચાલુ રહે છે. તો આ જ સંશોધનનું રૂપ ધારણ કરી લે છે. સામાજિક સંશોધનો હકીકતોને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન પુરૂ પાડે છે તે માનવ સંબંધો અને વર્તન અંગેની વિશ્વસનીય અને યથાર્થ માહિતી પુરી પાડવા ઉપરાંત તેની વૈજ્ઞાનિક સમજૂતી આપે છે અથવા પુરી પાડવા ઉપરાંત તેની વૈજ્ઞાનિક સમજૂતી આપે છે અથવા સામાજિક જીવનની વૈજ્ઞાનિક તપાસ કરવાનું અને તેની વૈજ્ઞાનિક સમજૂતી આપવાનું ધ્યેય ધરાવે છે. આવું જ્ઞાન સામાજિક જીવનના સિદ્ધાંતો રચવામાં તેમજ વ્યાવહારિક જીવનની સમસ્યાના નિવારણમાં

ઉપયોગી બની શકે છે. જુદા જુદા સામાજિક સંશોધનો હેતુની દૃષ્ટિથી એકબીજાથી જુદા પડતા હોય છે. કેટલાક સંશોધનો સામાજિક જીવન અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવા સાથે સંકળાયેલા હોય છે. કેટલાક સંશોધનો સૈદ્ધાંતિક હેતુથી થતા હોય છે. કેટલાક સંશોધનો વ્યાવહારિક હેતુથી સંશોધનો થતા હોય છે. સંશોધનો સામાજિક નીતિ અને સામાજિક આયોજન ઘડવામાં તેમજ સામાજિક સમસ્યાઓ નિવારવામાં અને સામાજિક પુનઃ નિર્માણ કરવાના કાર્યમાં ઉપયોગી બની શકે છે.

## 2.2 સામાજિક સંશોધનનો અર્થ :

Research શબ્દની ઉત્પત્તિ ફ્રેંચ ભાષાના શબ્દ recerche પરથી થઈ છે. જેનો અર્થ થાય છે To see, To look, To Investigate વગેરે Research શબ્દ Re + Search થી બનેલો છે. જેનો અર્થ થાય છે પુનઃ શોધવું. ફરીથી શોધવું થાય છે. સંશોધનનો એક અર્થ વારંવાર શોધવું પણ થાય છે. To Research is to search again

**સામાજિક સંશોધનની વ્યાખ્યા :**

– રૈડમન અને મોરી, "નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન."
– મોઝર "સામાજિક ઘટનાઓ અને સમસ્યાઓના સંબંધમાં નવું જ્ઞાન પ્રાપ્ત કરવાના કાર્યને સંશોધન કહે છે."
– હિયટન "માનવસમૂહોના સંબંધોનો અભ્યાસ થાય છે."
– બોગાર્ડસ "એક સાથે રહેનાર લોકોના જીવનમાં ક્રિયાશીલ આંતરિક પ્રક્રિયાઓની શોધ જ સામાજિક સંશોધન છે."

સામાજિક સંશોધનમાં પરંપરાગત જ્ઞાનની ચકાસણી કરવામાં આવે છે અને વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે નવું જ્ઞાનની શોધ કરવામાં આવે છે. જેમાં વૈજ્ઞાનિક પ્રયુક્તિ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. સામાજિક સમસ્યાઓના ઉકેલ માટેના પ્રયાસો કરવામાં આવે છે.

## 2.3 સામાજિક સંશોધનના હેતુઓ :

ગુડે અને હટ એ સામાજિક સંશોધનના હેતુઓના બે પ્રકાર આપ્યા છે. (1) સૈદ્ધાંતિક હેતુઓ અને (2) વ્યાવહારિક હેતુઓ. સામાજિક સંશોધનના આ પ્રકારોના સંબંધમાં વૈજ્ઞાનિકોમાં મતભેદ હતો કે આ એકબીજાના વિરુદ્ધ છે. ગુડે અને હટનું કહેવું છે કે આ હેતુઓના પ્રકારો એકબીજાના વિરુદ્ધ નથી પરંતુ એકબીજાના પૂરક છે. પરસ્પર એકબીજાના આશ્રિત છે. તેના હેતુઓ અનેક છે પરંતુ તેની પૂર્તિમાં એકબીજાનો સહયોગ હોય છે. પી.વી. યંગ હેતુઓ માટે લખે છે કે "સામાજિક સંશોધનનો મૂળભૂત હેતુ તત્કાલીન હોય કે દીર્ઘકાલીન, સામાજિક જીવનને સમજવા અને તેમ કરીને તેના ઉપર અધિક નિયંત્રણ પ્રાપ્ત કરવાનું છે."

### (1) સૈદ્ધાંતિક હેતુઓ :

સૈદ્ધાંતિક સંશોધનના હેતુઓ અને ભૂમિકા સામાજિક વિજ્ઞાનોમાં ખૂબ મહત્ત્વપૂર્ણ છે. સામાજિક વિજ્ઞાનોમાં સિદ્ધાંત, જ્ઞાન, તથ્ય સંકલન, સંશોધનની દિશા, તથ્યોનું કથન, જ્ઞાનની ઉણપ દશાવિવી વગેરે અનેક હેતુ સૈદ્ધાંતિક સંશોધનના છે. એટલું જ નહી સામાજિક સંશોધનમાં ખ્યાલના વિકાસની પ્રક્રિયા અને વર્ગીકરણનું મહત્ત્વપૂર્ણ કાર્ય પણ સૈદ્ધાંતિક સંશોધન કરે છે.

#### 1. સંશોધનની દિશા :

સંશોધનનો મુખ્ય સૈદ્ધાંતિક હેતુ વિભિન્ન સામાજિક વિજ્ઞાનોમાં

અભ્યાસનું ક્ષેત્ર, વિષય-વસ્તુ, અભ્યાસનો દૃષ્ટિકોણ વગેરેને નિશ્ચિત કરે છે. ફૂટબોલના વિવિધ પરિપેક્ષ્ય પ્રમાણે અભ્યાસ કરી શકાય છે. સૈદ્ધાંતિક સંશોધન નક્કી કરશે કે કયા સામાજિક વિજ્ઞાનમાં તેનો અભ્યાસ કયા પ્રભાવોને ધ્યાનમાં રાખીને કરી શકાય. સૈદ્ધાંતિક સંશોધન પરિભાષા કરવામાં મદદ કરે છે કે કયા પ્રકારના તથ્ય સંબંધિત કારણ છે અને કયા નથી.

**2. સંક્ષિપ્તીકરણ :**

સૈદ્ધાંતિક સંશોધનનો બીજો અને મહત્ત્વનો હેતુ સંક્ષિપ્તીકરણ કરવાનો છે. જો કોઈ અભ્યાસના વસ્તુના સંબંધમાં ઉપલબ્ધ છે. આ જ્ઞાનને સંક્ષિપ્તીકરણના બે વર્ગોમાં વિભાજન કરી શકાય છે. (1) આનુભવિક સામાન્યીકરણ (2) વિભિન્ન સ્થાપનાઓના સંબંધોની વ્યવસ્થા. તથ્યોના વિજ્ઞાનમાં જે દૃષ્ટિકોણથી જોવું જોઈએ તે સૈદ્ધાંતિક સંશોધન કહે છે કે જ્ઞાનનું સંક્ષિપ્તીકરણ કહે છે.

**3. જ્ઞાનની ઉણપ :**

ગુડે અને હટ કહે છે કે જ્યારે સૈદ્ધાંતિક સંશોધન ઉપલબ્ધ જ્ઞાનનું સંક્ષિપ્તીકરણ કરે છે અને આ પણ નિર્દેશ આપે છે કે કયા તથ્યોને એકત્ર કરવાના છે અને કયાં કયાં તથ્ય એકત્ર કરવામાં આવ્યા છે. તે આ પણ બતાવે છે કે અત્યારે કયા કયા તથ્યોને એકત્ર કરવાના બાકી છે અને કયા કયા અભ્યાસો કરવા બાકી છે. તેના દ્વારા વિશિષ્ટ સામાજિક વિજ્ઞાનમાં કયાં કયાં અભ્યાસ થયા નથી તેની જાણકારી મળે છે. જ્યાં ઉપલબ્ધ જ્ઞાનનું સંક્ષિપ્તીકરણ થઈ ગયું છે ત્યારે જાણકારી મળે છે કે કયા તથ્યો વર્ગીકૃત તથા સંગઠિત કર્યા નથી.

**4. તથ્યોનું પૂર્વઅનુમાન :**

સૈદ્ધાંતિક સંશોધનનો એક મુખ્ય હેતુ વિજ્ઞાનમાં તથ્યોનું પૂર્વઅનુમાન રજૂ કરે છે. સૈદ્ધાંતિક સંશોધનનું કર્તવ્ય છે કે તે સ્પષ્ટ કહે છે કે કયા કયા તથ્યો ઘટવાની સંભાવના છે. તેનો નિર્દેશ કરે છે કે કયા તથ્ય એકત્ર કરવાના છે અને કયા તથ્ય એકત્ર કરવાના નથી.

**5. તથ્યોનું વર્ગીકરણ :**

સૈદ્ધાંતિક સંશોધન વિજ્ઞાનમાં ઉપલબ્ધ જ્ઞાન, તથ્યો વગેરેનું વર્ગીકરણ, કોષ્ટકીકરણ વગેરે કરે છે. તેના દ્વારા સામાજિક વૈજ્ઞાનિકોના વિષયથી પૂર્ણ જાણકારી થઈ જાય છે કે કયા કયા અભ્યાસના ક્ષેત્ર બાકી છે જેનો અભ્યાસ કરવાનો બાકી છે. સંશોધનનો આ હેતુ તથા કાર્ય વિશેષ મહત્ત્વપૂર્ણ છે.

**6. સમસ્યાઓના કારણોની શોધ :**

સૈદ્ધાંતિક સંશોધનની વ્યાવહારિક સમસ્યાઓના કેન્દ્રિય કારણોની જાણકારી મેળવવી મુખ્ય હેતુ છે. માની લઈએ કે વિભિન્ન જાતિ કે સમુદાય રમતના મેદાનમાં લડે છે. આ સમસ્યાનું તાત્કાલિક સમાધાન કરી દેવામાં આવે છે કે અલગ અલગ સમૂહોને અલગ અલગ સમયમાં રમતનું મેદાન

રમવા માટે આપવામાં આવે છે પરંતુ સૈદ્ધાંતિક સંશોધન તેનું સમાધાન કરીને તેના સામાજીકરણ, સામાજિક આંતરક્રિયા વગેરે બાળપણથી શીખવવામાં આવે તો પુખ્ત વયે પરસ્પર મિત્રતાપૂર્ણ વ્યવહાર કરશે. સૈદ્ધાંતિક સંશોધન સામાન્ય જ્ઞાનથી વધુ દૂરની જાણકારી આપે છે.

**7. સમસ્યાઓનું સમાધાન :**

સૈદ્ધાંતિક સંશોધન અનેક વિકલ્પો અને સમાધાનનો વિકાસ કરે છે જેના પરિણામ સ્વરૂપની સમસ્યાઓના અનેક સમાધાન ઉપલબ્ધ થઈ જાય છે. સમાધાનથી સમસ્યાઓનું નિરાકરણ ઓછું થઈ જાય છે. ગુડે અને હટ કહે છે કે સિદ્ધાંતોનો વિકાસ દ્વારા અનેક વ્યવહારિક સમસ્યાઓનું સમાધાન કરે છે.

**8. વ્યવસ્થિત વહીવટ :**

સંશોધન વહીવટને વ્યવસ્થિત રીતે ચલાવવામાં મદદરૂપ થાય છે. સરકારી અને વ્યાપારી સંગઠનોના સંશોધન કેન્દ્રોથી માહિતી એકત્ર કરીને તેનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. સામાજિક સૈદ્ધાંતિક સંશોધન પ્રયુક્તિનું મૂલ્યાંકન કરે છે. જેનું જૂની અને નવી સમસ્યાઓનાં સમાધાનમાં ઉપયોગ કરવામાં આવે છે. ગુડે અને હટના મત પ્રમાણે સૈદ્ધાંતિક સંશોધનનો એક મુખ્ય હેતુ સમસ્યાઓનું સમાધાન કરવાનો છે.

**(2) વ્યાવહારિક હેતુ :**

સામાજિક સંશોધન માનવસમાજથી સંબંધીત અનેક પક્ષોનો અનેક દષ્ટિકોણ અને હેતુને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરે છે. અનેક હેતુમાંથી એક મુખ્ય હેતુ જ્ઞાન તથા સામાજિક વિજ્ઞાનનો વિસ્તાર કરવાનો છે. જેમાં સંશોધન નવા તથ્યો, કારણો તથા તેનો પ્રભાવ અને ગુણ સંબંધ સામાજિક સિદ્ધાંતોની સાથે અભ્યાસ કરીને જાણકારી મેળવે છે. સમાજ પરિવર્તનશીલ છે. આ કારણથી જૂના સિદ્ધાંત નવી પરિસ્થિતિઓ અને કારણોના સંદર્ભમાં ખરા અને વિશ્વસનીય રહી શકતા નથી. તેના સ્થાને નવા સિદ્ધાંતો પ્રતિપાદિત કરવા પડે છે. સામાજિક સંશોધન જ્યારે આ હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. ત્યારે આ હેતુ સંશોધનનો વ્યાવહારિક હેતુ કહેવાય છે. વ્યાવહારિક સંશોધન અનેક વ્યાવહારિક સમસ્યાઓના સમાધાનમાં યોગદાન આપે છે.

**1. જ્ઞાનનો વિકાસઃ**

સંશોધનનો મુખ્ય હેતુ જ્ઞાનનો વિકાસ કરવાનો છે. સામાજિક સંશોધનનો હેતુ સામાજિક ઘટનાઓ, સામાજિક, આર્થિક અને રાજનૈતિક વ્યવસ્થાઓ, સામાજિક જીવન, સામાજિક પરિવર્તન વગેરેના સંબંધમાં જ્ઞાનનો વિકાસ કરે છે. આ સંશોધન સમાજનું માળખું અને તેના કાર્યોની વ્યાખ્યા અને વર્ણન કરે છે. દરેક ક્ષેત્રમાં જ્ઞાનની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે. ઉપલબ્ધ જ્ઞાનને એકત્ર કરીને ક્રમબદ્ધ અને વ્યવસ્થિત કરે છે. સંચયી જ્ઞાનના આધાર ઉપર આગળ સંશોધન કરે છે. નવા તથ્યોની શોધ કરે છે.

**2. કાર્યાત્મક અભ્યાસ :**

વ્યાવહારિક સંશોધન, સામાજિક ઘટનાઓ અને અભ્યાસની સામગ્રીથી સંબંધિત તથ્યોનો કાર્યાત્મક અભ્યાસ કરે છે. તથ્યોમાં પરસ્પર એકબીજાની વચ્ચે કારણ પ્રભાવના કયો સંબંધ છે. સામાજિક વ્યવસ્થાને સમજવા માટે સંબંધિત તથ્યોના ગુણ અને પ્રભાવનો અભ્યાસ જરૂરી છે. સામાજિક સંશોધન આ કાર્યને ક્રમબદ્ધ અને વ્યવસ્થિત રીતે આપણી સમક્ષ રજૂ કરે છે કે તથ્યોના કયા ક્યા લાભ, ગેરલાભ, પ્રભાવ વગેરે છે. વિભિન્ન તથ્યો બીજા તથ્યોથી કેવી રીતે પ્રભાવિત થાય છે અને કેવી રીતે તેને પ્રભાવિત કરે છે તેનાથી સામાજિક વ્યવસ્થા અને અન્ય સામાજિક ઘટનાઓને સમજવામાં સુગમતા રહે છે. સમાજના સંતુલન, ગતિશીલતા, નિરંતરતા અને વ્યવસ્થા વગેરેને માટે આ બધું જ્ઞાન જરૂરી છે.

**3. સિદ્ધાંતોની શોધ :**

વ્યાવહારિક સંશોધનનું એક મુખ્ય હેતુ નવા નવા સિદ્ધાંતોની શોધ કે ખોજ કરવાનો છે. સિદ્ધાંત તથ્યોનો પરસ્પર સંબંધ દર્શાવે છે. સિદ્ધાંત તથ્યોનું સંક્ષિપ્તીકરણ કરે છે. સિદ્ધાંતોની શોધ કરવી અને નિર્માણ કરવું વ્યાવહારિક સંશોધનના વિભિન્ન પગથિયામાંથી છેલ્લું પગથિયું નિયમો કે સિદ્ધાંતોનું નિર્માણ, તપાસ, સંશોધન વગેરે છે. સામાજિક ઘટનાથી સંબંધિત તથ્યોનું સંકલન કર્યા પછી વ્યાવહારિક સંશોધન તથ્યોના આધાર ઉપર તેના પરસ્પર સંબંધોના કથનના રૂપમાં રજૂ કરે છે. આ કથન પ્રયોગ સિદ્ધ તથ્યો ઉપર આધારિત હોય છે. વ્યાવહારિક સંશોધન સિદ્ધાંતો દ્વારા સામાજિક સંગઠનની વ્યાખ્યા અને પૂર્વઅનુમાન કરે છે. તેના દ્વારા ઘટનાઓનું અનુમાન લગાવવું સરળ થઈ જાય છે.

**4. ખ્યાલોનો વિકાસઃ**

વ્યાવહારિક સંશોધનના અનેક પગથિયા છે. કહેવું મુશ્કેલ છે કે ક્યું પગથિયું અધિક મહત્ત્વનું છે અને ક્યું પગથિયું ઓછું મહત્ત્વનું છે. આમાં એક સોપાન ખ્યાલોની વ્યાખ્યા, સ્પષ્ટીકરણ અને સંક્ષિપ્તીકરણનું હોય છે. ખ્યાલો તથ્યોની વ્યાખ્યા કરે છે. જયારે નવા નવા તથ્યો સંશોધન દ્વારા શોધવામાં આવે છે તો તેની વ્યાખ્યા કરનાર ખ્યાલોનું પણ પુનઃ પરીક્ષણ કરવું પડે છે. નવા તથ્યોના સંદર્ભમાં જૂના ખ્યાલોની પુનઃ વ્યાખ્યા કરવી, સ્પષ્ટીકરણ કરવું વગેરે કાર્ય સામાજિક સંશોધન કરવાનું જરૂરી થઈ જાય છે. બદલાયેલી પરિસ્થિતિઓમાં સંશોધન નવા નવા તથ્યો, ખ્યાલો અને સિદ્ધાંતોની શોધ કરે છે. નિર્માણ કરે છે તેની સ્થાપના કરે છે. તેમાં આવશ્યક હોય છે તો સંશોધન પણ કરે છે.

સામાજિક સંશોધનના વ્યવહારિક અને સૈદ્ધાંતિક હેતુ માત્ર વૈજ્ઞાનિક જ્ઞાન રજૂ કરે છે. સમસ્યાના વાસ્તવિક સમાધાનથી તેનો સીધો સંબંધ થતો નથી. સંશોધનનો હેતુ ઘટનાનો વૈજ્ઞાનિક પદ્ધતિઓથી અભ્યાસ કરવાનો છે. તેના કારણો શોધવાના છે. કઈ ઘટના કઈ પરિસ્થિતિઓમાં કયું પરિણામ પ્રસ્તુત કરશે તેનો અભ્યાસ કરવાનો છે. પી.વી. યંગ સામાજિક

સંશોધનના હેતુના સંબંધમાં લખે છે, "સામાજિક સંશોધન, સામાજિક જીવનના સંબંધમાં ખોજ, વિશ્લેષણ અને અમૂર્તિકરણ કરવાની એક વૈજ્ઞાનિક પ્રણાલી છે."

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) સામાજિક સંશોધનના હેતુઓ વર્ણવો.

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. માનવ એક સામાજિક પ્રાણી છે.
2. સૈદ્ધાંતિક સંશોધન ઉપલબ્ધ જ્ઞાનનું સંક્ષિપ્તીકરણ કરે છે.
3. વ્યાવહારિક સંશોધન અનેક વ્યાવહારિક સમસ્યાઓના સમાધાનમાં યોગદાન આપતું નથી.

## 2.4 સામાજિક સંશોધનનું મહત્ત્વ :

### (1) વિજ્ઞાનના વિકાસમાં ફાળો :

ફેસ્ટીંજર અને કાત્ઝ નોંધે છે તેમ સામાજિક સંશોધનનાં તારણો અને અર્થઘટનો અન્ય સામાજિક વિજ્ઞાનીઓ માટે ઉપયોગી હોઈ શકે છે. સામાજિક સંશોધનો સંશોધન માટેની દષ્ટિ પૂરી પાડવામાં ઉપયોગી બની શકે છે. તેના દ્વારા નવી અભ્યાસ પદ્ધતિનો વિકાસ શક્ય બને છે. જેમ કે વિલિયમ વ્હાઈટના 'સ્ટ્રીટ કોર્નર સોસાયટી' પરના સંશોધન કાર્યે નિરીક્ષણના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થયેલા અમેરિકન સૈનિકો ઉપરના વ્યવહારલક્ષી સંશોધને સંદર્ભ જૂથ વર્તન સિદ્ધાંતના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. એ જ રીતે સંશોધનકાર્ય નવી ઉપકલ્પનાનો સ્ત્રોત બની શકે છે. સામાજિક સિદ્ધાંત સ્થાપવામાં કે પ્રવર્તમાન સિદ્ધાંતને વિસ્તૃત કરવામાં ઉપયોગી બને છે.

### (2) નવા સંશોધકોને વૈજ્ઞાનિક તાલીમ પૂરી પાડે છે :

સામાજિક સંશોધન પદ્ધતિઓ ઊગતા સંશોધકો માટે કઈ રીતે મહત્ત્વપૂર્ણ બને છે તે અંગે ડૉ. બી.વી. શાહ, લેઝાર્સફેલ્ડને ટાંકતાં લખે છે તેમ "It Develops in him a bent of mind to observe the field objectively and analytical intrest in his approach to his subject matter."

સંશોધક જે ક્ષેત્રમાં સંશોધન કાર્ય કરી રહ્યા હોય છે એ ક્ષેત્રનો અભ્યાસ કરવા માટે

ઊગતા સંશોધકોમાં વૈજ્ઞાનિક વલણ વિકસાવવામાં સંશોધનનો ફાળો રહેલો છે. તેમજ અન્ય સંશોધકોએ કરેલાં સંશોધન કાર્યોની સમીક્ષા કરવાની સૂઝ પણ તેમનામાં કેળવાય છે.

**(3) પૂર્વઅનુમાન કરવામાં સહાયક :**

સામાજિક સંશોધનનું મહત્ત્વ એ પણ છે કે તેનાં પૂર્વઅનુમાન કરવામાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે. માનવીય ક્રિયાઓના ઘણા ખરાં પાસાં ભવિષ્યનાં તથ્યો તરફ સંકેત કરવા પર આધારિત છે એ સત્ય છે કે આપણે ખૂબ જ ગતિશીલ સંસારમાં નિવાસ કરીએ છીએ એ માટે એમ માની લેવું શંકાસ્પદ લેખાશે કે વર્તમાન સ્થિતિ જ દૂર ભવિષ્ય સુધી રાબર રહેશે. એવા કેટલાક બનાવ સામે આવે છે કે જે આ પ્રક્રિયાની નિરંતરતામાં અવરોધક બને છે. છતાં પણ આધુનિક ગતિવિધિઓના અધ્યયનથી કોઈક સીમાઓના નજીકના ભવિષ્ય વિશેનું ભવિષ્યનું કથન કરી શકાય છે.

**(4) સમાજ કલ્યાણની વૃદ્ધિ :**

સમાજની અનેક ખામીઓનું મૂળ અજ્ઞાન છે. અનેક સાંપ્રદાયિક ઝઘડા અને રક્તપાત ફક્ત એટલા માટે જ થાય છે કેમ કે દરેક સંપ્રદાય પોતાના ધર્મને સર્વશ્રેઠ સમજે છે. તેને બીજા ધર્મોનું જ્ઞાન જ નથી હોતું. સામાજિક સંશોધન દ્વારા જો એ સ્પષ્ટ થઈ જાય કે વિભિન્ન ધર્મોમાં પરસ્પર વિરોધ નથી પરંતુ મૌખિક એકતા છે તો આ પારસ્પરિક વિરોધની ભાવના ઓછી કરી શકાય છે. આ બાબત અન્ય સામાજિક દોષોમાં પણ લાગુ થાય છે.

**(5) સામાજિક નિયંત્રણ :**

દરેક સમાજ પ્રગતિશીલ હોય છે તેમાં પરિવર્તન થતું રહે છે. વ્યક્તિ અને સમાજ બંને એકબીજાને પ્રભાવિત કરતા રહે છે. એ માટે આપણને માનવના સામાજિક વ્યવહારનું યોગ્ય જ્ઞાન હોય તો સમાજની પ્રગતિને નિયંત્રિત કરી શકાય છે અનેક પ્રકારની દોષપૂર્ણ પ્રવૃત્તિઓને રોકી શકાય છે. સામાજિક સંશોધન દ્વારા સમાજના ભવિષ્યની પ્રગતિનું જ્ઞાન પણ થઈ શકે છે જો આપણને વિભિન્ન સામાજિક ક્રિયાઓ અને તેના પરિણામનું પૂરેપૂરું શાન હોય તો વર્તમાન સામાજિક દશાને જોઈને આપણે તેની ભવિષ્યની સ્થિતિની કલ્પના સહેલાઈથી અને સ્વાભાવિક રીતે કરી શકીએ છીએ.

**(6) સામાજિક નીતિ અને આયોજન :**

સામાજિક નીતિ અને આયોજનનું ઘડતર કરવા માટે સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રોને લગતી હકીકતોની જરૂર પડે છે. ગરીબી, પછાતપણું, બેકારી, સામાજિક અસમાનતા, વસતિવૃદ્ધિ, શિક્ષણ, આરોગ્ય, શહેરીકરણ વગેરે લગતી વૈજ્ઞાનિક હકીકતો વિના સામાજિક આયોજન કરવામાં આવે તો તેની સફળતાની સંભાવના ઓછી રહે છે, સામાજિક સંશોધનો સમાજજીવનમાં વિભિન્ન ક્ષેત્રોને લગતી હકીકતલક્ષી અને વસ્તુલક્ષી માહિતી તથા નિયમો પૂરા પાડે છે. જે સામાજિક નીતિ ઘડવા માટે તેમજ સામાજિક આયોજન કરવા માટે ઉપયોગી બને છે. સામાજિક સંશોધનો દ્વારા સામાજિક રચનાતંત્ર અને કાર્યને લગતું જ્ઞાન ઉપલબ્ધ બને છે.

**(7) સામાજિક સમસ્યાનું તટસ્થ વિશ્લેષણ :**

સામાજિક સંશોધન એ વિભિન્ન મહત્ત્વપૂર્ણ સામાજિક સમસ્યાઓનું નિષ્પક્ષ વિશ્લેષણ

પ્રસ્તુત કરે છે. દાખલા તરીકે પ્રજાતિ સંબંધોના અધ્યાપન દ્વારા પ્રજાતિની ઉચ્ચતાની માન્યતાને બીનપાયાદાર સાબિત કરવામાં આવી છે. સામાજિક સંશોધનકર્તા હકીકતનું સંશોધન કરી ખોટી ધારણાઓને નિર્મૂળ કરવાનું મહત્ત્વપૂર્ણ કામ કરે છે.

**(8) અંધવિશ્વાસને દૂર કરવામાં મદદકર્તા :**

સામાજિક સંશોધનોએ પોતાની શોધો દ્વારા દુનિયામાં પ્રસરેલ રૂઢિવાદીના પ્રભાવને નિર્મૂળ કર્યો છે. પોતાની શોધથી તેને સિદ્ધ કરી દીધું છે કે રૂઢિવાદ ખોટા અને અસત્યના આધારે ટકી રહ્યો છે. તેમાં કંઈપણ સત્યનો આધાર નથી આનું એ પરિણામ છે કે મનુષ્ય આજે વધારેમાં વધારે બૌદ્ધિક પ્રાણી બની રહ્યું છે. પરિણામે આજે મનુષ્યની યોગ્યતાનું સાચું મૂલ્યાંકન શરૂ થયું છે. અને માનવ અધિકમાં અધિક પ્રગતિ કરવામાં સમર્થ થઈ રહ્યો છે. સામાજિક સંશોધનમાં કોઈપણ બાબત તથ્યોના આધારે જ સ્વીકારવામાં આવે છે.

વિજ્ઞાનના વિકાસમાં સામાજિક સંશોધનનો મહત્ત્વનો ફાળો છે. સામાજિક સંશોધન દ્વારા નવા સંશોધકોને વૈજ્ઞાનિક તાલીમ પૂરી પાડે છે. પૂર્વઅનુમાન કરવામાં સામાજિક સંશોધન મદદરૂપ થાય છે. સમાજની અનેક ખામીઓનું મૂળ અજ્ઞાન છે જે અજ્ઞાન દૂર કરે છે સામાજિક સંશોધન દ્વારા દોષપૂર્ણ પ્રવૃત્તિઓને રોકી શકાય છે. સામાજિક સંશોધનો દ્વારા સામજિક રચનાતંત્ર અને કાર્યને લગતું જ્ઞાન ઉપલબ્ધ બને છે. સામાજિક સંશોધન એ વિભિન્ન મહત્ત્વપૂર્ણ સામાજિક સમસ્યાઓનું નિષ્પક્ષ વિશ્લેષણ કરે છે. અંધવિશ્વાસ દૂર કરવામાં સામાજિક સંશોધન મદદરૂપ થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) સામાજિક સંશોધનનું મહત્ત્વ વર્ણવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો. ખોટાની સામે × ની નિશાની કરો.

1. વિજ્ઞાનના વિકાસમાં સામાજિક સંશોધનોનો ફાળો છે.
2. સામાજિક સંશોધન દ્વારા પૂર્વઅનુમાન થઈ શકે છે.
3. સામાજિક સંશોધનો સમાજજીવનમાં વિભિન્ન ક્ષેત્રોને લગતી હકીકતો અને વસ્તુલક્ષી માહિતી પૂરી પાડે છે.

## 2.5 સારાંશ :

સંશોધનનો મુખ્ય સૈદ્ધાંતિક હેતુ વિભિન્ન સામાજિક વિજ્ઞાનોમાં અભ્યાસનું ક્ષેત્ર, વિષયવસ્તુ અભ્યાસનો દષ્ટિકોણ વગેરેને નિશ્ચિત કરે છે. સામાજિક સંશોધનનો સૈદ્ધાંતિક હેતુ જ્ઞાનનું સંક્ષિપ્તીકરણ કરે છે. વિજ્ઞાનમાં તથ્યોનું પૂર્વઅનુમાન રજૂ કરે છે. તથ્યોનું વર્ગીકરણ કરવામાં આવે છે. સૈદ્ધાંતિક સંશોધન સામાન્ય જ્ઞાનથી વધુ દૂરથી જાણકારી આપે છે. સિદ્ધાંતોના વિકાસ દ્વારા અનેક વ્યવહારિક સમસ્યાઓનું સમાધાન કરે છે. સંશોધન દ્વારા વહીવટને વ્યવસ્થિત રીતે ચલાવવામાં મદદ મળે છે. સમાજ પરિવર્તનશીલ છે. આ કારણથી જૂના સિદ્ધાંત નવી પરિસ્થિતિઓ અને કારણોના સંદર્ભમાં ખરા અને વિશ્વસનીય રહી શકતા નથી. સંશોધન સમાજનું માળખું અને તેના કાર્યોની વ્યાખ્યા અને વર્ણન કરે છે. સામાજિક વ્યવસ્થાને સમજવા માટે સંબંધિત તથ્યોના ગુણ અને પ્રભાવનો અભ્યાસ જરૂરી છે. વ્યાવહારિક સંશોધન તથ્યોના આધાર ઉપર તેના પરસ્પર સંબંધોના કથનના રૂપમાં રજૂ કરે છે. નવા તથ્યોના સંદર્ભમાં જૂના ખ્યાલોની પુનઃવ્યાખ્યા કરવી, સ્પષ્ટીકરણ કરવું વગેરે કાર્ય સામાજિક સંશોધન કરવાનું જરૂરી થઈ જાય છે. સમાજની અનેક ખામીઓનું મૂળ અંધવિશ્વાસ અને અજ્ઞાનતા છે. જે સામાજિક સંશોધન દ્વારા દૂર કરી શકાય છે. સામાજિક સંશોધનો દ્વારા નવા સંશોધકોને વૈજ્ઞાનિક તાલીમ મળે છે. સામાજિક સંશોધન દ્વારા સામાજિક સમસ્યાઓનું નિષ્પક્ષ વિશ્લેષણ કરી શકાય છે. અને સમસ્યાના ઉકેલ માટેના પ્રયાસો થઈ શકે છે.

## 2.6 ચાવીરૂપ શબ્દો :

**સામાજિક સંશોધન :** સામાજિક સંશોધન સામાજિક જીવનના સંબંધમાં શોધ કરવાનો એક વૈજ્ઞાનિક પ્રયાસ છે. જેનો હેતુ નવું જ્ઞાન પ્રાપ્ત કરવું અને પ્રાપ્ત જ્ઞાનની ચકાસણી કરવાનો છે.

**કાર્યાત્મક વિશ્લેષણ :** કાર્યાત્મક વિશ્લેષણ માનવસમાજ કે તેના રચનાતંત્ર અથવા ભાગોનું વિશ્લેષમ કરવા માટે કાર્ય, વિકાર્ય, પ્રગટ કાર્ય, પ્રચ્છન્ન કાર્ય વગેરે ભાગો પાડીને જે તે તંત્રના વ્યાપક વ્યવસ્થા માટેના કાર્યો સ્પષ્ટ કરે છે.

**સિદ્ધાંત :** સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની નિગમનાત્મક અને વ્યાપ્તિલક્ષી તાર્કિક વ્યવસ્થા છે. ઘટનાઓ વચ્ચે સંબંધ રજૂ કરે છે તેના ઉપરથી કસોટી થઈ શકે તેવી ઉપકલ્પના મેળવી શકાય છે.

**વર્ગીકરણ :** વર્ગીકરણ એટલે વિવિધ ગુણધર્મો ધરાવતી વિસ્તૃત માહિતીને સામ્ય અને વિરોધ દશવિતા જુદા જુદા વર્ગોમાં ગોઠવવાની એવી પ્રક્રિયા, જેના દ્વારા માહિતીની અંદર રહેલા સમાન ગુણધર્મોને સાથે દર્શાવી શકાય છે. તથા અલગ ગુણધર્મોને અલગ વર્ગમાં દર્શાવી શકાય છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

(1) સામાજિક સંશોધનના વ્યાવહારિક અને સૈદ્ધાંતિક હેતુ માત્ર વૈજ્ઞાનિક જ્ઞાન રજૂ કરે છે. સંશોધનનો હેતુ ઘટનાનો વૈજ્ઞાનિક પદ્ધતિઓથી અભ્યાસ કરવાનો છે. તેના કારણો

શોધવાનો છે. કઈ ઘટના કઈ પરિસ્થિતિમાં કયું પરિણામ રજૂ કરશે તેનો અભ્યાસ કરવાનો છે.

(2) 1. √ 2. √ 3. √

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

(1) સામાજિક સંશોધન દ્વારા નવા સંશોધકોને વૈજ્ઞાનિક તાલીમ પૂરી પાડે છે. પૂર્વઅનુમાન કરવામાં સામાજિક સંશોધન મદદરૂપ થાય છે. સામાજિ રચનાતંત્ર અને કાર્યને લગતું જ્ઞાન ઉપલબ્ધ બને છે. અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસ દૂર કરવામાં સામાજિક સંશોધન મદદરૂપ થાય છે.

(2) 1. √ 2. √ 3. √

## 2.4 સંદર્ભ સૂચિ :

1. Good. W.J. & Hutt, P.K. (1952). Methods in Social Research. Tokyo : McGraw Hill

2. Young, P.V. (1988) Scientific Social Survery and Research. New Delhi : Prentice Hll

3. પાંડર, સુભાષ (2018). સામાજિક સંશોધન પદ્ધતિ. અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.

⌘ ⌘ ⌘

એકમ 3

# ખ્યાલનો અર્થ, કાર્યો-મહત્ત્વ અને લક્ષણો

-: રૂપરેખા :-

**3.0 ઉદ્દેશ્યો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 ખ્યાલનો અર્થ**

**3.3 ખ્યાલના કાર્યો-મહત્ત્વ**

**3.4 ખ્યાલના લક્ષણો**

**3.5 સારાંશ**

**3.6 ચાવીરૂપ શબ્દો**

**3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.8 સંદર્ભ સૂચિ**

## 3.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે.

- ખ્યાલના અર્થની સમજ મેળવી શકશો.
- ખ્યાલનાકાર્યો-મહત્ત્વનું વર્ણન કરી શકશો.
- ખ્યાલના લક્ષણોની સમજ મેળવી શકશો.

## 3.1 પ્રસ્તાવનાઃ

વિજ્ઞાનનો વિકાસ સંશોધન ઉપર આધારિત હોય છે. સંશોધનમાં ઘટનાનું નિરીક્ષણ, તથ્ય, સંકલન, વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. ઘટનાઓને સમજવા માટે તેને ખ્યાલ કહે છે. ખ્યાલ નિશ્ચિત કરે છે કે કયા તથ્યોનું નિરીક્ષણ કરવાનું છે તેનું વૈજ્ઞાનિક સંશોધનમાં વિશેષ મહત્ત્વ હોય છે. વૈજ્ઞાનિક સંશોધનના કાર્યમાં તેના વિના એક પગલું પણ આગળ વધી શકાતું નથી. સંશોધનની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક કેટલાક વિશિષ્ટ લક્ષણોવાળા ઘટનાક્રમના વિશ્લેષણ માટે શબ્દ, પદ કે સંજ્ઞાનો ઉપયોગ કરે છે. વૈજ્ઞાનિક શબ્દાવલીમાં આ વિશિષ્ટ પદ, શબ્દ કે સંજ્ઞા જ ખ્યાલ કહેવાય છે. વિજ્ઞાન કે સંશોધન ઘટના, ખ્યાલ, તથ્ય, ઉપકલ્પના અને સિદ્ધાંત ઉપર આધારિત હોય છે. જેને નીચે મુજબના ક્રમમાં સમજી શકાય.

વિજ્ઞાન

↓

સિદ્ધાંત

↓

ઉપકલ્પના

↓

તથ્ય

↓

ખ્યાલ

↓

ઘટના

વિજ્ઞાન વાસ્તવિક ઘટનાના અમુક પાસાં વિશે જ અભ્યાસ કરે છે અને ઘટનાના આ પાસાંના અર્થઘટન માટે અમૂર્ત વિચારોનો સહયોગ મેળવે છે. દરેક વિજ્ઞાન પોતાના આગવા ખ્યાલો વિકસાવે છે. તેથી જ વિજ્ઞાનની સૈદ્ધાંતિક વ્યવસ્થાને આપણે ખ્યાલાત્મક વ્યવસ્થા તરીકે ઓળખાવીએ છીએ. અનુભવજન્ય માહિતીને યોગ્ય રીતે ગોઠવીને વિવિધ માહિતી વચ્ચેનો સંબંધ સમજવા માટે સંશોધકે ખ્યાલોનો ઉપયોગ કરવો પડે છે. ખ્યાલોનો ઉપયોગ કરીને આપણે ઘટનાના વિભિન્ન પાસાંને એકબીજા સાથે સાંકળીએ છીએ. કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનમાં ઘટનાનું વિશ્લેષણ કરવા માટે ખ્યાલો મહત્ત્વનું સાધન છે.

## 3.2 સામાજિક સંશોધનનો અર્થ :

ખ્યાલ, સંકલ્પના અને અવધારણા વગેરે શબ્દનો ઉપયોગ ખ્યાલના પર્યાય તરીકે કરવામાં આવે છે. ખ્યાલને અંગ્રેજીમાં Concept કહે છે.

- મિચેલ કહે છે કે ''ખ્યાલ એક વિવરણાત્મક ગુણના સંબંધની તરફ સંકેત કરનાર એક પદ છે''
- ગુડ અને હટ લખે છે કે ''બધા ખ્યાલો અમૂર્ત હોય છે અને તે યથાર્થતાના કેટલાક વિશેષ પક્ષોનું પ્રતિનિધિત્વ કરે છે.''
- જહોડા કહે છે કે ''ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના ઉપરથી કરવામાં આવેલી તારવણી છે.''
- મેકલેલાન્ડ કહે છે કે ''ખ્યાલ એ વિવિધ હકીકતોને રજૂ કરતી ટૂંકાક્ષરી છે.''
- રોબર્ટ મર્ટન કહે છે કે ''ખ્યાલનું નિરીક્ષણ કરવામાં આવનાર છે. તેને પરિભાષિત કરે છે. આ તે પરિવર્ત્ય હોય છે. જેના મધ્ય આનુસંગિક સંબંધોની સ્થાપના કરવામાં આવે છે.''

ઉપરોક્ત વ્યાખ્યાઓથી આ નિષ્કર્ષ નીકળે છે કે ખ્યાલો દ્વારા ઘટનાઓને સમજવાની ઢબ છે. તેનાથી નક્કી થાય છે કે નિરીક્ષણ કોનું કરવું છે. ખ્યાલ અમૂર્ત સંકેત અને શબ્દાવલી હોય છે. જેના દ્વારા વિચારોને વ્યક્ત કરવામાં આવે છે. આ તે પરિવર્ત્ય હોય છે જેના મધ્ય આનુસંગિક ની સ્થાપના કરવામાં આવે છે ત્યારે સિદ્ધાંતનું નિર્માણ થાય છે. ખ્યાલને પૂર્ણ રીતે સમજવા માટે કાર્યો-મહત્ત્વ અને લક્ષણોનો અભ્યાસ કરવો.

## 3.3 ખ્યાલનાં કાર્યો-મહત્ત્વ :

વિજ્ઞાનનો વિકાસ સાધવા માટે વૈજ્ઞાનિક સંશોધનો કરવાં જરૂરી બને છે. વૈજ્ઞાનિક સંશોધનોને માર્ગદર્શન પૂરું પાડવામાં અને તે રીતે વિજ્ઞાનનો વિકાસ કરવામાં ખ્યાલો અત્યંત મહત્ત્વ ધરાવે છે. એટલું જ નહી પણ વૈજ્ઞાનિક સંશોધનો બીજાઓ સુધી પહોંચાડવા માટે પણ ખ્યાલો જરૂરી છે. સામાજિક ઘટનાઓ અમૂર્ત છે. અમૂર્ત ઘટનાઓને સ્પષ્ટ રીતે રજૂ કરવા માટે સામાજિક વિજ્ઞાનોમાં ખ્યાલો વિકસાવવાનું, અન્ય વિજ્ઞાનોની જેમ જ અનિવાર્યા બને છે. પ્રત્યેક વિજ્ઞાનમાં ખ્યાલોની ઘણી ઉપયોગિતા છે.

**(1) ઘટના :**

ખ્યાલોની મદદથી જ ઘટનાના લક્ષણોનો અભ્યાસ કરી શકાય છે. ઘટનાનાં લક્ષણોને એકબીજાથી ભિન્ન પાડી શકાય છે. ખ્યાલોની મદદથી જ ઘટનાનાં લક્ષણોને તારવી શકાય છે, તેના વડે જ ઘટનાનાં લક્ષણોને નામથી ઓળખાવી શકાય છે, અને તેના આધારે જ ઘટના અંગેની વિચારણા આગળ વધે છે. જે ઘટનાઓનું પ્રત્યક્ષ રીતે પહેલાં નિરીક્ષણ કરી શકાતું નથી તેવી ઘટનાઓ પણ ખ્યાલોની મદદથી આપણી સમક્ષ ખડી થાય છે. પ્રત્યક્ષકરણ સામેના અવરોધો દૂર કરવામાં ખ્યાલો ઉપયોગી બને છે.

**(2) માર્ગદર્શક :**

સંશોધનની શરૂઆત ખ્યાલોની મદદથી જ થાય છે અને ખ્યાલોની મદદથી જ સંશોધન આગળ વધી શકે છે. ખ્યાલોનું પ્રથમ કાર્ય એ છે કે સંશોધકને ઘટનાનો અભ્યાસ કરવાનો પરિપ્રેક્ષ્ય પૂરો પાડીને સંશોધનમાં માર્ગદર્શક બને છે. આનો અર્થ એ થયો કે જે ઘટનાઓનું પહેલાં નિરીક્ષણ થઈ શકતું નથી તેવી ઘટનાઓનું નિરીક્ષણ કરવાનો તેમજ ઘટનાઓ વચ્ચેના સંબંધનું નિરીક્ષણ કરવાનો માર્ગ ખ્યાલો દ્વારા પ્રાપ્ત થાય છે. જેમ કે, સંસ્કૃતિ, સંસ્થા, દરજ્જો, ભૂમિકા વગેરે ખ્યાલોએ સમાજશાસ્ત્રમાં સંશોધનને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

**(3) માનવવિચારોના સંવાહક :**

ખ્યાલો કેવળ વૈજ્ઞાનિક પદ્ધતિ માટે જ મૂળભૂત મહત્ત્વ ધરાવે છે એવું નથી પરંતુ બધા જ પ્રકારના માનવવિચારોની અભિવ્યક્તિ કરવા માટે અને માનવવિચારોને બીજાઓ સુધી સંવાહન કરવા માટે પણ ખ્યાલો મૂળભૂત મહત્ત્વ ધરાવે છે. સામાન્ય લોકોના વિચરોના સંવાહનની તુલનામાં વિજ્ઞાને પોતાના વિચારોના સંવાહનમાં વધુ ચોક્કસ બનવું પડે છે, આથી વિજ્ઞાનમાં ખ્યાલો રચવાની પ્રક્રિયા ઘણી મહત્ત્વની બને છે. આ બાબતથી જો વિજ્ઞાની વાકેફ હોય તો તે ઘણી ભૂલોમાંથી બચી જાય છે.

**(4) રજૂઆત અને વિશ્લેષણ :**

ખ્યાલો વાસ્તવિક ઘટનાની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવા માટેનું અને ઘટનાનું વ્યવસ્થિતપણે વિશ્લેષણ કરવા માટેનું મહત્ત્વનું સાધન છે. તેના વગર કોઈપણ ઘટના વિશે વૈજ્ઞાનિક રજૂઆત કરવાનું શક્ય બનતું નથી. સંશોધક વાસ્તવિક ઘટના વિશે જે હકીકતો એકત્ર કરે તેનો હકીકતો વચ્ચે જે સંબંધ જોવા મળે તેને વ્યવસ્થિત રીતે રજૂ કરવા માટે સંશોધકે ખ્યાલોનો ઉપયોગ કરવાનું જરૂરી બને છે.

**(5) વર્ગીકરણઃ**

ખ્યાલોની મદદથી ઘટનાઓને એકબીજાથી ભિન્ન પાડી શકાય છે. કેટલીક વખત જુદા જુદા વર્ગની ઘટનાઓને આપણે એક જ વર્ગમાં મૂકતા હોઈએ છીએ. પરંતુ ખ્યાલોની મદદ વડે આપણે ઘટનાઓને જુદા જુદા વર્ગમાં મૂકી શકીએ છીએ. ઘટનાઓની ભિન્નતાને ઓળખી શકીએ છીએ.

**(6) સ્પષ્ટતા :**

ખ્યાલોના અભાવમાં વૈજ્ઞાનિક વિચારોની અભિવ્યક્તિ થઈ શકે નહીં. ખ્યાલોની મદદથી જ વિજ્ઞાનના વિચારોને સ્પષ્ટ રીતે, અસંદિગ્ધ રીતે રજૂ કરી શકાય છે.

દા.ત. જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, પ્રભાવી જ્ઞાતિ, શહેરીકરણ, પશ્ચિમીકરણ, સંસ્કૃતિકરણ વગેરે ખ્યાલોનો ઉપયોગ કરીને આપણે સમાજશાસ્ત્રીય વિચારો-સિદ્ધાંતોને સ્પષ્ટ રીતે રજૂ કરવા સમર્થ બનીએ છીએ.

**(7) વિજ્ઞાનનો વિકાસ :**

ખ્યાલોના વિકાસથી વિજ્ઞાનનો પણ વિકાસ થાય છે. વિજ્ઞાનમાં ખ્યાલોનો વિકાસ વિચારોના તાણાવાણા પૂરા પાડે છે. જેના પરિણામે જુદા જુદા વૈયક્તિક સંશોધનના પ્રયાસોને એકબીજાની સાથે સાંકળી શકાય છે. વિવિધ સંશોધનોનું સંકલન થતાં વિજ્ઞાનનો વિકાસ થાય છે. વિજ્ઞાનના વ્યવસ્થિત વિકાસ માટે ચોકસાઈપૂર્ણ ખ્યાલો વિકસાવવાનું જરૂરી ગણવામાં આવે છે.

**(8) સંક્ષિપ્તીકરણ :**

ખ્યાલો વિજ્ઞાનની ટૂંકાક્ષરી છે. ખ્યાલોની મદદથી વિજ્ઞાનની રજૂઆત કરકસરથી થાય છે, થોડામાં ઘણું કહી શકાય છે. ઘટનાઓનું સંક્ષેપમાં વર્ણન કરી શકાય છે. વ્યાપક સામાજિક ઘટનાઓને ખ્યાલો દ્વારા સંક્ષેપમાં રજૂ કરી શકાય છે.

વિજ્ઞાનમાં ખ્યાલો ઘણાં ઉપયોગી કાર્યો કરે છે. આથી ખ્યાલોનું વિજ્ઞાનમાં અત્યંત મહત્ત્વ આંકવામાં આવે છે. ખ્યાલો સંશોધનમાં અનુસરવાનો રસ્તો સૂચવે છે અને આ રસ્તા ઉપર મુસાફરી કરવામાં સાધનો પણ સૂચવે છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) ખ્યાલના કાર્યો-મહત્ત્વ વર્ણવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. ખ્યાલ એક વિવિધ હકીકતોને રજૂ કરતી ટૂંકાક્ષરી છે. તાર્કિક રચના નથી.
૨. ખ્યાલ વાસ્તવિક ઘટનાની રજૂઆત અને વિશ્લેષણનું સાધન છે
3. વિજ્ઞાનનો વિકાસ સાધવામાં ખ્યાલ ઉપયોગી નથી.

## 3.4 ખ્યાલનાં લક્ષણો :

'ખ્યાલ' સમજવા માટે તેનાં લક્ષણો સમજવા જરૂરી છે. વૈજ્ઞાનિક ખ્યાલનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) તાર્કિક :**

ખ્યાલ એક તાર્કિક રચના છે અને તેનું સર્જન આપણા મનમાં પડેલી છાપો, પ્રત્યક્ષીકરણ અને જટિલ અનુભવો પરથી થાય છે. ખ્યાલ એ પોતે જ વાસ્તવિક

ઘટના નથી પણ ઘટના વિશેની આપણી એવી તાર્કિક વિચારણા છે, જેનું અસ્તિત્વ અમુક ચોક્કસ સંદર્ભમાળખાની બહાર હોતું નથી. હકીકતની જેમ ખ્યાલ પણ અમૂર્ત બાબત છે. ખ્યાલને જે વિચારમાળખામાં મૂકવામાં આવે છે તેમાંથી જ તે પોતાનો અર્થ ગ્રહણ કરે છે.

**(2) વાસ્તવિક ઘટના :**

'ખ્યાલ' એ નિરીક્ષણ કરેલી ઘટના પરથી કરવામાં આવેલી તારવણી છે. આનો અર્થ એ થયો કે ખ્યાલોની રચના વાસ્તવિક ઘટનાના નિરીક્ષણ પરથી કરવામાં આવે છે. આ દષ્ટિએ જોઈએ તો 'ખ્યાલ' એ અમુક ચોક્કસ ઘટનાને અમુક નામથી ઓળખવા માટે વપરાતી પરિભાષા છે. વૈજ્ઞાનિક ખ્યાલ વાસ્તવિક ઘટનાના કોઈ એક જ તત્ત્વને નહીં પણ તેનાં બધાં તત્ત્વોનો નિર્દેશ કરે છે.

તે જ રીતે કેટલાક ખ્યાલો તે જે ઘટના કે વસ્તુ અંગેના હોય છે તે ઘટના કે વસ્તુ સાથે સહેલાઈથી સાંકળી શકાતા નથી. દા.ત. વલણો, સ્વ-શિક્ષણ, ભૂમિકા, પ્રેરકો વગેરે ખ્યાલો આ પ્રકારના છે. આ ખ્યાલો વાસ્તવિક ઘટનાઓની ઉચ્ચ કક્ષાની તારવણી છે, પરંતુ કોઈ વસ્તુ, ઘટના કે વ્યક્તિઓ તરફ અંગુલિ નિર્દેશ કરીને તેનો અર્થ સહેલાઈથી કહી શકાતો નથી.

**(3) સંદર્ભમાળખું :**

ખ્યાલ અમુક સંદર્ભ-માળખાની અંદર જ, અમુક સૈદ્ધાંતિક વ્યવસ્થાની અંદર જ મહત્ત્વ ધરાવે છે. તેની બહાર તેનું કોઈ મહત્ત્વ નથી. હકીકત અને સિદ્ધાંત વચ્ચે જેવો સંબંધ છે, તેવો જ સંબંધ ખ્યાલ અને સિદ્ધાંત વચ્ચે પણ જોવા મળે છે. દા.ત. સ્તરીકરણના સિદ્ધાંત માળખામાં જ વર્ગ દરજ્જો, સત્તા, પ્રતિષ્ઠા, સામર્થ્ય જેવા ખ્યાલોનું મહત્ત્વ રહેલું છે. સ્તરીકરણના સિદ્ધાંત માળખાની બહાર આ બધા ખ્યાલોનું મહત્ત્વ નથી.

**(4) ચોકસાઈપૂર્ણ :**

ચોકસાઈપૂર્ણ વ્યાખ્યા ખ્યાલનું મહત્ત્વનું લક્ષણ છે. ખ્યાલો જે ઘટનાને વ્યક્ત કરતા હોય તે ઘટનાનાં અને તેના જેવી બીજી બધી જ ઘટનાઓનાં સામાન્ય તત્ત્વોને સમાવિષ્ટ કરતા હોય છે. ખ્યાલને આધારે જ ઘટના સમજી શકાતી હોય છે. આથી વિજ્ઞાનના ખ્યાલો કાળજીપૂર્વક અને ચોકસાઈપૂર્ણ રીતે પરિભાષિત થયેલા હોય છે. ખ્યાલોનું આ લક્ષણ જ્યારે ખૂટતું હોય છે ત્યારે વિજ્ઞાનને સમજવામાં તેમજ વૈજ્ઞાનિક સંશોધન કરવામાં ભારે ગૂંચવાડો પેદા થાય છે. 'ખ્યાલ' આખરે તો વાસ્તવિક ઘટનાને સૂચવતું, રજૂ કરતું પ્રતીક છે. આથી ઘટનાનું પ્રતીક જો ચોકસાઈપૂર્ણ રીતે પરિભાષિત થયેલું ન હોય તો સ્વાભાવિક રીતે જ ઘટનાને સમજવાની-ઓળખવાની મુશ્કેલી પેદા થાય. નિશ્ચિત અને ચોક્કસ પરિભાષા ખ્યાલનું લક્ષણ છે.

**(5) સ્પષ્ટતા :**

ચોક્સાઈપૂર્ણ પરિભાષાની જેમ સ્પષ્ટતા પણ ખ્યાલ મહત્ત્વનું લક્ષણ છે. બીજી રીતે કહીએ તો, ખ્યાલોનો અર્થ સ્પષ્ટ હોવો જોઈએ, તેમાં સંદિગ્ધતા નહીં હોવી જોઈએ. ખ્યાલોનું પૂરેપૂરું વર્ણન કરવું જોઈએ. એક જ ખ્યાલ વિવિધ ઘટનાઓને સૂચવતો ન હોવો જોઈએ. ખ્યાલમાં જ્યારે સ્પષ્ટતા હોતી નથી ત્યારે વૈજ્ઞાનિક સંશોધનોનું સંવાહન કરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

**(4) ચોક્કસ અર્થ :**

ઘણા વિજ્ઞાનીઓ કેટલાક વૈજ્ઞાનિક ખ્યાલો એવી રીતે રચે છે કે જેથી તે ખ્યાલો અમુક ચોક્કસ વૈજ્ઞાનિક સંદર્ભમાળખાની બહાર પણ અર્થ ધરાવતા હોય છે. ઉદા. તરીકે જોઈએ તો સમાજશાસ્ત્રીઓ 'નોકરશાહી'નો અભ્યાસ કરે છે. પરંતુ આ શબ્દના ચોક્કસ અર્થ વિશે સમાજશાસ્ત્રીઓમાં એકમત નથી. વાસ્તવમાં 'નોકરશાહી' એટલે વિશિષ્ટ પ્રકારનું સામાજિક રચનાતંત્ર એવો અર્થ કરવો જોઈએ. પરંતુ આમ માનવાને બદલે ઘણી વખત જુદા જ સંદર્ભમાં તેનો અર્થ થાય છે. એટલે કે 'નોકરશાહી' માટે વહીવટી બગાડ વગેરે મૂલ્ય-નિર્ણયોવાળા અર્થ પણ થાય છે. સમાજશાસ્ત્રીઓ અને સામાન્ય માણસો - એ બંને આ પ્રકારની ભૂલ કરે એવો સંભવ છે. ગુડ અને હટ કહે છે કે સાદા ખ્યાલોની બાબતમાં પણ અર્થની બહુવિધતાના કારણે વિદ્યાર્થી ગેરમાર્ગે દોરાય છે. જો ખ્યાલો વધુ જટિલ હોય તો ગૂંચવાડો વધવાનો સંભવ વધી જાય છે. તેથી જ ખ્યાલો નિશ્ચિત, ચોક્કસ અને સ્પષ્ટ અર્થવાળા હોવા જોઈએ.

ખ્યાલ એક તાર્કિક રચના છે. ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના ઉપરથી કરવામાં આવેલી તારવણી છે. ખ્યાલ અમૂક સંદર્ભ માળખાથી અંદર જ અમૂક સૈદ્ધાંતિક વ્યવસ્થાની અંદર જ મહત્ત્વ ધરાવે છે. નિશ્ચિત અને ચોક્કસ પરિભાષા ખ્યાલનું લક્ષણ છે. ખ્યાલનો અર્થ સ્પષ્ટ હોવો જોઈએ. ખ્યાલનો ચોક્કસ અર્થ હોવો જોઈએ. દ્વિઅર્થી ખ્યાલ ન હોવો જોઈએ. લેખકે જે સંદર્ભમાં અર્થ કર્યો હોય તે જ અર્થમાં વાંચક સમજે.

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) ખ્યાલના લક્ષણો વર્ણવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. ખ્યાલ એક તાર્કિક રચના નથી.
2. ખ્યાલ વાસ્તવિક ઘટનાના સામાન્ય તત્ત્વોનો નિર્દેશ કરે છે.
3. નિશ્ચિત અને ચોક્કસ પરિભાષા ખ્યાલનું લક્ષણ છે.

## 3.5 સારાંશ :

અનુભવજન્ય માહિતીને યોગ્ય રીતે ગોઠવીને વિવિધ માહિતી વચ્ચેનો સંબંધ સમજવા માટે સંશોધકે ખ્યાલોનો ઉપયોગ કરવો પડે છે. કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનમાં ઘટનાનું વિશ્લેષણ કરવા માટે ખ્યાલો મહત્ત્વનું સાધન છે. તેના વિના કોઈપણ વૈજ્ઞાનિક સંશોધન કહી શકાય નહી કે સમજી શકાય નહી. ખ્યાલ એ પોતે ઘટના નથી ખ્યાલએ તાર્કિક રચના છે અને તેનું

અસ્તિત્વ અમૂક ચોક્કસ સંદર્ભમાળખાની બહાર હોતું નથી. ખ્યાલોની મદદથી જ ઘટનાના લક્ષણોનો અભ્યાસ કરી શકાય છે. ખ્યાલોનું પ્રથમ કાર્ય એ છે કે સંશોધકને ઘટનાનો અભ્યાસ કરવાનો પરિપેક્ષ્ય પૂરો પાડીને સંશોધનમાં માર્ગદર્શક બને છે. બધા જ પ્રકારના માનવ વિચારોની અભિવ્યક્તિ કરવા માટે અને માનવ વિચારોનું બીજાઓ સુધી સંવાહન કરવા માટે પણ ખ્યાલો મૂળભૂત મહત્ત્વ ધરાવે છે. ખ્યાલો વાસ્તવિક ઘટનાની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવા માટેનું અને ઘટનાનું વ્યવસ્થિતપણે વિશ્લેષણ કરવા માટેનું મહત્ત્વનું સાધન છે. ખ્યાલોની મદદથી જ વિજ્ઞાનના વિચારોને સ્પષ્ટ રીતે રજૂ કરી શકાય છે. ખ્યાલો દ્વારા ઘટનાઓનું સંક્ષેપમાં વર્ણન કરી શકાય છે.

ખ્યાલ એ તાર્કિક રચના છે અને તેનું સર્જન આપણા મનમાં પડેલી છાપો, પ્રત્યક્ષીકરણ અને જટિલ અનુભવો ઉપરથી થાય છે. ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના પરથી કરવામાં આવેલી તારવણી છે. ખ્યાલ અમૂક સંદર્ભ માળખાની અંદર જ, અમૂક સૈદ્ધાંતિક વ્યવસ્થાની અંદર જ મહત્ત્વ ધરાવે છે. નિશ્ચિત અને ચોક્કસ પરિભાષા ખ્યાલનું લક્ષણ છે. ખ્યાલો સ્પષ્ટ હોવા જોઈએ. ખ્યાલો બહુવિધ અર્થવાળા હોવા જોઈએ નહી.

## 3.6 ચાવીરૂપ શબ્દો :

**ખ્યાલ :** સામાન્ય રીતે ખ્યાલને કોઈ ચોક્કસ સંકેત, પ્રતીક કે નામ આપવામાં આવે છે. ખ્યાલ એટલે જે સિદ્ધાંતની શબ્દાવલી આપે છે અને તેના વિષયવસ્તુને દશવિ છે.

**સંકેત :** ગુણાત્મક માહિતીને સંખ્યાત્મક માહિતીમાં બદલવાની પ્રયુક્તિ.

**સિદ્ધાંત :** સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની નિગમનાત્મક અને વ્યાપ્તિલક્ષી તાર્કિક વ્યવસ્થા છે.

**પરિવર્ત્ય :** કોઈ વસ્તુ કે ઘટના કે જેમાં ઉત્તરોત્તર નિરીક્ષણમાં ગુણ અથવા જથ્થાની દૃષ્ટિએ વધઘટ થઈ શકતી હોય તેને પરિવર્ત્ય કહી શકાય.

**વર્ગીકરણ :** વર્ગીકરણ એટલે વિવિધ ગુણધર્મો ધરાવતી વિસ્તૃત માહિતીને સામ્ય અને વિરોધ દશવિતા જુદા જુદા વર્ગોમાં ગોઠવવાની પ્રક્રિયા છે.

**વાસ્તવિક્તા :** તથ્યનું ક્ષેત્ર કે ઘટનાઓનું ક્ષેત્ર અસ્તિત્વ સાથે સંકલિત હોય છે. વાસ્તવિકતાને ઈન્દ્રિય દ્વારા પારખી શકાય છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

(1) ખ્યાલો દ્વારા ઘટનાના લક્ષણોનો અભ્યાસ કરી શકાય છે. ખ્યાલો વાસ્તવિક ઘટનાની રજૂઆત અને વિશ્લેષણનું સાધન છે. વિજ્ઞાનના વિકાસ માટે ખ્યાલ ઉપયોગી છે. સામાજિક ઘટનાઓને ખ્યાલો દ્વારા સંક્ષેપમાં રજૂ કરી શકાય છે.

(2) 1. √ 2. √ 3. ×

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

(1) ખ્યાલ તાર્કિક રચના છે. ખ્યાલ વાસ્તવિક ઘટનાના સામાન્ય તત્ત્વોનો નિર્દેશ કરે છે. ખ્યાલ અમુક સંદર્ભ માળખાની અંદર જ મહત્ત્વ ધરાવે છે. ખ્યાલ ચોકસાઈપૂર્ણ રીતે પરિભાષિત થયેલો હોય છે. ખ્યાલનો અર્થ સ્પષ્ટ હોવો જોઈએ. નિશ્ચિત અને ચોક્કસ પરિભાષા ખ્યાલનું લક્ષણ છે.

(2) 1. × 2. √ 3. √

## 3.8 સંદર્ભ સૂચિ :


1. Good. W.J. & Hutt, P.K. (1952). Methods in Social Research. Tokyo : McGraw Hill
2. Young, P.V. (1988) Scientific Social Survery and Research. New Delhi : Prentice Hll
3. પાંડર, સુભાષ (2018). સામાજિક સંશોધન પદ્ધતિ. અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.


⌘ ⌘ ⌘

એકમ 4

# ઉપકલ્પનાનો અર્થ અને લક્ષણો

**-: રૂપરેખા :-**

**4.0 ઉદ્દેશ્યો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ઉપકલ્પનાનો અર્થ**

**4.3 ઉપકલ્પનાના લક્ષણો**

**4.4 સારાંશ**

**4.5 ચાવીરૂપ શબ્દો**

**4.6 તમારીપ્રગતિ ચકાસો**

**4.7 સંદર્ભ સૂચિ**

## 4.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે.

- ઉપકલ્પનાનો અર્થ વર્ણવી શકશો.
- ઉપકલ્પનાના લક્ષણો વર્ણવી શકશો.

## 4.1 પ્રસ્તાવનાઃ

વૈજ્ઞાનિક સંશોધનના કાર્યમાં લક્ષ્યને ઉપકલ્પનાના રૂપમાં નિશ્ચિત કરવામાં આવે છે. સંશોધનમાં જે ઘટનાનો વૈજ્ઞાનિક કાર્ય કારણ સંબંધની ચકાસણી કરવામાં આવે છે. વૈજ્ઞાનિક સંશોધનનો આરંભ સમસ્યાની સાથે સાથે ઉપકલ્પનાથી થાય છે. સંશોધન સમસ્યાને એક કે એકથી વધુ ઉપકલ્પનાઓમાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ આનુભવિક અભ્યાસોના આધારે તેની ચકાસણી કરવામાં આવે છે. જો સાચી સાબિત થાય તો તેનો સ્વીકાર થાય છે અને ખોટી સાબિત થાય તો તેનો અસ્વીકાર થાય છે. વાસ્તવિક અભ્યાસ પૂર્ણ થયા બાદ ક્યા પ્રકારનું પરિણામ મળશે. સામાન્ય રીતે આ અનુમાનને જ ઉપકલ્પના કહે છે. દા.ત. ધારો કે એક સંશોધનકર્તા અંધશ્રદ્ધા ઉપર શૈક્ષણિક સ્તરની અસરનો અભ્યાસ કરવા માગે છે. વાસ્તવિક અભ્યાસ કરતા પહેલા એવું અનુમાન લગાવી શકે છે કે ઓછા શિક્ષિત લોકોની સરખામણીએ વધુ શિક્ષિત લોકોમાં અંધશ્રદ્ધા ઓછી જોવા મળશે. આ અનુમાન આધારિત વિધાન જ ઉપકલ્પના છે. રેબર કહે છે કે ઉપકલ્પના એવું કથન, પ્રસ્તાવના અથવા ધારણા છે જે અમુક તથ્યોના કામચલાઉ સ્પષ્ટીકરણનું કાર્ય કરે છે. ઉપકલ્પના સંશોધન અને સિદ્ધાંત વચ્ચે એક મહત્ત્વની કડી છે. ઉપકલ્પના એક કામચલાઉ કે અસ્થાયી વિધાન છે. જે ચકાસણી બાદ સ્થાયી કે કાયમી બની જાય છે. ઉપકલ્પના દ્વારા આગાહી કરી શકાય છે. ઉપકલ્પના એવી હોવી જોઈએ જેની ચકાસણી કરી શકાય. દા.ત. જે પાપ કરે છે તે નર્કમાં જાય છે. ઉપકલ્પનાની ચકાસણી થઈ શક્તી નથી. તેથી આ ઉપકલ્પના અવૈજ્ઞાનિક છે. સારી ઉપકલ્પના રતે છે જેની વર્તમાન સમયમાં ચકાસણી શક્ય હોય. ન્યૂટન દ્વારા બનાવવામાં આવેલ ગુરુત્વાકર્ષણની ઉપકલ્પના ખરેખર

સાર્વત્રિક છે. સંશોધન ઉપકલ્પના એવી ઉપકલ્પનાને કહેવામાં આવે છે જે કોઈ ઘટના કે હકીકત માટે બનાવવામાં આવેલ સિદ્ધાંતમાંથી તારવવામાં આવેલ નિર્ણયો કે અનુમાનો ઉપર આધારિત હોય છે. સંશોધનકર્તાની એવી ઈચ્છા હોય છે કે સંશોધનના પરિણામો દ્વારા તેની ઉપકલ્પનાને સમર્થન મળે પરંતુ ઘણી વાર તેની આ ઈચ્છા પૂર્ણ થતી નથી. શૂન્ય ઉપકલ્પના એવી ઉપકલ્પના છે જેના દ્વારા આપણે સમૂહો કે પરિવર્ત્યોની વચ્ચે કોઈ તફાવત નહી હોવાનો અથવા સમૂહો કે પરિવર્ત્યોની વચ્ચે કોઈ સંબંધ નહીં હોવાનો ઉલ્લેખ કરે છે.

## 4.2 ઉપકલ્પનાનો અર્થ :

ઉપકલ્પના શબ્દનો ભાષાકીય અર્થ થાય છે. Hypo=Tentative કામચલાઉ Thesis=Statement વિધાન એટલે કે Hypothesis = કામચલાઉ વિધાન બીજા શબ્દોમાં કહીએ તો તે એવી સાંકળ છે કે જે હજી અંતિમ નથી તેના દ્વારા જે પ્રતિપાદન કરવામાં આવ્યું હોય છે તેની હજી ખાતરી કરવાની હોય છે અને આમ પણ તે પ્રાથમિક ચકાસણીનું વિધાન કહેવું વધુ ઉચિત છે. ઉપકલ્પના પરિવર્ત્યો વચ્ચેના સંબંધોના વિષયમાં એક પૂર્વતુમાન છે. આ સંશોધનની સમસ્યાની પ્રાયોગિક વ્યાખ્યા છે સંશોધનના નિષ્કર્ષના વિષયમાં અનુમાન સંશોધન આરંભ કરતા પૂર્વ સમસ્યા માટે સંશોધનકર્તાના મનમાં અપેક્ષાકૃત અસંગઠિત, અસ્પષ્ટ અને સાધારણ વિચાર હોય છે. સંશોધનકર્તા ક્યાં પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બતાવવામાં તેને ઘણો સમય લાગી શકે છે. અતઃ સંશોધન સમસ્યાના વિષયમાં ઉપરોક્ત કથન કરવું ખૂબ આવશ્યક છે. સમસ્યાનું સાચુ કથન શું છે ? આ એક પ્રશ્નવાચક કથન છે. જેમાં પૂછવામાં આવે છે કે બે કે તેથી વધારે પરિવર્ત્યો વચ્ચે કયો સંબંધ છે. પછી તે આગળ પૂછે છે જેમકે શું A, B થી સંબંધિત છે કે નહી ? A અને B, C થી કયા પ્રકારે સંબંધિત છે. શું A, B થી X અને Y સ્થિતિઓમાં સંબંધિત છે ? A અને B ના વચ્ચે સંબંધોથી સંબંધ કથનને ઉપકલ્પના કહેવામાં આવે છે.

(1) થિયોડોરસનના મત પ્રમાણે, “ઉપકલ્પના” કોઈ તથ્યોની વચ્ચે સંબંધમાં દાવા સાથે કરવામાં આવેલ પ્રયોગાત્મક કથન છે.

(2) કર્લિંગરના મત પ્રમાણે “ઉપકલ્પના અનુમાનથી કરવામાં આવેલ કથન છે જો કે બે કે બેથી વધારે પરિવર્ત્યો વચ્ચે સંબંધોને દશાવિ છે.”

(3) બ્લેક અને ચેમ્પિયન લખે છે કે “કોઈ વસ્તુના વિષયમાં પ્રયોગાર્થી કથન અંગે અજ્ઞાત હોય છ.”

(4) એચ.એચ.મેકઆશાનના મત મુજબ “એક ઉપકલ્પના એ કામચલાઉ પૂર્વધારણા છે અને તે એવા સિદ્ધાંત અને જ્ઞાનમાંથી રચવામાં આવી છે કે જેનો ઉપયોગ હજી અજાણ હકીકતો અને સિદ્ધાંતોની શોધના માર્ગદર્શન માટે થાય છે.”

ઉપકલ્પનાના કેટલાક ઉદાહરણ નીચે પ્રમાણે છે :

- વિભક્ત કુટુંબના બાળકો અધિક અપરાધી બને છે.
- સામાજિક એકતામાં વધારાથી આત્મહત્યાનો દર ઓછો થાય છે અને સામાજિક એકતા ઓછી થવાથી આત્મહત્યા વધે છે.
- નિમ્નવર્ગીય પુરુષ મધ્યમવર્ગીય પુરુષોની અપેક્ષાએ અધિક અપરાધ કરે છે.

- યુવા વર્ગના લોકો લોકતાંત્રિક નેતૃત્વ દ્વારા કરવામાં આવેલ સામાજિક વિકાસના પ્રયાસોથી અધિક સંતુષ્ટ હોય છે.

## 4.3 ઉપકલ્પનાના લક્ષણો :

ઉપકલ્પના લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :

### (1) સ્પષ્ટીકરણની બુદ્ધિગમ્યતા :

સ્પષ્ટીકરણની બુદ્ધિગમ્યતા સ્થાપિત કરવા સાથે ઘણાં ધોરણો સંકળાયેલા છે. ઉદાહરણ સ્વરૂપે બે ચલો સંબંધિત ન હોય તો એકબીજાનું કારણ બની શકે નહીં. નબળી દષ્ટિએ નબળી વાંચન ક્ષમતા માટેનું બુદ્ધિગમ્ય સ્પષ્ટીકરણ ગણી શકાય આંખનો રંગ નહીં. B એ A ના કારણે છે. એવું સ્પષ્ટીકરણ ત્યાં સુધી બુદ્ધિગમ્ય ન બને કે જયાં સુધી તમે સ્થાપિત કરો કે A એ B ના પહેલાં કે તેની સાથે જ બને છે.

### (2) સ્પષ્ટીકરણની પરીક્ષણ ક્ષમતા :

જયાં સુધી એક ઉપકલ્પનાના અનુમાનીય પરિણામોનું અવલોનાત્મક પરીક્ષણ પ્રવર્તમાન સમય કે આવનારા ભાવિમાં થઈ ન શકે ત્યાં સુધી તે આવકમાંથી વાસ્તવિક હકીકતમાં ન બદલાઈ શકે ઉદાહરણ ફ્રોઈડના કેટલાંક સિદ્ધાંતો આંતરિક સુસંગતતા, તાર્કિક દલીલો ધરાવે છે પરંતુ આ તાર્કિક અટકળો કે જે સંશોધન પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ ઉપલબ્ધ હોવી મુશ્કેલ છે.

### (3) વ્યાપની પૂરતતા :

ખૂબ જ ઉપયોગી ઉપકલ્પનાઓ કે પછી સિદ્ધાંતોએ સ્પષ્ટીકરણાત્મક ઘટના સંબંધિત બધી જ હકીકતોનું સ્પષ્ટીકરણ કરે છે અને તેમાં કોઈની વચ્ચે વિરોધ હોતો નથી. સિદ્ધાંતનો વ્યાપ જેટલો વધારે તેટલું તેનું મૂલ્ય વધારે હોય છે. ઉપકલ્પના જેટલી વધારે અનુમાનીય પરિણામો દર્શાવી શકે તેટલી તેની ફળદાયિતા વધારે હોય છે જો $H_3$ ઉપકલ્પના A અને B ને સ્પષ્ટ કરે છે. $H_2$ એ A, B અને C ને સ્પષ્ટ કરે છે અને $H_3$ એ A, B, C અને Dને સ્પષ્ટ કરે તો $H_3$ પસંદગી પામે છે એવી ઉપકલ્પનાનું મૂલ્ય વધી જાય છે કે જે એવા સામાન્યીકરણ તરફ દોરે છે કે જેમને સમાજના ઘણા ક્ષેત્રોમાં લાગુ પાડી શકાય.

### (4) પ્રવર્તમાન સિદ્ધાંતના મૂળ :

પ્રવર્તમાન હકીકતો અને સિદ્ધાંતોના સંગ્રહના આધારે વિજ્ઞાન વિકાસ પામે છે. આથી ઉપયોગી સામાજિક ઉપકલ્પનાએ પૂર્વથી સ્થાપિત થયેલા જ્ઞાનમાં સહારો આપીને ઉચિત ઠેરવીને, અવગણીને કે વિસ્તૃતીકરણ કહીને કંઈક વધારો કરે છે જે ઉપકલ્પના સુપ્રમાણિત સિદ્ધાંત સાથે સુસંગત છે તે ઉન્નત થયેલા વિજ્ઞાનની માનીતી સ્થિતિમાં છે તેણે બધી જ સ્થાપિત હકીકતો સાથે સંમત થવું પડતું નથી પરંતુ તેમાંના કેટલાંક ભાગ જોડે સુસંગત હોવું જોઈએ.

### (5) ઈચ્છાપૂર્વકના હેતુ સાથે સુમેળ :

ઘણી ઉપકલ્પનાઓ એક જ ઘટનાનું સ્પષ્ટીકરણ કરતી હોય છે અને તે પ્રત્યેક સ્વીકૃત પણ હોય છે. જો કારખાનામાં આગ લાગવાથી કેટલીક વ્યક્તિઓનું મૃત્યુ થાય તો આર્કિટેક્ટ પેથોલોજીસ્ટ, મનોવિજ્ઞાન અને આગશમન અધિકારી વિવિધ સ્પષ્ટીકરણ

આપશે પ્રત્યેક ઉપકલ્પના એ તેના રચનારના પૂર્વઅનુભવો વિશેષ જ્ઞાનની તજજ્ઞતા અને ચોક્કસ સંદર્ભ રજૂ કરશે પરંતુ આ પ્રત્યેક ઉપકલ્પના જે હેતુ સ્પષ્ટ કરવા માટે સ્પષ્ટીકરણ એકબીજાને સહારાયુક્ત પણ બની જાય છે. પરંતુ પ્રત્યેક ઉપકલ્પના એક ચોક્કસ હેતુ માટે હોય છે અને હેતુ માટે પુરતી હોવી જોઈએ.

**(6) સ્પષ્ટીકરણની સરળતા :**

જો બે ઉપકલ્પનાઓ એક જ હકીકત સ્પષ્ટ કરવા માટે શક્તિમાન હોય તો સરળતા એ વધુ સારી છે. અહીં સરળતાનો મતલબ સમજૂતી સરળતા કે અર્થસૂચકતાનું નિમ્ન સ્તર એ નથી એનો અર્થ તો એવો છે કે ઉપકલ્પનાએ ઘટનાને ઓછામાં ઓછાં સંકુલ સૈદ્ધાંતિક કે માળખા દ્વારા સ્પષ્ટ કરે છે. ઉદાહરણ સ્વરૂપ સાપેક્ષતાનો સિદ્ધાંત સમજવો સરળ નથી પરંતુ તેની તર્કબદ્ધ સઘનતાને કારણે તે સ્વીકૃત સઘનતાને કારણે તે સ્વીકૃત અને પ્રશંસનીય છે.

**(7) બે કે તેથી વધુ પરિવર્ત્ય વચ્ચેનો અપેક્ષિત સંબંધ :**

સહસંબંધાત્મક અભ્યાસોમાં એટલે કે જેમાં તેના તેજ પાત્રો પાસેથી કે બે વધુ પરિવર્ત્યો પર માહિતી એકત્રિત કરવામાં આવે છે અને સહસંબંધની ગણતરી કરવામાં આવે છે. તેમાં ઉપકલ્પનામાં સીધા, પ્રત્યક્ષ સંબંધો રજૂ કરવામાં આવે છે. ઉદાહરણ સહસંબંધાત્મક અભ્યાસની દિશા સૂચિત ઉપકલ્પના આ મુજબ હોઈ શકે. ટી.વાય.બી.એ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના કૉલેજ પ્રત્યેના વલણ અને સહઅધ્યાયી જૂથના સ્વીકાર વચ્ચે અર્થસૂચક હકારાત્મક સંબંધ છે.

**(8) ઉપકલ્પનાનું પરીક્ષણ :**

સંદર્ભ અસ્તિત્વની સમીક્ષા કર્યા પછી સંશોધક પાસે પોતાની સમસ્યા સાથે સંબંધિત પૂર્વે થયેલા કાર્યોનું ઉડાણપૂર્વકનું જ્ઞાન હોય છે. કેટલીકવાર અને સંઘર્ષયુક્ત સંશોધન પરિણામો પણ જોવા મળે છે. તેની ઉપકલ્પના, ઉપલબ્ધ બધી જ માહિતી સાથે સંમત ન પણ થતી હોય, તેથી ઉપકલ્પના પૂર્વેની માહિતીથી પ્રભાવિત થઈ સંઘર્ષમય ન બનવી જોઈએ.

**(9) ઉપકલ્પના ટૂંકી હોવી જોઈએ :**

જે ઉપકલ્પનામાં અપેક્ષિત સંબંધો અંગેના વિધાનો ખૂબ જ ટૂંકા અને સરળ હોય તે શ્રેઠ છે. ટૂંકી ઉપકલ્પનાઓ વાંચવામાં સરળ પડે છે; અને સંશોધકને પરીક્ષણ કરવા માટે પણ સરળ રહે છે.

ઉપકલ્પના સ્પષ્ટ ચોક્કસ અને પરીક્ષણક્ષમ હોવી જોઈએ. જો તે સંબંધાત્મક ઉપકલ્પના હોય તો પરિવર્ત્યો વચ્ચેના સંબંધોનો નિર્દેશ હોવો જોઈએ. તેનો વ્યાપ મર્યાદિત હોવો જોઈએ અને સરળ શબ્દોમાં રચના થવી જોઈએ. ઉપકલ્પનાની ચકાસણીમાં લાંબો સમય થઈ જાય તેવું પણ બનવું જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) ઉપકલ્પનાના લક્ષણો વર્ણવો.

..............................................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. ઉપકલ્પના કામચલાઉ વિધાન છે.
2. ઉપકલ્પનાની ચકાસણી કરી શકાતી નથી.
3. ઉપકલ્પના ટૂંકી હોવી જોઈએ.

## 4.4 સારાંશ :

ઉપકલ્પના એ કામચલાઉ વિધાન છે. ઉપકલ્પના પરિવર્ત્યો વચ્ચેના સંબંધોના વિષયમાં એક પૂર્વનુમાન છે. સંશોધનકર્તા કયા પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉપકલ્પના અનુભવ દ્વારા ચકાસણીજન્ય હોવી જોઈએ પછી તે સાચી હોય કે ખોટી હોય. સ્પષ્ટીકરણની બુદ્ધિગમ્યતા નિશાની કરો. સ્થાપિત કરવા સાથે ઘણા ધોરણો સંકળાયેલા છે. ખૂબ જ ઉપયોગી ઉપકલ્પનાઓ કે પછી સિદ્ધાંતોએ સ્પષ્ટીકરણાત્મક ઘટના સંબંધી બધી જ હકીકતોનું સ્પષ્ટીકરણ કરે છે. પ્રવર્તમાન હકીકતો અને સિદ્ધાંતોના સંગ્રહના આધારે વિજ્ઞાન વિકાસ પામે છે. આથી ઉપયોગી સામાજિક ઉપકલ્પના એ પૂર્વથી સ્થાપિત થયેલા જ્ઞાનમાં સહારો આપીને ઉચિત ઠેરવીને, અવગણીને વિસ્તૃતીકરણ કરીને કંઈક વધારો કરે છે. ઘણી ઉપકલ્પનાઓ એક જ ઘટનાનું સ્પષ્ટીકરણ કરત હોય છે. પ્રત્યેક ઉપકલ્પના એક ચોક્કસ હેતુ માટે હોય છે. સહસંબંધાત્મક અભ્યાસોમાં એટલે કે જેમાં તેના પાત્રો પાસેથી બે કે વધુ પરિવર્ત્યો ઉપર માહિતી એકત્રિત કરવામાં આવે છે અને સહસંબંધની ગણતરી કરવામાં આવે છે. સંદર્ભ અસ્તિત્વની સમીક્ષા કર્યા પછી સંશોધક પાસે પોતાની સમસ્યા સાથે સંબંધિત પૂર્વે થયેલા કાર્યોનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન હોય છે. જે ઉપકલ્પનામાં અપેક્ષિત સંબંધો અંગેના વિધાનો ખૂબ જ ટૂંકા અને સરળ હોય તે શ્રોઠ છે. ઉપકલ્પના સ્પષ્ટ, ચોક્કસ અને ચકાસણી કરી શકાય તેવી હોવી જોઈએ.

## 4.5 ચાવીરૂપ શબ્દો :

**ઉપકલ્પના :** ઘટનાઓના સંબંધને દર્શાવતા અનુમાન અથવા ધારણાને ઉપકલ્પના કહેવામાં આવે છે. બે કે તેથી વધારે પરિવર્ત્યોના આંતરસંબંધોને વ્યક્ત કરતું એવું અસ્થાયી વિધાન અથવા સામાન્યીકરણ જેને માહિતીના આધાર ઉપર ચકાસવાનું બાકી છે.

**માપન :** માપન એક એવી પ્રક્રિયા છે. અભ્યાસ હેઠળના એકમના ગુણ અથવા લક્ષણોને સ્પષ્ટ કરે છે. ગુણાત્મક બાબતોને સંખ્યાત્મક બાબતોમાં ફેરવીને વધારે સ્પષ્ટ અને ચોક્કસ સમજ પુરી પાડે છે.

**સહસંબંધ :** જ્યારે બે ચલની વચ્ચે કોઈ એક પ્રકારનો કાર્યકારણનો સંબંધ હોય અને જ્યારે એક ચલની કિંમતમાં થતી વધઘટની સાથે બીજા ચલની કિંમતમાં પક્ષ વધઘટ થાય પછી તે

સમાન દિશામાં થતી હોય કે વિરુદ્ધ દિશામાં થતી હોય ત્યારે તે બે ચલ વચ્ચે સહસંબંધ છે તેમ કહી શકાય.

**સંદર્ભો :** વ્યક્તિઓ, સમૂહો કે પછી અન્ય સામાજિક સાંસ્કૃતિક પેદાશો હંમેશા માત્ર હાજરી સ્વરૂપે જ કોઈપણ સામાજિક પરિસ્થિતિમાં ગૂંથાયેલી હોય તેવું નથી હોતું. તેઓ પ્રત્યક્ષ સ્વરૂપે ગૂંથાયેલી હોય છે. તેમજ તેમના ભૂતકાળના, વર્તમાનકાળના કે ભવિષ્યકાળના સીધા કે આડકતરા ઉલ્લેખ સ્વરૂપે સંયોજિત થયેલ પણ હોઈ શકે.

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ઉપકલ્પના સ્પષ્ટ, ચોક્કસ અને ચકાસણીજન્ય હોવી જોઈએ જો તે સંબંધાત્મક ઉપકલ્પના હોય તો પરિવર્ત્યો વચ્ચેના સંબંધોનો નિર્દેશ હોવો જોઈએ તેનો વ્યાપ મર્યાદિત હોવો જોઈએ અને સરળ શબ્દોમાં રચના થવી જોઈએ. ઉપકલ્પનાની ચકાસણીમાં લાંબો સમય થઈ જાય તેવું પણ ન બનવું જોઈએ.

(2) 1. √ 2. × 3. √

## 4.7 સંદર્ભ સૂચિ :


1. Good. W.J. & Hutt, P.K. (1952). Methods in Social Research. Tokyo : Mcgraw Hill.
2. Kothari, C. R. (2002) Research Methodology. New Delhi : Wisha Prakashan.
3. Krishnaswarmi, O. R. & Ranganatha M. (2008). Methodology of Research in Social Science. Mumbai : Himalaa Publishing House.
4. Young, P.V. (1988) Scientific Social Survery and Research. New Delhi : Prentice Hll
5. आहुजा, राम (2010). सामाजीक अनुसंधान. जयपुर : रावत पब्लिकेशन शर्मा, विरेन्द्रप्रकाश (2008). रिसर्च मेथोडोलाजी, जयपुर : पंचशील प्रकाशन
6. પાંડર, સુભાષ (2018). સામાજિક સંશોધન પદ્ધતિ. અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.


⌘ ⌘ ⌘

એકમ 5

# ઉપકલ્પનાના સ્ત્રોતો, ઉપયોગિતા અને મર્યાદાઓ

-: રૂપરેખા :-

**5.0 ઉદ્દેશ્યો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ઉપકલ્પનાના સ્ત્રોતો**

**5.3 ઉપકલ્પનાની ઉપયોગિતા**

**5.4 ઉપકલ્પનાની મર્યાદાઓ**

**5.5 સારાંશ**

**5.6 ચાવીરૂપ શબ્દો**

**5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**5.8 સંદર્ભ સૂચિ**

## 5.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે

- ઉપકલ્પનાના સ્ત્રોતો વર્ણવી શકશો.
- ઉપકલ્પનાની ઉપયોગિતાઓ વર્ણવી શકશો.
- ઉપકલ્પનાની મર્યાદાઓ વર્ણવી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત સમસ્યાની સાથે સાથે ઉપકલ્પનાથી થાય છે. સંશોધન સમસ્યાને એકથી વધુ ઉપકલ્પનાઓમાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ અભ્યાસના આધારે ઉપકલ્પનાની ચકાસણી કરવામાં આવે છે. જો સાચી સાબિત થાય તો તેનો સ્વીકાર કરવામાં આવે છે. જો ખોટી સાબિત થાય તો તેનો અસ્વીકાર કરવામાં આવે છે.

આપણે કોઈપણ કાર્ય કરતા પહેલા તેનું લક્ષ્ય નક્કી કરીએ છીએ. વૈજ્ઞાનિક સંશોધનમાં આ લક્ષ્ય ઉપકલ્પનાના રૂપમાં નિશ્ચિત કરવામાં આવે છે. વૈજ્ઞાનિક સંશોધનના કાર્યમાં લક્ષ્યને ઉપકલ્પનાના રૂપમાં નિશ્ચિત કરે છે. વૈજ્ઞાનિક ઉપકલ્પના દ્વારા સામાજિક સંશોધનનું લક્ષ્ય, અભ્યાસનું ક્ષેત્ર, અભ્યાસથી સંબંધિત તથ્યો વગેરેને નિશ્ચિત કરે છે. એટલું જ નહી સંશોધનમાં જે ઘટનાનો વૈજ્ઞાનિક કાર્ય કારણ સંબંધની ચકાસણી કરવા ઈચ્છે છે. તેને પણ ઉપકલ્પનાના રૂપમાં સ્પષ્ટ કરે છે. આ પ્રકારથી સામાજિક સંશોધનમાં ઉપકલ્પનાનું વિશેષ મહત્ત્વ છે. ગુડ અને હટ કહે છે કે સામાજિક ઉપકલ્પનામાં એક સારી ઉપકલ્પનાનું નિર્માણ થઈ જાય તો તેનો અર્થ છે સંશોધનનું લગભગ અડધું કામ પૂર્ણ થઈ જાય. ઉપકલ્પના સિદ્ધાંત અને સંશોધનની વચ્ચે એક મહત્ત્વની કડી છે જે અધિક જ્ઞાનની શોધમાં મદદરૂપ થાય છે. ઉપકલ્પના વિના એક કદમ પણ આગળ વધવું સંભવ નથી. લુન્ડબર્ગ કહે છે કે ઉપકલ્પના વિના સંશોધન કરવું

અંધારામાં કૂદકો મારવા જેવું છે. ઉપકલ્પના વૈજ્ઞાનિક પદ્ધતિ અને સામાજિક સંશોધનમાં અભ્યાસને દિશા, નિયંત્રણ અને સંચાલન કરે છે.

## 5.2 ઉપકલ્પનાના સ્ત્રોતો :

ઉપકલ્પનાને લગતો એક મુખ્ય પ્રશ્ન એ છે કે ઉપકલ્પનાનું ઘડતર કે રચના કઈ રીતે કરવામાં આવે છે. એ પણ સ્પષ્ટ છે કે ઉપકલ્પના સંપૂર્ણ રીતે કાલ્પનિક નથી હોતી. ઉપકલ્પનાનો કોઈ નક્કર કે ઠોસ આધાર હોય છે. જ્યારે કલ્પનાનો કોઈ ઠોસ આધાર નથી હોતો. જેમ કે જુલાઈ મહિનામાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોઈને એ અનુમાન લગાવવું કે "આજે વરસાદ થશે", એક ઉપકલ્પના છે કારણ કે તેનો આધાર આપણો પૂર્વઅનુભવ છે. પરંતુ એ અનુમાન લગાવવું કે "આજે રાત્રે ગીફ્ટ સીટી ગાંધીનગરમાંથી ખસીને અમદાવાદમાં આવી જશે" એ આપણી કલ્પના છે. કારણ કે આ કથન આપણા પૂર્વઅનુભવ પર આધારિત નથી. આમ સ્પષ્ટ થાય છે કે ઉપકલ્પના બનાવવા માટે અમુક ઠોસ આધારો હોવા જરૂરી છે. આ આધારોને ઉપકલ્પનાના સ્ત્રોત કહેવામાં આવે છે.

### 1. વ્યક્તિગત અનુભવ :

ઉપકલ્પનાની રચના કે ઘડતરનો એક આધાર વ્યક્તિગત અનુભવ છે. સંશોધનકર્તા સામાન્ય તથા સાધારણ ઘટનાને પણ વિશિષ્ટ દૃષ્ટિથી જુએ છે. તેને આ ઘટના કે બનાવમાં કોઈ નવી બાબત સ્ફૂરી આવે છે અને તેના આધારે તે કોઈ ઉપકલ્પનાની રચના કરી લે છે. ફળોને પૃથ્વી પર પડતા ઘણાં લોકોએ જોયા, પરંતુ ન્યૂટનને આ ઘટનામાં એક બાબત સ્ફૂરી આવી અને તેણે ઉપકલ્પના બનાવી કે પૃથ્વીમાં આકર્ષણ શક્તિ છે. આ રીતે સમાજશાસ્ત્ર ક્ષેત્રમાં પણ સંશોધનકર્તા પોતાના વ્યક્તિગત અનુભવોના આધારે ઉપકલ્પના કે ઉપકલ્પનાઓની રચના કરે છે.

### 2. અગાઉના સંશોધનો :

ઉપકલ્પનાની રચનાનો એક મુખ્ય સ્ત્રોત અગાઉ થયેલા સંશોધનો છે. સંશોધનકર્તા જે ક્ષેત્રમાં સંશોધન કરવા માગે છે એ ક્ષેત્રમાં તે અગાઉ કરવામાં આવેલા સંશોધનોનો અભ્યાસ કરે છે અને જરૂરી માહિતી મેળવે છે. આ માહિતીના આધારે તે ઉપકલ્પના ની રચના કરે છે. લગભગ દરેક સંશોધનકર્તા પોતાના સંશોધનમાં ત્યારપછીના સંશોધકો માટે અમુક સૂચનોનો ઉલ્લેખ કરતા હોય છે. નવા સંશોધકો આ સૂચનોના આધારે પોતાની જરૂરિયાત અનુસાર ઉપકલ્પના કે ઉપકલ્પનાઓની રચના કરી લે છે. વ્યાવહારિક દૃષ્ટિકોણ મુજબ ઉપકલ્પનાના ઘડતર માટે આ એક ઘણો ઉપયોગી સ્ત્રોત છે.

### 3. સંશોધન-સારાંશ :

ઉપકલ્પનાના ઘડતરમાં સંશોધન-સારાંશમાંથી પણ ઘણી સહાયતા મળે છે. સંશોધન-સારાંશ એટલે અગાઉ કરવામાં આવેલ સંશોધનોનો સારાંશ અને નિષ્કર્ષ ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં પ્રતિ વર્ષ કરવામાં આવેલ સંશોધનોના સારાંશ અને નિષ્કર્ષને સંક્ષેપમાં એક જ સાથે પ્રકાશિત કરવામાં આવે છે, જે પુસ્તકાલયો અથવા સંશોધન-સંસ્થાઓમાં ઉપલબ્ધ હોય છે. નવા સંશોધકો તેનો અભ્યાસ કરે છે અને પ્રાપ્ત

માહિતીના આધારે ઉપકલ્પના કે ઉપકલ્પનાઓની રચના કરે છે. વ્યાવહારિક દૃષ્ટિકોણ પ્રમાણે ઉપકલ્પનાની રચનામાં આ સ્ત્રોત પણ ઘણો ઉપયોગી છે.

**4. સંશોધન-જર્નલ્સ :**

ઉપકલ્પનાની રચનામાં સંશોધન-જર્નલ્સ દ્વારા પણ મદદ મળી રહે છે. આ પ્રકારની જર્નલમાં વર્તમાનમાં કરવામાં આવેલ સંશોધનોને સંક્ષેપમાં પ્રકાશિત કરવામાં આવે છે. સંશોધક પોતાની રુચિ તેમજ જરૂરિયાત અનુસાર જર્નલનું અધ્યયન કરે છે અને પ્રાપ્ત માહિતીના આધારે ઉપકલ્પનાઓની રચના કરે છે. ભિન્ન-ભિન્ન વિષયોની સંશોધન-જર્નલ પુસ્તકાલયો તથા સંશોધન-સંસ્થાઓમાં ઉપલબ્ધ હોય છે.

**5. સંબંધિત પુસ્તકો :**

ઉપકલ્પનાનું એક સરળ સ્ત્રોત સંબંધિત પુસ્તકો છે. સંશોધનકર્તા જે ક્ષેત્રમાં સંશોધન કરવા માગે છે, તે ક્ષેત્ર સાથે સંબંધિત પુસ્તકોનું અધ્યયન કરીને માહિતી મેળવે છે, તેના આધારે ઉપકલ્પનાની રચના કરવી શક્ય હોય છે. દા.ત. સંશોધનકર્તા સર્જનાત્મકતાના ક્ષેત્રમાં સંશોધન કરવા માગે છે, તો તે સર્જનાત્મકતાને લગતા પુસ્તકોનું અધ્યયન કરીને ઉપકલ્પના બનાવી શકે છે કે "બુદ્ધિ તથા સર્જનાત્મકતાની વચ્ચે મધ્યમ વિધાયક સહસંબંધ હોય છે." આ રીતે ભિન્ન ભિન્ન ક્ષેત્રોના સંબંધિત પુસ્તકોનું અધ્યયન કરીને ઉપકલ્પનાઓની રચના કરી શકાય છે.

**6. સંબંધિત સિદ્ધાંત :**

ઉપકલ્પનાના ઘડતરમાં સંબંધિત સિદ્ધાંતોના અભ્યાસમાંથી પણ મદદ મળે છે. સંશોધનકર્તા જે વિષય પર સંશોધન કરવા માંગે છે, તે વિષયને લગતા સિદ્ધાંતોનું અધ્યયન કરે છે અને જે માહિતી પ્રાપ્ત થાય છે, તેના આધારે પણ ઉપકલ્પનાની રચના કરે છે. દા.ત. જો કોઈ સંશોધક વિલોપનની ક્રિયા વિશે સંશોધન કરવા માગે છે. સિદ્ધાંતોનું અધ્યયન કરીને પ્રાપ્ત માહિતીઓના આધારે વિલોપનને લગતા ઉપકલ્પના બનાવી શકે છે. તે ઉપકલ્પના બનાવી શકે છે કે "નિયત પ્રબલન કરતાં ચલિત પ્રબલનની સ્થિતિમાં વિલોપન મોડું થાય છે."

**7. અનુરૂપતા :**

અમુક વિશેષ પરિસ્થિતિઓમાં અનુરૂપતા તર્કના આધારે ઉપકલ્પનાનું ઘડતર કરવામાં આવે છે. બે વસ્તુઓ અથવા પ્રાણીઓ વચ્ચેની સમાનતાના આધારે ઉપકલ્પના બનાવી શકાય છે. જેમ કે - પ્રાણી તથા મનુષ્ય વચ્ચે ગુણાત્મક સમાનતા માનવામાં આવે છે. આ સમાનતાના આધારે પ્રાણીઓ પર કરવામાં આવેલ પ્રયોગો દ્વારા પ્રાપ્ત પરિણામોને મનુષ્યો ઉપર પણ લાગુ કરવામાં આવે છે. પ્રાણી પ્રયત્ન તથા ભૂલના લીધે શીખે છે. આ પરિણામને જોઈને આપણે ઉપકલ્પના બનાવીએ છીએ કે "મનુષ્ય પ્રયત્ન તથા ભૂલ દ્વારા શીખે છે." જો કે ઉપકલ્પનાનો આ સ્ત્રોત બહુ ઠોસ નથી.

**8. સંસ્કૃતિ વિષયવસ્તુ-વિશ્લેષણ :**

ઉપકલ્પનાની રચનામાં ભિન્ન-ભિન્ન સંસ્કૃતિઓના સાહિત્યોના વિષયવસ્તુના પૃથક્કરણ અથવા વિશ્લેષણ દ્વારા પણ ઘણી મદદ મળે છે. સંશોધનકર્તા કોઈ સંસ્કૃતિના સાહિત્યોના વિષયવસ્તુનું વિશ્લેષણ કરે છે અને જે તથ્ય પ્રાપ્ત થાય છે તેના આધારે ઉપકલ્પનાની રચના કરે છે. મેક ક્લીલેન્ડએ કેટલીક સંસ્કૃતિઓનું અધ્યયન કરીને ઉપકલ્પના બનાવી હતી કે ''જે સંસ્કૃતિમાં બાળકોને સ્વતંત્રતા-તાલીમ આપવામાં આવે છે, ત્યાંનાં બાળકોમાં સિદ્ધિ પ્રેરણા વધુ પ્રબળ જોવા મળે છે.''

**9. વ્યક્તિગત રુચિ અને કાર્યક્ષમતા :**

ઉપકલ્પનાની રચનામાં સંશોધનકર્તાની પોતાની રુચિ તથા કાર્યક્ષમતા પણ ઘણી મદદરૂપ બને છે. સંશોધક એ વિષયમાં સમસ્યા શોધે છે અને ઉપકલ્પનાની રચના કરે છે, જે વિષયમાં તેની વ્યક્તિગત વિષયમાં આ રુચિ કે રસ હોય છે. તે જે જેટલો વધુ કાર્યક્ષમ અને સમર્થ હોય છે, એટલો જ જલદી ઉપકલ્પનાની રચનામાં સફળ થાય છે.

**10. જ્ઞાનમાં ઉણપ :**

ઉપકલ્પનાની રચનામાં આ સ્ત્રોત સાંમાન્ય રીતે મદદરૂપ બને છે. ભિન્ન-ભિન્ન સ્ત્રોતોમાંથી જે ક્ષેત્રમાં જ્ઞાન ગેપ નજરે પડે છે, સંશોધક તેને, લગતી ઉપકલ્પના બનાવી લે છે. દા.ત. જેનસને પોતાના સંશોધનના આધારે નિષ્કર્ષ તારવ્યો કે ગોરા બાળકોની તુલનામાં કાળા બાળકોમાં જે બૌદ્ધિક ન્યૂનતા છે તે વંશીય છે. ભારતમાં આ પ્રકારની કોઈ અધ્યયન નથી કરવામાં આવ્યું. આ આપણા જ્ઞાનમાં ઉણપ છે. આથી આ ઉણપના આધારે ઉપકલ્પના બનાવી શકાય કે ''બિન-ખેડૂત બાળકો કરતાં ખેડૂત બાળકોમાં જે બૌદ્ધિક ઉણપ છે.

**11. વિરોધી પરિણામ :**

ઉપકલ્પનાની રચનાનો આધાર કોઈ વિષય વિષેના વિભિન્ન સંશોધનકર્તાઓના વિરોધી પરિણામો પણ છે. નવા સંશોધકો આ વિરોધી પરિણામોને ધ્યાનમાં રાખીને કોઈ ચોક્કસ પરિણામ મેળવવા માટે અનુકૂળ ઉપકલ્પનાની રચના કરી શકે છે. જ્ઞાનમાં ઉણપની જેમ આ પણ એક સામાન્ય સ્ત્રોત છે, જે પોતે અન્ય સ્ત્રોતો પર આધારિત છે.

**12. નિષ્ણાતોનો મત તથા માર્ગદર્શન :**

ઉત્ક્લ્પનાની રચનાનું આ સૌથી ઉપયોગી વ્યાવહારિક સ્ત્રોત છે. સંશોધક જે ક્ષેત્રમાં સંશોધન કરવા માગે છે, એ ક્ષેત્રના અનુભવી તથા તાલીમી વિદ્વાનોને તે મળે છે અને તેના દ્વારા આપવામાં આવેલ સૂચનો તથા સલાહના આધારે ઉચિત ઉપકલ્પના કે ઉપકલ્પનાઓની રચના કરે છે. જ્યારે કોઈ નવા સંશોધકને ઉપકલ્પના બનાવવામાં કોઈ પ્રકારની મુશ્કેલી લાગે છે, તો તે નિષ્ણાતો સાથે વિચાર-વિમર્શ કરે છે અને તેના દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન પ્રમાણે તે ઉપકલ્પના બનાવે છે.

આમ, સ્પષ્ટ થાય છે કે ઉપકલ્પનાની રચના, નિર્માણ કે ઘડતરમાં ઉપરોક્ત દર્શાવવામાં આવેલ કેટલાંય સ્ત્રોત છે. સંશોધક દ્વારા એક જ સમયે એક કરતાં વધુ સ્ત્રોતોનો ઉપયોગ થઈ શકે છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) ઉપકલ્પનાના સ્ત્રોત વર્ણવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામ × ની નિશાની કરો.

1. ઉપકલ્પનાના ઘડતરનો આધાર વ્યક્તિગત અનુભવ છે.

૨. ઉપકલ્પના ઘડતરનો આધાર સંબંધિત પુસ્તકો છે.

3. ઉપકલ્પનાની રચનામાં જર્નલસની મદદ મળતી નથી.

## 5.3 ઉપકલ્પનાની ઉપયોગિતા :

વૈજ્ઞાનિક સંશોધનમાં ઉપકલ્પના વિના સંશોધનનો ચોક્કસ પ્રયાસ શક્ય નથી જેટલે અંશે ઉપકલ્પના સ્પષ્ટ હશે તેટલે અંશે સંશોધન સ્પષ્ટ બનશે. ઉપકલ્પનાનું સ્થાન કોઈ ન લઈ શકે તેવું ઉપકરણ છે કારણ કે તેઓ સમસ્યા ઉકેલી શકે તેવા અનુભવજન્ય પુરાવાઓની શોધ અને સમસ્યા વચ્ચે સેતુ રચે છે. ઉપકલ્પનાએ એવો નકશો પુરો પાડે છે કે જે સંશોધન હેઠળની ઘટનાને માર્ગદર્શન આપે છે અને શોધતી ક્રિયાને વેગીલી બનાવે છે. વૈજ્ઞાનિક સંશોધનમાં ઉપકલ્પનાના મહત્ત્વને સ્પષ્ટ કરતી કેટલીક બાબતો દર્શાવી શકાય.

**(1) સમસ્યાઓના મુદ્દા :**

ઉપકલ્પના વિના સમસ્યા ઉકેલવામાં સમય બરબાદ થાય છે કે પછી સમસ્યા ઉકેલવાનો સામાન્ય પ્રયાસ જ થાય છે. ઉપકલ્પના રચવા માટે તમારે સમસ્યા સાથે સંબંધિત હકીકત અને સંકલ્પનાના તત્ત્વોની ઊંડાણપૂર્વક ચકાસણી કરવી પડે તેમના સંબંધો શોધવા પડે અને સંબંધિત માહિતી અલગ પાડીને એક સંયુક્ત વિધાનમાં જોતરી દેવી પડે ઉપકલ્પના રચનાની પ્રક્રિયા તેના અતુમાનીય પરિણામોનો નિર્દેશ કરવાથી અને ઉપયોગમાં લીધેલા શબ્દોને વ્યવસ્થિત કરવાથી સંશોધન માટેની સમસ્યાને વધુ સ્પષ્ટ પારદર્શક બનાવે છે.

ઉપકલ્પના સંશોધનને નિશ્ચિતતા પ્રદાન કરે છે એના દ્વારા સંશોધન વિશિષ્ટ અને અનુકૂળ બની જાય છે. આથી જ ઉપકલ્પનાને સંશોધનની દીવાદાંડી કહેવામાં આવે છે.

**(2) હકીકતોનો સંબંધ :**

વૈજ્ઞાનિક જ્ઞાનનો હકીકતો ઉપર આધાર રાખવામાં આવતો નથી ઉપકલ્પના મદદ કરે છે કે આપણે કેવી માહિતી એકત્રિત કરવી જોઈએ અને પરિણામોની પૂરતા પ્રમાણમાં ચકાસણી કરવા કેટલી માહિતી જોઈએ તે નક્કી કરવામાં પણ મદદ કરે છે.

**(3) દિશાસૂચન :**

ઉપકલ્પના સંશોધનની દિશાનું નિર્દેશન કરે છે. વાસ્તવમાં સંશોધનમાં બે જ મુખ્ય અંગો છે એક તો ઉપકલ્પનાનું નિર્માણ અને બીજું તેની ચકાસણી તે માટે આધારભૂત ઉપકલ્પના નિર્માણથી અડધું કામ આમ જ પૂર્ણ થાય છે. શેષ કામોને પણ તેનાથી જ સહાયતા મળે છે. આપણે ઉપકલ્પનાની સત્યતાની તપાસ કરીએ જેથી આપણા સંશોધનની દિશાનો નિર્દેશ થઈ જાય અને ઘણો ખરો વ્યર્થ પરિશ્રમ બચી જાય. પી.વી. યંગ કહે છે કે "ઉપકલ્પનાનો ઉપયોગ દષ્ટિહીન શોધથી બચાવે છે."

**(4) સંશોધન યોજના :**

ઉપકલ્પનાત્મક નિંગમનાત્મક દલીલ ઘણી પરીક્ષણ પદ્ધતિઓને સમસ્યા ઉકેલના સંદર્ભમાં અસંબંધિત દશવિ છે. સુરચિત ઉપકલ્પના સૂચવે છે કે કઈ સંશોધન યોજના કે કાર્યની વિશિષ્ટ માંગને પુરી કરશે ઉપકલ્પના સૂચવી શકે કે કેવા નમૂનાનાં પાત્રો કસોટીઓ કે પછી ઉપકરણોની આવશ્યકતા છે. કેવું કાર્ય કરવાનું છે કઈ આંકડાશાસ્ત્રીય પદ્ધતિ ઉચિત છે અને તે અવલોકનની આગાહી કરે છે. તેવા પ્રસંગો હકીકતો અને સંજોગોને ક્યાંથી શોધવા.

**(૫) સ્પષ્ટીકરણ :**

હકીકતો અને કલ્પનાને આધારે રચાયેલી ઉપકલ્પનાઓ સંશોધકને અજાણી બાબતો શોધવા અને સ્પષ્ટ કરવા માટેનું સક્ષમ ઉપકરણ પુરું પાડે છે અને તેનાથી ઘટનાનું કામચલાઉ સ્પષ્ટીકરણ થાય છે.

**(6) સિદ્ધાંત રચનામાં મદદરૂપ :**

ઉપકલ્પનાના આધારે સંશોધક વાસ્તવિક બાબતોનું નિરીક્ષણ કરે છે અને તેના પરથી જો ઉપકલ્પના સાચી પુરવાર થાય તો ઉપકલ્પના સિદ્ધાંતના ભાગરૂપ બને છે. બીજા શબ્દોમાં ઉપકલ્પનાની ચકાસણી કર્યા પછી જો તે સાચી પુરવાર થાય તો તેમાંથી સિદ્ધાંત રચાય છે.

**(7) તારણો માટેનું માળખું :**

ઉપકલ્પનાત્મક નિગમનાત્મક દલીલ સાથે સંશોધનની શરૂઆત કરો તો તેમને તારણો રજૂ કરવા માટે એક ચોક્કસ માળખું મળી રહે છે. તમે તર્ક કરો $H_1$ સાચી છે તો આ હકીકત અવલોકનક્ષમ છે. પ્રાયોગિક કસોટી દર્શાવે છે કે હકીકતો અવલોકનક્ષમ છે કે નથી. આથી તારણ કાઢી શકાય કે $H_1$ નો સ્વીકાર થાય છે કે નથી થતો ઉપકલ્પનાએ તારણોને તીક્ષ્ણ અને અર્થપૂર્ણ રીતે અર્થઘટિત કરવાનું

માળખું પુરું પાડે છે. જો અગાઉથી આગાહી કરવામાં ન આવે તો હકીકતને ખાતરીમાં પરિણમે કે નહિ ? પરિણામે પરિણમવાની તક મળતી નથી.

**(8) અન્ય સંશોધનો :**

સુગ્રથિત ઉપકલ્પના માત્ર આપેલી ઘટનાને સ્પષ્ટ કરતી નથી પરંતુ તે બૌદ્ધિક ઉચ્ચારણ તરીકેનું પણ કાર્ય કરે છે કે જે વધુ હકીકતો ઉપર આધારિત વધુ સ્પષ્ટિકરણો દર્શાવી શકે. ઉપકલ્પના ક્યારેય પણ અંતિમ વિધાન તરીકે હોતી નથી એ તો અજાણ્યે માર્ગે આગળ વધવાની ચાવી છે. ખૂબ જ નમ્ર સ્પષ્ટીકરણ તરફથી પુરતી સંકલ્પનાત્મક પ્રયુક્તિઓ તરફ દોરે છે.

આમ ઉપકલ્પના સંશોધકના પ્રયાસોને વ્યવસ્થિત બનાવે છે. ઉપકલ્પના સંશોધનને માર્ગદર્શિત કરે છે, દિશા બતાવે છે, ઉપકલ્પનામાં દર્શાયેલાં સંબંધો સંશોધકને જણાવે છે કે તેણે શું કરવાનું છે. ઉપકલ્પનાઓ એ સામાન્ય રીતે સંબંધાત્મક વિધાનો છે. આથી તે વિશિષ્ટ બાબતો તરફ પ્રેરે છે. ઉપકલ્પનાઓનું પરીક્ષણ થઈ શકે છે તે સંશોધકને સમસ્યાને વધુ સ્પષ્ટ રીતે સમજવામાં શક્તિમાન બનાવે છે અને તેને માહિતી એકત્રીકરણ, પૃથક્કરણ અને અર્થઘટનનું માળખું પુરું પાડે છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં આપો.

(1) ઉપક્લ્પનાની ઉપયોગિતા વર્ણવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. ઉપકલ્પના સંશોધનની દિશાનું નિર્દેશન કરે છે.

૨. ઉપકલ્પનાના આધારે સંશોધક વાસ્તવિક બાબતોનું નિરીક્ષણ કરે છે.

3. ઉપકલ્પના સંશોધનની દીવાદાંડી છે.

## 5.5 ઉપકલ્પનાની મર્યાદાઓ :

ઉપકલ્પનાના જેટલા લાભ છે તે જોતા તેની કેટલીક મર્યાદાઓ પણ છે. સંશોધનકર્તા એ તેનું ધ્યાન રાખવું જોઈએ કેમ કે આપણે ઉપકલ્પનાની મર્યાદાઓ પ્રત્યે જાગૃત ન રહીએ તો સંશોધનકર્તા તેના દોષથી સતર્ક ન રહી શકે. આ બાબતોને ધ્યાનમાં રાખી વૈજ્ઞાનિકો એ ઉપકલ્પનાની મર્યાદાઓ નીચે પ્રમાણે આપેલ છે.

**(1) સંશોધનકર્તાની બિનકાળજી :**

સંશોધનકર્તા ઉપકલ્પનાના નિર્માણના સમયે પોતાની ભાવનાઓ, પૂર્વગ્રહો તથા ઈચ્છાઓ પર નિયંત્રણ કરતા નથી. આ મુશ્કેલીઓના કારણે ઉપકલ્પનામાં પક્ષપાત આવે છે. સંશોધનકર્તા ઉપકલ્પનામાં તથ્યોના કારણે પ્રભાવ સંબંધ પક્ષપાતથી પ્રસ્તુત કરે છે તથા અભ્યાસની પ્રક્રિયામાં તેને સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે તેથી ઉપકલ્પનામાં જરૂર વિશ્વાસ જ અંતમાં દોષપૂર્ણ પરિણામ કાઢે છે.

**(2) ઉપકલ્પનાને અંતિમ માગંદર્શક માનવી :**

સંશોધનકર્તા ઉપકલ્પનાને અંતિમ માર્ગદર્શક માની બેસે છે. તેણે ઉપકલ્પનાનું આગવું અનુકરણ કરવું જોઈએ નહીં જે ઉપકલ્પના છે. તેને ધ્યાનમાં રાખીને તથ્યોને એકત્રિત કરે છે. અભ્યાસ ક્ષેત્રમાં પોતાના વિવેકને બિલકુલ કામમાં લેવાનું નથી તેનાથી અભ્યાસ વૈજ્ઞાનિક રીતે થઈ શકતો નથી. તે જે જાણકારી એકત્ર કરે છે તેનો ઉપયોગ પક્ષપાતથી કરે છે. વેસ્ટોન કહે છે કે ઉપકલ્પનાએ લોહી છે.

## 5.5 સારાંશ :

વ્યક્તિગત અનુભવના આધારે ઉપકલ્પનાનું નિમાણ થઈ શકે છે. પુસ્તકો, જર્નલ અને અગાઉના સંશોધનો દ્વારા ઉપકલ્પનાની રચના કરવામાં આવે છે. ઉપકલ્પનાની રચના કરવા માટે સમસ્યા સાથે સંબંધિત હકીકત અને સંકલ્પનાના તત્વોની ઊંડાણપૂર્વકની ચકાસણી કરવી પડે છે. ઉપકલ્પનાનો ઉપયોગ દષ્ટિહીન શોધથી બચાવે છે. ઉપકલ્પનાની નિગમનાત્મક દલીલ સાથે સંશોધનની શરૂઆત કરો તો તેમને તારણો રજૂ કરવા માટે એક ચોક્કસ માળખું મળી રહે છે. ઉપકલ્પના ક્યારેય અંતિમ વિધાન તરીકે હોતી નથી તે તો આગળ વધવાની ચાવી છે.

ઉપકલ્પનાનું પરીક્ષણ થઈ શકે છે તે સંશોધકને સમસ્યાને વધુ સ્પષ્ટ રીતે સમજવામાં શક્તિમાન બનાવે છે. સંશોધનકર્તા ઉપકલ્પનાના નિર્માણ સમયે પોતાની ભાવનાઓ, પૂર્વગ્રહો તથા ઈચ્છાઓ ઉપર નિયંત્રણ કરતા નથી. આ મુશ્કેલીના કારણે ઉપકલ્પનામાં પક્ષપાત આવે છે. સંશોધક ઉપકલ્પનાને અંતિમ માર્ગદર્શક માની બેસે છે. આ ઉપકલ્પનાની મર્યાદાઓ છે.

## 5.6 ચાવીરૂપ શબ્દો :

**પરિવર્ત્ય :** કોઈ વસ્તુ કે ઘટનાના નિરીક્ષણોમાં ફેરફાર કે વધઘટ થઈ શકતી હોય તેને પરિવર્ત્ય કહી શકાય.

**પૂર્વગ્રહ :** ખોટી, અપૂરતી, વિકૃત કે અપરિપક્વ માહિતીને આધારે કોઈપણ પાત્ર પ્રત્યે બંધાતું અભાવનાત્મક વલણ એટલે પૂર્વગ્રહ.

## 5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ઉપકલ્પના રચનાનો આધાર વ્યક્તિગત અનુભવ છે. અગાઉના સંશોધનો, સંશોધન સારાંશ, જર્નલ્સ, પુસ્તકો વગેરે દ્વારા ઉપકલ્પનાની રચના થઈ શકે છે. ઉપકલ્પનાના ઘડતરમાં સંબંધિત સિદ્ધાંતોના અભ્યાસમાંથી પણ મદદ મળે છે.

(2) 1. √ 2. √ 3. ×

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

(1) ઉપકલ્પના સંશોધનને દિશા બતાવે છે. સંશોધન સમસ્યાને વધુ સ્પષ્ટ રીતે સમજવામાં શક્તિમાન બનાવે છે. અને તેને માહિતી એકત્રીકરણ, પૃથક્કરણ અને અર્થઘટનનું માળખું પુરું પાડે છે.

(2) 1. √ 2. √ 3. √

## 5.8 સંદર્ભ સૂચિ :


1. Good, W.J. & Hutt, P.K. (1952). Methods in Social Research. Tokyo : Mcgraw Hill.
2. Kothari, C. R. (2002) Research Methodology. New Delhi : Wisha Prakashan.
3. Krishnaswarmi, O. R. & Ranganatha M. (2008). Methodology of Research in Social Science. Mumbai : Himalaa Publishing House.
4. Young, P.V. (1988) Scientific Social Survery and Research. New Delhi : Prentice Hll
5. દવે, હર્ષિદા (2013-14). ગુણાત્મક સામાજિક સંશોધન. અમદાવાદ : અનડા પ્રકાશન
6. પાંડર, સુભાષ (2018). સામાજિક સંશોધન પદ્ધતિ. અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.


⌘ ⌘ ⌘

એકમ 6

# માહિતીનો અર્થ અને માહિતીનો સ્ત્રોત

-: રૂપરેખા :-

6.0 ઉદ્દેશ્યો

6.1 પ્રસ્તાવના

6.2 માહિતીનો અર્થ

6.3 માહિતીનો સ્ત્રોત

6.4 સારાંશ

6.5 ચાવીરૂપ શબ્દો

6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

6.7 સંદર્ભ સૂચિ

## 6.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનો અભ્યાસ બાદ તમે,

- માહિતીના અર્થની સમજ મેળવી શકશો.
- માહિતીના સ્ત્રોતનું વર્ણન કરી શકશો.

## 6.1 પ્રસ્તાવના :

બધા પ્રકારના વૈજ્ઞાનિક અભ્યાસ માહિતી ઉપર આધારિત હોય છે સામાજિક સંશોધન અને સામાજિક સર્વેક્ષણમાં માહિતીનું વિશેષ મહત્ત્વ હોય છે. આ ઉત્કલ્પના અને સિદ્ધાંત વચ્ચે કડી રૂપ બને છે. સામાજિક સર્વેક્ષણમાં સમસ્યા અને કોઈ વિદ્યાર્થી કોઈ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નક્કી કરે છે ત્યારે તે શિક્ષણ સંસ્થાની માહિતી એકત્ર કરે છે જેમકે પ્રવેશ ફોર્મ ક્યાંથી અને ક્યારે મળશે ? છેલ્લી તારીખ કઈ છે ? છાત્રાલયની સુવિધા છે કે નહીં ? સંસ્થામાં ક્યાં ક્યાં વિષયો ભણાવવામાં આવે છે ? સમાજ માં તેની પ્રતિષ્ઠા કેવી છે ? વગેરે પ્રકારના વૈજ્ઞાનિક અભ્યાસમાં પણ ઉત્કલ્પના અથવા સમસ્યાથી સંબંધિત સ્વીકૃત અને પ્રમાણિત બધા પ્રકારના આકડાના રૂપમાં માહિતી તથ્ય જાણકારી, આકડાં, પ્રમાણ, કાર્યકારણ સંબંધ વગેરેને એકત્ર કરે છે તેને વૈજ્ઞાનિક ભાષામાં માહિતી કહે છે સંશોધનના કાર્યમાં માહિતીની અનેક ભૂમિકા હોય છે તે સિદ્ધાંત અને ઉત્કલ્પનાની વચ્ચે કડી રૂપ છે. અભ્યાસની સમસ્યા અથવા ઉત્કલ્પનાની મદદથી સંબંધિત સામગ્રી એકત્ર કરવામા આવે છે. તેની તપાસ અને વિશ્લેષણ કરવામાં આવે છે. માહિતી સિદ્ધાંતની તુલનામાં અધિક સ્પષ્ટ નિશ્ચિત પ્રમાણિત અને સત્ય હોય છે. અભ્યાસનાં અંતે સામાન્યીકરણ અથવા સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવે છે.

## 6.2 માહિતીનો અર્થ :

Data નો અર્થ સામગ્રી થાય છે. Data શબ્દ લેટિન Datum શબ્દ થી બનેલો છે તેનો અર્થ A Thing Given થાય છે.

1. પારિભાષિક શબ્દ સંગ્રહ પ્રમાણે Data નો ગુજરાતી અર્થ આધાર સામગ્રી આંકડા ડાટા છે.

2. ધ કોનસાઈજ ઓકસફર્ડ ડિકશનરીમાં કોઈ પ્રકારના તથ્યને સામગ્રી બતાવવામાં આવેલ છે નિષ્કર્ષ કાઢવામાં આવે તેને સામગ્રી કહેવાય છે.

3. કોલિન્સ કાબુલ્ડ અંગ્રેજી લેંગ્વેજ ડિકશનરી પ્રમાણે સામાન્ય રીતે સામગ્રી તથ્યો અથવા આંકડાના રૂપમાં માહિતી છે જેનુ તમે વિશ્લેષણ કરી શકો છો અથવા આકલન માટે ઉપયોગ કરી શકાય છે.

4. થિયોડોરસન અને થિયોડોરસનના મત પ્રમાણે નિરીક્ષણ કે માપન દ્વારા એકત્ર માહિતી જેના દ્વારા સામાન્યી કરણ કે નિષ્કર્ષ વિકસિત કરવાનો પ્રયાસ થાય છે તેને સામગ્રી કહે છે.


5. પી.વી. યંગના મત પ્રમાણે સામગ્રીના જાણીતા ઉપલબ્ધ તથ્યો આંકડા વગેરે માહિતીના રૂપમાં પરિભાષિત કરવામાં આવે છે.

   સામગ્રી ભૂતકાળ અને વર્તમાન ની બધી સંબંધિત જાણકારી છે જે અભ્યાસના વિશ્લેષણ નો આધાર હોય છે. સામગ્રી અભ્યાસની સમસ્યા અથવા ઉત્કલ્પનાથી સંબંધિત બધા પ્રકારની જાણકારી છે. આ જાણકારી કે માહિતી વર્તમાન તથા ભૂતકાળ બંનેની હોય છે. જેના આધાર ઉપર વિશ્લેષણ કરીને નિષ્કર્ષ કાઢવામાં આવે છે અથવા ઉત્કલ્પનાનુ પરીક્ષણ કરવામાં આવે છે સામગ્રીમાં બધા પ્રકારના તથ્ય આવી જાય છે. અભ્યાસકર્તા સ્વતંત્ર ક્ષેત્રીય કાર્ય દ્વારા એકત્ર કરી ચુકયા હોય છે.

## 6.3 માહિતીનો સ્ત્રોત :

વૈજ્ઞાનિકનો પ્રયાસ રહે છે કે તે શોધકાર્ય માં સામગ્રી સત્ય પ્રમાણિત તથા વિશ્વસનીયતા એકત્ર કરે છે. સામગ્રીની સત્યના તથા વિશ્વસનીયતા આ તથ્ય ઉપર નિર્ભર છે કે સામગ્રી ક્યાંથી કેવી રીતે અને કોણે એકત્ર કરી છે તેને સામગ્રીનો સ્ત્રોત કહે છે. પી.વી. યંગ માહિતીના સ્ત્રોતને મુખ્ય રીતે બે ભાગોમાં વિભાજીત કરે છે. (1) પ્રાથમિક સ્ત્રોત (2) ઉપલબ્ધ સ્ત્રોત

બેંગલે સામગ્રીના બે સ્ત્રોત દર્શાવ્યા છે.




### 6.3.1 પ્રાથમિક સ્ત્રોત :

સંશોધનકર્તા સ્વયં અથવા પોતાના સંગઠન દ્વારા જે અભ્યાસમાં જે ક્ષેત્રોથી માહિતી તથ્ય કે જાણકારી સીધી એકત્ર કરે છે તે ક્ષેત્ર પ્રાથમિક સ્ત્રોત કહેવાય છે જાણકારી સીધી એકત્ર કરે છે તે ક્ષેત્ર પ્રાથમિક સ્ત્રોત કહેવાય છે પી.વી.

યંગ કહે છે કે પ્રાથમિક સ્ત્રોત એવા સ્ત્રોત છે જે પ્રાથમિક સ્તર ઉપર તથ્યોના સંકલનમાં સહાયક હોય છે.

પીટર એસ માન કહે છે કે ''પ્રાથમિક સ્ત્રોત પહેલી વાર એકત્ર કરવામાં આવનાર સામગ્રી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તે સામગ્રીનો મૌલિક સમુચ્ચય હોય છે જે તથ્ય સંકલનકર્તાઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે'' જ્યારે સામગ્રી સંબંધિત સમાજ અથવા અભ્યાસના ક્ષેત્રથી સીધી એકત્ર કરવામાં આવે તો તે સમાજ અથવા અભ્યાસનું ક્ષેત્ર સામગ્રીનો પ્રાથમિક સ્ત્રોત કહેવાય છે. શોધકાર્યમાં પ્રાથમિક સ્ત્રોત ઉત્કલ્પના અથવા અભ્યાસની સમસ્યા દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે. સામગ્રીનો પ્રાથમિક સ્ત્રોત વ્યક્તિ સમૂહ, સમિતિ, સમાજ, સમુદાય, ગામ વગેરે કોઈપણ હોઈ શકે ત્યાં જઈને વૈજ્ઞાનિક અભ્યાસથી સંબંધિત એકમોથી તથ્ય એકત્ર કરે છે. સામગ્રીનું સંકલન નિરીક્ષણ મુલાકાત, અનુસૂચિ પ્રશ્નાવલી વગેરે દ્વારા થાય છે.

પી.વી. યંગને સામગ્રી સંકલનના પ્રાથમિક સ્ત્રોતો ને બે પ્રકાર દર્શાવે છે (1) પ્રત્યક્ષ સ્ત્રોત (2) અપ્રત્યક્ષ સ્ત્રોત મુલાકાત અને અનુસૂચિ દ્વારા પ્રત્યક્ષ સ્ત્રોતથી સામગ્રી એકત્ર થાય છે અભ્યાસકર્તા પોતે માહિતીદાતાઓ સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ સ્થાપિત કરીને તથ્ય એકત્ર કરે છે કેટલીકવાર એવુ થાય છે કે સામગ્રીનો સ્ત્રોત તો પ્રાથમિક હોય છે પરંતુ અભ્યાસકર્તા વિના પ્રત્યક્ષ સંપર્ક એકત્ર કરેલા તથ્ય સંકલન કે સંપર્કના માધ્યમથી તથ્ય એકત્ર કરે છે. તે શિક્ષિત માહિતી દાતાઓને પ્રશ્નાવલી મોકલીને જવાબ મેળવી દાતાઓને પ્રશ્નાવલી મોકલીને જવાબ મેળવી લે છે. આ સામગ્રી સંકલનનો અપ્રત્યક્ષ સ્ત્રોત કહેવાય છે. રેડિયો, દૂરદર્શન, ટેલીફોન, મોબાઈલ વગેરે પણ અપ્રત્યક્ષ પ્રાથમિક સ્ત્રોતના ઉદાહરણ છે. સામાજિક સર્વેક્ષણ અને સામાજિક સંશોધનમાં મોટાભાગે નિરીક્ષણ, મુલાકાત, અનુસૂચિ અને પ્રશ્નાવલીનો ઉપયોગ થાય છે.

### 6.3.1.1 પ્રત્યક્ષ સ્ત્રોત :

સંશોધન કર્તા સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે તેના માટે પ્રારંભિક જ્ઞાનની આવશ્યકતા પડે છે અભ્યાસની સમસ્યાથી સંબંધિત જેટલુ અધિક જ્ઞાન સામગ્રી ઉપલબ્ધ હોય છે. અભ્યાસની યોજના તથા સામગ્રી સંકલનની પ્રયુક્તિ તેના આધારે પસંદ કરવામાં આવે છે. જ્યારે અભ્યાસના ક્ષેત્ર ના સંબંધમાં પ્રારંભિક જ્ઞાન બિલકુલ ઉપલબ્ધ થતું નથી ત્યારે સંશોધન કર્તા ક્ષેત્રમાં જઈને પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને સામગ્રી એકત્ર કરે છે. કેટલીક માહિતી અને તથ્ય એકત્ર કર્યા પછી શોધકર્તા મુલાકાત દ્વારા તથ્ય અને માહિતી એકત્ર કરવાની સ્થિતિમાં આવી જાય છે. સમસ્યાના સંબંધિત પ્રશ્નો ના નિર્માણ ની સ્થિતિમાં મુલાકાત અનુસૂચિનું નિર્માણ કરીને તેના દ્વારા મુલાકાત કરીને તથ્ય એકત્ર કરે છે.

**(1) નિરીક્ષણ :**

નિરીક્ષણ એક એવી પ્રયુકિત છે. જેનાથી સંશોધન કર્તા અભ્યાસ ની સંબંધિત ક્ષેત્રોમાં જઈને વિવિધ ઘટનાઓ અને દશાઓને પક્ષપાત વિના જૂએ છે અને તેનું સંકલન કરે છે. જ્યારે અભ્યાસ ક્ષેત્ર સીમિત હોય છે અને અભ્યાસ વિષય લોકોની મનોવૃતિઓથી સંબંધિત હોતા નથી ત્યારે આ પ્રયુક્તિ અધિક ઉપયોગી થાય છે. આ પ્રયુક્તિ દ્વારા તથ્યોનું સંકલન ત્યારે થઈ શકે છે. જ્યારે અભ્યાસનો દૃષ્ટિકોણ તટસ્થ કે નિષ્પક્ષ હોય.

**(અ) સહભાગી નિરીક્ષણ :**

સંશોધનકર્તા ક્ષેત્રમાં રહીને સમૂહની ગતિવિધિઓમાં પોતે ભાગ લે છે અને સમૂહની બધી ખાનગી અને મહત્ત્વપૂર્ણ માહિતી એકત્ર કરી લે છે.

**(બ) અસહભાગી નિરીક્ષણ :**

આમાં અભ્યાસકર્તા સમૂહમાં જોડાતો નથી અને સમુદાયના લોકોના સંપર્ક માં આવતો નથી દર્શકના રૂપમાં ઘટનાઓનું અવલોકન કરીને સામગ્રી સંકલિત કરે છે.

**(ક) અર્ધ સહભાગી નિરીક્ષણ :**

આ સહભાગી અને અસહભાગી નિરીક્ષણના વચ્ચેની પ્રયુક્તિ છે. જેમાં અભ્યાસકર્તા લાંબા સમય સુધી સમૂહની વચ્ચે રહેતો નથી પરંતુ વિશેષ અવસરો ઉપર તથ્યોના સંકલન માટે સમૂહના સંપર્કમાં આવે છે. અને ઘટનાઓનું નિરીક્ષણ કરીને તથ્ય એકત્ર કરે છે.

**(2) મુલાકાત :**

માહિતી કે સામગ્રીને એકત્ર કરવા માટે મુલાકાત એક પ્રત્યક્ષ સ્ત્રોત છે. સંશોધન કર્તા અભ્યાસ વિષયથી સંબંધિત વ્યક્તિઓથી પ્રત્યક્ષ સંપર્ક કરે છે. વિભિન્ન પક્ષો ઉપર વાર્તાલાપ કરે છે. કોઈ જટિલ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે ઉત્તરદાતાનો વિચાર, મનોવૃતિ, વ્યક્તિગત જાણકારી અધિક મહત્ત્વની હોય છે. જેને સામાન્ય આકડાથી એકત્ર કરી શકાતા નથી. આમા ઊંડાણપૂર્વક અને સુક્ષ્મ જાણકારીની જરૂરિયાત હોય છે. જે મુલાકાતના માધ્યમથી જ પ્રાપ્ત થઈ શકે છે. મુલાકાતમાં સંશોધનકર્તા સ્થાન અને પરિસ્થિતિ બંનેની સુવિધાઓને ધ્યાનમાં રાખીને ઉત્તરદાતા સાથે સંપર્ક કરે છે. મુલાકાત સમયે જરૂરિયાત પ્રમાણે માહિતીનું આ લેખન પણ થઈ શકે છે. મુલાકાત માર્ગદર્શિકામાં મુલાકાતના પ્રશ્નોનો કોઈ નિશ્ચિત ક્રમ હોતો નથી તેનાથી સામગ્રી કે માહિતીની ચકાસણી કરવી સંભવ બને છે.

**(3) અનુસૂચિ :**

અનુસૂચિ અભ્યાસ વિષયથી સંબંધિત પ્રશ્નોની એક એવી સૂચિ છે જેને લઈને અભ્યાસકર્તા ઉત્તરદાતાઓને મળે છે. અને પ્રત્યેક પ્રશ્ન નો જવાબ પૂછીને તેની અનુસૂચિ માં લખે છે. આ અભ્યાસકર્તા અને ઉત્તરદાતાની વચ્ચે પ્રત્યક્ષ સંપર્કનું એક માધ્યમ છે. સંશોધન કર્તા પોતે ઉત્તરદાતાના ઘરે જઈને માહિતી ભરે છે. આ દૃષ્ટિકોણથી અનુસૂચિને પ્રાથમિક સંકલનનો એક મહત્ત્વપૂર્ણ સ્ત્રોત માને છે. આની વિશેષતા એ છે કે પ્રશ્નોના જવાબની સાથે સાથે અભ્યાસકર્તા ઘટનાઓનું અવલોકન પણ કરે છે. તેથી અનુસૂચિ તથ્ય સંકલનની એક એવી પ્રયુક્તિ માનવામાં આવે છે જે ક્ષેત્રીય સામગ્રી એકત્રિત કરવામાં ઉપયોગી થાય છે.

**6.3.1.2 અપ્રત્યક્ષ સ્ત્રોત :**

પ્રાથમિક સ્ત્રોતનો બીજો મહત્ત્વનો પ્રકાર અપ્રત્યક્ષ સ્ત્રોત છે. આમાં સંશોધનકર્તા કે તેના વ્યક્તિ ક્ષેત્રમાં જઈને માહિતીદાતાઓ પાસેથી માહિતી એકત્ર કરતા નથી પરંતુ અન્ય માધ્યમ દ્વારા પ્રશ્નાવલી આકાશવાણી, ટેલીફોન, મોબાઈલ વગેરે દ્વારા માહિતી એકત્ર કરે છે.

**(1) પ્રશ્નાવલી :**

પ્રશ્નાવલી તથ્ય સંકલનની એક એવી અપ્રત્યક્ષ પ્રયુક્તિ છે જેનો ઉપયોગ સામગ્રી એકત્ર કરવા માટે થાય છે. તેના દ્વારા પ્રાથમિક સામગ્રી એકત્ર કરવામાં આવે છે. પ્રશ્નાવલી એક પ્રશ્નોની સૂચી છે. જેને શોધકર્તા પોતાના અભ્યાસની સમસ્યાથી સંબંધિત વિવિધ પક્ષોના વિશે માહિતી એકત્ર કરવા માટે સ્વયં બનાવે છે તથા અભ્યાસક્ષેત્રોના ઉત્તરદાતાઓને ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલવામાં આવે છે. ઉત્તરદાતા પ્રશ્નો ને વાંચી ને જવાબ લખીને પ્રશ્નાવલીને ટપાલ કે ઈમેલ દ્વારા પરત મોકલવામાં આવે છે. આ પ્રયુક્તિ માટે ઉત્તરદાતા શિક્ષિત હોવો જરૂરી છે. આ પ્રયુક્તિ સરળ છે. પ્રશ્નાવલીમાં 15 થી 20 ટકા જ પ્રશ્નાવલી પરત આવે છે. તેથી જવાબોની સત્યતા તથા પ્રામાણિકતાની શોધ કરવી કઠિન થઈ જાય છે.

**(2) ટેલીફોનીક મુલાકાત :**

સંશોધનકર્તા ટેલીફોન દ્વારા પ્રશ્નો પૂછીને માહિતી એકત્ર કરે છે. ટેલીફોનીક મુલાકાતથી સમયની એકત્ર કરે છે. ટેલીફોનીક મુલાકાતથી સમયની બચત થાય છે. આમાં માહિતીદાતા સંકોચ વિના માહિતી આપે છે. કેમ કે સંશોધનકર્તા અને ઉતરદાતા એકબીજાને જોઈ શકતા નથી તેનો લાભ અને ગેરલાભ છે લાભ એ છે કે માહિતીદાતા વિના સંકોચે પ્રશ્નનો જવાબ આપે છે ગેરલાભ એ છે કે સંશોધનકર્તા ઉત્તરદાતાના ચહેરાના હાવભાવનું નિરીક્ષણ કરી શકતો નથી જવાબ સાચો છે કે ખોટો તેની જાણકારી મેળવી શકાતી નથી અને પૂરક પ્રશ્નો દ્વારા તેની સત્યતાની ચકાસણી કરી શકાતી નથી.

**(3) આકાશવાણી કે ટેલીવિઝન અપીલ :**

આકાશવાણી કે ટેલિવિઝન પણ તથ્ય સંકલનના સરળ ઉપકરણ છે આ પ્રયુક્તિમાં આકાશવાણી દ્વારા શ્રોતાઓના સંબંધમાં પોતાના વિચાર માહિતી તથા પ્રતિક્રિયા મોકલવા માટે અપીલ કરવામાં આવે છે. આ ઉપકરણ દ્વારા વિશાળ ક્ષેત્રમાં ઠેલાયેલ માહિતીદાતાઓ સુધી એક સાથે સંપર્ક કરવો સંભવ છે. આકાશવાણી દ્વારા થયેલ અપીલનો જવાબ માત્ર શ્રોતાગણ આપે છે જે શિક્ષિણ છે અને વિષયમાં રૂચિ રાખે છે. તેથી આકાશવાણી અથવા ટેલિવિઝનથી બધા સંબંધિત માહિતીદાતાઓથી સામગ્રી એકત્ર થઈ શકતી નથી.

આકાશવાણી કે ટેલિવિઝન થી નિશ્ચિત દિવસ અને સમય ઉપર કાર્યક્રમ પ્રસારીત કરવામાં આવે છે. શ્રોતાઓથી નિશ્ચિત દિવસ તથા તારીખ સુધી પોતાનો જવાબ આપવા માટે આગ્રહ કરવામાં આવે છે. જવાબ અધિક થી અધિક સંખ્યા તથા સમય ઉપર પ્રાપ્ત કરવા માટે શ્રોતાઓને ઉત્તમ ઉત્તરો માટે પુરસ્કાર પણ આપવામાં આવે છે. માહિતી પ્રાપ્ત કરવાનું સરનામુ પણ પ્રસારીત કરવામાં આવે છે. સામગ્રી એકત્ર કરનાર શોધકર્તા કે સંગઠન આકાશવાણી અથવા ટેલિવિઝન દ્વારા શ્રોતાઓને વિશેષ જાણકારી પ્રસારીત કરીને તથ્યો તથા સામગ્રીને એકત્ર કરે છે. કુટુંબ નિયોજન, મહિલાઓની સ્થિતિ, દૂરદર્શનના પ્રશ્નોત્તરી કાર્યક્રમ તેના ઉદાહરણ છે આ પ્રયુક્તિ દ્વારા સામગ્રી સંકલનમાં ઓછા સમય અને નાણાં દ્વારા વિશાલ ક્ષેત્રથી સામગ્રી એકત્ર થઈ જાય છે. આમાં શિક્ષિત અને મૂડીવાદીઓ જ ભાગ લે છે.

**6.3.2. ઉપલબ્ધ સ્ત્રોત :**

ઉપલબ્ધ માહિતીને ગૌણ માહિતી તરીકે પણ ઓળખવામાં આવે છે. પી.એચ.માન કહે છે કે "ઉપલબ્ધ સ્તર ઉપર પ્રાપ્ત કરેલા તથ્ય હોય છે એટલે કે પ્રથમ વાર એકત્ર કરેલા તથ્ય હોતા નથી પરંતુ અન્ય વ્યક્તિઓ દ્વારા એકત્ર મૂળ તથ્યોના આધાર ઉપર રચિત તથ્ય હોય છે"

**(અ) વ્યક્તિગત દસ્તાવેજ :**

વ્યક્તિગત દસ્તાવેજ લેખિત સામગ્રી હોય છે. આ પ્રકાશિત તથા અપ્રકાશિત રૂપે ઉપલબ્ધ હોય છે. પત્ર સંસ્મરણ, ડાયરી, જીવન ઈતિહાસ વગેરે વ્યક્તિગત દસ્તાવેજ છે.

**(i) પત્ર :**

પત્ર વ્યક્તિગત તથા ગોપનીય હોય છે તેથી તેના દ્વારા પ્રાપ્ત જાણકારી સત્ય વાસ્તવિક અને વિશ્વસનીય હોય છે. સંશોધન કર્તા પત્રો દ્વારા મહત્ત્વની સામગ્રી એકત્ર કરી શકે છે. વ્યક્તિ પત્ર પોતાના નજીકના સંબંધીઓ મિત્રોને લખે છે પત્રમાં વ્યક્તિ

પોતાના જીવનની ઘટનાઓ, સમસ્યાઓ, વિચારો, અનુભવો અને પ્રેમ વગેરે લખે છે. વ્યક્તિ પત્ર વ્યવહાર દ્વારા કુટુંબની ઘટનાઓ, તનાવ, લગ્ન સંબંધ અને છૂટાછેડા થી સંબંધિત મહત્ત્વની ઘટનાઓનું પત્ર દ્વારા આપ-લે કરે છે. જે લોકો રાજનીતિમાં છે તેઓ પોતાના નિકટના વ્યક્તિઓને રાજકીય ઘટનાના સંબંધમાં પત્ર લખે છે.

**(ii) સંસ્મરણ :**

સંસ્મરણ વ્યક્તિના જીવનની ઘટના રોમાંચકારી અનુભવ, યાત્રાઓનું વર્ણન વગેરે હોય છે. જેમકે કોલંબસ, કહ્યાન, મૈગસ્થની, હેનસાંગ વગેરે એ પોતાના સંસ્મરણો લખેલ છે. અનેક લોકો પોતાના સંસ્મરણ અન્ય લોકોને સંભળાવે છે. યાત્રાઓ અને જીવનની મહત્ત્વપૂર્ણ અને રોમાંચક ઘટનાઓના સંસ્મરણો લખવાની પરંપરા સદીઓથી ચાલી આવી રહી છે. સંસ્મરણ દ્વારા એક સમયના વિશેષ લોકોના રીતરિવાજ સંસ્કૃતિ, ભાષા રહેણી કરણી વગેરે ને સમજવામાં મોટી મદદ મળે છે. સામગ્રી સંકલનમાં સંસ્મરણ સ્ત્રોતના રૂપમાં સમૃધ્ધ સામગ્રી પ્રદાન કરે છે પત્રોની જેમ સંસ્મરણો માં પણ ક્રમબધ્ધતા અને તાર્કિકતાનો અભાવ હોય છે.

**(iii) ડાયરી :**

રોજબરોજની ઘટનાઓને વ્યક્તિ પોતાની ડાયરીમાં લખે છે. ડાયરી ગોપનીય દસ્તાવેજ છે, તેથી વ્યક્તિ પોતાના જીવનની ગોપનીય અને મહત્ત્વપૂર્ણ સત્ય નિઃસંકોચ ડાયરીમાં લખે છે. વ્યક્તિ પોતાની ડાયરી વસ્તુનિષ્ઠ અને નિષ્પક્ષ રીતે લખે છે. તેથી ડાયરી વ્યક્તિની ગોપનીય વ્યક્તિગત માહિતી એકત્ર કરવા માટે ઉપલબ્ધ સ્ત્રોત છે. ડાયરીમાં તથ્ય, વિશ્વસનીયતા, યથાર્થતા હોય છે. ડાયરી સંશોધન કાર્યમાં ખૂબ મદદરૂપ થાય છે. મહાપુરૂષોના યાત્રા, વર્ણન, જીવન વૃત્તાંત, જેલ કે યુધ્ધના સંસ્મરણ કાર્ય વગેરેના વર્ણન તેમની ડાયરીમાં પ્રાપ્ત થઈ જાય છે. જેનો સંશોધનમાં ખૂબ ઉપયોગ થાય છે.

**(iv) જીવન ઈતિહાસ :**

જોન મેજ કહે છે કે વાસ્તવિક અર્થ માં જીવન ઈતિહાસનું તાત્પર્ય કોઈ વિસ્તૃત આત્મકથા થી હોય છે. સામાન્ય અર્થમાં તેનો ઉપયોગ કોઈપણ જીવન સંબંધી સામગ્રી માટે કરવામાં આવે છે. કોઈપણ પ્રકારના જીવન ઈતિહાસમાં મુકવામાં આવે છે. વિધ્ધાનો એ જીવન ઈતિહાસ ને બે ભાગોમાં વિભાજન કર્યુ છે. (1) આત્મકથા (2) જીવન ચરિત્ર આત્મકથા વ્યક્તિ પોતાના વિશે પોતે લખે છે. અને જીવન ચરિત્ર અન્ય વ્યક્તિ

જીવન સંબંધિત ઘટનાઓ વિશે લખે છે. સામાન્ય રીતે ખ્યાતિ પ્રાપ્ત વ્યક્તિઓનુ જીવન ચરિત્ર લખે છે.

જીવન ઈતિહાસ દ્વારા સામાજિક આર્થિક રાજકીય અને સાંસ્કૃતિક ઘટનાઓને સમજ્યા તથા અભ્યાસ કરવાનું સંભવ બને છે. સમાજ સુધારકો, રાજકીય નિષ્ણાંતો, નેતાઓ અને ક્રાંતિકારીઓ વગેરેના જીવન ચરિત્ર સંબંધિત વિષય અને ક્ષેત્રની જાણકારીના સ્ત્રોત હોય છે.

**(બ) સાર્વજનિક દસ્તાવેજ :**

ઉપલબ્ધ સ્ત્રોતના રૂપમાં સાર્વજનિક દસ્તાવેજ સામગ્રી સંકલનનો એક મહત્ત્વનો સ્ત્રોત છે. અન્ય ઉપલબ્ધ સ્ત્રોતની તુલનામાં આ અધિક પ્રમાણિત અને વિશ્વસનીય છે. આ સાર્વજનિક હિતને ધ્યાનમાં રાખીને તૈયાર કરાવવામાં આવે છે. સરકારી, બિનસરકારી અને અર્ધ સરકારી અને સંસ્થા દ્વારા સાર્વજનિક હિત માટે સાર્વજનિક દસ્તાવેજ તૈયાર કરવામાં આવે છે.

**(i) પ્રકાશિત દસ્તાવેજ :**

અનેક પ્રકારની સંસ્થા કે સંગઠન સમય સમય ઉપર પોતાના હેતુઓની પૂર્તિ માટે પ્રાથમિક સામગ્રી એકત્ર કરે છે. લોકોને માહિતી મળે તેથી પ્રકાશિત કરવાનું પણ હોય છે. લેખા જોખા કરવા માટે તથા સંબંધિત સંગઠનોના વસ્તુ સ્થિતિથી જાગૃત કરવા માટે પ્રસારણ અર્થે અગ્રિમ કાર્યવાહી માટે પણ મોકલવાની હોય છે. જ્યારે સંશોધનકર્તા પ્રકાશિત સામગ્રીનો સંશોધનમાં ઉપયોગ કરે છે. ત્યારે તે ઉપલબ્ધ સ્ત્રોત કહેવાય છે.

યુનિવર્સિટી અને શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા પાઠયક્રમ પ્રમાણે તૈયાર કરવામાં આવેલ શોધ નિબંધ પ્રકાશિત થાય છે તે દ્વિતીય સામગ્રીનો સ્ત્રોત છે. ભારતમાં સમાજ વિજ્ઞાન પરિષદ ટાટા સમાજ વિજ્ઞાન સંસ્થાન વગેરે છે. જે અભ્યાસો અને શોધકાર્યોને પ્રકાશિત કરે છે. અનેક સરકારી અને બિનસરકારી સમિતિઓ દ્વારા સમય સમય ઉપર અનેક પ્રકારના તથ્ય એકત્ર કરવામાં આવે છે. વસતિ ગણતરી, અપરાધ, શિક્ષણ, બેકારી વગેરેના સાર્વજનિક ઉપયોગ માટે તથ્યો અને સામગ્રીને પ્રકાશિત કરવામાં આવે છે. અનેક આંતરરાષ્ટ્રીય સંગઠન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા તથ્યોને પ્રકાશિત કરવામાં આવે છે. શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે તેનો શ્રેય સમાચાર પેપર લેખ સંપાદકીય વિચારોને જાય છે.

**(ii) અપ્રકાશિત દસ્તાવેજ :**

અનેક સરકારી અર્ધસરકારી અને બિનસરકારી સંગઠન છે જે સમય સમય ઉપર સમાજથી સંબંધિત માહિતી અને તથ્ય એકત્ર કરતા રહે છે. કેટલીક બાબતો ગોપનીય હોય છે. તેને પ્રકાશિત કરવુ તે સાર્વજનિક હિતમાં નથી તેથી તેને પ્રકાશિત કરવામાં આવતુ નથી રક્ષા મંત્રાલય ન્યાય વિભાગ, ગૃહ વિભાગ, સરકારી વિભાગ વગેરે સમાજથી સંબંધિત તથ્યો, આકડા, માહિતી વગેરે એકત્ર તો કરે છે પરંતુ તેને ગોપનીય રાખવા ના કારણે પ્રકાશિત કરતા નથી અપ્રકાશિત રેકોર્ડ, દસ્તાવેજ, માહિતી વગેરે સામગ્રીના મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધસ્ત્રોત છે જેમાં સંશોધન કાર્યોમાં ઉપયોગ થાય છે. અભિલેખ, પાંડુલિપિમાં શોધનિબંધ, શીલાલેખ વગેરે અપ્રકાશિત દસ્તાવેજ છે.

## 6.4 સારાંશ :

માહિતીના સ્ત્રોતમાં પ્રાથમિક માહિતી પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે જોવા મળે છે. માહિતીના ઉપલબ્ધ સ્ત્રોતમાં વ્યક્તિગત અને સાર્વજનિક દસ્તાવેજનો સમાવેશ થાય છે. મુલાકાત અને અનુસૂચિ દ્વારા પ્રત્યક્ષ સ્ત્રોતથી માહિતી કે સામગ્રી એકત્ર થાય છે. રેડિયો, દૂરદર્શન, ટેલીફોન, મોબાઈલ વગેરે પણ અપ્રત્યક્ષ પ્રાથમિક માહિતીના સ્ત્રોત છે. જેમાં શિક્ષિત અને રૂચિવાળા જ ભાગલે છે. વ્યક્તિગત દસ્તાવેજ લેખિત સામગ્રી હોય છે. આ પ્રકાશિત તથા અપ્રકાશિત રૂપે ઉપલબ્ધ હોય છે પત્ર, સંસ્મરણ, ડાયરી, જીવન ઈતિહાસ વગેરે સાર્વજનિક હિતને ધ્યાનમાં રાખીને સાર્વજનિક દસ્તાવેજ તૈયાર કરવામાં આવે છે જેમાં પ્રકાશિત અને અપ્રકાશિત દસ્તાવેજોનો સમાવેશ થાય છે. અપ્રકાશિત દસ્તાવેજમાં અભિલેખ પાંડુલિપિમાં શોધનિબંધ શીલાલેખ વગેરે છે.

## 6.5 ચાવીરૂપ શબ્દો :

**અનુસૂચિ :** અનુસૂચિ એ પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે ઉપયોગમાં લેવાતી પ્રયુક્તિ છે. અનુસૂચિમાં પ્રશ્નોની ક્રમબધ્ધ સૂચિમાં પ્રશ્નોની ક્રમબધ્ધ સૂચિ હોય છે.

**માહિતી :** સામાજિક સંશોધનમાં નિરીક્ષણ મુલાકાત પ્રશ્નાવલી વગેરે પ્રયુક્તિઓને ઉપયોગ પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે થાય છે. જ્યારે દ્વિતીય સ્ત્રોતવાળી માહિતીને ઉપલબ્ધ માહિતી કહેવામાં આવે છે.

**મુલાકાત :** મુલાકાતએ સંશોધનમાં ઉપયોગી માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિ છે. તેનો ઉપયોગ વ્યક્તિ અથવા જૂથોના પરસ્પરના પ્રત્યાઘાતોના પરિણામોનું નિરીક્ષણ કરવા માટે થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) પ્રકાશિત દસ્તાવેજનો માહિતી સ્ત્રોત વર્ણવો.

..............................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. સામગ્રીનુ સંકલન નિરીક્ષણ મુલાકાત અનુસૂચિ અને પ્રશ્નાવલી દ્વારા થાય છે.

2. અનુસૂચિ અભ્યાસ વિષય ના સંબંધિત પ્રશ્નોની સૂચિ છે.

3. માહિતી એકત્ર કરવા માટે મુલાકાત પ્રત્યક્ષ સ્ત્રોત નથી.

## 6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) સંશોધન કર્તા પ્રકાશિત સામગ્રીનો સંશોધનમાં ઉપયોગ કરે છે ત્યારે તે ઉપલબ્ધ સ્ત્રોત કહેવાય છે. યુનિવર્સિટી અને શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા પાઠ્યક્રમ પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. શોધ નિબંધ પ્રકાશિત થાય છે. તે ઉપલબ્ધ સામગ્રીનો સ્ત્રોત છે.

(2) 1. √ 2. √ 3. ×

## 6.7 સંદર્ભ સૂચિ :

1. Krishnaswarmi, O. R. & Ranganatha M. (2008). Methodology of Research in Social Science. Mumbai : Himalaa Publishing House.

2. शर्मा, विरेन्द्र प्रकाश (2004) रिसर्च मेथडालोखी जयपुर : पंचशील प्रकाशन.

3. જોષી, વિદ્યુત (1997) પારિભાષિક કોશ સમાજશાસ્ત્ર અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

4. પાંડર, સુભાષ (2018) સામાજિક સંશોધન પદ્ધતિ અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.

5. શાહ એ.જી. અને દવે જે.કે. (2008-09) સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ અમદાવાદ : અનડા પ્રકાશન.

⌘ ⌘ ⌘

## એકમ 7 માહિતીના સ્ત્રોતનું સંશોધનમાં મહત્ત્વ

-: રૂપરેખા :-

**7.0 ઉદ્દેશ્યો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 પ્રાથમિક માહિતીના સ્ત્રોતનું મહત્ત્વ**

**7.3 ઉપલબ્ધ માહિતીના સ્ત્રોતનું મહત્ત્વ**

**7.4 સારાંશ**

**7.5 ચાવીરૂપ શબ્દો**

**7.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**7.7 સંદર્ભ સૂચિ**

### 7.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- પ્રાથમિક માહિતીના સ્ત્રોતની સમજ મેળવી શકશો.
- ગૌણ માહિતીના સ્ત્રોતની માહિતી મેળવી શકશો.

### 7.1 પ્રસ્તાવના :

માહિતી કે સામગ્રી એકત્રીકરણ ના મુખ્ય બે સ્ત્રોત છે. પ્રાથમિક અને ગૌણ. પ્રાથમિક માહિતી નિરીક્ષણ મુલાકાત અને પ્રશ્નાવલી દ્વારા મેળવી શકાય છે. ગૌણ માહિતી પુસ્તકો, સામયિકો, અહેવાલો, શોધ નિબંધો અને ઈન્ટરનેટ, વેબસાઈટ દ્વારા એકત્ર કરી શકાય છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત જટિલ માનવસંબંધોને સમજવા માટે મહત્ત્વનો છે. સમાજજીવનને લગતી વાસ્તવિક માહિતી મેળવવા માટે મહત્ત્વનો છે. નવા ખ્યાલોનું ઘડતર કરવા વર્તમાન ખ્યાલોનું પુનઃ ઘડતર કરવા માટે પ્રાથમિક માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે. સંશોધન અને માહિતીદાતા વચ્ચે પ્રત્યક્ષ સંપર્ક ને લીધે સંશોધન વિષય અંગે સંશોધનમાં નવી દૃષ્ટિ વિકસે છે. એમ.એન. શ્રી નિવાસે પ્રાથમિક માહિતી દ્વારા આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન નો અભ્યાસ કર્યો છે. પ્રાથમિક માહિતીનો સ્ત્રોત મૂળભૂત સ્ત્રોત ક્ષેત્રિય સ્ત્રોત છે. પ્રાથમિક માહિતીના આધારે સંશોધનો અને સર્વેક્ષણ કરવામાં આવે છે. પ્રાથમિક માહિતીને વધુ વિશ્વસનીય માનવામાં આવે છે. ગૌણ માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે પ્રાથમિક માહિતી એકત્ર કરવી અનિવાર્ય બની જાય છે.

ભારતમાં ઘણા સમાજશાસ્ત્રી ઓએ વસતિગણતરીના અહેવાલોમાંથી મળતી માહિતીના આધારે વસતિ વૃદ્ધિ, શહેરીકરણ, કુટુંબ નું માળખું, સામાજિક તંગદિલી વગેરે ને લગતા સંશોધનો કર્યા છે. અને કેટલીક વખતે પ્રાથમિક માહિતીને આધારભૂત બનાવવા માટે પણ ગૌણ માહિતીને આધારભૂત બનાવવા માટે પણ ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. વસતિગણતરીના આંકડાના આધારે રાધાકમલ મુકરજીએ વસતિ વૃદ્ધિના સમાજશાસ્ત્રીય પરિબળોનું વિશ્લેષણ કર્યું છે.

## 7.2 પ્રાથમિક માહિતીના સ્ત્રોતનું મહત્ત્વ :

### 7.2.1. વિશાળ ક્ષેત્ર માટે અનુકૂળ

વિશાળ અભ્યાસ ક્ષેત્રની સામગ્રી એકત્ર કરવા માટે પ્રાથમિક માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે. વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલા માહિતી દાતા પાસેથી માહિતી ઓછા સમયમાં એકત્ર કરી શકાય છે. પ્રશ્નાવલી દ્વારા વિશાળ ક્ષેત્રમાં ઉત્તરદાતા ફેલાયેલા હોય ત્યારે જરૂરી માહિતી ઝડપથી મેળવી શકાય છે. આ સ્ત્રોત દ્વારા એક જ સમયમાં અનેક માહિતીદાતા સાથે સંપર્ક કરી શકાય છે.

### 7.2.2. વિસ્તૃત જાણકારી

પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા માહિતી એકત્ર કરવાનુ મહત્ત્વ એ છે કે અભ્યાસકર્તા માહિતીદાતાથી તો જાણકારી પ્રાપ્ત કરે જ છે. પરંતુ પોતે પણ ઘટના કે ક્ષેત્રનું નિરીક્ષણ કરીને અનેક જાણકારી પ્રાપ્ત કરી લેવા માં આવે છે આ રીતે સંશોધન સમસ્યાથી આ માહિતીના સ્ત્રોત દ્વારા વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થઈ જાય છે.

### 7.2.3. સમય - નાણાં અને શ્રમ ની બચત

પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા સામગ્રીનું સંકલન કરવામાં સમય ખૂબ ઓછો લાગે છે તે જ રીતે નાણાંનો ખર્ચ ઓછો થાય છે. તાલીમી કાર્યકર્તાઓની જરૂરિયાત ઓછી થાય છે. એક માં વિશાળ ક્ષેત્રના બધા માહિતીદાતાઓનો સંપર્ક કરી શકાય છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોતથી સમય નાણાં અને શ્રમની બચત થાય છે.

### 7.2.4. અભ્યાસમાં ફેરફાર

પ્રાથમિક તથ્ય સંકલનમાં ફેરફાર ને અવકાશ છે. સંશોધન કર્તા સમસ્યા પ્રમાણે તથ્ય એકત્ર કરતી વખતે પ્રશ્નોને બદલી શકે છે. બિનઉપયોગી પ્રશ્નોને દૂર કરી શકાય છે. પરિસ્થિતિ પ્રમાણે નવા પ્રશ્નો મૂકી શકાય છે. સંશોધક પોતે અભ્યાસક્ષેત્રમાં હોવાના કારણે પ્રાથમિક માહિતીના સ્ત્રોત નું મહત્ત્વ અધિક થઈ જાય છે. આ રીતે સંશોધનકર્તા જરૂરી માહિતી કે સામગ્રી એકત્ર કરે છે.

### 7.2.5 ઉતરદાતા ઉપર નિયંત્રણ

સંશોધન કર્તા અનેક પ્રયુક્તિથી માહિતી એકત્ર કરે છે. જેમાં નિરીક્ષણ મુલાકાત અનુસૂચિ અને પ્રશ્નાવલી મુખ્ય છે. પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં સંશોધનકર્તા માહિતીદાતા કે ઉત્તરદાતા ઉપર નજર કે નિયંત્રણ રાખે છે. માહિતી યોજનાબધ્ધ રીતે એકત્ર કરવામાં આવે છે. મુલાકાત માગદર્શિકા અને મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે. સંશોધનકર્તા અને માહિતીદાતાને આમ તેમ ભટકવુ પડતુ નથી તેનાથી સમય અને નાણાની બચત થાય છે.

### 7.2.6 ગુપ્ત માહિતીનું સંકલન

સંશોધનકર્તા જ્યારે નિરીક્ષણ મુલાકાત અને અનુસૂચિ દ્વારા સામગ્રી એકત્ર કરે છે. ત્યારે નિરીક્ષણ દ્વારા ગુપ્ત માહિતી જોઈને એકત્ર કરી લેવામાં આવે છે. નિરીક્ષણનો એક પ્રકાર સહભાગી નિરીક્ષણ તો ગુપ્ત માહિતી એકત્ર કરવાની વિશિષ્ટ પ્રયુક્તિ માનવામાં આવે છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત માં આ શ્રેષ્ઠ પ્રયુક્તિ છે.

### 7.2.7. વિશ્વસનીયતા

પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા એકત્ર સામગ્રી વિશ્વસનીય અને યથાર્થ હોય છે. સંશોધનકર્તા સ્વયં તથ્ય સંકલન ના સમય માહિતીદાતાઓની સમક્ષ ઉપસ્થિત થાય છે. માહિતીદાતાના ચહેરાના હાવભાવ ઉતાર-ચઢાવ જોઈ રહે છે અને જુઠી કે ખોટી માહિતી મળે ત્યારે પૂરક પ્રશ્ન પૂછીને ઉત્તરની વિશ્વસનીયતાની જાણકારી મેળવી લેવામાં આવે છે તેથી પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા એકત્ર સામગ્રી વિશ્વસનીય યથાર્થ અને સ્વાભાવિક હોય છે.

વિશાળ ક્ષેત્ર માટે પ્રાથમિક માહિતીનો સ્ત્રોત અનુકૂળ છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા વિસ્તૃત માહિતી મેળવી શકાય છે. સમય નાણાં અને શ્રમનું બચત કરી શકાય છે. અભ્યાસમાં ફેરફારને અવકાશ છે પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં સંશોધન કર્તા માહિતીદાતા ઉપર નજર કે નિયંત્રણ રાખે છે. સહભાગી નિરીક્ષણ દ્વારા ગુપ્ત માહિતી એકત્ર કરવાની વિશિષ્ટ પ્રયુક્તિ માનવામાં આવે છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા એકત્ર સામગ્રી વિશ્વસનીય અને યથાર્થ હોય છે.

## 7.3 ઉપલબ્ધ માહિતીના સ્ત્રોતનું મહત્ત્વ :

ઉપલબ્ધ માહિતી સંશોધન સમસ્યાની કામચલાઉ રૂપરેખા બનાવવા સંશોધન સમસ્યાનું વિશ્લેષણ કરવા તેમજ તુલનાત્મક અભ્યાસ કરવામાટે મહત્ત્વની છે. ઉપલબ્ધ માહિતીનો સ્ત્રોત સામાજિક સંશોધનમાં મહત્ત્વનો છે. સંશોધનમાં તેનુ પણ આગવું સ્થાન છે.

સામાજિક સંશોધનમાં જરૂરી માહિતી પૂરી પાડવામાં વિભિન્ન દસ્તાવેજી કે ઉપલબ્ધ માહિતીના સ્ત્રોતનુ ઘણું મહત્ત્વ છે. કોઈપણ સામાજિક સંશોધન કરતા પહેલા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ દસ્તાવેજી સ્ત્રોતમાંથી મળતી માહિતી એકત્ર કરીને સંશોધકે તેનો અભ્યાસ કરવો જરૂરી છે. જો તેમ કરવામાં ન આવે તો સંશોધન વધુ ફળદાયી બની શકતું નથી સામાજિક સંશોધનમાં વસતિગણતરી સર્વેક્ષણ, અહેવાલો, સામયિકો, વાર્ષિક અહેવાલ, આત્મકથા, ડાયરી વગેરે જુદા જુદા દસ્તાવેજી સ્ત્રોતનું મહત્ત્વ જુદુ જુદુ છે. તેમ છતા બધા સ્ત્રોતો એક કે બીજી રીતે ઓછેવત્તે અંશે સંશોધન માટે મહત્ત્વની માહિતી પૂરી પાડે છે. દસ્તાવેજી સ્ત્રોતો સંશોધનકર્તા ને બિનજરૂરી પુનરાવર્તનથી દૂર રાખવામાં મદદરૂપ બને છે તેમ જ સંશોધનકર્તાને ખોટીદિશામાં જતા રોકે છે. દસ્તાવેજી સ્ત્રોતમાંથી મળતી માહિતી સંશોધન માટે સાચો પ્રશ્ન પૂછવામાં તેમજ સંશોધન અંગે સૂઝ કેળવવા માં જરૂરી એવી સામાન્ય અભિમુખતા પૂરી પાડે છે. દસ્તાવેજી સ્ત્રોતો સંશોધનકર્તા ના પોતાના મૂલ્યોથી પર હોવાથી તે વૈજ્ઞાનિક માહિતીનો અમૂલ્ય સ્ત્રોત બની રહે છે. દસ્તાવેજી સ્ત્રોતમાંથી મળતી માહિતી સંશોધન માટે અમૂક પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાનું સૂચવે છે. ખ્યાલાત્મક ચિંતન કરવામાં તેમજ કામચલાઉ ધારણાઓનું પરીક્ષણ કરવામાં દસ્તાવેજી સ્ત્રોતો મદદરૂપ બને છે. સંશોધનકર્તાના સંશોધન વિષયનું ઘડતર કરવામાં દસ્તાવેજી સ્ત્રોતો મહત્ત્વનો ફાળો આપે છે તેમજ ઉત્કલ્પનાના ઘડતર માટે મહત્ત્વના છે.

ડેનિસ અને સ્ટિફને ઉપલબ્ધ માહિતીના સ્ત્રોતનું મહત્ત્વ નીચે પ્રમાણે આપેલ છે.

(1) સમગ્ર સંશોધન માટે કેટલીવાર ઉપલબ્ધ માહિતીને જ લેવામાં આવે છે. ભારતના સમાજશાસ્ત્રીઓએ વસતિગણતરીના અહેવાલો માંથી મળતી માહિતીના આધારે

વસતિવૃદ્ધિ શહેરીકરણ કુટુંબનું માળખું, સામાજિક તંગદિલી વગેરે અભ્યાસો કર્યા છે રાધાકમલ મુકરજી એ વસતિગણતરીના આંકડાના આધારે વસતિવૃદ્ધિના સમાજશાસ્ત્રીય પરિબળોનું વિશ્લેષણ કર્યું છે. કે.સી. ઝાકરીયાએ વસતિગણતરીની માહિતી ઉપરથી ભારતની વસતિ વહેંચણી અને સ્થળાંતર ઉપર અભ્યાસ કર્યો છે. કુમુદિની દાંડેકરે વસતિગણતરીની માહિતી દ્વારા કુટુંબનું બંધારણ અને કુટુંબરચનામાં પરિવર્તનના પ્રવાહનું વર્ણન કર્યું છે. રોય બર્મન વિભિન્ન પ્રકારની તંગદિલીના સામાજિક પાસાં ઉપરનો અભ્યાસ વસતિ ગણતરીની માહિતીના આધારે કરેલો છે. કિંગ્સલે ડેવિસે વસતિગણતરીની માહિતી દ્વારા ભારતમાં વસતિવૃદ્ધિના સમાજશાસ્ત્રીય પાસા તપાસ્યા છે.

(2) સશોધનકર્તાએ પોતે એકત્ર કરેલી પ્રાથમિક માહિતીની પૂરક માહિતી તરીકે ઉપલબ્ધ માહિતી મહત્ત્વની બને છે. જેમ કે સંયુક્ત કુટુંબમાં આવેલા પરિવર્તનને લગતું સંશોધન કરવા માટે આપણે ક્ષેત્રીય સ્ત્રોતો માંથી પ્રાથમિક માહિતીનો ઉપયોગ કરીએ અને તેની સાથે સાથે સંયુક્ત કુટુંબમાં આવેલા પરિવર્તન અંગે થયેલા અન્ય સર્વેક્ષણો અને સંશોધન લેખો, અહેવાલો વગેરેમાંથી મળતી માહિતીનો પણ ઉપયોગ કરીએ ત્યારે ઉપલબ્ધ માહિતીને પૂરક માહિતી કે આંશિક માહિતી તરીકે મહત્ત્વની છે.

(3) સંશોધનકર્તા દ્વારા એકત્ર કરવામાં આવેલી પ્રાથમિક માહિતી આધારભૂત બનાવવા માટે તેમજ તેની ચકાસણી કરવા માટે ઉપલબ્ધ માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે.

ઉપલબ્ધ માહિતીના સ્ત્રોતો દ્વારા રૂપરેખા બનાવી શકાય અભ્યાસની તુલના કરી શકાય ઉત્કલ્પનાનું નિર્માણ કરી શકાય છે. પૂરક માહિતી તરીકે પણ ઉપલબ્ધ માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે. પ્રાથમિક માહિતીને વધુ આધારભૂત બનાવવા માટે પણ ઉપલબ્ધ માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે. કેટલીકવાર સમગ્ર કે સંપૂર્ણ સંશોધન ઉપલબ્ધ માહિતીના સ્ત્રોતોના આધારે પણ કરવામાં આવે છે.

## 7.4 સારાંશ :

કેટલીકવાર ઉપલબ્ધ માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે પ્રાથમિક માહિતીના સ્ત્રોતો મહત્ત્વના બને છે. પ્રાથમિક માહિતીનો સ્ત્રોત મૂળભૂત સ્ત્રોત ક્ષેત્રિય સ્ત્રોત છે વિશાળ અભ્યાસક્ષેત્રથી સામગ્રી એકત્ર કરવા માટે પ્રાથમિક માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા વિસ્તૃત માહિતીના સ્ત્રોતથી સમય, નાણાં અને શ્રમનું બચત થાય છે. પ્રાથમિક તથ્ય સંકલનમાં ફેરફારને અવકાશ છે માહિતીદાતા ઉપર કેટલેકઅંશે સંશોધનકર્તાનું નિયંત્રણ રહે છે. સહભાગી નિરીક્ષણ દ્વારા ગુપ્ત માહિતી એકત્ર કરી શકાય છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા એકત્ર સામગ્રી વિશ્વસનીય અને યથાર્થ હોય છે.

સામાજિક સંશોધનમાં દસ્તાવેજી કે ઉપલબ્ધ માહિતીનું મહત્ત્વ છે. સામાજિક સંશોધનમાં વસતિગણતરી સર્વેક્ષણ અહેવાલો, સામયિકો, વાર્ષિક અહેવાલો, આત્મકથા, ડાયરી વગેરે જુદા જુદા દસ્તાવેજી સ્ત્રોતોનું જુદું જુદું મહત્ત્વ છે. સંશોધન વિષયનું ઘડતર કરવા માટે દસ્તાવેજી સ્ત્રોતો મહત્ત્વનો ફાળો આપે છે. સંશોધનકર્તા એ પોતે એકત્ર કરેલી પ્રાથમિક માહિતીની પૂરક માહિતી તરીકે ઉપલબ્ધ માહિતી મહત્ત્વની બને છે. પ્રાથમિક માહિતીને આધારભૂત બનાવવા માટે ઉપલબ્ધ માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.

(1) પ્રાથમિક માહિતીના સ્ત્રોતનું મહત્ત્વ વર્ણવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સાચા જવાબોની સામે √ ની નિશાની કરો અને ખોટાની સામે × ની નિશાની કરો.

1. નિરીક્ષણ મુલાકાત અને પ્રશ્નાવલી માહિતી એકત્રીકરણની પ્રયુક્તિ છે.

2. કામચલાઉ રૂપરેખા બનાવવા માટે ગૌણ માહિતીનો સ્ત્રોત મહત્ત્વનો છે.

3. સંશોધનકર્તા એ પોતે એકત્ર કરેલી પ્રાથમિક માહિતીની પૂરક માહિતી તરીકે ગૌણ માહિતી મહત્ત્વની નથી.

## 7.5 ચાવીરૂપ શબ્દો :

**આધારભૂતતા :** જે માપવા માટે માપન સાધનનું ઘડતર કરવામાં આવ્યું હોય તે માપવામાં જો તે સફળ થાય તો તેને આધારભૂત માપન કહી શકાય. માપનના આ ગુણધર્મને આધારભૂતતા કહેવામાં આવે છે.

**ઉપલબ્ધ માહિતી :** ઉપલબ્ધ માહિતીને દ્વિતીય માહિતી તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાં પુસ્તકો, અહેવાલો, સામયિક, શોધનિબંધ વગેરેનો સમાવેશ થાય છે.

## 7.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) પ્રાથમિક માહિતીનો સ્ત્રોત વિશાળ ક્ષેત્ર માટે અનુકૂળ છે. પ્રાથમિક માહિતીના સ્ત્રોત દ્વારા વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થાય છે. સમય, નાણા અને શ્રમનું બચત થાય છે. પ્રાથમિક તથ્ય સંકલનમાં ફેરપારને અવકાશ છે. સહભાગી નિરીક્ષણ દ્વારા ગુપ્ત માહિતીનું સંકલન કરી શકાય છે.

(2) 1. √ 2. √ 3. ×

## 7.7 સંદર્ભ સૂચિ :

1. Krishnaswarnli, O. R. & Ranganatha M. (2008). Methodology of Research in Social Science. Mumbai : Himalaa Publishing House.

2. आहुजा, राम (2010). सामाजिक अनुसंधान. जयपुर : रावत पब्लिकेशन्स.

3. शर्मा, विरेन्द्रप्रकाश (2004). रिसर्च मेथडोलोखी. जयपुर : पंचशील प्रकाशन.

4. જોષી, વિદ્યુત (1997) પારિભાષિક કોશ સમાજશાસ્ત્ર અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

5. પાંડર, સુભાષ (2018) સામાજિક સંશોધન પદ્ધતિ અમદાવાદ : એકેડેમિક પબ્લિકેશન.

6. શાહ એ.જી. અને દવે જે.કે. (2008-09) સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ અમદાવાદ : અનડા પ્રકાશન.

⌘ ⌘ ⌘

એકમ 8

# સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ

-: રૂપરેખા :-

**8.0 ઉદ્દેશ્યો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 સંશોધનમાં ગ્રંથાલયની ઉપયોગિતા**

**8.3 સારાંશ**

**8.4 તમારી પ્રગતિ ચકાસો**

**8.5 ચાવીરૂપ શબ્દો**

**8.6 સંદર્ભ સૂચિ**

## 8.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...

- સામાજિક સંશોધન યોગ્ય રીતે પ્રાથમિક તૈયારી કેવી રીતે કરવી ? શુ કરી શકાય ? કેવી પ્રયુક્તિ પસંદ કરી શકાય વગેરે જેવી બાબતો અંગેનુ જ્ઞાન મેળવી શકશો.
- સંશોધન સમસ્યા સંબંધિત પૂર્વ થયેલા અભ્યાસો વિશેની માહિતી કેમ મળી શકે ? પૂર્વ થયેલા અભ્યાસો કેવી રીતે ઉપયોગી થઈ શકે તે વિશેની જાણકારી મેળવી શકશો.
- ગ્રંથાલયમાં રહેલા સંશોધનોના આધારે અન્ય સંશોધકોના અનુભવોનું જ્ઞાન મેળવી શકશો.
- નવી ઉપકલ્પનાઓના નિર્માણ માં ગ્રંથાલયની ભૂમિકા સમજી શકશો.
- સંશોધનમાં ગ્રંથાલયનાં ઉપયોગની સમાજ શાસ્ત્રીય જાણકારી મેળવી શકશે.

## 8.1 પ્રસ્તાવના :

સામાજિક સંશોધન એક પ્રક્રિયા છે સંશોધકે વિષય પસંદગીથી લઈને સંશોધન કારણો તારવા સુધીની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે. સામાજિક સંશોધન મુખ્યત્વે ક્ષેત્રીય પર આધારિત હોય છતા પણ સંશોધનમાં ગ્રંથાલયનું ખૂબ જ મહત્ત્વ રહેલુ છે. સંશોધન પોતાના સંશોધક વિષય સંબંધિત ઘણી ખરી માહિતીનું એકત્રીકરણ કરવામાં સંબોધન સંશોધન કે સાહિત્યની સમીક્ષા કરવામાં અન્ય સંશોધકોના અનુભવો જાણવા સંશોધન માટેની પ્રયુક્તિની પસંદગી કરવામાં વગેરેમાં ઉપયોગી પુરવાર થાય છે.

ગ્રંથાલય એ માહિતીનો વિપુલ સ્ત્રોત છે. જેમાંથી સંશોધકને પોતાના વિષય અનુરૂપ તેમજ સંશોધન વિષય સંબંધિત માહિતી ઉપલબ્ધ થાય છે. એટલે સંશોધકે પોતે પણ ગ્રંથાલયમાંથી મળતી માહિતીઓ કેવી રીતે મેળવવી કેવી રીતે ઉપયોગ કરવો એ સંશોધકે શીખી લેવુ જરૂરી છે ગ્રંથાલયમાંથી સંશોધકને પુસ્તકો, સામાયિકો, વર્તમાન પત્રો કે અન્ય દસ્તાવેજી લખાણો વગેરેની માહિતી પોતાના સંશોધનમાં ઉપયોગ કરવાની જરૂરીયાત અનિવાર્ય પણે ઉભી થાય છે. પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત થતા સંશોધન માટે સંશોધને ગ્રંથાલયનો આધાર

લેવો ખૂબ જ આવશ્યક છે. અહીંયા આપણે ગ્રંથાલયની સામાજિક સંશોધનમાં શું ઉપયોગીતા કે મહત્ત્વ છે તેની સમજ મેળવીયે.

## 8.2 સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ :

સામાજિક સંશોધનમાં ગ્રંથાલયની ઉપયોગિતા નીચેની ચર્ચા પરથી સ્પષ્ટ રીતે સમજૂતી મેળવી શકે છે.

### 8.2.1. સંશોધનની પ્રાથમિક તૈયારી માટે ઉપયોગી

સંશોધકે કોઈ પણ વિષયની પસંદગી કરી સંશોધન કાર્ય કરવાનું હોય છે તે સંશોધન વિષયના અનુસંધાનમાં પ્રાથમિક કે પ્રારંભિક તૈયારી કરવા માટે સંશોધકને ગ્રંથાલયની સામગ્રી ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. પ્રાથમિક તૈયારી વગર કોઈપણ સંશોધન કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શકતું નથી. ગ્રંથાલયમાંથી સંશોધકને પોતાના સંશોધન વિષયના અનુસંધાનમાં પાયાની જરૂરી માહિતી મળી રહે છે. જેમ કે કોઈ વ્યક્તિ યુવાનો ઉપર મોબાઈલની અસરો વિષય પર સંશોધન કાર્યકરી રહ્યો હોય તો તે વ્યક્તિને વિષયના સાથે સંકળાયેલી પાયાની માહિતી ગ્રંથાલયમાંથી મળી રહે છે. અને આવી માહિતી મેળવવી ખૂબ જ આવશ્યક છે. જેવા સંશોધકે યુવાન તરીકે કઈ ઉંમર સુધીની વ્યક્તિને રાખવી એ અંગેનું પ્રાથમિક જ્ઞાન મળી રહે છે. ટુકમાં સંશોધકને પોતાના સંશોધન વિષય (ટાઈટલ) મા લીધેલાં ખ્યાલોની સ્પષ્ટતા કરવામાં ગ્રંથાલય ઉપયોગી સાબિત થાય છે. સંશોધનના શરૂઆતમાંજ આ સ્પષ્ટતા હોવી આવશ્યક માનવામા આવે છે. આથી સંશોધકને સંશોધનની પ્રાથમિક તૈયારી માટે ગ્રંથાલય ઉપયોગી છે.

### 8.2.2. પૂર્વ થયેલાં સંશોધનની જાણકારી મેળવવા માટે ઉપયોગી

સંશોધકને પોતાના સંશોધન વિષય માટે અગાઉ થયેલા સંશોધનો અંગેની જાણકારી મેળવવી આવશ્યક છે. જેના લીધે અન્ય સંશોધનમાં પસંદ કરેલ ક્ષેત્રમાં સંશોધન સમસ્યા કેવા પ્રકારની હતી ? અન્ય સંશોધનોમાં અભ્યાસના શુ કારણો જોવા મળે છે ? તેના વિશેની જાણકારી મળી શકે સંશોધકને પોતાના સંશોધન સંબંધિત અન્ય પૂર્વ થયેલાં સંશોધનો ગ્રંથાલય માંથી ઉપલબ્ધ થાય છે આ પ્રકારના સંશોધનથી સંશોધક અમુક પુનરાવર્તિત થતી માહિતીથી દૂર રહી શકે દા.ત. ખેતમજૂર મહિલાઓનો સામાજિક દરજ્જો આ વિષય પર એક જ ક્ષેત્રમાંથી ફરી અન્ય કોઈ સંશોધક સંશોધન કરતાં હોય ત્યારે પૂર્વ થયેલાં અભ્યાસથી સંશોધકને અમુક માહિતીનુ પુનરાવર્તન થતાં અટકી શકે તેમજ ગ્રંથાલયમાંથી આવા અભ્યાસો સરળતાથી પ્રાપ્ત કરી અન્ય સંશોધનોની સમીક્ષા પણ કરી શકાય છે. ટૂંકમાં ગ્રંથાલયના લીધે પૂર્વ થયેલાં સંશોધનની જાણકારી મેળવવામાં સરળતા રહે છે.

### 8.2.3. સંશોધનની પ્રયુક્તિ નિર્ધારિત કરવામાં ઉપયોગી

સામાજિક સંશોધનમાં સંશોધકે સંશોધનની સંદર્ભે માહિતીનુ એકત્રીકરણ

કરવુ ખૂબજ આવશ્યક છે સંશોધકને ગ્રંથાલયમાંથી અગાઉ થયેલા સંશોધનો સરળતાથી મળી રહે છે. ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થતા આ સંશોધનો સંશોધકને પોતાના સંશોધન સંબંધિત થયેલા સંશોધનમાં અન્ય સંશોધકે કેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરેલ છે ? તેમા સંશોધનની શુ મર્યાદાઓ છે ? વધુ વિશ્વસનીય અને તટસ્થ માહિતી મેળવવા કઈ પ્રયુક્તિની પસંદગી કરવી જોઈએ ? વગેરે વિશેની માહિતી મળી રહે છે દા.ત. ''બાળમજૂરોની સામાજિક - સાંસ્કૃતિક સ્થિતિ'' વિષય પર સંશોધન કાર્ય કરવાનું હોય ત્યારે સંશોધકને ગ્રંથાલયમાંથી આ સંબંધિત સંશોધનો માંથી માહિતી હોય તો તેને કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય તે જાણી શકાય છે. આમ, ગ્રંથાલય સંશોધનની પ્રયુક્તિ નિર્ધારિત કરવામાં ઉપયોગી છે.

### 8.2.4. નવી ઉપકલ્પનાઓના નિર્માણમાં ઉપયોગી

ગ્રંથાલય ગ્રંથોનો ભંડાર છે જેમા પુસ્તકો સંશોધનો સામાયિકો વર્તમાન પત્રો સારા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. કોઈપણ વ્યક્તિ ગ્રંથાલયમાં વાંચન કરતી હોય એ વખતે ઘણી ખરી ઉપકલ્પનાઓનુ સર્જન થયુ હોય છે સંશોધક સંશોધન વિષય સંદર્ભ ગૌણ માહિતીના એકત્રીકરણ માટે ગ્રંથાલયમાં પુસ્તકોનુ વાંચન કરતા હોય ત્યારે તેમાથી સંશોધકને અન્ય વિષય પર સંશોધન કાર્ય હાથ ધરી શકાય તેવી નવી ઉપકલ્પનાનુ નિર્માણ પણ થાય અને ઘણી વખત સંશોધકનેએ ક્ષેત્રે સંશોધન કરવાની નવી દિશા ખુલ્લી કરી આપે છે. દા.ત. ''નર્મદા બંધથી સ્થળાંતરિત આદિવાસીઓનુ વિસ્થાપન'' આ ક્ષેત્રે સંશોધન કરતા સંશોધક ગ્રંથાલયમાં સ્થળાંતરના પ્રકારો વિશેનુ વાંચન કરી માહિતીએકત્ર કરતા હોય તો તેમાંથી આંતરરાષ્ટ્રિય સ્થળાંતર ના કારણો, તેની અસરો વગેરે નવી ઉપકલ્પનાનું નિર્માણ કરે છે આ રીતે ગ્રંથાલય નવી ઉપકલ્યનાઓનું નિર્માણ કરવામાં ઉપયોગી પુરવાર થાય છે.

### 8.2.5 ગૌણ માહિતી આધારિત સંશોધન માટે ઉપયોગી

સંશોધન મુખ્યત્વે બે પ્રકારની માહિતીના આધારે થતા હોય છે (i) પ્રાથમિક માહિતી અને (ii) ગૌણ માહિતી જેમાં પ્રાથમિક માહિતી આધારીત સંશોધનો ક્ષેત્રકાર્યથી મળતી માહિતીથી થાય છે, જ્યારે ગૌણ માહિતી આધારીત સંશોધન ગ્રંથાલય મા ઉપલબ્ધ દસ્તાવેજ માહિતીથી થાય છે. ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ તેમ માત્ર ક્ષેત્રકાર્ય ઉપર આધારિત સંશોધનો જ મહત્ત્વના અને ઉપયોગી છે. એમ નથી પરંતુ ગ્રંથાલય આધારિત એટલે કે ગૌણ માહિતી આધારીત સંશોધનને પણ એટલા જ મહત્ત્વના અને ઉપયોગી હોય છે. ઘણાખરા સંશોધનો તો માત્ર ગૌણ માહિતી આધારિત જ થતાં હોય છે જેમા ગ્રંથાલય ખૂબ જ ઉપયોગ દા.ત. ''સ્વતંત્રતા ચળવળમાં સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા'', ''સ્વતંત્રતા પૂર્વે અસ્પૃશ્યતાની સ્થિતિ''વગેરે જેવા ભૂતકાલિન વિષયો અંગેનુ સંશોધન માત્ર ગ્રંથાલયમાં ઉપલબ્ધ દસ્તાવેજી સ્ત્રોતમાંથી જ થાય છે ટૂંકમાં, ગૌણ માહિતી આધારિત સંશોધનો કરવામા ગ્રંથાલયમાં ઉપલબ્ધ દસ્તાવેજો ખૂબ જ ઉપયોગી છે.

### 8.2.6 ગ્રંથાલયમાં સંગ્રહિત માહિતી સંશોધન માટે ઉપયોગી

સરકારી અને ખાનગી ક્ષેત્રે થયેલી સંગ્રહિત માહિતીઓ ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ બની રહે છે ગ્રંથાલયમાં આવા રેકોર્ડ કે દસ્તાવેજો સંગ્રહિત હોય ગ્રંથાલય એ એવી જગ્યા છે કે જ્યાં મહત્ત્વના દસ્તાવેજ ને સારી રીતે સાચવીને સંગ્રહ કરવામાં આવે છે ગ્રંથાલયમાં સંગ્રહાયેલા આવા દસ્તાવેજો સંશોધન માટે ઉપયોગી છે. સરકાર દ્વારા કે ખાનગી સંસ્થાઓ દ્વારા એકત્ર કરવામાં આવેલી સામાજિક, આર્થિક, રાજકીય આંકડાશાસ્ત્રીય વગેરે માહિતીમાં ગ્રંથાલયમાં સાચવી રાખાયેલી હોય છે અને આવી દસ્તાવેજી માહિતી અમુક વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં સંશોધકને ઉપયોગી થાય છે. દા.ત. વસ્તી વિષયક માહિતી વિશ્લેષણ કરવા માટે સરકારી કે ખાનગી સંસ્થા દ્વારા એકત્ર કરાયેલી આંકડાવિષયક માહિતી ઉપયોગી પુરવાર થાય છે. ટૂંકમાં ગ્રંથાલયમાં આવી અંગત માહિતી સંશોધન કાર્યમાં છે.

### 8.2.7. સંશોધન સમસ્યા અંગે જ્ઞાન મેળવવા ઉપયોગી

ગ્રંથાલયમાં સમસ્યા સંશોધનનું ઘણુંબધું સાહિત્ય ઉપલબ્ધ હોય છે. સંશોધક પોતાના વિષય કે સંશોધન સમસ્યા સંબોધન વિસ્તૃત માહિતી કે જ્ઞાન મેળવવા માટે ગ્રંથાલય પર આધાર રાખવો પડે છે અમુક ચોક્કસ સમસ્યા સંબંધિત થયેલા પૂર્ણ સંશોધનો સંશોધકના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે આવા સંશોધનોના તારણો એકત્ર કરીને જે તે સમસ્યા વિશે વિસ્તૃત જાણકારી એકત્ર કરીને સંશોધન કરી શકાય છે. અન્ય સંશોધનના તારણો અંગેનું જ્ઞાન સંશોધકને પોતાની સંશોધન સમસ્યાની વિસ્તૃત જાણકારી મેળવવા ઉપયોગી છે આ રીતે ગ્રંથાલય સંશોધકને પોતાની સંશોધન સમસ્યાનું બૃહદ જ્ઞાન પૂરું પાડવામાં ઉપયોગી છે.

### 8.2.8. ક્ષેત્રકાર્ય આધારીત સંશોધનનો પાયો રચવામાં ઉપયોગી

મોટાભાગે સામાજિક સંશોધનો ક્ષેત્રકાર્ય પર આધારિત થતા હોય છે. આ સંશોધનમાં સંશોધક પોતાના વિષયક્ષેત્ર કે અભ્યાસક્ષેત્રમાં જઈને પ્રત્યક્ષ માહિતી મેળવે છે, જેમા એવી માહિતી કે જેનો અન્ય ક્યાંય ઉપયોગ થયો નથી તેવી માહિતી એકત્ર કરવામાં આવે છે તેમ છતા આ પ્રકારના સંશોધન ની પાયાની માહિતી અન્ય કોઈ સંશોધન કે દસ્તાવેજો માંથી મેળવવી આવશ્યક છે સંશોધન માટે આવી માહિતી ગ્રંથાલય માંથી મળે છે એટલે કે ગ્રંથાલય માં રહેલા પૂર્વ સંશોધનો મેગેઝિન, પુસ્તકો વગેરે સંશોધન વિષયની પાયાની માહિતી પુરી પાડે છે જેના થકી સંશોધક પોતાના વિષય સંબંધિત ક્ષેત્રકાર્ય કરી આધારભૂત યથાર્થ અને વિશ્વસનીય માહિતી પ્રાપ્ત કરી શકે છે.

### 8.2.9. અન્ય સંશોધકોના અનુભવ જાણવામાં ઉપયોગી

ગ્રંથાલયમાંથી સંશોધકને પોતાના વિષય સંબંધિત સંશોધનો મળી રહે છે જેના સંશોધક પોતાના સંશોધન દરમિયાન થયેલાં અનુભવોનું જાણે હોય છે આ અનુભવ સંશોધન પોતાના સંશોધન માટે ઉપયોગી બને છે અન્ય સંશોધકને માહિતી મેળવવામાં મુશ્કેલી પડી હોય, સંશોધન વિશે યથાર્થ અને વિશ્વસનીય

માહિતી મેળવવામાં મુશ્કેલી પડી હોય તો સંશોધક પોતાના સંશોધનમાં એવી ભૂલ ન કરે એટલા માટે ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થતાં અન્ય સંશોધનોના અનુભવો જાણવા માટે ઉપયોગી છે.

## 8.3 સારાંશ :

જ્ઞાન અનંત છે, ગતિશીલ છે. જ્ઞાનની ગતિશીલતા એક યા બીજા સ્વરૂપે ગ્રંથસ્થ થતી રહે છે. સમાજજીવન જાહેરજીવન, રાષ્ટ્રિયજીવન, અંગત જીવન વગેરે વિશે બધીજ માહિતીઓ ગ્રંથોમાં સમાવિષ્ટ થાય છે. આ ગ્રંથાલયો સંસ્કૃતિને જીવંત રાખવાનુ પણ મહત્ત્વનુ કાર્ય કરે છે. સમાજ જીવનમાં પરિવર્તન આવતાની સાથે ગ્રંથાલય પ્રત્યેના અભિગમમાં પણ પરિવર્તન આવ્યું છે. એટલે જ વર્તમાન યુગને જ્ઞાન યુગથી ઓળખવામાં આવે છે. ગ્રંથાલય એટલે કોઈપણ જાતના અંકુશ વિના સ્વતંત્રતાપૂર્ણ વાતાવરણમાં વિકાસ સાધવાનુ સાધન ગ્રંથાલયોમા સંગ્રહાયેલી માહિતી સંશોધન ક્ષેત્રે ક્રંતિ લાવવામાં અભૂતપૂર્વ યોગદાન આપી રહ્યુ છે માનવીની જિજ્ઞાસા અને વિચારશક્તિ તેમજ સંશોધન શક્તિના સમન્વયથી જે પ્રક્રિયા થાય છે તેમાંથી જ્ઞાનનો ઘટસ્ફોટ થાય છે, માહિતીનો ઘટસ્ફોટ થાય છે.

## 8.4 તમારી પ્રગતિ ચકાશો

1. ગ્રંથાલય સંશોધનમાં ચાર ઉપયોગિતા જણાવો

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

2. પૂર્વ થયેલા સંશોધનોની જાણકારી મેળવવા માટે ગ્રંથાલય કેવી રીતે ઉપયોગી છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. ગ્રંથાલય સંશોધનની પ્રયુક્તિ નિર્ધારિત કરવામાં કેવી રીતે ઉપયોગી છે.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. ગૌણ માહિતી આધારિત સંશોધનમાં ગ્રંથાલયની ઉપયોગિતાના ઉદાહરણ આપી સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 8.5 ચાવીરૂપ શબ્દો

- **તાર્કિક :** માન્યતા અને જ્ઞાનના આધાર તરીકે તર્કનો ઉપયોગ કરવાની પદ્ધતિ.
- **વિશ્લેષણ :** કોઈ ઘટના કે એકમનું વિસ્તૃત વલોણું કરતા જે બાબત સામે આવે તે.
- **સાર્વત્રિક :** સાર્વત્રિકતા એટલે કે એક ઘટનાને બીજી ભૌગોલિક પરિસ્થિતિ સાથે જોડવી...

## 8.6 સંદર્ભ સૂચિ

1. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો

   પરમાર વાય. એ.

   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત, અમદાવાદ.

2. પારિભાષિત કોશ - સમાજશાસ્ત્ર

   જોષી વિદ્યુતભાઈ

   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3. "Method in Social Research" :

   Goode and Hatt : Magrao Hill Book, 1982

⌘ ⌘ ⌘

એકમ 9

# ગ્રંથાલયમાં સામગ્રીની ગોઠવણી અને મુલાકાત

-: રૂપરેખા :-

9.0 ઉદ્દેશ્યો

9.1 પ્રસ્તાવના

9.2 ગ્રંથાલયમાં સામગ્રીની ગોઠવણી અને મુલાકાત

9.3 સારાંશ

9.4 તમારી પ્રગતિ ચકાસો

9.5 સંદર્ભ સૂચિ

## 9.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમનો અભ્યાસ કર્યા બાદ તમે.....

- ગ્રંથાલય ભવનની પસંદગી સારી રીતે સમજી શકશો.
- ગ્રંથાલયની બાહ્ય ગોઠવણી જેવી કે ગ્રંથાલયની ભૌતિક સુવિધા, હવા ઉજાસ, બેઠક વ્યવસ્થા, પૃથ્વીના વિવિધ વિભાગો વિશે સમજણ મેળવી શકશો.
- ગ્રંથાલયની આંતરિક રચના જેવી કે કાર્ડ કેટલોગ, સંદર્ભ પુસ્તકો, પુસ્તક સૂચિ, સંદર્ભ સૂચિ ઉપરાંત વિશિષ્ટ અન્ય સામગ્રીઓ વિશે માહિતગાર થઇ શકશો.
- ગ્રંથાલયની મુલાકાત દરમિયાન સામગ્રીની ગોઠવણથી પરિચિત થશો.

## 9.1 પ્રસ્તાવના :

સંશોધકે પોતાના સંશોધનકાર્ય માટે ગ્રંથાલયનો ઉપયોગ કરવો અનિવાર્ય બની રહે છે. સંશોધન કાર્યમાં ગ્રંથાલયમાંથી મળી રહેતી સામગ્રીઓ જેવી કે પુસ્તકો, સામયિકો, દસ્તાવેજો, ગ્રંથો પૂર્વ થયેલા સંશોધનો વગેરે અનેક રીતે ઉપયોગી બની શકે છે. ગ્રંથાલયમાં જોવા મળતી સામગ્રીઓ સંશોધકને મેળવવી મુશ્કેલ ન બને એના માટે થઈને સંશોધકે ગ્રંથાલય સામગ્રી ની ગોઠવણી અને મુલાકાત અંગે પર્યાપ્ત જ્ઞાન હોવું આવશ્યક છે. વિશાળ ગ્રંથાલયનો સંશોધકે કેવી રીતે ઉપયોગ કરવો ? આ પ્રશ્નના જવાબમાં એમ કહી શકાય કે ગ્રંથાલયનો ઉપયોગ કરવા માટે સંશોધકે ગ્રંથાલય માટેની સામગ્રી જોવા મળતું સાહિત્ય કેવી રીતે ગોઠવાયેલું છે, તેની સમજણ હોવી ખૂબ જ જરૂરી છે.

અર્વાચીન સમયમાં ગ્રંથાલયને સમાજજીવનના વિવિધ ક્રિયા-કલાપો, પ્રવૃત્તિઓ અને સંસ્કૃતિનું કેન્દ્ર માનવામાં આવે છે. સમાજને માહિતી મનોરંજન અને પ્રેરણાનું જ્ઞાન આપી સમાજ સંસ્કૃતિ અને સંસ્કાર ઘડતર કરવાનું, તેનો સેવા મંત્ર છે. ગ્રંથાલયના અપ્રતિમ કાર્યને અસરકારક બનાવવા ગ્રંથાહય ભવન એટલું જ હેતુલક્ષી અને કાર્યસાધક હોય તે આવશ્યક છે. ગ્રંથાલય સેવાના ધ્યેયોને સિદ્ધ કરવા ગ્રંથાલય ભવન એક અગત્યનું અને અસરકારક પરિબળ છે. ગ્રંથાલય સેવાની વિવિધતા ના સંદર્ભમાં અનેક પ્રકારના ગ્રંથાલયો હોઈ શકે છે, ગ્રંથાલયની મુલાકાત અને ગ્રંથાલયની ગોઠવણ એ એમાં ખુબજ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગ્રંથાલય ભવનનું

નિર્માણ કરતી વખતે અમુક બાબતો લક્ષમાં લેવી ખૂબ જ જરૂરી છે.

1. ગ્રંથાલય અને ગ્રંથાલય સેવાના પ્રકારો.
2. ગ્રંથાલયનો ઉપયોગ કરનારાઓની સુવિધા.
3. કાર્યદક્ષતાના આધાર પરની રચના.
4. ભવનના ઉપયોગ અને જાળવણીના ખર્ચમાં મિતવ્યયતા. એટલે કે ઓછામાં ઓછા કર્મચારી વડે ઉત્તમોત્તમ વ્યવસ્થા અને સંચાલન.
5. ભવિષ્યમાં આવશ્યકતા અનુસાર તેનો વિસ્તાર અને પરિવર્તન કરવાની સુવિધા.
6. ઓછામાં ઓછી સ્થાયી રચના.
7. કાર્યની વિવિધતાને અનુરૂપ તેની આંતરિક રચના.
8. આકર્ષકતા અને સ્વાગત શીલતા એટલે કે ભવનની બાહ્ય અને આંતરિક રચના આકર્ષક, નયનરમ્ય, સુંદર હોવાની સાથે વાંચન પ્રવૃત્તિને પોષક અને સ્વાગતશીલ હોય.

આમ, ગ્રંથાલય મુલાકાત અને ગોઠવણ વખતે ગ્રંથાલય સેવા અને સતત ગતિશીલ અને જીવંત બનાવતા તત્વોને નજર સમક્ષ રાખવા જોઈએ. કયા વિભાગો ક્યાં હોવા જોઈએ અને તેમાં કેવી સુવિધા હોવી જોઈએ એ અનુસંધાનમાં ગ્રંથપાલ ના વિચારોને સ્થાપિત અને ઈજનેરે પોતાની કળા દ્વારા મૂળ સ્વરૂપ આપવું જોઈએ સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ગ્રંથાલય માં વાચકને યોગ્ય પુસ્તક યોગ્ય સમયમાં પ્રાપ્ત થાય એ આદર્શને પરિપૂર્ણ કરવા આંતર વિભાગીય કાર્યક્ષમતા ના સિદ્ધાંત પર તની રચના થવી જોઈએ.

## 9.2 ગ્રંથાલયમાં સામગ્રી ગોઠવણ અને મુલાકાત

### 9.2.1 પ્રકાશ અને હવા ઉજાસ :

ગ્રંથાલયના આંતરિક વિભાગને પણ કુદરતી પ્રકાશ મળી રહે એ જોવું જોઈએ. એટલા માટે ગ્રંથાલય ભવન ની રચના આપતી વખતે જ કુદરતી પ્રકાશ સંબંધી વિચાર કરી લેવો જોઈએ. સૂર્યકિરણો વાંચન સામગ્રી પર સીધા જ ન પડે તેની સાવચેતી રાખવી આવશ્યક છે. કુદરતી અને કૃત્રિમ પ્રકાશને કેવી રીતે સાંકળી લેવા જોઈએ કે જેમાં ઓછામાં ઓછા કૃત્રિમ પ્રકાશ પર આધારિત રહેવું પડે. ગ્રંથાલયમાં પસંદ કરવામાં આવેલ દીવાલના રંગો અનુકૂળ, નયનપ્રિય, અને વાંચન પ્રવરુત્તિને પોષક હોય એવા રાખવા જોઈએ. પુસ્તકો અને વાચકો ઉભય પક્ષ માટે શુદ્ધ વાયુનો સતત સંચાર આવશ્યક છે. આ માટે પૂરતા પ્રમાણમાં સમાંતર દિશાએ બારી બારણા વેન્ટિલેટર હોવાં જોઈએ. સાથે જ ગ્રંથાલયની જાળવણી અને સંરક્ષણ અને લક્ષમા રાખતા બારીઓ તારની જાળી વાળી હોવી જોઈએ. શુદ્ધ હોવાના પ્રસારથી પુસ્તકોને પણ કીટાણુંઓથી મુક્ત રાખી શકાય છે અને લાંબો સમય સુધી પુસ્તકોનો સંગ્રહ યોગ્ય રીતે થઇ શકે છે.

### 9.2.2 વાતાનુકૂલિત :

સતત ગરમ વાતાવરણને કારણે પુસ્તકો બરડ થઈ જતા હોય છે, એટલે ગ્રંથાલયમાં સમાંતર ઉષ્ણતામાન સતત જળવાઈ રહે તે આવશ્યક છે. એ માટે ગ્રંથાલય ભવન વાતાનુકૂલિત સુવિધા સાથેનુ હોય તે આવશ્યક છે. સંશોધકો કે સામાન્ય વાચક વર્ગ

અને લોકો માટે પણ ગ્રંથાલયમાં અતિ ગરમી ભરેલું વાતાવરણ ન રહે એ બાબતો લક્ષમાં લેતાં, ગ્રંથાલય વાતાનુકૂલિત હોવું ખૂબ જ આવશ્યક છે.

**9.2.3. આંતરિક વિભાગોઃ**

આંતર વિભાગીય કાર્યક્ષમતા પર આધારિત રહી, ગ્રંથાલય ભવનના જે તે કાર્ય કેન્દ્રો અને સેવા કેન્દ્રની રચના કરવી જોઈએ, કેવી રીતે એની ગોઠવણી કરવી જોઈએ. ગ્રંથાલયના કાર્યોને બે વિભાગમાં વહેંચવામાં આવે છે. 1) પ્રત્યક્ષ કાર્ય એટલે કે વાચક સાથે સંપર્કમાં રહી કરવાના કામો અને 2) પરોક્ષ કાર્ય એટલે કે જ્યાં વાચક સાથે સીધો સંબંધ હોતો નથી, તેમ છતાં આ બંને કાર્યોને સ્પષ્ટતઃ અલગ બતાવતી રેખા દોરવાનું મુશ્કેલ છે. ગ્રંથાલયના આંતરિક વિભાગો ખૂબ જ સારી રીતે કાર્યરત હોવા જોઈએ જેથી કરીને મુલાકાત લેનાર વ્યક્તિ ગ્રંથાલયના આંતરિક વિભાગથી સારી રીતે માહિતગાર થઇ શકે. આ બાબતને લક્ષમાં લઇને ગ્રંથાલયના આંતરિક વિભાગોની ગોઠણ થવી ખૂબ જ આવશ્યક છે.

**9.2.4 ગર્ભદ્વાર :**

ગ્રંથાલય સેવા ને સતી કરતા આ વિસ્તારનું આગવું મહત્ત્વ છે. તે પ્રવેશદ્વાર અને સેવા વિભાગો વચ્ચે માનસિક તાદાત્મ્ય સાધી આપતો અગત્યનો વિભાગ છે. આ વિભાગમાં વિવિધ પ્રકારના નોટિસ બોર્ડ ઉપર જુદી જુદી માહિતી સાથે ગ્રંથાલયના જુદા જુદા વિભાગોની માહિતી આપવામાં આવે છે. જેથી પ્રવેશ્યા બાદ વાચકને કઈ માહિતી માટે ક્યાં જવાનું છે તે સૌ જાતે જ જાણી લે અને વિશાળ ગ્રંથાલયમાં અટવાઈ ન પડે. આ રીતે ગર્ભદ્વારની ગોઠવણ થયેલી હોવી જરૂરી છે.

**9.2.5. અનુલય સેવા વિભાગ :**

આગંતુક વાચકને સામાંન્ય અને સંદર્ભ માહિતી યોગ્ય રીતે યોગ્ય કર્મચારી દ્વારા મળી રહે, પુસ્તકોનો યોગ્ય ઉપયોગ થાય તેમજ પ્રથમ વખતના પ્રવેશ સાથે જ ગ્રંથાલય સાથે અસ્મિતાનો એક નાતો બંધાયો એટલા માટે ગ્રંથાલયમાં સૌપ્રથમનો વિભાગ તે અનુલય સેવા વિભાગ છે. આ વિભાગમાં પ્રથમ વખત મુલાકાત કરનારા વાચકોને પણ ગ્રંથાલયમાં અજાણ્યા પણાનો ભાવ ન થાય એ બાબતોને ધ્યાનમાં રાખી, તેની યોગ્ય રીતે ગોઠવણી થવી આવશ્યક છે.

**9.2.6. ગ્રંથ લેવડ-દેવડ પ્રતિષ્ઠાન :**

ગ્રંથાલય ભવન નિર્માણની યોજનાને આકાર આપતા, આ વિભાગનો સૌપ્રથમ વિચાર કરવો જ રહ્યો. ગ્રંથાલયમાં તેનું સ્થાન મધ્યવર્તી હોવું જોઈએ. જુદા જુદા તાંતણે ગ્રંથાલયના બધા જ વિભાગો સાથે સંકળાયેલ આ વિભાગ મુખ્ય ટ્રાફિક સર્કલ સમાન છે. અહી બેઠેલો કર્મચારી વધુમાં વધુ વિભાગો અને વાચકો ઉપર સામાન્ય નજર રાખી શકે તેવું તેનું મધ્યમાં સ્થાન હોવું જોઇએ. અવર જવર પર નિયંત્રણ અને ચકાસણી રાખવા તેની આસપાસ વિકેટની યોજના હોવી જોઈએ. ગ્રંથ લેવડદેવડ પ્રતિષ્ઠાન એ ગ્રંથાલયના ઝ્દ્ધદય સમાન ગણી શકાય કેમકે ત્યાંથી પુસ્તકોની લેવડ દેવડ થતી હોય છે એટલા માટે આ વિભાગની ગોઠવણ ખૂબ જ સારી રીતે થાય એ અતિ આવશ્યક છે. વાચકોએ પુસ્તકો લેવા માટે અને જમા કરાવવા માટે આ વિભાગનો સંપર્ક સાધવો અનિવાર્ય બની રહે છે.

**9.2.7. ગ્રંથ ભંડાર :**

"પુસ્તકો ઉપયોગ માટે છે" એની વિચારસરણીના પ્રાદુર્ભાવ સાથે વાચકને ગ્રંથભંડારમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. પ્રવેશ પદ્ધતિના આવિષ્કાર સાથે પુસ્તકોના બંધનો આવરણો દૂર કરવામાં આવ્યા છે. વાચકો સરળતાથી પુસ્તકોની દુનિયામાં ફરી શકે, ખોવાઈ શકે તેવી તેની રચના હોવી જોઈએ. વળી, હવા-ઉજાસ અને પ્રકાશ માટેની સુવિધાની અત્રે વિશેષ જોગવાઈ, વાચક અને પુસ્તક ઉભય પક્ષે અનિવાર્ય બને છે.

**9.2.8. વાંચનાલય અને વિશેષ વાંચનાલય :**

વાંચનાલય તે વાંચકો માટે મુકત હોય છે. જયાં સમાજની કોઈપણ વ્યક્તિ ગ્રંથાલય સભ્યપદ મેળવ્યા વગર પણ પ્રવેશી શકતી હોય છે. તે લક્ષમાં રાખતા વાંચનાલય વિભાગ પ્રવેશ દ્વારની નજીકમાં જ રાખવું જોઈએ.વળી ગ્રંથાલયની બહારની બાજુએ અવરજવર કરતાં લોકો તેમાં બેઠેલા વ્યસ્ત વાચકોને જોઈને પોતે વાંચન માટેની પ્રેરણા મેળવી શકે તેવી તેની રચના હોવી જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય માટે સુનિયોજિત, આકર્ષક અને આરામદાયક વાંચનાલય આવશ્યક છે. વળી, વાંચનાલયનો ઉપયોગ કરનારાઓની દૈનિક સરેરાશ જેટલા વાચકોના એક તૃતીયાંશ જેટલા વાચકો માટેની બેઠક વ્યવસ્થા ઇચ્છનીય ગણવામાં આવે છે, તથા ગ્રંથાલયના વિકાસ માટે યોગ્ય વિસ્તરણ કરી શકાય તેવી સુવિધા હોવી જોઈએ. ભારતીય માનક સંસ્થા અનુસાર વાંચનાલયના વાચક દીઠ નવ ચોરસ ફુટ જગ્યા આવશ્યક ગણવામાં આવે છે.

સાર્વજનિક ગ્રંથાલયનું કાર્ય ફક્ત પાઠ્યક્રમના ગ્રંથો વસાવવાનું નથી, પરંતુ ભારત જેવા દેશમાં વિદ્યાર્થીઓને તેમના રહેઠાણથી ઘણે દૂરના સ્થળે અભ્યાસ અર્થે જવાનું હોય છે. પરિણામે શૈક્ષણિક ગ્રંથાલયો નો અધ્યયનાર્થે ઉપયોગ કરવાનું મુશ્કેલ બને છે. તેથી સાર્વજનિક ગ્રંથાલયોમાં પાઠ્યપુસ્તકો નો વિશિષ્ટ સંગ્રહ અને તેના અધ્યયન માટે વિશેષ વાંચન લઈને સુવિધા માટેની વિચારસરણી અર્વાચીન યુગમાં આકાર લઇ રહી છે, તે સંદર્ભમાં આ વિભાગનું આયોજન કરવાની સુવિધાઓ રાખવી જરૂરી છે.

**9.2.9 . પુસ્તકો અને ગ્રંથોની ગોઠવણી :**

સંશોધકો અને વાચક વર્ગો માટે ખાસ કરીને પુસ્તકો અનેક ગ્રંથોની ગોઠવણ કેવી રીતે થયેલી છે એ બાબત ખુબ જ મહત્ત્વની છે. જે નીચેની બાબતો દ્વારા વધુ સ્પષ્ટ રીતે જાણી શકાશે.

**(i) સંદર્ભ પુસ્તકો**

સામાન્ય રીતે શબ્દકોશ, જ્ઞાનકોશ, વાર્ષિક બુક્સ, ડિરેક્ટરીઝ, બાયોગ્રાફિકલ ડિક્ષનરી વગેરે એવા પ્રકારના સંદર્ભ પુસ્તકો છે કે જેની સંશોધકને પોતાના સંશોધન કાર્યમાં સતત આવશ્યકતા રહે છે આવી સામગ્રીઓ સામાન્ય સ્વરૂપની હોવાથી તેને વિષય સૂચિઓમા સ્થાન મળી શકતું નથી. સંશોધનમાં તેની જરૂરિયાત અનુભવે જ સમજાય છે. આથી આવા સંદર્ભ પુસ્તકો વિશે પણ સમજૂતી મેળવવી આવશ્યક છે. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી વગેરે વિવિધ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાના

શબ્દકોશો ગ્રંથાલયમાં સંગ્રહાયેલા હોય છે. જ્ઞાનકોશોમાના લેખો વિષય અંગે ની સમજૂતી પૂરી પાડવામાં ઉપયોગી બને છે. અમુક નિશ્ચિત જરૂરિયાતવાળી અને વર્તમાન સમયના સંદર્ભની માહિતી વાર્ષિક બુક્સમાંથી મળી રહે છે.

**(ii) કાર્ડ કેટલોગ :**

સામાન્ય રીતે ગ્રંથાલયમાંથી પુસ્તકો શોધવા માટે કાર્ડ કેટલોગ પદ્ધતિનો ઉપયોગ કરીને પુસ્તક શોધવામાં આવતું હોય છે. પુસ્તકના ટાઇટલ પ્રમાણે, લેખકના નામ પ્રમાણે તેમજ વિષયના નામ પ્રમાણે તૈયાર કરવામાં આવેલા બધા જ કાળ સૌ પ્રથમ તો આ શબ્દની કક્કાવારી મુજબ ગ્રંથાલયમાં લાંબા ખાનાઓમં ગોઠવવામાં આવતા હોય છે. જેમાં કાર્ડમાં લખેલો પહેલો અક્ષર પુસ્તકનું નામ અથવા લેખકના નામનો રાખવામાં આવેલ હોય છે. તેમજ એક જ લેખક દ્વારા લખાયેલા બધા જ પુસ્તકો અને તેના કારણે એક સાથે જ ગોઠવાયેલા હોય છે. આ રીતે તૈયાર થયેલ આખી યાદી અને પુસ્તકોની ગોઠવણને કાર્ડ કેટલોગ પદ્ધતિ તરીકે ઓળખાવી શકાય.

**(iii) સૂચિઓ અને સંદર્ભસૂચિઓ :**

ગ્રંથાલયમાંથી પુસ્તકો શોધવા માટે કાર્ડ કેટલોગ પદ્ધતિ ઉપરાંત સૂચિઓ અને સંદર્ભ સૂચિ ઓ દ્વારા પણ પુસ્તકો ઝડપથી અને સરળતાથી શોધી શકાય છે. સામાયિક સૂચિ, રાષ્ટ્રીય અને વેપારી સૂચિ અને વિશેષ સંદર્ભ સૂચિ મુજબ પુસ્તકોની ગોઠવણ ગ્રંથાલયમાં થયેલી હોય છે. આ વિવિધ સૂચનાઓના આધારે સંશોધક કે વાચક ગ્રંથાલય માંથી પોતાની જરૂરિયાત મુજબનું પુસ્તક મેળવી શકે છે. ઘણી વખત સંદર્ભ તરીકે ઉપયોગી પુસ્તકો સંશોધકને ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થાય છે.

## 9.3 સારાંશ :

આમ, ઉપરોક્ત ચર્ચા ઉપરથી જાણી શકાય છે કે ગ્રંથાલયની આંતરિક રચના તેમજ બાહ્ય વાતાવરણને ધ્યાનમાં રાખીને ગ્રંથાલય ભવનનુ નિર્માણ થતું હોય છે. સંશોધક કે સામાન્ય વાચક વર્ગ માટે ગ્રંથાલય સામગ્રીની ગોઠવણી અને મુલાકાત માટે ઉપર્યુક્ત બાબતોને ધ્યાનમાં અત્યંત આવશ્યક છે. ગ્રંથાલયની આંતરિક રચના યોગ્ય રીતે ગોઠવાયેલી હોય તો વાચકો માટે એક પ્રકારનું હકારાત્મક વાતાવરણ પૂરું પાડે છે અને વાચકોને ગ્રંથાલયમાંથી જરૂરી સામગ્રી ઝડપી અને સરળતાથી ઉપલબ્ધ થાય છે. પ્રથમ વખત મુલાકાત લેનાર વ્યક્તિને પણ ગ્રંથાલય નયનરમ્ય અને આકર્ષક લાગે છે.

## 9.4 તમારી પ્રગતિ ચકાસો :

1. પુસ્તકો અને ગ્રંથોની ગોઠવણીમાં કઈ બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

2. વાંચનાલય અને વિશેષ વાંચન વિશે ટૂંકમાં સમજૂતી આપો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

3. ગ્રંથાલય ભવનનું નિર્માણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની ચાર બાબતો જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

4. ગ્રંથ લેવડ-દેવડ પ્રતિષ્ઠાન વિશે ટૂંકમાં સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 9.6 સંદર્ભ સૂચિ


1. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો

   પરમાર વાય. એ.

   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત, અમદાવાદ.

2. પારિભાષિત કોશ - સમાજશાસ્ત્ર

   જોષી વિદ્યુતભાઈ

   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3. “Method in Social Research” :

   Goode and Hatt : Magrao Hill Book, 1982


⌘ ⌘ ⌘

**સંપાદક:**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જયેશ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ આશ્રમ રોડ, અમદાવાદ |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| ડૉ. એચ. એલ. ચાવડા | અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર |
| ડૉ. જયસિંહ ઝાલા | અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ. ચેતન પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડી. એમ. આર્ટ્સ એન્ડ એસ. એસ. પટેલ કોમર્સ કોલેજ, આણંદ |
| ડૉ. અલ્પેશ પ્રજાપતિ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ, આણંદ |
| ડૉ. નીતિન જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સરકારી વિનયન કોલેજ, અમીરગઢ, બનાસકાંઠા |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| પ્રિ.ધનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા |


**પ્રકાશક:**

કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** પુન: મુદ્રણ – 2025

**ISBN NO:** **978-93-5598-264-3**


: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર

**SOCM-307 / SOMJ-302**

# વિભાગ - 2 'સામાજિક સંશોધન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ' વિભાગીય પરિચય

વિદ્યાર્થી મિત્રો, સમાજશાસ્ત્રમાં સંશોધન અને જુદી-જુદી પદ્ધતિઓની વિસ્તૃત સમજ મેળવા માટે TYBA પાઠ્યક્રમ SOCM-307માં 'સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિ'નો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ 'સામાજિક સંશોધનના ખ્યાલો અને સ્રોત'માં એકમ - 1થી 9 એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે આ બીજા વિભાગ 'સામાજિક સંશોધન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ'માં એકમ-10 થી 18નો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઈપણ સંશોધન કાર્ય કરતા પહેલા તેના પગથિયા, તબક્કાઓને જાણવા જરૂરી છે. જે આપણે એકમ - 10માં સામાજિક સંશોધનના સોપાનોમાં સમજીશું. સંશોધનમાં સર્વેક્ષણ અતિઆવશ્યક છે, જેનાં આધારે સમાજમાં વ્યક્તિઓનું જન્મ પ્રમાણ, મૃત્યુ પ્રમાણ, શિક્ષણ, ઉંમર, વૈવાહિક દરજ્જો, વ્યવસાય વગેરેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે. આથી સર્વેક્ષણનો અર્થ અને મર્યાદાની ચર્ચા આપણે એકમ-11 કરીશું. સમાજશાસ્ત્રમાં સમાજમાં બનતી ઘટનાઓ, સમગ્ર ગ્રામીણ કે શહેરી સમુદાય કે કોઈ એક વ્યક્તિ પણ સંશોધનના ઉત્તરદાતા હોઈ શકે છે. સંશોધનમાં સમાવિષ્ટ કરેલ અભ્યાસક્ષેત્રનાં પ્રત્યેક એકમોને સમષ્ટિ તરીકે ઓળખાવી શકાય. પરંતુ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ થી તેનો અર્થ અને પ્રકારોની વિસ્તૃત માહિતી એકમ-12માંથી મેળવીશું. સમષ્ટિની સાથે સાથે નિદર્શનો ખ્યાલ સમજવો આવશ્યક છે આથી એકમ-13માં નિદર્શ અને નિદર્શનનો અર્થ અને પ્રકારોની વિસ્તૃત સમજૂતી પ્રાપ્ત કરીશું.

વિદ્યાર્થી મિત્રો, સમાજ અવિરતપણે ગતિશીલ રહે છે. આથી સામાજિક વિજ્ઞાનમાં સંશોધન કરતી વખતે સતત જાગૃત રહેવું, સભાન રહેવું અને ખાસ કરીને તટસ્થ રહેવું આવશ્યક છે, જે માત્ર નિરીક્ષણ દ્વારા જ સંભવ બની શકે. આથી એકમ-14માં નિરીક્ષણનો અર્થ, લક્ષણો અને પ્રકારોની વિગતવાર ચર્ચા કરીશું. સંશોધક તરીકે વ્યક્તિલક્ષીપણું આનનજાય તથા સંશોધનમાં સતત નિરીક્ષણ કરીને માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે. પરંતુ સંશોધનમાં નિરીક્ષણની ઉપયોગીતા અને મર્યાદાઓ કેવી હોય છે? તેની જાણકારી એકમ-15માંથી મેળવીશું. સમાજશાસ્ત્રમાં સંશોધન કરવા માટે અનેક પ્રયુક્તિઓમાંની સૌથી સરળ પ્રયુક્તિ પ્રશ્નાવલી છે. સમાજશાસ્ત્રનાં વિદ્યાર્થી તરીકે અને સંશોધક તરીકે પ્રશ્નાવલીનો અર્થ, લક્ષણો, પ્રકારો, મહત્વ અને મર્યાદાઓ વિશેની વિસ્તૃત માહિતી આપણે એકમ-16માંથી પ્રાપ્ત કરીશું. સંશોધનમાં સંશોધક અને ઉત્તરદાતા વચ્ચે ઘનિષ્ટ સંબંધ સ્થપાય તે અતિઆવશ્યક છે. માટે જ સંશોધક સંશોધનમાં સમાવિષ્ટ કરેલ ઉત્તરદાતાઓની રૂબરૂ મુલાકાત પણ કરતો હોય છે. કેટલીક વાર સંશોધક મુલાકાત અનુસૂચી અને પ્રશ્નાવલીની રચના કરી મુલાકાત કરતો હોય છે. આથી મુલાકાતને વિગતવાર સમજવા માટે મુલાકાતનો અર્થ, લક્ષણો, પ્રકારો, મુલાકાતની ઉપયોગીતાઓ અને મર્યાદાઓ વગેરેની ચર્ચા કરીશું. એકમ-17માં કરીશું. સંશોધન નું અંતિમ ચરણ વિશ્લેષણ અને વર્ગીકરણ છે. સંપૂર્ણ સંશોધનનાં તારણો માહિતીનાં વર્ગીકરણ અને વિશ્લેષણ અને અર્થઘટના આધારે જ પ્રાપ્ત થાય છે જેની વિગત વાર ચર્ચા એકમ-18 મા કરીશું.

**BAOU** Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર

સામાજિક સંશોધન પદ્ધતિઓ

(મુખ્ય વિષય)

(SOCM-307 / SOMJ-302)

વિભાગ

# 2

## સામાજિક સંશોધન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ


એકમ : 10 — 1-12
સામાજિક સંશોધનના સોપાનો

એકમ : 11 — 13-24
સર્વેક્ષણનો અર્થ, વ્યાખ્યા, લક્ષણો, મહત્ત્વ અને મર્યાદાઓ

એકમ : 12 — 25-30
સમષ્ટિનો અર્થ અને પ્રકારો

એકમ : 13 — 31-41
નિદર્શ અને નિદર્શનનો અર્થ અને પ્રકારો

એકમ : 14 — 42-52
નિરીક્ષણનો અર્થ, લક્ષણો અને પ્રકારો

એકમ : 15 — 53-60
નિરીક્ષણની ઉપયોગિતા અને મર્યાદાઓ

એકમ : 16 — 61-73
પ્રશ્નાવલીનો અર્થ, લક્ષણો, પ્રકારો, મહત્ત્વ અને મર્યાદાઓ

એકમ : 17 — 74-86
મુલાકાતનો અર્થ, લક્ષણો, પ્રકારો, ઉપયોગીતા અને મર્યાદાઓ

એકમ : 18 — 87-101
માહિતીનું વિશ્લેષણ, માહિતીનું વર્ગીકરણ, માહિતીનું અર્થઘટન

એકમ 10

# સામાજિક સંશોધનના સોપાનો

-: રૂપરેખા :-


**10.0 ઉદ્દેશ્યો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 સામાજિક સંશોધનનો અર્થ**

**10.3 સામાજિક સંશોધનના સોપાનો**

**10.4 સારાંશ**

**10.5 તમારી પ્રગતિ ચકાસો**

**10.6 સંદર્ભ સૂચિ**


## 10.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે.....

- સામાજિક સંશોધનની વ્યાખ્યા આપી શકશો.
- સામાજિક સંશોધન માટે અભ્યાસ વિષયની પસંદગી કરવામાં કેવી બાબતો ધ્યાનમાં રાખવી તે જાણી શકશો.
- સંશોધન યોજના બનાવવામાં શું ધ્યાનમાં રાખવુ જરૂરી છે તે અંગેનો ખ્યાલ મેળવી શકશો.
- ઉપકલ્પના નું નિર્માણ કરવું અને ઉપકલ્પનાની ચકાસણી અંગેનો ખ્યાલ મળશે.
- માહિતીનું એકત્રીકરણ કરવાની રીતો વિશે જાણી શકાય.
- સામાજિક સંશોધન માટે મેળવેલી માહિતી નું વર્ગીકરણ અને વિશ્લેષણ અંગેની સમજૂતી જાણી શકશો.
- સામાજિક સંશોધન અંગેના સામાન્યીકરણ અને તારણો વિશે માહિતી જાણી શકશો.

## 10.1 પ્રસ્તાવના :

સમગ્ર વિશ્વમાં અનેક રહસ્યો છુપાયેલા છે. માનવસહજ જિજ્ઞાસાવૃતિના કારણે આવા રહસ્યો વિશે જાણવા હંમેશા ઉત્સુક હોય છે. બધા જ વિજ્ઞાનો પોતાના કાર્યક્ષેત્રમાં આવતી બાબતો વિશેનું નવું જ્ઞાન મેળવવા, જુના જ્ઞાનમાં વધારો કરવાના પ્રયત્નો કરે છે. સંશોધનનો શાબ્દિક અર્થ 'ફરીથી શોધવુ' એમ થાય છે. આપણા મનમાં ઉદ્દભવતા કોઈ પ્રશ્નથી સંશોધનની શરૂઆત થાય છે. એટલે કે કોઈ ઘટના કે પરિસ્થિતિ માટે શું, કેમ, શા માટે ? ક્યા ? કોણ ? ક્યારે ? વગેરે જેવા અનેક પ્રશ્નો આપણા મનમાં ઉદ્દભવવાની શરૂઆત થાય ત્યાર પછી આ પ્રશ્નોના ઉતરો શોધવા કે ઘટના કે પરિસ્થિતિ વિશેનુ જ્ઞાન મેળવવા સંશોધનની શરૂઆત થાય છે.

સામાન્ય રીતે એમ કહી શકાય કે જેના વિશે આપણે જાણતા નથી તે અથવા જે જાણીએ છીએ એમાં વૃદ્ધિ કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને જ્ઞાન મેળવીએ કે જ્ઞાનમાં

વૃદ્ધિ કરીએ તેને સામાજિક સંશોધન કહેવાય અહીંયા 'વૈજ્ઞાનિક પદ્ધતિ' આ શબ્દ જ એ સૂચવે છે કે સમાજ જીવનની ઘટનાઓ કે પરિસ્થિતિઓ અંગેનુ વાસ્તવિક, આધારભૂત અને યથાર્થ જ્ઞાન આવુ જ્ઞાન નિરીક્ષણ કે પરીક્ષણના અંતે તારવવામાં આવ્યુ હોય છે. એટલે કે સામાજિક સંશોધન વસ્તુલક્ષી છે, જેમા સંશોધકના પોતાના પૂર્વાગ્રહો કે આત્મલક્ષીતાને કોઈ સ્થાન નથી. વાસ્તવમાં જે અસ્તિત્વ ધરાવે છે એના સાથે જ સામાજિક સંશોધન સંબંધ ધરાવે છે. સામાજિક સંશોધન નવી હકીકતોની શોધ અને ચકાસણી, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો, વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો અને માનવ કલ્યાણ જેવા હેતુઓ ધરાવે છે.

સામાજિક સંશોધન એક પ્રક્રિયા છે અહીં પ્રક્રિયા શબ્દએજ ક્રમિકતા કે ચોક્કસના સૂચિત કરે છે. એટલે કે સંશોધન આડેધડ થતું નથી. સંશોધન વિવિધ તબક્કાઓમા વહેંચાયેલું છે અને એ પણ ક્રમિક રીતે ગોઠાયેલું છે. શરૂઆતમાં વિષયની પસંદગી કરવામાં આવે ત્યાર બાદજ બીજા તબક્કામાં પ્રવેશી શકાય જ્યાં સુધી એક તબક્કાનુ કાર્ય પૂર્ણ થતું નથી ત્યાં સુધી આગળના તબક્કાનુ કાર્ય થઈ શકતું નથી આનો મતલબ એ પણ નથી કે સંશોધનના સોપાનક્રમને યાંત્રિક રીતે વળગી રહેવું જોઈએ. સંશોધક પોતાની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરીને સંશોધન કાર્ય આગળ વધારે એ પણ ઈચ્છનીય છે.

## 10.2 સામાજિક સંશોધનનો અર્થ :

રોજબરોજના જીવનમાં માહિતીને પદ્ધતિસરના ખુલાસાત્મક સ્વરૂપમાં રજૂ કરવામાં આવતી હોય છે દરેક પ્રશ્નોના જવાબો જુદા જુદા પ્રશ્નો અને ધોરણોનું સૂચન કરે છે. સંશોધક સંશોધન પ્રક્રિયાની મદદ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. વૈજ્ઞાનિક પદ્ધતિઓના ઉપયોગ દ્વારા કરવામાં આવેલા સંશોધન ને વિજ્ઞાનમાં સમાવિષ્ટ કરી શકાય છે અહીંયા આપણે કેટલાક વિદ્વાનો દ્વારા આપવામાં આવેલ સંશોધનની વ્યાખ્યાઓ જોઈએ.

બ્લેક ચેમ્પિયનના મતે "વૈજ્ઞાનિક સંશોધન અનુભવજન્ય અવલોકનો દ્વારા માહિતી એકત્ર કરવા સાથે સંબંધ ધરાવે છે. કે માહિતીના પરિવર્ત્યા વચ્ચેના તાર્કિક આંતર સંબંધો વિષેની ધારણાઓના પદ્ધતિસરના વિકાસમાં ઉપયોગી થાય છે."

મેનહિમ જણાવે છે કે "સંશોધન એટલે વિશિષ્ટ વિષયવસ્તુનુ સાવચેતીપૂર્ણ, ખંતપૂર્વકની સંપૂર્ણ શોધ છે જેનો હેતુ માનવજગતના જ્ઞાનમાં વધારો કરવાનો હોય છે."

પોલિનયંગ ના મતાનુસાર "સામાજિ સંશોધન એક વૈજ્ઞાનિક સારસ છે. જે તાર્કિક અને પધ્ધતિસરની પદ્ધતિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનુ કે જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનુ તથા તે હકીકતોના ક્રમબધ્ધતા તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો અને કાર્યકરણની સમજૂતી આપવાનુ તથા માનવ વર્તનનો વિશ્વસનીય અને યથાર્થ કરવાનું, સુગમ બનાવવા નવા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંતો વિકસાવવાના ધ્યેયો ધરાવે છે.

પ્રો. ગોપાલના મતે "વસ્તુલક્ષી અને ચકાસણી જન્ય પદ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની તથા હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટે અને તેના આધારે સિધ્ધાંત કે નિયમો તારવવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહી શકાય."

ટૂંકમાં સંશોધનનો શાબ્દિક અર્થ પુનઃ શોધ થાય તે ફરી ને ફરી કરવાની શોધની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે. વૈજ્ઞાનિક અભ્યાસ અને સંશોધનના ધ્યેયોની દષ્ટીએઆ અર્થ સૂચક છે. સંશોધન પ્રશ્નની શરૂઆત કોઈ બૌદ્ધિક અથવા વ્યવહારલક્ષી પ્રશ્ન કે સમસ્યાથી થાય છે. તપાસ હેઠળની

ઘટનાનુ સ્વરૂપ કેવું છે ? તેની સાથે ક્યા પરિબળો સંકળાયેલા છે ? તેમાંથી ક્યા પરિબળો કેટલે અંશે તે ઘટનાના કારણો તરીકે ભાગ ભજવે છે ? કેવી રીતે ભાગ ભજવે છે ? વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરીને આવા પ્રશ્નોના જવાબો મેળવવા માટેની પુનઃ તપાસ કે ખોજ એટલે સંશોધન.

## 10.3 સામાજિક સંશોધનના સોપાનો :

સંશોધન પ્રક્રિયામાં એવી અનેક એક બીજા સાથે નિકટ સંબંધ ધરાવતી પ્રવૃતીઓનો સમાવેશ થાય છે, જે નિશ્ચિત ક્રમ અનુસરવાને બદલે સતત એકબીજામાં અંતર્ગત હોય છે. આ પ્રવૃતિઓ એકબીજા પર એટલી બધી અવલંબિત હોય છે કે સંશોધન યોજનાનું પહેલું પગથિયું મોટેભાગે અંતિમ પગથિયાના સ્વરૂપનો નિર્ણય કરે છે જો સંશોધનની શરૂઆતની કક્ષાએ પાછળથી આવનારી પ્રક્રિયાનું ધ્યાન રાખવામાં ન આવે, તો પાછળથી ભારે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે અને અધ્યયનની સમાપ્તિ જોખમાય છે. મોટેભાગે આ મુશ્કેલીઓ જે સમયે સ્પષ્ટ દેખાય તે સમયે દૂર કરી શકાતી નથી, કારણ કે એમના મૂળ શરૂઆતની પ્રક્રિયાઓમાં હોય છે. એનાથી ત્યારે જ બચી શકાય છે જયારે આપણે દરેક પગથિયાની અને સંશોધન પ્રક્રિયાની અનુગામી પગથિયાની જરૂરીયાતોનો ખ્યાલ રાખીએ.

જેમ જેમ સંશોધન અધ્યયનના વિષયની પસંદગીથી માંડી સામગ્રી એકઠી કરવાની પ્રક્રિયામાંથી પસાર થઈ અહેવાલ લખવા તરફ અને પરિણામોના અમલ તરફ પ્રગતિ કરે છે તેમ તેમ આપણું ધ્યાન એક પ્રવૃત્તિથી બીજી પ્રવૃત્તિ તરફ વળે છે. એનો અર્થ એવો નથી કે આપણે અમુક પગથિયા ઉપર સંપૂર્ણ પણે ધ્યાન કેન્દ્રીત કરીએ છીએ. પણ અહીં માત્ર અમુક પ્રવૃત્તિ પર અપેક્ષિત વધારે ભાર મૂકવામાં આવે છે સામાજિક વિજ્ઞાનોમાં યાંત્રિકરૂપે પ્રક્રિયાનો ક્રમ પૂરો થયા બાદ બીજો ક્રમ શરૂ થાય એવું ભાગ્યે જ બને છે સામાજિક સંશોધનના સોપાનો નીચે મુજબ વર્ણવી શકાય.

### 10.3.1 સંશોધન માટે વિષયની પસંદગી :

કોઈપણ સામાજિક વિજ્ઞાનીએ કે સંશોધકે સંશોધન કાર્ય કરવાનું થાય ત્યારે સૌ પ્રથમ વિષયની પસંદગી કરવી આવશ્યક છે જ્યા સુધી સંશોધન વિષયની પસંદગી કરવામાં નથી આવતી ત્યાં સુધી સંશોધન શેના ઉપર કરવું ? ક્યા ક્ષેત્રમાંથી કરવું ? શા માટે કરવું ? વગેરે જેવી બાબતો સ્પષ્ટ થતી નથી એટલે કે સંશોધન કાર્ય શક્ય જ બનતુ નથી. સામાજિક સંશોધન માટે વિષયોનો વિસ્તાર ખુદ સામાજિક વર્તનના વિસ્તાર જેટલો જ વિશાળ છે. પણ સંશોધન માટે ખરેખર જે વિષય પસંદ કરવામાં આવે છે તેમનો વિસ્તાર સંકુચિત બને છે. દા.ત. ''યુવાનો ઉપર સંચાર માધ્યમોની અસર'' આ વિષયની પસંદગી કરી સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું હોત તો માત્ર આ વિષય સંબંધિત જ માહિતી એકત્ર કરી આ દિશા ક્ષેત્રેજ વધવાનું એ છે. એટલે કે સંશોધન માટે એક ચોક્કસ વિસ્તાર કે ક્ષેત્ર નિર્ધારિત થઈ જાય છે. સંશોધકે સંશોધન વિષયની પસંદગી કરવાની હોય છે ત્યારે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીને સંશોધન કાર્ય માટે વિષયની પસંદગી કરવી જોઈએ.

– **સંશોધન સંબંધિત મર્યાદાઓ :**

સંશોધકે સંશોધન કાર્ય માટે વિષયની પસંદગી કરતા પહેલા તેના સંદર્ભે કેવી મર્યાદાઓ છે તે ધ્યાનમાં રાખવુ જોઈએ. જેમ કે સંશોધન માટે

કેટલા નાણાની જરૂર પડી શકે તેમ છે ? સંશોધન કાર્ય કેટલા સમયમાં પૂર્ણ થઈ શકશે ? સંશોધન કાર્ય માટે જરૂરી તમામ સાધનો કે સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકશે ? વગેરે મર્યાદાઓ લક્ષમાં રાખીને વિષયની પસંદગી કરવી જોઈએ.

– **સંશોધન વિષયની રસ પ્રદતા :**

સંશોધન વિષયની પસંદગી કરતા પહેલાં સંશોધકે એ પસંદ કરેલો વિષય પોતાને (સંશોધક)ને રસ પડે તેમ છે કે કેમ ? તે ધ્યાનમાં રાખવું જોઈએ ઘણી વખત એવુ બનતુ હોય છે કે સંશોધકને પોતાના રસના વિષય સિવાય સંશોધન કરવાનુ થાય તો સંશોધકને ઉત્સાહ રહેતો નથી. સંશોધન કાર્યમાં નિરસતા જોવા મળે અને સંશોધન કાર્ય વિલંબમા પડે કે આત્મલક્ષિતાયુક્ત બનવાની શક્યતા રહે છે.

– **સંશોધન ક્ષેત્ર અંગેની સમજ :**

સંશોધક દ્વારા સંશોધન વિષયની પસંદગી સમયે જે તે વિષયના ક્ષેત્ર અંગેની અને તેના વિસ્તૃત ગર્ભિતાર્થોને ઊંડાણથી સમજવાની ક્ષમતા સંશોધક પાસે હોવી જોઈએ. સંશોધન ક્ષેત્રની અસ્પસ્ટતા હોવાથી સંશોધન કાર્ય શરૂઆતથીજ દિશા વિહિન બની રહે છે.

– **આધારભૂત અને ચોક્કસ માહિતીની શક્યતા :**

વૈજ્ઞાનિક સંશોધન ત્યારે જ શક્ય બને છે જ્યારે સંશોધન સંદર્ભે એકત્ર કરેલી માહિતી પ્રમાણભૂત અને વિશ્વસનીય હોય એટલે કે આધારભૂત માહિતીને જ વિજ્ઞાન માં સ્થાન મળે છે. સંશોધકે જે વિષયની પસંદગી કરી છે તેના વિશે આધારભૂત ચોક્કસ કે વિશ્વસનીય માહિતી મળવાની શક્યતા કેવી છે તે ધ્યાનમાં રાખવુ જોઈએ.

– **અભ્યાસક્ષેત્રની સીમામર્યાદા :**

સંશોધકે પસંદ કરેલા વિષયનુ અભ્યાસ ક્ષેત્ર સીમિત છે કે બૃહદ તે અંગેની યોગ્ય સમજણ સંશોધકને હોવી આવશ્યક છે. સંશોધક અભ્યાસ ક્ષેત્રને કેટલા અંશે ન્યાય આપી શકે છે તેની મર્યાદાને લક્ષમાં રાખીને વિષયની પસંદગી કરવી જોઈએ.

### 10.3.2. સામાજિક સંશોધન ની યોજના :

સંશોધન વિષયની પસંદગી થયા બાદ બીજુ મહત્ત્વનું સોપાન સંશોધન માટેની યોજના બનાવવાની હોય છે સંશોધક દ્વારા સંશોધન યોજના બનાવીને સંશોધન કાર્ય આગળ ધપાવે તો સંશોધન પ્રક્રિયામાં આગળ કોઈ વિક્ષેપ પડતો નથી. દા.ત. મકાન બનાવતા પહેલા મકાનની ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે જેથી મકાન કેવું બનશે તેનો ખ્યાલ આવી જાય છે. તેથી જ રીતે સંશોધન કાર્ય માં સંશોધન ડિઝાઈન પણ સંશોધન કાર્યને દિશાસૂચન આપવા માટેનુ તાર્કિક અને આયોજનબદ્ધ સાધન છે.

યંગ જણાવે છે તેમ સંશોધન યોજનાને ચુસ્ત રીતે વળગી રહીને સંશોધન કાર્ય થાય એવું જરૂરી નથી પરંતુ સંશોધક પોતાની આગવી સમજ અને અનુભવના

આધારે તેમા સુધારો વધારો કરીને સંશોધન કાર્યને આગળ ધપાવે છે. સંશોધન યોજના એ એક એવો કામ ચલાઉ પ્લાન છે તેના જેમ જેમ સંશોધન કાર્ય આગળ વધે છે તેમ તેમ સંશોધન વિષય અંગે અનેક નવા પાસાઓ ખુલતા જાય છે. સંશોધકનો અભ્યાસ વિષય કેવા સ્વરૂપનો છે તેમા આધારે સંશોધકે સંશોધન યોજના ઘડવાની રહે છે. તેમા સંશોધકે પહેલેથી જ નક્કી કરી લેવાનુ હોય છે કે સંશોધન વિશેની માહિતી ક્યાથી, ક્યારે, કેવી, ક્યા સાધનોનો ઉપયોગ કરીને મેળવવાની છે. સંશોધકે સંશોધન યોજના બનાવતી વખતે નીચે મુજબની અમુક બાબતોને આવરી લઈને ઘડવાની જરૂર પડે છે.

– **નિર્ધારિત સમય :**

સંશોધકે પોતાનું સંશોધન કાર્ય કેટલા સમયમાં પૂર્ણ કરી શકશે તેની ધારણા નક્કી કરી લેવાની હોય છે. કેમ કે ઘણી વખત એવુ બને કે સંશોધન વિષયનો હેતુ કોઈ સમસ્યા નિવારણ માટેનો હોય અને સમસ્યાનું સમાધાન પણ થઈ ચૂક્યું હોય અને સંશોધન કાર્ય ચાલુ હોય તો તેવા સંશોધનનો કોઈ અર્થ રહેતો નથી એટલે કે સંશોધકે સંશોધન યોજનામાં સંશોધન માટેના સમયની ધારણા નક્કી કરવી અતિ આવશ્યક છે.

– **અભ્યાસ ક્ષેત્રની સ્પષ્ટતા :**

ભૌગોલિક દ્રષ્ટિએ અભ્યાસ માટે ક્યો વિસ્તાર રાખવો તે નક્કી કરી લેવુ ખૂબ જ આવશ્યક છે સંશોધકે અભ્યાસ વિષયને અનુરૂપ ક્ષેત્રની સ્પષ્ટતા કરવી જરૂરી છે. દા.ત. ''ખેતમજૂર મહિલાઓની સામાજિક સ્થિતી'' આ વિષય પર સંશોધન કાર્ય માટે સંશોધકે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર નક્કી કરી લેવુ જોઈએ કેમ કે ખેતમજૂરી કરતી મહિલાઓ તો ઘણી બધી જગ્યાએ જોવા મળે છે. પરંતુ ચોક્કસ વિસ્તાર નક્કી થયેલ હોય તો એ વિસ્તારની સ્ત્રીઓ કે મહિલાઓને જ લક્ષમાં રાખીને અભ્યાસ કરવો જોઈએ.

– **માહિતી એકત્રિત કરવા માટેની પ્રયુક્તિઓ :**

સંશોધકે પોતાના સંશોધન વિષયના અનુસંધાનમાં માહિતી એકત્ર કરવા માટે કઈ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાનો છે તે અગાઉ થી જ નક્કી કરી લેવુ જોઈએ માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી, મુલાકાત અનુસૂચિ, નિરીક્ષણ, જૂથ ચર્ચા, વ્યક્તિ તપાસ વગેરે પ્રયુક્તિઓ ઉપલબ્ધ છે. દા.ત. ''ટેલિવિઝન દ્વારા નિરક્ષર મહિલાઓમા આવેલુ પરિવર્તન'' વિષય અંગે માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલિ પ્રયુક્તિ ઉપયોગી નિવડતી નથી. એટલે કે સંશોધકે સંશોધનનુ વિષયવસ્તુ, હેતુઓ, વ્યાપ વગેરેને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રિત કરવાની પ્રયુક્તિ નક્કી કરી રાખવી જોઈએ.

– **ખ્યાલાત્મક સ્પષ્ટતા :**

સંશોધન વિષયમાં વપરાયેલા ખ્યાલોની સ્પષ્ટતા કરી લેવી આવશ્યક છે. દા.ત. ''સંચાર માધ્યમોની યુવાનો ઉપર અસર'' આ સંશોધન

વિષયમાં સંચાર માધ્યમો અને યુવાનો આ બે ખ્યાલો છે સંશોધકે સંશોધન યોજનામાં તેની સ્પષ્ટતા કરી લેવી જોઈએ. સંશોધક દ્વારા કયા સંચાર માધ્યમોનો સમાવેશ કરીને અભ્યાસ હાથ ધર્યા છે, યુવાનો માં કેટલા વર્ષની વય ધરાવતી વ્યક્તિને યુવાન તરીકે પરિભાષિત કરેલ છે.

– **માહિતી માટેના સ્ત્રોતો :**

સંશોધન યોજના માં સંશોધકે માહિતી મેળવવા માટે કયા સ્ત્રોતનો ઉપયોગ કરવાનો છે તે પહેલાંથીજ નક્કી કરી રાખવુ જોઈએ માહિતી મેળવવા માટે પ્રાથમિક માહિતી કે ગૌણ માહિતીનો ઉપયોગ કરવાનો છે તે પૂર્વનિર્ધારિત હોવું જોઈએ.

– **સંશોધનનુ સ્વરૂપ :**

સામાજિક સંશોધનો વિવિધ સ્વરૂપના જોવા મળે છે જેમ કે તુલનાત્મક સ્વરૂપ, વ્યક્તિતપાસ સ્વરૂપ, પ્રયોગાત્મક સ્વરૂપ, વર્ણનાત્મક સ્વરૂપ વગેરે સંશોધકે સંશોધનનુ સ્વરૂપ કેવા પ્રકારનું છે તે દર્શાવવું જોઈએ.

– **અભ્યાસ માટે એકમની પસંદગી :**

સંશોધકે સંશોધન માટે કેવા એકમની પસંદગી કરેલ છે તે સંશોધન યોજના માં નક્કી કરી રાખવુ જોઈએ. સમગ્ર એકમને આવરી લઈને થતાં અભ્યાસ ને સમષ્ટિ તરીકે અને સમગ્રમાંથી નાના ભાગ તરીકે ઓળખવામાં આવે છે એટલે કે સંશોધકે તે નક્કી કરીને સંશોધન યોજનામાં દર્શાવવું જોઈએ.

– **પુસ્તકાલયનો ઉપયોગ :**

સંશોધન કાર્યમાં શરૂઆતની કામગીરી માટે પુસ્તકાલયનો ઉપયોગ ખૂબજ મહત્ત્વની બાબત બની રહે છે. પુસ્તકાલયમાંથી સંશોધક પોતાના સંશોધન વિષય અંગેના પુસ્તકો સંશોધનના લેખો વિવિધ સાહિત્ય અને તેની ટીકાઓ વિશેનું જ્ઞાન મળી રહે છે.

– **ગ્રંથસૂચિ :**

સંશોધકે પુસ્તકાલયનો ઉપયોગ કરીને સાથે સાથે સંશોધન માટે ઉપયોગમાં લીધેલા પુસ્તકોની સૂચિ તૈયાર કરવી આવશ્યક છે. આ ગ્રંથોની સૂચિ તૈયાર કરવી આવશ્યક છે આ ગ્રંથોની સૂચિ તૈયાર કરવામાં લેખકનું નામ તેમાં તેની અટક પહેલા, પુસ્તકનું નામ, પુસ્તકનું પ્રકાશન, પ્રકાશનનું વર્ષ વગેરે વિગતો દર્શાવવી જોઈએ. આ ઉપરાંત ગ્રંથસૂચિનું લિસ્ટ કક્કાવારી પ્રમાણે બનાવવું જોઈએ.

### 10.3.3. ઉપકલ્પનાનું નિર્માણ કરવું :

ઉપકલ્પના એક એવું વિધાન એવી દશા અથવા એવો સિદ્ધાંત છે કે જેની ધારણા એના તાર્કિક પરિણામો તારવવા માટે કદાચ વિશ્વાસ વિના કરવામાં આવે છે અને જેની આ પદ્ધતિથી વિદિત કે નિશ્ચિત કરવામાં આવેલી વિગતો સાથે સુસંગતતાની પરીક્ષા કરવામાં આવે છે સંશોધકે પોતાના સંશોધનની યોજના

પૂર્ણ કર્યા બાદ ત્રીજુ મહત્ત્વનુ સોપાન ઉપકલ્પનાની રચના કે નિર્માણ કરવાનુ હોય છે.

ઉપકલ્પાના એ એક એવું પ્રશ્નરૂપ વિધાન છે કે જેની સત્યતાની ચકાસણી કરવાની હજુ બાકી છે. એટલે કે સંશોધન માટે ઉપયોગમાં લેવામાં આવેલા જુદાં જુદાં ખ્યાલો ને તાર્કિક મને કાર્યકરણના સંબંધથી ગોઠવણ કરીને પ્રશ્નરૂપ વિધાનોની રચના કરવામાં આવે છે જેને ઉપકલ્પના કહેવામાં આવે છે. સંશોધકે પોતાના સંશોધન માટે બનાવેલી ઉપકલ્પના હંમેશાં સાચીજ ઠરે એવુ જરૂરી નથી. ઘણી વખત ઉપકલ્પના ખોટી પણ પડે છે. ત્યારે સંશોધકે સંશોધન અહેવાલ માટે તેનો ઉલ્લેખ કરવો પડે છે. દા.ત. ''શિક્ષણનું પ્રમાણ વધવાથી બેકારીનું પ્રમાણ ઘટયું છે ?'' આ ઉપકલ્પના વિશે સંશોધનના અંતે ખ્યાલ આવે છે કે ઉપકલ્પના સાચી છે કે ખોટી.

વૈજ્ઞાનિક સંશોધનમાં ઉપકલ્પનાનું કાર્ય અમુક નિશ્ચિત હકીકતોનો ખુલાસો કે વ્યાખ્યા સૂચવવાનું છે અને બીજાના સંશોધનને માર્ગદર્શન આપવાનું છે કોટેન અને નાગેલ સંશોધનમાં ઉપકલ્પનાની અગત્યતા ઉપર ભાર મૂકતા જણાવે છે કે ''કોઈપણ સંશોધનમાં આપણે એક કદમ પણ આગળ વધી શકીએ નહીં, જ્યાં સુધી આપણે અમુક સૂચિત ખુલાસાથી અથવા સવાલમાંથી જન્મેલી મુશ્કેલીના નિરાકરણથી શરૂઆત ન કરીએ.'' આવા કામચલાઉ ખુલાસાઓ માટેનું સૂચન આપણને વિષયવસ્તુમાં સમાયેલી કોઈ વસ્તુમાંથી અથવા આપણા પૂર્વજ્ઞાન કે અનુભવમાંથી મળી રહે છે.

### 10.3.4. સંશોધન માટે માહિતી એકત્રીકરણની પ્રયુક્તિઓ :

સંશોધકે સંશોધન કાર્યમાં ઉપકલ્પનાની રચના કરી લીધા બાદ સંશોધન સંદર્ભમાં માહિતીનુ એકત્રીકરણ કરવુ ખૂબજ આવશ્યક છે. આ સોપાનમાં સંશોધકે પોતાના સંશોધન વિષયના અનુસંધાનમાં માહિતી એકત્રીકરણ કરવા માટે કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરવાનો છે તે નક્કી કરી ને માહિતીનુ એકત્રીકરણનું કામકાજ આગળ વધારી શકાય છે. સંશોધકના સંશોધન વિષયના હેતુઓ, પ્રકારોના આધારે માહિતી એકત્રીકરણ કરવામાં કઈ પ્રયુક્તિ વધુ ચોક્કસ બને તેમ છે તે મુજબ પ્રયુક્તિની પસંદગી કરવી જરૂરી છે.

સામાજિક સંશોધન માટે માહિતી સામાન્ય રીતે બે પ્રકારની હોય છે (i) પ્રાથમિક અને (ii) ગૌણ માહિતી પ્રાથમિક માહિતી સંશોધકને તેના ક્ષેત્ર વિસ્તારમાંથી મળે છે ક્ષેત્રકાર્ય દરમિયાન વિષયને અનુરૂપ માહિતી મેળવવા માટે મુલાકાત, મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલિ, સહભાગી નિરીક્ષણ, અસહભાગી નિરીક્ષણ કે અર્ધ સહભાગી નિરીક્ષણ વગેરેમાંથી કોઈપણ પ્રયુક્તિની પસંદગી કરીને માહિતી એકત્ર કરવામાં આવે છે. જ્યારે ગૌણ માહિતીનુ એકત્રીકરણ કરવા માટે સંશોધકે ગ્રંથાલય પ્રયુક્તિનો ઉપયોગ કરી તેમાથી સામાયિકો વર્તમાનપત્રો, પુસ્તકો, ઈન્ટટનેટ વગેરેનો ઉપયોગ કરીને માહિતી મેળવી શકે છે માહિતી એકત્રીકરણની પ્રયુક્તિના આધારે વિશ્વસનીય અને પ્રમાણભૂત માહિતી મળી રહે તે અત્યંત આવશ્યક છે.

### 10.3.5. ઉપકલ્પનાની ચકાસણી માટે માહિતીનુ એકત્રીકરણ :

સામાજિક સંશોધનમાં સંશોધક દ્વારા સચોટ પ્રકારની ઉપકલ્પનાની રચના ભલે કરવામાં આવી હોય તેમ છતાં જયાં સુધી તેની યોગ્ય ચકાસણી થતી નથી ત્યાં સુધી ઉપકલ્પનાનુ નિર્માણ નકામું બની રહે છે. વિષયના હેતુઓના આધારે એકત્ર કરવામાં આવેલી માહિતી આધારભૂત, યથાર્થ અને વિશ્વસનીય હોવી આવશ્યક છે. આ રીતે એકત્ર કરવામાં આવેલી માહિતી જ વિજ્ઞાનમાં સ્થાન પામી શકે છે ચોક્કસ પુરાવાના આધારેજ આપણને ખ્યાલ આવી શકે કે ઉપકલ્પના સાચી છે કે ખોટી, એટલા માટે જ સંશોધક પોતાના અભ્યાસ માટે ઉપકલ્પનાની ચકાસણી માટે માહિતીનું એકત્રીકરણ કરવું આવશ્યક બની રહે છે.

સંશોધકે પોતાના અભ્યાસ વિષયને અનુરૂપ પ્રયુક્તિઓની પસંદગી કરીને માહિતી એકત્રકરવી જોઈએ. માહિતી એકત્ર કરવા માટે સંશોધકે વૈજ્ઞાનિક રીતે તટસ્થ રહીને આ દિશામાં આગળ વધવું જોઈએ ઘણીવાર સંશોધકના પોતાના અંગત મૂલ્યો, કે લાગણીઓના પ્રવાહમાં આવીને માહિતી એકત્ર કરે ત્યારે આવી માહિતી તથ્ય વિહિન સાબિત થાય છે. સંશોધક પોતાની ઉપકલ્પના ખોટી સાબિત થશે, એવા ભયથી એકત્ર કરેલી માહિતીને ઉપકલ્પનાને આધિન ઘડવાની જરૂર નથી. પોતાની ઉપકલ્પના ખોટી પણ હોઈ શકે ત્યારે સંશોધકે સંશોધન અહેવાલમાં આ બાબતનો ઉલ્લેખ કરવો જોઈએ ટૂંકમાં ઉપકલ્પના સાચી હોય કે ખોટી તેની ખરાઅર્થમા ચકાસણી કરવા માટે વૈજ્ઞાનિક રીતે માહિતીનું એકત્રીકરણ કરવું જોઈએ.

### 10.3.6. સંશોધનમાં માહિતીનુ પૃથ્થકરણ અને વર્ગીકરણ :

સંશોધકે વૈજ્ઞાનિક પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરી હોય, પરંતુ એકત્ર થયેલી માહિતી ને તાર્કિક રીતે જોડવામાં ન આવે તો ત્યા સુધી આવી માહિતી અર્થવિહિન બની રહે છે એટલે કે સંશોધકે એકત્ર કરેલી માહિતીને તાર્કિક રીતે જોડીને અર્થપૂર્ણ બનાવવી જરૂરી છે. સામાજિક સંશોધનના આ સોપાનમાં સંશોધકે એકત્ર કરેલી માહિતીને તાર્કિક રીતે જોડીને અર્થપૂર્ણ બનાવવી જરૂરી છે. સામાજિક સંશોધનના આ સોપાનમાં સંશોધકે એકત્ર કરેલી માહિતીનું પૃથ્થકરણ અને વર્ગીકરણ કરવામાં આવે છે. કોઈપણ સંશોધનનો ધ્યેય વૈજ્ઞાનિક સિધ્ધાંત રચવાનો કે તારણો તારવવાનો હોય છે એટલે કે જયાં સુધી માહિતીનુ પૃથ્થકરણ કે વર્ગીકરણ કરવામાં નથી આવતું ત્યાં સુધી માહિતી છૂટીછવાઈ કે બિનઉપયોગી બની રહે છે આથી સંશોધકે મેળવેલી માહિતીને વર્ગીકૃત કરીને જુદી જુદી હકીકતો વચ્ચે યોગ્ય રીતે કાર્યકારણના સંબંધથી જોડાવી જોઈએ અને તેના માટે કોઈ ચોક્કસ પદ્ધતિને અનુસરવું આવશ્યક છે.

સામાન્ય રીતે સંશોધક પોતાના સંશોધન વિષયના હેતુના આધારે એકત્ર થયેલી માહિતીને પોતાની સૂઝ અનુસાર માહિતીનુ વર્ગીકરણ અને પૃથ્થકરણનું કાર્ય આગળ વધારે છે. પરંતુ યંગ એવું જણાવે છે કે વર્ગીકરણને વધુ સારુ અને ઉપયોગી બનાવવું હોય તો શક્ય એટલા ઓછા વર્ગોમાં માહિતીને વિભાજીત કરવી જોઈએ, કેમ કે ઓછા વર્ગોમાં વિભાજીત થયેલી માહિતી

વધુ સરળતાથી ધ્યાને આવે છે. સંશોધકે મેળવેલી માહિતીઓમાંથી અમુક માહિતી એવી હોય છે કે જે વર્ગીકરણ ના કોઈ એકમમાં સમાવિષ્ટ થતી નથી. ત્યારે સંશોધકે આવી માહિતીને કોઈ પણ એકમમાં મુકવી માહિતીને કોઈ પણ એકમમાં જોઈએ નહી. સંશોધકે આવી માહિતીઓને અલગથી નોંધ કરીને તેનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. વર્ગીકરણમાં સમાવિષ્ટ ન થતી આવી માહિતીને 'નેગેટિવ કેસ' તરીકે ઓળખાવી શકાય.

સંશોધકે માહિતી એકત્રીકરણની કામગીરી ચાલુ કરી હોય ત્યારથી જ એના વર્ગીકરણ અને પૃથ્થકરણ વિશે માનસિક રીતે વિચારણા કરી લેવી જોઈએ, કેમ તે એનાથી સંશોધકને અમુક છુટી જતી માહિતી એકત્ર કરવાનો પણ ખ્યાલ આના આધારે આવી શકે છે.

### 10.3.7. સારાંશ અને સામાન્યીકરણ :

સંશોધનનું અંતિમ ચરણ કે સોપાનએ સારાંશ કે તારણોનું છે એટલે કે સંશોધન માટે બધા સોપાનોના અંતે તેનો સારાંશ તારવવાનો છે સંશોધકે મેળવેલી માહિતીના આધારે પોતાના સંશોધનના તારણો રજૂ કરવાના હોય છે અને તેની રજૂઆત સંશોધન અહેવાલમાં કરવામાં આવે છે.

સંશોધકે તારવેલા તારણો માત્ર જે-તે ઘટના કે બનાવ પૂરતા જ મર્યાદિત રહેતા નથી. આ તારણોના આધારે અમુક ભાગો ઉપર તેના પરિણામો લાગુ પાડવામાં આવે છે. તેને સામાન્યી કરણ કહેવાય છે દા.ત. "યુવાનો ઉપર સંચાર માધ્યમોની અસર" આ વિષયનું ક્ષેત્ર ગુજરાત રાજ્ય રાખવામાં આવ્યું હોય, તેમાં નિદર્શની પસંદગી કરીને તારણો તારવ્યા હોય, પરંતુ આ તારણો સમગ્ર ગુજરાતના યુવાનો ઉપર લાગુ પાડવામાં આવે તો તેને સામાન્યીકરણ કહી શકાય એટલે કે સંશોધનમાં તારવેલા તારણોનું અમુક ઘટનાઓ કે બનાવો ઉપર અમલીકરણ થતું હોય છે ખાસ કરીને ક્રિયાત્મક સંશોધનના તારણો સમસ્યા નિવારણ હેતુથી સામાન્યીકરણ કરવામાં આવે છે.

## 10.4 સારાંશ :

સામાજિક સંશોધન સામાજિક ઘટનાઓનું વૈજ્ઞાનિક પધ્ધતિથી વિશ્લેષણ કરે છે. સમાજ, સમુદાય, જૂથો, ઘટનાઓ, બનાવો વગેરેમાં સમાજ જીવન અને સામાજિક સંબંધો, સામાજિક ક્રિયા આંતરક્રિયાના જ્ઞાનને વિકસિત કરે છે. સામાજિક સંશોધન સમાજમાં જોવા મળતા પૂર્વાગ્રહો, આત્મલક્ષીતા જેવી બાબતોથી પર રહીને વૈજ્ઞાનિક દષ્ટિએ વસ્તુલક્ષી, પ્રમાણભૂત માહિતીની રજૂઆત કરે છે. વિચારોને વિકસિત કરીને અનેક નવા ક્ષેત્રોમાં સંશોધનની દિશાઓ ખુલ્લી કરે છે. ટૂંકમાં સામાજિક સંશોધન સામાજિક વિકાસ કે પ્રગતિ અને માનવકલ્યાણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાથે સાથે વિજ્ઞાનોના વિકાસમાં પણ મહત્ત્વ ધરાવે છે.

## 10.5 તમારી પ્રગતિ ચકાસો :

- સામાજિક સંશોધન એટલે શું ?

.................................................................

.................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

- સંશોધન વિષયની પસંદગી કરવામાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

- સંશોધન યોજના બનાવવામાં શું ધ્યાનમાં રાખવું જોઈએ. ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

- ઉપકલ્પનાનું નિર્માણ કેવી રીતે કરી શકાય ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

- માહિતીનુ પૃથ્થકરણ અને વર્ગીકરણ કેવી રીતે કરી શકાય ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

- સંશોધનના વિવિધ સોપાનો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 10.6 સંદર્ભ સૂચિ :


(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડીઝાઈન, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિધુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20: અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

એકમ 11

# સર્વેક્ષણનો અર્થ, વ્યાખ્યા, લક્ષણો, મહત્ત્વ અને મર્યાદાઓ

-: રૂપરેખા :-


**11.0 ઉદ્દેશ્યો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ.**

**11.3 સર્વેક્ષણનાં લક્ષણો**

**11.4 સર્વેક્ષણનું મહત્ત્વ**

**11.5 સામાજિક સર્વેક્ષણનું મહત્ત્વ**

**11.6 સારાંશ**

**11.7 તમારી પ્રગતિ ચકાસો.**

**11.8 ઉપયોગી પ્રશ્નો**

**11.9 સંદર્ભ-સૂચી**


## 11.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસબાદ તમે,

- સર્વેક્ષણની વ્યાખ્યાઓ સમજી શકશો.
- સર્વેક્ષણનાં લક્ષણો વિશેની માહિતી મેળવી શકશો.
- સર્વેક્ષણનાં મહત્ત્વ વિશેની જાણકારી મેળવી શકશો.
- સર્વેક્ષણની મર્યાદાઓનું સમજણ મેળવી શકશો.

## 11.1 પ્રસ્તાવના :

સમાજશાસ્ત્રના ઉદભવ અને વિકાસમાં અનેક પરિબળોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સમાજશસ્ત્રનો ઉદભવ યુરોપ અને તેનો સિદ્ધાંતિક વિકાસ અમેરિકામાં થયો હતો. યુરોપના સમાજશાસ્ત્રી સમાજ વિશેના ચિંતનમાં ક્ષેત્રકાર્ય પર ઓછો ભાર મુકતા જયારે અમેરિકાના સમાજશાસ્ત્રી સંશોધન માટે ક્ષેત્રકાર્ય ઉપર વધારે ભાર મુકતા. સમાજશાસ્ત્રના ઉદભવમાં ત્રણ ઘટનાઓએ મહત્ત્વની ભૂમિક ભજવી, જેમાં ફ્રાન્સની રાજ્યક્રાંતિ, ઇંગ્લેન્ડની ઔદ્યોગિકક્રાંતિ અને નવજાગૃતિ. જેમ-જેમ સમાજજીવન અને તેની સમસ્યાઓના ક્ષેત્રીય સંશોધનો થતા ગયા તેમ-તેમ સમાજશાસ્ત્રમાં નવી-નવી શાખાઓ વિકાસ પામતી ગઈ. પ્રવર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં અનેક શાખાઓ વિકસી છે. જેમકે ગ્રામીણ સમાજશાસ્ત્ર, ક્રિયાનું સમાજશાસ્ત્ર, નગરનું સમાજશાસ્ત્ર, સમસ્યાનું સમાજશાસ્ત્ર, અપરાધનું સમાજશાસ્ત્ર, નવરાશનું સમાજશાસ્ત્ર, સ્ત્રી અને સમાજ વગેરે.

કોઈપણ શાસ્ત્રના ઉદભવ અને વિકાસમાં સંશોધન પદ્ધતિઓની મહત્ત્વની ભૂમિકા કહી શકાય. દરેક શાસ્ત્રને વિજ્ઞાનનું સ્વરૂપ આપનાર સંશોધન પદ્ધતિઓ હોય છે. સંશોધનના

માધ્યમથી સર્જન પામતું જ્ઞાન કે તથ્યો વિજ્ઞાનની પાયાની લાક્ષણિકતા છે. સંશોધન પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત કરેલ તારણો કે તથ્યો જેતે વિજ્ઞાનના વિકાસની મહત્ત્વની બાબત છે. વિજ્ઞાનના અસ્તિત્વને ટકાવી રાખવા માટે સંશોધનો આવશ્યક જરૂરિયાત છે. સંશોધનો વિજ્ઞાનના વિકાસની પારાશીશી છે. જેટલા વધારે ક્ષેત્રોમાં સંશોધનો તેટલી નવી-નવી શાખા રૂપે જ્ઞાનમાં વૃદ્ધિ. નવા-નવા ક્ષેત્રોમાં થતા સંશોધનો વિજ્ઞાનને પ્રવર્તમાન સમયમાં પ્રસ્તુત બનાવે છે. જે શાસ્ત્રોમાં સંશોધનો થતા નથી તે શાસ્ત્ર કે વિજ્ઞાનનું અસ્તિત્વ જોખમાય છે. માટે સમય અને સંજોગોની જરૂરિયાત મુજબ થતા અવનવા સંશોધનો જેતે વિજ્ઞાનના વિકાસ, અસ્તિતત્વ અને પ્રસ્તુતતા માટે મહત્ત્વની બાબત કહી શકાય.

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે જેમાં, સામાજિક સંબંધો, જૂથો, સંસ્થાઓ, પરિવર્તનો, સમસ્યાઓ વગેરેનો વૈજ્ઞાનિક પ્રક્રિયા દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક સંશોધન દ્વારા બે પ્રકારની માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે, એક સંખ્યાત્મક અને બીજી ગુણાત્મક. સંખ્યાત્મક માહિતી એટલે કે જેને સંખ્યાના સ્વરૂપમાં દર્શાવી શકાય, જેમકે ઉંમર, શિક્ષણ, જાતિ પ્રમાણ વગેર. જયારે ગુણાત્મક માહિતી એટલે ગુણ, દોષ, લાગણી, પ્રેમ, આદર-સત્કાર, મૂલ્યો, રીવાજો, ધોરણો વગેરે. સમાજશાસ્ત્રમાં સંશોધન દરમ્યાન આ બંને પ્રકારની માહિતીની આવશ્યકતા રહે છે. સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત કરવા માટે સમાજશાસ્ત્રમાં સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો બહોળો ઉપયોગ થાય છે. જયારે ગુણાત્મક માહિતી પ્રાપ્ત કરવા માટે એકમ અભ્યાસ (કેસ સ્ટડી), સહભાગી નિરીક્ષણ, એફ,જી,ડી.(ફોકસ ગ્રુપ ડિસ્કશન), આંતરવિષય વસ્તુ વિશ્લેષણ, ઊંડાણપૂર્વકની મુલાકાત જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

## 11.2 સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ :

સામાજિક સર્વેક્ષણ બે રીતે થાય છે, એક સમષ્ટિ સર્વે (સેન્સસ સર્વે) અને બીજું નિદર્શ સર્વે (સેમ્પલ સર્વે) આ બંને પ્રકારની પદ્ધતિઓ દ્વારા મોટેભાગે આંકડાકીય માહિતી એકત્ર કરવામાં આવે છે. સેન્સસ સર્વેમાં અભ્યાસ હેઠળના તમામ એકમો પાસેથી માહિતી મેળવવામાં આવે છે. ઉદાહરણ તરીકે ભારતમાં થતી દસ દસ વર્ષની વસ્તી ગણતરી. જયારે સેમ્પલ સર્વેમાં અભ્યાસક્ષેત્રમાંથી નિદર્શનની પ્રક્રિયા દ્વારા યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરતા એકમો પાસથી માહિતી મેળવી તેના તારણો સમગ્ર સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે. જેમકે 'નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન દ્વારા' સમાયંતરે ભારતના જુદા-જુદા વિસ્તારોનો 'નેશનલ સેમ્પલ સર્વે' દ્વારા અભ્યાસ કરવામાં આવે છે.

સર્વેક્ષણ શબ્દ બે ભાગમાં વહેચાયેલો છે એક Sur કે Sor જેનો અર્થ થાય છે Over અને Veeir કે Veoir જેનો અર્થ થાય છે to see. જેનો અભિપ્રયા છે To over see અથવા to look over, આમ સર્વેક્ષણનો મતલબ થાય જોવું અથવા નિરીક્ષણ કરવું(તોમર રામબિહારીસિહઃ 1970:02)

Oxford Dictionary of sociology મુજબ 'નક્કી કરેલા ભૌગોલિક જૂથ પાસેથી તથ્યો એકત્ર કરવાની પદ્ધતિ એટલે સામાજિક સર્વેક્ષણ' (JHON SCOTT AND GORDAN MARSHALL 2009:747)

Encyclopedia of Sociology પ્રમાણે "કોઈ વિશિષ્ટ ભૌગોલીક, સાંસ્કૃતિક, અથવા પ્રશાસનિક ક્ષેત્રમાં વસવાટ કરવાવાળા વ્યક્તિઓના સામાજિક જીવન સંબંધિત તથ્યોનું

વ્યવસ્થિત સંકલનની પદ્ધતિ એટલે સામાજિક સર્વેક્ષણ'' ( રાવત હરિકૃષ્ણ:2002)

ઓક્ષફોર્ડ યુનિવર્સ કોષ મુજબ ''કોઈ વિશિષ્ટ હેતુ માટે ઝીણવટથી જોવા, તપાસવા અથવા નિરીક્ષણ કરવાની પ્રક્રિયા એટલે સર્વેક્ષણ.'' (રાવત એચ.કે: 1985:96)

વેબસ્ટર કોષ મુજબ ''વાસ્તવિક જાણકારી પ્રાપ્ત કરવાના હેતુથી કરવામાં આવેલ આલોચનાત્મક નિરીક્ષણ એટલે સર્વેક્ષણ'' (રાવત એચ.કે.:1985:96)

પ્રો. વિમલ પી. શાહના મતે ''પ્રાયોગિક અને ઐતિહાસિક અભ્યાસો, તથા સામાન્યઃ વ્યક્તિ તપાસમાં પણ કોઈ નિશ્ચિત સમયગાળા દરમ્યાનના પરિવર્તનના પ્રકાર અને માત્રાની તપાસ કરવામાં આવે છે. એટલે, તપાસ ના સમય પરિમાણની દ્રષ્ટિએ મુખ્યત્વે કરીને સર્વેક્ષણની ડિઝાઇનમાં આવરી લેવામાં આવેલા સમયગાળાના સંદર્ભમાં સર્વેક્ષણના પ્રકારો પાડવાની આવશ્યકતા રહે છે''. (શાહ વિમળ:1990:63)

''પ્રો. વિમલ પી. શાહના મતે કોઈ એક નિશ્ચિત ભૌગોલીક કે સાંસ્કૃતિક પ્રદેશમાં રહેતા અને અમુક વસ્તી વિષયક કે અન્ય લાક્ષણિકતાઓ ધરાવતા સમૂહના બધા એકમો(વ્યક્તિઓ, કુટુંબ કે જૂથ) અથવા એના નિદર્શના એકમો પાસેથી મુલાકાત કે પ્રશ્નાવલી દ્વારા એક સમાન રીતે પ્રશ્નો પૂછીને તેની લાક્ષણિકતાઓ, અભિપ્રાયો, મૂલ્યો, વલણો, વર્તન ઈત્યાદિ અંગે માહિતી એકઠી કરી અભ્યાસ કરવાની પદ્ધતિને સામાજિક સર્વેક્ષણ કહેવામાં આવે છે.'' (જાની ગૌરાંગ : 2017:19)

સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી સામાજિક સમસ્યાઓ, પરિવર્તનો, મૂલ્યો, સામાજિક સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક સર્વેક્ષણ પદ્ધતિમાં મોટેભાગે આંકડાકીય માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. આ માહિતી મેળવવા માટે મુલાકત અનુસૂચિ કે પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ થતો હોય છે.

## 11.3 સર્વેક્ષણનાં લક્ષણો :

### 11.3.1 સામાજિક તથ્યોનું સંકલન

સામાજિક સર્વેક્ષણ એક સંશોધન પદ્ધતિ છે જેના માધ્યમથી સામાજિક તથ્યોની શોધ કરવામાં આવે છે. સામાજિક સવેક્ષણમાં અભ્યાસ હેઠળના તમામ કે અમુક પસંદ કરેલા એકમો પાસેથી માહિતી પ્રાપ્ત કરી તેનું સામાન્યીકરણ કરવામાં આવે છે. અભ્યાસના અંતે પ્રાપ્ત થયેલ તારણો કે નિષ્કર્ષને આધારે સર્વસામાન્ય તથ્યોને સ્થાપિત કરવામાંઆવે છે. સામાજિક સર્વેક્ષણમાં બે પરિવર્ત્યોઓ વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ તપાસી તથ્યો શોધવામાં આવે છે. દુર્યિમે સમાજશાસ્ત્રને સામાજિક તથ્યોનું વિજ્ઞાન કહ્યું છે. સામાજિક તથ્યોને શોધવા માટે સંશોધન કરવામાં આવે છે, જેમાં સર્વેક્ષણ પદ્ધતિ ઘણી ઉપયોગી બની રહે છે. સામાજિક સર્વેક્ષણ દ્વારા સામાજિક સમસ્યાઓ અને સામાજિક ઘટનાઓના સંદર્ભમાં માહિતી એકત્ર કરવામાં આવે છે. આર્થિક તેમજ બજાર માટે પણ સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત કરેલ તથ્યો ઘણા ઉપયોગી સાબિત થાય છે.

### 11.3.2 સામાજિક સમસ્યાઓનો અભ્યાસ

સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા તત્કાલીન સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવે છે. ગરીબી, બેકારી, ગુનાખોરી, સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ, મંદી,

બીમારી, નિરક્ષરતા, છુટાછેડા, ભિક્ષાવૃતિ, આત્મહત્યા, સામાજિક સંઘર્ષ વગેરે સામાજિક સમસ્યાઓનો અભ્યાસ સર્વેક્ષણના માધ્યમથી કરવામાં આવે છે. સામાજિક સમસ્યાઓના સમાધાન માટે સર્વેક્ષણ ઘણી ઉપયોગી પદ્ધતિ છે. સામાજિક સમસ્યાઓના સમાધાન માટે તેના કારણો શોધવા અનિવાર્ય છે, આવા સંજોગોમાં સર્વેક્ષણ દ્વારા અભ્યાસને આધારે સમસ્યાના પ્રાથમિક કારણો શોધી તેના સમાધાન માટેના ઉપાયો સૂચવવામાં આવે છે.

### 11.3.3 કાર્ય-કારણ સંબંધ શોધવો

સામાજિક સર્વેક્ષણ દ્વારા અભ્યાસને આધારે બે પરિવર્ત્યો વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ તપાસવામાં આવે છે. કોઈપણ સામાજિક ઘટના બનવા પાછળ કોઈને કોઈ કારણ જવાબદાર હોય છે. આ કારણો શોધવાથી સમસ્યાના સમાધાન માટેના રસ્તા મળી રહે છે. સિદ્ધાંતની રચના માટે બે પરિવર્ત્યો વચ્ચેનો કાર્યકારણ સંબંધ તપાસવામાં આવે છે. કાર્ય-કારણ સંબંધ શોધવો એ સર્વેક્ષણનું આગવું લક્ષણ છે. સર્વેક્ષણને કારણે સામાજિક સંશોધનને સહાયતા મળે છે.

### 11.3.4 સામાજિક સર્વેક્ષણ એક વૈજ્ઞાનિક પદ્ધતિ અને પ્રક્રિયા.

સામાજિક સર્વેક્ષણ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે, જેના માધ્યમથી સામાજિક ઘટનાઓ તથા સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં તથ્યો એકત્ર કરવામાં આવે છે. સામાજિક સંશોધન માટેની મોટાભાગની આચારસંહિતાઓનું પાલન સામાજિક સર્વેક્ષણ પદ્ધતિમાં થતું હોય છે. સંશોધનપ્રશ્નની પસંદગી, પરિવર્ત્યોની વ્યાખ્યા, માહિતી એકત્રીકરણ, માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ તેમજ તારણો જેવા જુદા-જુદા તબક્કાઓમાંથી સામાજિક સર્વેક્ષણ પસાર થતું હોય છે. આ બાબતો તેને વૈજ્ઞાનિક પદ્ધતિનું સ્વરૂપ આપે છે.

### 11.3.5 સામાજિક સર્વેક્ષણ સૈદ્ધાંતિક અને વ્યવહારુ હોય છે

સામાજિક સર્વેક્ષણનું સ્વરૂપ સૈદ્ધાંતિક અને વ્યવહારુ હોય છે. સામાજિક સર્વેક્ષણમાં બે ઘટનાઓ વચ્ચેના કાર્યકારણ સંબંધને તપાસી તેનો વારંવાર અભ્યાસ કરી સિદ્ધાંત સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જયારે અમુક સંશોધનો સામાજિક સમસ્યાઓના સમાધાન માટે થતા હોય છે જેને વ્યવહારુ સંશોધનો કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઈ રોગના સામાજિક કારણો શોધી તેને દૂર કરવાના ઉપાયો શોધવામાં સહાયતા મળે છે, આ પ્રકારના સંશોધનો વ્યવહારુ સંશોધનો કહેવામાં આવે છે. આમ સર્વેક્ષણમાં સૈદ્ધાંતિક અને વ્યવહારુ એમ બંને પાસાઓ જોડાયેલા હોય છે.

### 11.3.6 નિશ્ચિત ભૌગોલિક કે સાંસ્કૃતિક પ્રદેશ સાથે સંબંધિત

સામજિક સર્વેક્ષણ સર્વે અને બીજું સેમ્પલ સર્વે. સેન્સસ સર્વેમાં અભ્યાસ હેઠળના તમામ એકમો આવે છે. જયારે સેમ્પલ સર્વેમાં નિદર્શ દ્વારા પસંદગી પામેલા એકમો પાસેથી માહિતી મેળવવામાં આવે છે. નિશ્ચિત ભૌગોલિક કે સાંસ્કૃતિક પ્રદેશ સમાન લાક્ષણિકતાઓને રજૂ કરે છે જે અભ્યાસ માટેની અનિવાર્ય શરત છે. ઉદાહરણ તરીકે જોઈએતો ભારતમાં થતી વસ્તી ગણતરીમાં ભારતીય ભૌગોલિક સીમામાં

વસવાટ કરતા દરકે કુટુંબોની માહિતી મેળવવામાં આવે છે.

### 11.3.7 વિશાળ સંખ્યાના ઉત્તરદાતાઓ પાસેથી માહિતી

સર્વેક્ષણમાં વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલા ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ અથવા પ્રશ્નાવલીના માધ્યમથી માહિતી પ્રાપ્ત કરી સંશોધન કરવાંમાં આવે છે. ઉદાહરણ તરીકે સેન્સસ સર્વે દ્વારા આખા ભારતમાંથી વિશાળ સંખ્યાના ઉત્તરદાતાઓની વસ્તીગણતત્રી કરી જરૂરી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાઓ પાસેથી ટપાલ કે ઈમેલ દ્વારા પ્રશ્નાવલી મોકલી માહિતી મેળવી અભ્યાસ શક્ય બને છે. આ પ્રકારના સર્વે માર્કેટસર્વે માટે ઘણા ઉપયોગી બની રહે છે.

## 11.4 સામાજિક સર્વેક્ષણનું મહત્ત્વ :

### 11.4.1 સામાજિક સમસ્યાનું સમાધાન શોધવા ઉપયોગી

સામાજિક સર્વેક્ષણનો મુખ્ય હેતુ સામાજિક સમસ્યાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો છે. કોઈપણ સામાજિક સમસ્યા માટે કોઈને-કોઈ કારણ અવશ્ય જવાબદાર હોય છે. સામાજિક સમસ્યાઓના સમાધાન માટે તેના કારણો શોધવા અનિવાર્ય છે. સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી સમસ્યાના કારણો શોધવામાં આવે છે. આ કારણો શોધી તે સમસ્યાના સમાધાન માટેના ઉપાયો કરવામાં આવે છે. જેમકે ગુજરાતમાં સ્ત્રી-પુરુષનું અસમાન જાતિ પ્રમાણ માટેના કારણો શોધવાથી સમસ્યાના સમાધાન માટે જુદા-જુદા પગલાંઓ ભરી શકાય છે. જેમકે દીકરી જન્મનું મહત્ત્વ, કાયદાઓનું યોગ્ય અમલીકરણ વગેરે.

### 11.4.2 સામાજિક તથ્યોને એકત્ર કરવા

સામાજિક તથ્યો એટલે સંશોધનના માધ્યમથી પ્રાપ્ત કરેલ તારણો, પરંતુ આ તારણો સર્વસામાન્ય પરિસ્થિતિમાં એક સમાન જોવા મળતા હોય તે આવશ્યક છે. દુર્ખીમે સમાજશાસ્ત્રને સામાજિક તથ્યોનું વિજ્ઞાન કહ્યું છે. કોઈ પણ સિદ્ધાંતની રચના કરવા અથવા તો સમસ્યાના સમાધાન માટે તથ્યોની આવશ્યકતા રહે છે. આત્માહત્યા એક સામાજિક ઘટના કે તથ્ય હોયતો આવી ઘટનાઓ બનવા પાછળ કોઈ સામાજિક પરિસ્થિતિ અથવા ઘટના જવાબદાર હોય છે. આમ આત્માહત્યા કરવા પાછળના સામાજિક તથ્યોને શોધવામાં આવે તો સમસ્યાનું સમાધાન માટે ઉપાયો સુચવી શકાય. સામાજિક તથ્યો શોધવાનું કાર્ય સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા થતું હોય છે. આમ સામાજિક સર્વેક્ષણ પદ્ધતિના માધ્યમથી સામાજિક તથ્યો શોધવામાં આવે છે. જેનાથી સિદ્ધાંત રચના કે સમસ્યાના સમાધાન માટે જરૂરી પ્રાથમિક માહિતી પ્રાપ્ત થાય છે.

### 11.4.3 ઉપકલ્પનાના નિર્માણમાં ઉપયોગી

સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી બે પરિવર્ત્યોઓ વચ્ચેનો પ્રાથમિક કાર્ય-કારણ સંબંધ શોધવામાં આવે છે. ભૂતકાળમાં થયેલા સર્વેના માધ્યમથી ભવિષ્યના સંશોધનો માટે સંશોધન પ્રશ્નો મળી રહે છે. આ સંશોધન પ્રશ્નોને ઉપકલ્પના તરીકે નિર્માણ કરી શકાય છે. ઉપક્લ્પના એ એવું કામચલાઉ વિધાન છે જેને તપાસવાનું હજુ બાકી છે. સંશોધન પ્રક્રિયા દ્વારા આવી ઉપકલ્પનાને તપાસવામાં આવે છે.

આમ સામાજિક સર્વેક્ષણ આંકડાકીય માહિતી પર વધારે ભાર મુકે છે જેનાથી બે પરિવર્ત્યો વચ્ચેનો કાર્યકારણ સંબંધ તપાસી નવી ઉપકલ્પના માટેની પ્રાથમિક માહિતી મળી રહે છે. જેનાથી નવી ઉપકલ્પના નિર્માણ થઇ શકે છે.

### 11.4.4 સરકારી નીતિ અને આયોજન ઘડવામાં ઉપયોગી

સામાજિક સર્વેક્ષણમાં મોટેભાગે પ્રવર્તમાન સામાજિક સમસ્યાઓના અભ્યાસો કરવામાં આવે છે. આ સામાજિક સમસ્યાના સમાધાન શોધવા માટે સર્વેક્ષણ ઉપયોગી સાબિત થાય છે. ખાસ કરીને સરકારના જુદા-જુદા વિભાગો તેમજ એન.જી.ઓ. જેવી સામાજિક સંસ્થાઓ માટે આ માહિતી ઘણી ઉપયોગી બની રહે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, દર દસ વર્ષે થતી વસ્તીગણતરીના આધારે આગામી વર્ષો માટેના આયોજનો અને નીતિઓ ઘડવામાં આવે છે.

### 11.4.5 સામાજિક વિજ્ઞાનના વિકાસમાં ઉપયોગી

કોઈપણ સામાજિક વિજ્ઞાનના વિકાસમાં અવિરતપણે સંશોધનો થતાં રહે તે અનિવાર્ય છે. સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો બહોળો ઉપયોગ સંશોધન માટે થાય છે. વિજ્ઞાન અને વિકાસ પરસ્પર અભિસંધાનીત છે. જેમ-જેમ અવનવા સંશોધનો થતા રહે તેમ-તેમ વિકાસના નવા-નવા રસ્તાઓ ખુલતા જાય છે. એવાજ સામાજિક વિજ્ઞાનોએ પ્રવર્તમાન સમયમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે, જેમણે અવિરતપણે પોતાના આભ્યાસક્ષેત્રમાં નવા-નવા સંશોધનોના ખેડાણો કર્યા હોય. સંશોધન એ વિજ્ઞાનના વિકાસ અને અસ્તિત્વની પારાશીશી છે. સામાજિક વિજ્ઞાનના વિકાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો સવિશેષ ફાળો રહ્યો છે.

### 11.4.6 તુલનાત્મક અભ્યાસ શક્ય બને છે

સામાજિક સર્વેક્ષણ એક પ્રકારનો તુલનાત્મક અભ્યાસ છે. સામાજિક સંશોધનમાં બે પ્રકારની માહિતીની જરૂરિયાત રહેતી હોય છે, એક ગુણાત્મક અને બીજી સંખ્યાત્મક. સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત કરવા માટે સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે. સંખ્યાત્મક માહિતીને આધારે બે પરિવર્ત્યો વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ સ્થાપિત કરવામાં સરળતા રહે છે. સંખ્યાત્મક કે આંકડાકીય માહિતીને આધારે બે ઘટનાઓ વચ્ચેની તુલના કરવામાં સરળતા રહે છે. સામાજિક સર્વેક્ષણમાં ગુણાત્મક માહિતીને આંકડાકીય માહિતીમાં ફેરવી શકાય છે. જેથી તુલના કરવા માટે સરળતા રહે છે. આમ સામાજિક સર્વેક્ષણ પદ્ધતિના માધ્યથી તુલનાત્મક અભ્યાસો કરવામાં સરળતા રહે છે.

### 11.4.7 વિશાળ ક્ષેત્રનો અભ્યાસ શક્ય બને છે.

સામાજિક સર્વેક્ષણ પદ્ધતિમાં ઉત્તરદાતાઓ વિશાળ ભૌગોલિક ક્ષેત્રમાં વિસ્તરેલા હોવા છતાં તેમની પાસેથી મુલાકાત અનુસૂચિ કે પ્રશ્નાવલીના માધ્યમથી માહિતી પ્રાપ્ત કરી સંશોધન કરી શકાય છે. ઉદાહરણ તરીકે ભારતમાં દર દસ વર્ષે થતી વસ્તીગણતરી, જેમાં સમગ્ર ભારતમાંથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. સમગ્ર સંશોધન ક્ષેત્રમાંથી તમામ એકમો પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે તેને સેન્સસ સર્વે તરીકે ઓળખવામાં આવે છે.

## 11.5 સર્વેક્ષણની મર્યાદાઓ :

કોઈપણ સંશોધન પદ્ધતિ હોય તેમાં કોઈ ને કોઈ મર્યાદાઓ ચોક્કસ હોય છે. તેવીજ રીતે સામાજિક સર્વેક્ષણ પદ્ધતિમાં પણ થોડીઘણી મર્યાદાઓ છે જેની ચર્ચા કરતા પહેલા એ બાબત સ્પષ્ટ કરી લઈએ કે, કોઈપણ સંશોધનકાર્યમાં સંશોધક અને તાલીમ પામેલ અન્વેષકો કેટલા તાલીમ પામેલ છે તે ઘણું મહત્ત્વનું છે. જો સંશોધક અને અન્વેષકો તાલીમ પામેલ હોય તો સંશોધનની મર્યાદાઓ ઘટાડી શકાય છે.

### 11.5.1 ગુણાત્મક તથ્યો માટેની મર્યાદા

સામાજિક સર્વેક્ષણ મોટેભાગે આંકડાકીય માહિતી પર વિશેષ આધાર રાખે છે. સામાજિક સર્વેક્ષણ પદ્ધતિથી થતા અભ્યાસોમાં મર્યાદિત પ્રમાણમાં ગુણાત્મક માહિતીનું સંકલન કરવામાં આવે છે. જેથી ઘણીવાર અભ્યાસના તારણો વાસ્તવિક સામાજિક ચિત્ર બતાવી શકતા નથી. સમાજજીવનની મૂળભૂત પ્રકૃતિ ગુણાત્મક છે, આમ સમાજ જીવનના વાસ્તવિક અભ્યાસ માટે માત્ર સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ અનેક મર્યાદાઓ ઊભી કરે છે, માટે સામાજિક અભ્યાસોમાં સામાજિક સર્વેક્ષણની સાથે અન્ય ગુણાત્મક સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે.

### 11.5.2 ઊંડાણપૂર્વકનો અભ્યાસ શક્ય નથી

સમાજજીવનની વાસ્તવિક પરિસ્થિતિ સતત પરિવર્તનશીલ છે. આવા સંજોગોમાં સમાજજીવનનો વાસ્તવિક અભ્યાસ કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિ ઘણીવાર બિનઉપયોગી બની રહે છે. તત્કાલીન સામાજિક વ્યવસ્થામાં ઊભી થતી સમસ્યાઓના સમાધાન માટેની પ્રાથમિક માહિતી સર્વેક્ષણના માધ્યમથી મેળવી શકાય છે, પરંતુ સમાજ જીવનના સર્વાંગી પાસાઓને સમજવા માટે ઊંડાણપૂર્વકના અભ્યાસની અનિવાર્યતા રહે છે જે માત્ર સર્વેક્ષણ પદ્ધતિથી પૂરી થતી નથી. આમ સમાજજીવનના વાસ્તવિક પાસાઓને સમજવા માટે એકથી વધારે સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

### 11.5.3 અમૂર્ત કે ભાવનાત્મક ઘટનાઓ માટે બિનઉપયોગી

સમાજજીવનની પ્રકૃતિ અમૂર્ત છે. સમાજમાં બનતી અનેક ઘટનાઓ લાગણી અને ભાવાત્મક પાસાઓની આસપાસ વણાયેલી હોય છે. આવા ભાવાત્મક પાસાઓના અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિ ઉપયોગી બનતી નથી. ઉદાહરણ તરીકે જોઈએતો આદિવાસી સમાજમાં લગ્ન અને મરણના રિવાજોનો અભ્યાસ કરવો હોય તો તેમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ એટલો બધો ઉપયોગી બનતો નથી, આવા સંજોગોમાં સહભાગી નિરીક્ષણ જેવી ગુણાત્મક સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે.

### 11.5.4 ઈતિહાસને મહત્ત્વ નથી

સામાજિક સર્વેક્ષણ મોટેભાગે પ્રવર્તમાન સામાજિક સમસ્યાઓ અને તેના

સમાધાન શોધવાના હેતુથી થતા હોય છે. આવા સંજોગોમાં સામાજિક ઈતિહાસને ઓછો ધ્યાનમાં લેવામાં આવે છે, જે બાબત સંશોધનમાં અનેક મર્યાદાઓ સર્જી શકે છે. સામાજિક જીવનના પરિવર્તનો માપવા કે તપાસવા માટે ઈતિહાસનો અભ્યાસ અનિવાર્ય બની રહે છે. ઈતિહાસને સમજ્યા વગર પ્રવર્તમાન સમયમાં સામાજિક પરિવર્તનની દિશા અને દશા સમજી શકાતી નથી. અને આ પ્રકારના અભ્યાસોમાં માત્ર સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ બિનઉપયોગી બની રહે છે.

### 11.5.5 સામાજિક સર્વેક્ષણ પદ્ધતિમાં તાલીમની મર્યાદાઓ

સમાજજીવન સંબંધિત અભ્યાસોમાં તાલીમની સવિશેષ જરૂરિયાત રહેતી હોય છે. સંશોધનનું ક્ષેત્ર વિશાળ ભૌગોલીક વિસ્તારમાં ફેલાયેલ હોયતો તેવા સંજોગોમાં સંશોધક પોતે તમામ ઉત્તરદાતાઓ કે એકમો પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં અસમર્થ બને છે, આવા સંજોગોમાં અન્વેષકો રોકવા અનિવાર્ય બની રહે છે. આ અન્વેષકો તાલીમ પામેલાં ન હોયતો સંશોધન વાસ્તવિક તથ્યો સુધી પહોંચી શકતું નથી, જેથી સંશોધનમાં મર્યાદાઓ સર્જવાનો ભય ઉભો થાય છે. જેમકે ભારતમાં વસ્તીગણતરી જેવા વિશાળ કાર્યમાં રોકાયેલ અન્વેષકો મોટે ભાગે શિક્ષકો હોય છે, જેમને મુલાકાત અનુસૂચી ભરવાની તાલીમ આપવામાં આવતી હોય છે. જેથી ભારતીય સમાજનું વસ્તી વિષયક સામાજિક-આર્થિક ચિત્ર સમજી શકાય અને તેને અનુરૂપ ભાવિ આયોજનો અને નીતિઓ ઘડી શકાય.

### 11.5.6 સમય અને નાણાંની મર્યાદા

સામાજિક સર્વેક્ષણમાં વિશાળ ભૌગોલિક ક્ષેત્રમા વિસ્તરેલા એકમો પાસેથી માહિતી એકઠી કરવાનું કાર્ય થતું હોય છે, આવા સંજોગોમાં સમય અને ધન બંનેની જરૂરિયાત ઊભી થતી હોય છે. સંશોધન માટે અન્વેષકો રોકવા માટે તેમની પાછળ ઘણો ખર્ચ થતો હોય છે. અન્વેષકોને તાલીમથી લઈ ભૌતિક સગવડો પૂરી પાડવા માટે અનુદાન હોય તોજ કાર્ય શક્ય બને છે. આ મર્યાદાઓને દૂર કરવા માટેજ સેમ્પલ સર્વે વધુ પ્રચલિત બન્યું છે. સામાજિક સર્વેક્ષણમાં સેન્સસ સર્વે કરવા માટે લાંબો સમય અને નાણાં બંનેની જરૂરિયાત અભ્યાસની મર્યાદા બની રહે છે.

## 11.6 સારાંશ :

સામાજિક વિજ્ઞાન હોય કે પ્રાકૃતિક વિજ્ઞાન બનેમાં સંશોધનો સમાજના વિકાસમાં મહત્ત્વની ભુમિક ભજવે છે. સામાજિક વિજ્ઞાનમાં સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિની સાથે-સાથે અન્ય ગુણાત્મક સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે તો સંશોધના હેતુઓ વધારે તથ્યાત્મક બની રહે છે. સંશોધનની મર્યાદાઓને ઘટાડવા માટે સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી સંશોધન સમાજ માટે ઉપયોગી બની રહે છે. સમાજશાસ્ત્રને વિજ્ઞાનનું સ્વરૂપ આપવામાં સામાજિક સર્વેક્ષણ પદ્ધતિનો સવિશેષ ફાળો રહ્યો છે.

## 11.7 તમારી પ્રગતિ ચકાસો. :

(1) સામાજિક સર્વેક્ષણનો અર્થ સમજાવો ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) કાર્ય-કારણ સંબંધ એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) સામાજિક તથ્યો એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) સેન્સસ અને સેમ્પલ સર્વે વચ્ચેનો ભેદ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 11.8 ઉપયોગી પ્રશ્નો :

(1) સર્વેક્ષણની વ્યાખ્યા આપી, સામાજિક સર્વેક્ષણનાં લક્ષણો ચર્ચો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) સામાજિક સર્વેક્ષણનો અર્થ સમજાવી સામાજિક સર્વેક્ષણનું મહત્ત્વ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) સેન્સસ સર્વે અને સેમ્પલ સર્વે એટલે શું? સામાજિક સર્વેક્ષણની મર્યાદાઓ ચર્ચો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 11.9 સંદર્ભ-સૂચિ :


(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડીઝાઈન, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિદ્યુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો ‘નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20ઃ અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

એકમ 12

# સમષ્ટિનો અર્થ અને પ્રકારો

**-: રૂપરેખા :-**

**12.0 ઉદ્દેશ્યો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 સમષ્ટિની વ્યાખ્યા અને અર્થ**

**12.3 સમષ્ટિના પ્રકારો**

**12.4 સારાંશ**

**12.5 તમારી પ્રગતિ ચકાસો.**

**12.6 ઉપયોગી પ્રશ્નો**

**12.7 સંદર્ભ-સૂચિ**

## 12.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- સમષ્ટિનો વૈજ્ઞાનિક અર્થ સમજી શકશો.
- સમષ્ટિનાં પ્રકારો વિશેની માહિતી પ્રાપ્ત કરી શકશો.
- સમષ્ટિને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ થી સમજી શકશો.

## 12.1 પ્રસ્તાવના :

જ્યારે સંશોધક પોતાના સંશોધન કાર્યની શરૂઆત કરે છે ત્યારે કયા ભૌગોલિક ક્ષેત્રમાંથી કઈ સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ ધરાવતા એકમો, વ્યક્તિઓ, સામાજિક ઘટનાઓ કે સમસ્યાઓ અભ્યાસ માટે પસંદ કરે છે તેના આધારે સમષ્ટિનું કદ નક્કી કરતો હોય છે. સમષ્ટિ એટલે અભ્યાસ હેઠળ પસંદગી પામેલા તમામ એકમો અથવાતો નિદર્શન પ્રક્રિયા દ્વારા પસંદ પામેલાં એકમો. સમષ્ટિનો ખ્યાલ અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ અને વિસ્તારને આધારે નિશ્ચિત થતો હોય છે. સમષ્ટિ ત્રણ બાબતો પર આધાર રાખે છે એક ભૌગોલિક, બીજું એકમો, જૂથો કે વ્યક્તિઓ અને ત્રીજું એકમોની ખાસિયતો. સમષ્ટિના દરેક એકમોનો અભ્યાસ ઘણો સમય અને નાણા માંગી લે છે, આવા સંજોગોમાં સંશોધન શક્ય બનાવવા નિદર્શની પસંદગી કરી અભ્યાસ કરવામાં આવે છે, જેમાં સમષ્ટિના કદને સીમિત કરી તેમાંથી મેળવેલા તારણો સમગ્ર સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે. સમષ્ટિ અને નિદર્શનો ખ્યાલ સામાજિક સર્વેક્ષણ સાથે સંકળાયેલ છે. અભ્યાસ હેઠળના તમામ એકમોનો અભ્યાસ સમષ્ટિ અભ્યાસ છે, જયારે અભ્યાસ હેઠળના અમુક પંસદગી પામેલા એકમોનો અભ્યાસ નિદર્શ અભ્યાસ તરીકે ઓળખાય છે. મોટેભાગે સામાજિક વૈજ્ઞાનિકો કે સંશોધકો સમષ્ટિના અમુક ચોક્કસ એકમોનું યોગ્ય કદ અને સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતા લક્ષણો ધરાવતા એકમોને નિદર્શન પ્રક્રિયા દ્વારા પસંદ કરી અભ્યાસ કરતા હોય છે. આમ અભ્યાસ હેઠળની સમષ્ટિનું કદ સંશોધન પ્રશ્નને આધરે નક્કી થતું હોય છે. સંશોધક પોતાના અનુભવ, સાહિત્ય સમિક્ષા અને

અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસ હેઠળની સમષ્ટિ નક્કી કરતો હોય છે.

## 12.2 સમષ્ટિની વ્યાખ્યા અને અર્થ

સમષ્ટિની વ્યાખ્યા સંશોધનપ્રશ્ન અને સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી થતી હોય છે. અભ્યાસ હેઠળના એકમોની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખી સમષ્ટિની વ્યાખ્યા અને અર્થ નક્કી કરાય છે. સમષ્ટિ એટલે જે ભૌગોલિક વિસ્તારના એકમોનો અભ્યાસ કરવાનો હોય તે તેમામ એકમો અભ્યાસની સમષ્ટિ કહેવાય છે. અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાઓ, એકમો, જૂથો, સામાજિક ઘટનાઓ, પરિવર્તનો, સમસ્યાઓ વગેરે અભ્યાસની સમષ્ટિ બની રહે છે. આમ સમષ્ટિનો ખ્યાલ સાપેક્ષ કહી શકાય. જુદા-જુદા અભ્યાસોમાં સમષ્ટિનું કદ અને આકાર બદલાતા હોય છે, પરંતુ સામાન્ય સંજોગોમાં 'અભ્યાસ ક્ષેત્રના તમામ અભ્યાસ એકમો અભ્યાસની સમષ્ટિ તરીકે ઓળખાય છે'. ઉદાહરણ તરીકે અમદાવાદના રિક્ષા ચલાવના વ્યક્તિઓનો અભ્યાસ કરવો હોયતો અમદાવાદ શહેરી વિસ્તારમાં રહેતા તમામ રિક્ષા ચાલકો અભ્યાસની સમષ્ટિ બને છે. સમષ્ટિનો ખ્યાલ સેન્સસ સર્વેના ખ્યાલ સાથે સંકળાયેલ છે. ભારતમાં દર દશ વર્ષે થતી વસ્તીગણતરીમાં ભારતના દરેક કુટુંબો પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે આ અભ્યાસમાં દરેક ભારતીય કુટુંબો અભ્યાસની સમષ્ટિ કહેવાય છે. આમ અભ્યાસ હેઠળના તમામ એકમો એટલે અભ્યાસની સમષ્ટિ.

Oxford Dictionary of Sociology મુજબ "સમષ્ટિમાં કુલ ઉત્તરદાતાઓ એટલે કે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં રહેતા એકમોને સમષ્ટિમાં સમાવેશ થાય છે સમષ્ટિનો ખ્યાલ વસ્તીશાસ્ત્રીય અને આંકડાકીય છે. નિદર્શ દ્વારા થતા અભ્યાસોને આધારે તેના તારણો સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે, એટલેકે સામાન્યીકરણ કરવામાં આવે છે." (JOHN SCOTT AND GORDON MARSHALL:2009:579)

## 12.3 સમષ્ટિના પ્રકારો :

આમતો સમષ્ટિનો આધાર અભ્યાસ પદ્ધતિ, સંશોધન પ્રશ્ન અને હેતુઓને આભારી કહી શકાય, પરંતુ વિદ્યાર્થીઓને ઉદાહરણના ભાગ રૂપે નીચે મુજબના સમષ્ટિના પ્રકારો પાડી શકાય. મૂળભૂત રીતે સમષ્ટિએ સાપેક્ષ ખ્યાલ છે.

### 12.3.1 ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિ.

ગુણાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિનું સ્વરૂપ ગુણાત્મક સમષ્ટિ તરીકે ઓળખાય છે અને સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિનું સ્વરૂપ સંખ્યાત્મક સમષ્ટિ તરીકે ઓળખી શકાય. ગુણાત્મક અભ્યાસો જેવા કે, લાગણી, મુલ્યો, સંસ્કારો, પ્રેમ, દયા-ભાવના, સહકાર, વગેરેની સમષ્ટિ ગુણાત્મક સમષ્ટિનો પ્રકાર છે. જયારે સંખ્યાત્મક માહેતી મેળવવાના હેતુથી થતા અભ્યાસો જેવાકે આવક, ખર્ચ, ઉંમર, વયજૂથ, જાતિ-પ્રમાણ, કુટુંબની આવકમાં મહિલાની ભાગીદારી વગેર સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિ સખ્યાત્મક સમષ્ટિનો પ્રકાર કહી શકાય. અભ્યાસમાં માહિતીની જરૂરિયાત અને હેતુઓને ધ્યાનમાં રાખી ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિના પ્રકારો પાડી શકાય છે.

### 12.3.2 ગ્રામીણ અને શહેરી સમષ્ટિ.

અભ્યાસના ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને ગ્રામીણ અને શહેરી સમષ્ટિ એવા બે પ્રકારો પાડી શકાય છે. અભ્યાસ હેઠળના એકમો ગ્રામીણ પાશ્વભૂમિકામાં જીવન જીવતા હોય તેવા એકમોના અભ્યાસોની સમષ્ટિ ગ્રામીણ સમષ્ટિ તરીકે દર્શાવી શકાય, જેમકે ગ્રામીણ સમાજમાં મહિલાઓનો સામાજિક-આર્થિક દરજ્જો જેવા અભ્યાસોની સમષ્ટિ ગ્રામીણ સમષ્ટિ તરીકે ઓળખી શકાય. શહેરી સમુદાયમાં વસવાટ કરતા એકમોનો અભ્યાસ કરવાના હેતુઓવાળા સંશોધનોની સમષ્ટિ શહેરી સમષ્ટિ તરીકે ઓળખી શકાય. જેમકે અમદાવાદ શહેરી વિસ્તારમાં વસવાટ કરતા મધ્યમ વર્ગની સમસ્યાઓનો અભ્યાસ. આવા અભ્યાસોની સમષ્ટિ શહેરી સમષ્ટિ તરીકે ઓળખી શકાય છે.

### 12.3.3 લિંગ અથવા જાતિને આધારે સમષ્ટિ.

અભ્યાસના ઉત્તરદાતાઓની જાતિને ધ્યાનમાં રાખીને સમષ્ટિના પ્રકારો પાડી શકાય છે. અભ્યાસના ઉત્તરદાતાઓ મહિલાઓ કે પુરુષો છે તેના આધારે સમષ્ટિના પ્રકારો પાડી શકાય. આવા સમષ્ટિના પ્રકારને જાતિ કે લિંગને આધારે જુદા પાડી શકાય છે. જેમકે આઝાદી પછી મુસ્લિમ મહિલાઓના દરજ્જામાં આવેલ પરિવર્તનો. તેવીજ રીતે માધ્યમ વર્ગના પુરુષોની બદલાતી ભૂમિકાનો અભ્યાસ.

### 12.3.4 વસ્તીની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓને આધારે સમષ્ટિના પ્રકારો

સમાજ અનેક સામાજિક-સાંસ્કુતિક લાક્ષણિકતાઓ તેમજ વિવિધતાઓ ધરાવતો સમુદાય છે. ધર્મ, કુટુંબ, લગ્ન, આર્થિક, ભાષા, બોલી, પહેરવેશ, રીવાજો, મુલ્યો, ધોરણો, વગેરે હેતુઓને કેન્દ્રમાં રાખીને થતા અભ્યાસોમાં અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી સમષ્ટિના પ્રકારો પાડી શકાય છે. જેમકે હિન્દુ અને ખ્રિસ્તી ધર્મમાં આચાર સહિતા અને વિધિ-વિધાનોના અભ્યાસો વસ્તીની સામાજિક-ધાર્મિક, અને સાંસ્કૃતિક લાક્ષણિકતાઓને આધારે સમષ્ટિનાં પ્રકારો પાડી શકાય. અહીંયાં પણ અભ્યાસના હેતુઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### 12.3.5 વયજૂથને આધારે સમષ્ટિના પ્રકારો

અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી સંશોધક વયજૂથ મુજબ સમષ્ટિના પ્રકારો પાડી શકે છે. ઉદાહરણ તરીકે સમજીએ તો, પ્રવર્તમાન સમાજમાં તરુણોની સમસ્યાઓના અભ્યાસો, યુવાનો અને વૃધ્ધોની સમસ્યાના અભ્યાસો, ત્રણ પેઢીમાં આવેલ પરિવર્તનોના અભ્યાસો વગેર વયજૂથને કેન્દ્રમાં રાખીને સમષ્ટિના પ્રકારો પાડી શકાય છે.

ઉપરોક્ત પ્રકારો માત્ર વિદ્યાર્થીઓને સામાજિક સમષ્ટિના પ્રકારોનું સ્વરૂપ સમજવા માટેની પ્રાથમિક સમજ છે. બાકી તો સંશોધક પોતાના અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી પોતાના અભ્યાસની સમષ્ટિ નક્કી કરતો હોય છે.

## 12.4 સારાંશ :

સમષ્ટિ એટલે અભ્યાસ હેઠળ નક્કી કરેલ નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઉત્તરદાતાઓ, એકમો, સંસ્થાઓ, કોઈ સામાજિક પ્રસંગો કે ઘટનાઓ, સામાજિક પરિવર્તનો, સામાજિક સમસ્યાઓ વગેરે. મૂળભૂત રીતે સમષ્ટિનો ખ્યાલ સાપેક્ષ છે, એટલેકે અભ્યાસે-અભ્યાસે સમષ્ટિનું સ્વરૂપ અને લાક્ષણિકતાઓ બદલાતી હોય છે. અભ્યાસના હેતુઓ સમષ્ટિની વ્યાખ્યા અને સ્વરૂપ નક્કી કરતા હોય છે.

## 12.5 તમારી પ્રગતિ ચકાશો. :

(1) સમષ્ટિનું કોઈ એક ઉદાહરણ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સમષ્ટિની વ્યાખ્યા આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિ વચ્ચેનો તફાવત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) વસ્તીની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણીકતાઓ કઈ-કઈ છે ?

..................................................................

..................................................................

..................................................................

..............................................................

..............................................................

(5) સમષ્ટિ સાપેક્ષ છે-વિધાન સ્પષ્ટ કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 12.6 ઉપયોગી પ્રશ્નો :

(1) સમષ્ટિની વ્યાખ્યા અને અર્થ આપી, સમષ્ટિના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 12.7 સંદર્ભ-સૂચિ :

(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિસિશીંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડિઝાઇન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિધુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, એપ્રિલ-જુન 2001, ગ્રંથ-20ઃ અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

એકમ 13

# નિદર્શ અને નિદર્શનનો અર્થ અને પ્રકારો

-: રૂપરેખા :-

**13.0 ઉદ્દેશ્યો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 નિદર્શ અને નિદર્શનનો અર્થ**

**13.3 નિદર્શનની પ્રક્રિયા (સમષ્ટિ, સેમ્પલિંગ ફ્રેમ, નિદર્શ)**

**13.4 યોગ્ય નિદર્શનની લાક્ષણિકતાઓ**

**13.5 નિદર્શનના પ્રકારો**

**13.6 સારાંશ**

**13.7 તમારી પ્રગતિ ચકાસો.**

**13.8 ઉપયોગી પ્રશ્નો**

**13.9 સંદર્ભ-સૂચિ**

## 13.0 ઉદ્દેશ્ય :

વિદ્યાર્થીમિત્રો, આ એકમનો અભ્યાસ બાદ તમે,

- નિદર્શ અને નિદર્શનનો અર્થ તથા બંને વચ્ચેનો તફાવત સમજી શકશો.
- નિદર્શનની પ્રક્રિયા અને લાક્ષણિકતાઓ સમજી શકશો.
- નિદર્શનનાં પ્રકારો સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ થી સમજી શકશો.
- સંભાવનાત્મક અને બિન સંભાવનાત્મક નિદર્શન

## 13.1 પ્રસ્તાવના :

અભ્યાસ હેઠળની વિશાળ સમષ્ટિના તમામ એકમોનો અભ્યાસ કરવો શક્ય ન હોય તેવા સંજોગોમાં સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતા અમુક એકમોની પસંદગી કરી અભ્યાસ કરવામાં આવે છે, જેને નિદર્શ કે સેમ્પલ અભ્યાસ કહેવામાં આવે છે. આવા અભ્યાસના તારણોને અભ્યાસ હેઠળની સમગ્ર સમષ્ટિને લાગુ પડતા હોય છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે. નિદર્શનો ખ્યાલ સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ સાથે સંકળાયેલો છે. જયારે સમષ્ટિના તમામ એકમો પાસેથી માહિતી પ્રાપ્ત કરી અભ્યાસ કરવામાં આવે તેને સેન્સસ સર્વે કહેવામાં આવે છે, પરંતુ કેટલાક સંજોગોમાં સમય અને પૈસાના અભાવે અભ્યાસ હેઠળની સમગ્ર સમષ્ટિ માંથી અમુક એકમો નિદર્શનની રીતે પસંદ કરી અભ્યાસના તારણોને સમગ્ર સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે. આવા અભ્યાસને નિદર્શ કે સેમ્પલ સર્વેક્ષણ કહેવામાં આવે છે. સંશોધકે પોતાના સંશોધનને વાસ્તવિક તથ્યો સુધી લઈ જવું હોયતો યોગ્ય અને વૈજ્ઞાનિક રીતે નિદર્શની પસંદગી કરવી અનિવાર્ય છે. સમાજની મૂળભૂત પ્રકૃતિ ગુણાત્મક છે, આવા અભ્યાસોમાં

યોગ્ય પ્રતિનિધિયુક્ત અને સમષ્ટિની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ જળવાઈ રહે તેવા નિદર્શની પસંદગી કરવી જોઈએ. જેથી કરીને અભ્યાસના મૂળભૂત હેતુઓ ફળિભૂત થાય. આમ યોગ્ય રીતે નિદર્શની પસંદગી કરવા માટે સંશોધક નિદર્શ પસંદગીના વૈજ્ઞાનિક પાસાઓથી પરિચિત હોવો જોઈએ, જેની સમજ નીચે મુજબ છે.

## 13.2 નિદર્શ અને નિદર્શનનો અર્થ

નિદર્શ એટલે અભ્યાસ હેઠળની સમષ્ટિમાંથી યોગ્ય એકમોને સેમ્પલ તરીકે પસંદ કરી અભ્યાસ કરે છે, જેને નિદર્શ અભ્યાસ કહે છે. સંશોધન અભ્યાસ માટે પસંદગી પામેલા એકમોને નિદર્શ તરીકે ઓળખવામાં આવે છે. આ એકમો મેળવવાની રીત કે પ્રયુક્તિને નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે.

"સમગ્ર અભ્યાસ માટે જરૂરી લક્ષણોનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો ભાગ. સમગ્રમાંથી પ્રતિનિધિત્વ રહે તે રીતે કેટલાક એકમો પસંદ કરવાની પદ્ધતિ. આ બંનેને નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. સમગ્રના બધા એકમોનો અભ્યાસ કરવાને બદલે કેટલાક પ્રતિનિધિત્વરૂપ એકમોનો અભ્યાસ કરવાથી સમય, શક્તિ તથા ખર્ચ બચે છે. નિદર્શન અભ્યાસના તારણો સમગ્રને લાગુ પડે છે". (જોષી વિધુત:2016:71)

## 13.3 નિદર્શનની પ્રક્રિયા (સમષ્ટિ, સેમ્પલીંગ ફ્રેમ અને નિદર્શ)

નિદર્શ પદ્ધતિથી થતા અભ્યાસોમાં નિદર્શ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા ગણી મહત્ત્વની છે. યોગ્ય રીતે નિદર્શની પસંદગી કરવમાં ન આવે તો અભ્યાસમાં ઘણી મર્યાદાઓ ઉભી થઇ શકે છે, માટે અભ્યાસના તથ્યો કે વાસ્તવિક તારણો સુધી પહોચવાની પ્રક્રિયામાં નિદર્શન પસંદગી ઘણી મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. નિદર્શન યોગ્ય કદ અને સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતું હોવું જોઈએ. આમ યોગ્ય નિદર્શ પસંદગી માટે નિદર્શનની યોગ્ય પ્રક્રિયામાંથી પસાર થવું અનિવાર્ય છે. યોગ્ય નિદર્શ પ્રાપ્ત કરવા માટે નિદર્શન પ્રક્રિયાના ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે, એક સમષ્ટિ, બીજું સેમ્પલ ફ્રેમ અને ત્રીજું નિદર્શ. ઉદાહરણ તરીકે સમજીએતો અમદાવાદ શહેરી વિસ્તારની સરકારી શાળાઓના શિક્ષકોનો અભ્યાસ કરવો હોયતો સર્વ પ્રથમ તેની સમષ્ટિ નક્કી કરવી પડે, ત્યારબાદ એની વિશેષતાઓને ધ્યાનમાં રાખી સેમ્પલિંગ ફ્રેમ નક્કી કરવી અને અંતિમ તબક્કામાં યોગ્ય કદવાળું નિદર્શ પસંદ કરી અભ્યાસ હાથ ધર્યા કહેવાય.

માની લઈએ કે, અમદાવાદ શહેરી વિસ્તારની સરકારી શાળાઓમાં દસ હજાર શિક્ષકો નોકરી કરે છે આ દસ હજાર આપણા અભ્યાસની સમષ્ટિ થઇ. આ અભ્યાસની સમષ્ટિમાંથી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી એક હજાર શિક્ષકોની એક સેમ્પલિંગ ફ્રેમ તૈયાર કરી તેમાંથી પચ્ચાસ ટકા એટલેકે 500 શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરી શકાય. આ 500 શિક્ષકો પાસેથી અભ્યાસને અનુરૂપ માહિતી પ્રાપ્ત કરી જે તારણો આવે તેને અભ્યાસની સમષ્ટિના સર્વે દસ હજાર શિક્ષકોને લાગુ પાડી સામાન્યીકરણ કરી શકાય છે.

## 13.4 યોગ્ય નિદર્શની લાક્ષણિકતાઓ

સંશોધનના વાસ્તવિક અને વૈજ્ઞાનિક તથ્યો પ્રાપ્ત કરવાનો આધાર પસંદ કરેલા નિદર્શ પર રહેલો છે. અભ્યાસના તારણોને આધારે થતા સામાન્યીકરણનો આધાર યોગ્ય નિદર્શ પર રહેલો છે. માટે નિદર્શની પસંદગી કરતા પહેલા તેના બે લક્ષણો ધ્યાનમાં રાખવા જરૂરી છે. એક સમષ્ટિના સંદર્ભમાં યોગ્ય કદ કે પ્રમાણ અને બીજું સમષ્ટિના સર્વસામાન્ય અને સર્વાંગી લાક્ષણિકતાઓનું પ્રતિખિધિત્વ.

### 13.4.1 યોગ્ય પ્રમાણ

નિદર્શની પસંદગી કરતા સમયે નક્કી કરેલ અભ્યાસની સમષ્ટિના કદને અનુરૂપ યોગ્ય નિદર્શ હોવું જોઈએ. જેમકે સમષ્ટિનાં કુલ એકમો માંથી અમુક ટકા પ્રમાણ નિદર્શ તરીકે પસંદ કરવું જોઈએ જેથી કરીને તારણોનું સામાન્યીકરણ કરી શકાય. સમષ્ટિ દસ હજાર એકમોની હોય અને તેમાંથી નિદર્શ માત્ર 100 લેવામાં આવેતો તે યોગ્ય પ્રમાણ નથી ઓછામાં ઓછું 50 થી 60 ટકા નિદર્શનું પ્રમાણ યોગ્ય કહેવાય, અહિયાં એ બાબત સમજવી જરૂરી છેકે, નિદર્શનું પ્રમાણ સંશોધક પોતાના અભ્યાસના હેતુઓને કેન્દ્રમાં રાખીને ટકાવારી નક્કી કરવાની હોય છે.

### 13.4.2 સમષ્ટિની સર્વાંગી લાક્ષણિકતાઓનો સમાવેશ

અભ્યાસમાં સમાવિષ્ટ સમષ્ટિમાંથી જે એકમોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવે છે તે, સમગ્ર સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતા હોવા જોઈએ. સમષ્ટિની સર્વસામાન્ય લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખી નિદર્શની પસંદગી કરવાની હોય છે, જેથી અભ્યાસના એકમોમાં સમષ્ટિનું પ્રતિબિંબ કે પ્રતિનિધિત્વ જળવાઈ રહે. જેથી અભ્યાસના તારણો કે તથ્યોનું સામાન્યીકરણ કરી શકાય.

## 13.5 નિદર્શનના પ્રકારો

સંશોધનકાર્યની શરૂઆતમાં સંશોધન ડિઝાઈન તૈયાર કરવાથી સંશોધનની સમગ્ર પ્રક્રિયામાં માર્ગદર્શન મળી રહે છે. સંશોધન જુદાજુદા તબક્કાઓમાંથી પસાર થતું હોય છે. સંશોધન પ્રશ્નની પસંદગીથી શરુ કરી અભ્યાસના અહેવાલ લેખન સુધી સંશોધનની પ્રક્રિયા વિવિધ તબક્કોઓ થકી આગળ ચાલતી રહે છે, જેમાંનો મહત્ત્વનો તબક્કો એટલે અભ્યાસની સમષ્ટિમાંથી નિદર્શની પસંદગી કરવાનો તબક્કો. યોગ્ય રીતથી નિદર્શની પસંદગી કરવાથી સંશોધન પોતાના ધ્યેયમાં ફલીભૂત થાય છે. સંશોધનમાં નિદર્શ પસંદગીની કેટલીક રીતો છે. જેને સંભાવનાત્મક અને બિનસંભાવનાત્મક નિદર્શનની રીતો તરીકે ઓળખવામાં આવે છે.

નિદર્શન માટે સમગ્રમાંથી અમુક એકમોની પસંદગી કરતી વખતે મુખ્ય બે શક્યતાઓ રહેલી છે.

1. સમગ્રના બધાં જ એકમોને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક ન મળે.

2. સમગ્રના બધાં જ એકમોને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક મળે.

આ બે શક્યતાઓને ધ્યાનમાં રાખીને બે પ્રકારોમાં વિભાજિત કરવામાં આવે છે. એક સંભાવનાત્મક નિદર્શન અને બીજું બિનસંભાવનાત્મક નિદર્શન.

સંભાવનાત્મક નિદર્શન એવા પ્રકારનું નિદર્શન છે કે જેમાં સમગ્રના બધા જ એકમોને નિદર્શનમાં પસંદગી પામવાની સમાન તક પ્રાપ્ત થાય છે. સંભાવનાત્મક સિદ્ધાંત પ્રમાણે આ પ્રકારના નિદર્શનમાં સમગ્રના બધા જ એકમોને સમાવવાની ચોક્કસ સંભાવના રહેલી હોય છે.

બિનસંભાવનાત્મક નિદર્શનમાં સમગ્રના બધા જ એકમોને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક પ્રાપ્ત થતી નથી. આ પ્રકારના નિદર્શનમાં સમગ્રના દરેક એકમની પસંદગીની ચોક્કસ સંભાવના હોતી નથી." (જોષી વિદ્યુત:2016:71-72)

### 13.5.1 સંભાવનાત્મક નિદર્શનના પ્રકારો

અભ્યાસ હેઠળની સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક આપતી નિદર્શન પ્રાપ્તિની પ્રક્રિયા એટલે સંભાવનાત્મક નિદર્શનની રીત. સંભાવનાત્મક નિદર્શનની રીતે અભ્યાસને અનુરૂપ નિદર્શ એકમો પ્રાપ્ત કરવાની કેટલીક રીતો કે પ્રકારો નીચે મુજબ છે. આ રીતો હોવા છતાં સંશોધંન પ્રક્રિયા દરમ્યાન સંશોધકની સૂઝ-બુઝ અને સમજશક્તિ સારા નિદર્શની પસંદગી માટે મહત્ત્વની બની રહે છે, કેમકે આ રીતે પ્રાપ્ત કરેલ નિદર્શ પાસેથી મેળવેલ માહિતીને આધારે સમગ્ર અંગે તારણો બાંધવામાં આવે છે.

#### 13.5.1 સાદું યદચ્છ નિદર્શન

સંશોધન માટે પસંદગી પામેલ સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક આપતી હોય તેને સાદું યદચ્છ નિદર્શન કહેવામાં આવે છે. સાદું યદચ્છ નિદર્શનની રીતે જોયતું નિદર્શ પ્રાપ્ત કરવા માટે અભ્યાસ હેઠળ નક્કી કરેલ સમષ્ટિનાં તમામ એકમોને નંબર આપી તેની ચિઠ્ઠી બનવવામાં આવે છે, ત્યારબાદ તે તમામ ચિઠ્ઠીઓને એક વાસણ કે ડબ્બામાં ભરી તેમને ભેળવી દેવામાં આવે છે. આ ચિઠ્ઠીઓ માંથી એક-એક ચિઠ્ઠીઓ ઉપાડી જોઈએ તો નિદર્શ પ્રાપ્ત કરવાની રીતને સાદું યદચ્છ નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. અન્ય રીતે સાદું યદચ્છ નિદર્શન મેળવવા માટે ‘લકી-ડ્રો’ ની રીતે પણ નિદર્શ મેળવી શકાય છે.

#### 13.5.2 સુવ્યવસ્થિત યદચ્છ નિદર્શન

સાદું યદચ્છ નિદર્શનની મર્યાદાઓને દુર કરવા માટે સુવ્યવસ્થિત યદચ્છ નિદર્શનની રીતે નિદર્શન પ્રાપ્ત કરવામાં આવે છે. ઘણા સંશોધન પદ્ધતિના પુસ્તકોમાં રેન્ડમ ટેબલ‘ આપેલાં હોય છે જેના માધ્યમથી જોઈતું નિદર્શ મેળવી શકાય છે. ઉદાહરણ તરીકે રેન્ડમ ટેબલમાં અમુક નંબર્સના કોલમો આપેલા હોય છે જેમકે 100,199,1001, 2007, વગેરે આ નંબરોનાં માધ્યમથી નિશ્ચિત અંતર નક્કી કરી જોયતું નિદર્શ પ્રાપ્ત કરવામાં આવે છે, જેને સુવ્યવસ્થિત યદચ્છ નિદર્શન કહેવાય. સમષ્ટિની યાદીને નિશ્ચિત ક્રમ આપી, આ ક્રમને આધારે નિશ્ચિત અંતર નક્કી કરી નિદર્શ પ્રાપ્ત કરવાની રીત એટલે સુવ્યવસ્થિત યદચ્છ નિદર્શન. નિશ્ચિત અંતર નક્કી કરવામાં 10, 18, 21, 30, વગેરે રાખી શકાય છે. રેન્ડમ ટેબલમાં અથવા સમષ્ટિની યાદીમાંથી નિશ્ચિત અંતર પર આવતા એકમને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવે છે, આમ આ રીતે સમષ્ટિમાંથી અભ્યાસ માટે જોયતું નિદર્શ પસંદ કરવામાં આવે છે. જેને સુવ્યવસ્થિત યદચ્છ નિદર્શનની રીત તરીકે ઓળખવામાં આવે છે.

### 13.5.3 સ્તરીત યદચ્છ નિદર્શન

સમાજની પ્રકૃતિ ગુણાત્મક અને વિવિધતા ધરાવે છે. સમાજમાં અનેક સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક, ભાષા-બોલી, વગેરે જેવી વિવિધતાઓ વિદ્યમાન છે. સંશોધક જયારે પોતાનું સંશોધન કાર્ય કરે છે ત્યારે, ખાસ કરીને સામાજિક વિજ્ઞાનમાં સામાજિક બાબતો અને પાસાઓનો અભ્યાસ કરતા હોય ત્યારે સામાજિક-સાંસ્કૃતિક વિવિધતાઓને ધ્યાનમાં રાખવી અનિવાર્ય છે. સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ સમાજનું મહત્ત્વનું પાસું છે, જેને અભ્યાસ દરમ્યાન સંશોધકે સવિશેષ ધ્યાનમાં રાખવું જોઈએ. આ દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી અભ્યાસ હેઠળની સમષ્ટિમાંથી નિદર્શ મેળવવા માટે સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક બાબતોને આધારે સમષ્ટિના એકમોને જુદાજુદા સ્તરમાં વિભાજિત કરવામાં આવે છે, ત્યાર પછી તે દરેક વિભાગ કે સ્તરમાંથી અમુક નક્કી કરેલ માત્રા અને એક સરખા પ્રમાણમાં એકમોને પસંદકરી અભ્યાસ માટે જોયતા નિદર્શ મેળવવાની રીત, એટલે સ્તરીત યદચ્છ નિદર્શન. ઉદાહરણ તરીકે આપણે કોલેજમાં સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવા માંગતાં હોયતો સમષ્ટિનાં તમામ એકમોને ત્રણ સ્તરમાં વિભાજિત કરી શકાય, જેમકે આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ. જુદાજુદા સ્તરમાં વિભાજિત એકમોમાંથી સરખા પ્રમાણમાં નિદર્શ પસંદ કરવાની પ્રયુક્તિ એટલે સ્તરીત યદચ્છ નિદર્શન. આરીતે અન્ય અભ્યાસોમાં સામાજિક લાક્ષણિકતાઓનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે માટે સ્તરીત યદચ્છ નિદર્શનની રીત વધારે યોગ્ય છે. ભારતીય સમાજના સંદર્ભમાં જ્ઞાતિ, જાતિ, વર્ગ, ધર્મ, આર્થિક સ્થિતિ, શિક્ષણ, ભાષા-બોલી વગેરે પાસાઓના અભ્યાસ માટે સ્તરીત યદચ્છ નિદર્શન રીત ઘણી ઉપયોગી બની રહે છે.

### 13.5.2 બિનસંભાવનાત્મક નિદર્શન

અભ્યાસ હેઠળ પસંદગી પામેલ સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શ તરીકે પસંદ થવાની સમાનતક કે સંભાવના ના હોય તેને બિનસંભાવનાત્મક નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. જયારે અભ્યાસો ગુણાત્મક માહિતી પર વિશેષભાર મુકતા હોય, અભ્યાસ સમૂહની વિશિષ્ટ લાક્ષણિકતાઓને, માહિતીદાતા સરળતાથી ઉપલબ્ધ ના હોય, આવા લક્ષણો ધરાવતા એકમોના અભ્યાસમાં બિનસંભાવનાત્મક નિદર્શનની રીતોનો ઉપયોગ થાય છે.

### 13.5.1 હેતુપૂર્વકનું નિદર્શન

સંશોધક અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી નિદર્શની પસંદગી કરે તેમ હેતુપૂર્વકનું નિદર્શ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે આદિવાસી વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો હોય તો આદિવાસી વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરી

તેમની પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવેતો આવા અભ્યાસની રીતને હેતુપૂર્વકના નિદર્શનની રીત કહેવામાં આવે છે. આ પ્રકારના નિદર્શમાં અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી નિદર્શ પસંદ કરવામાં આવે છે.

### 13.5.2 સ્નોબોલ ટેકનિક

સ્નોબોલ ટેકનિકથી બિનસંભાવનાત્મક નિદર્શ પ્રાપ્ત કરી શકાય છે. 'સ્નો' એટલે બરફ, જેમ બરફના ટુકડાઓ એકબીજામાં ભેગા થઇ એક ગોળાનું સ્વરૂપ લઇ લે છે તેમ સ્નોબોલ ટેકનીકથી પ્રાપ્ત કરવામાં આવતું નિદર્શ પણ અભ્યાસના હેતુઓને તપાસવામાં ઘણું ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સમુદાયમાં રહેતા હોવા છતાં એમની વિશિષ્ટ લાક્ષણિકતાઓને કારણે સરળતાથી શોધી શકાય તેમ ન હોય ત્યારે સ્નોબોલ ટેકનિકથી નિદર્શ મેળવી શકાય છે. ઉદાહરણ તરીકે જોઈયેતો આંતરજ્ઞાતિય કે આંતરધર્મીય લગ્ન કરેલ યુગલોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવો હોય તો એક આંતરજ્ઞાતિય કે આંતરધર્મીય લગ્ન કરેલ યુગલ પાસેથી બીજા યુગલોની માહિતી કે સંપર્ક થઇ શકે, તેમ ધીમે-ધીમે અભ્યાસ માટે જરૂરી નિદર્શ પ્રાપ્ત કરી અભ્યાસ કરવામાં આવે તેને સ્નોબોલ ટેકનીક થકી અભ્યાસ માટે નિદર્શ મેળવવાની રીત કહેવાય.

### 13.5.3 આકસ્મિક નિદર્શન

સંશોધક કોઈ સંશોધન પ્રશ્ન અંગે વિચારી રહ્યો હોય અને અચાનક આકસ્મિક પરિસ્થિતિમાં તેને અભ્યાસને અનુરૂપ એકમ કે ઉત્તરદાતા પ્રાપ્ત થાય અને એની પાસેથી માહિતી મેળવી અભ્યાસ કરેતો આ રીતે ' મેળવેલ નિદર્શની રીતને આકસ્મિક નિદર્શનની રીત કહેવામાં આવે છે. જેમકે કોઈ સંશોધક રૂપજીવનીના સામાજિક જીવન અને સમસ્યાઓનો અભ્યાસ અંગે વિચારતો હોય અને અચાનક એક દિવસ તેને કોઈ સ્થળે રૂપજીવની (સેક્સવર્કર) મળી જાય અને તેને સંશોધન કરવાનો વિચાર આવે અને તે સેક્સવર્કર (રૂપજીવની) પાસેથી તેમના સમાજજીવન અને સમસ્યાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી અભ્યાસ કરે તો, આ પ્રકારે નિદર્શ પ્રાપ્ત કરે તેને આકસ્મિક નિદર્શન કહેવામાં આવે છે. તેવીજ રીતે કોઈ સંશોધક વ્યંઢળના જીવનનો અભ્યાસ કરવાની ઈચ્છા રાખતો અને એને કોઈ સ્થાને આકસ્મિક રીતે વ્યંઢળની મુલાકાત થઈ જાય અને અભ્યાસનું આયોજન કરી માહિતી મેળવે છે. આ પ્રકારે મળતા નિદર્શને આકસ્મિક નિદર્શનની રીત તરીકે ઓળખવામાં આવે છે.

### 13.5.4 ક્વોટા નિદર્શન

ક્વોટા એટલે પ્રમાણ સંશોધક જયારે કોઈ સંશોધન માટે સરખા પ્રમાણમાં નિદર્શ પ્રાપ્ત કરે તેને ક્વોટા નિદર્શ કહેવાય. જેમકે સંશોધક

અનુસ્નાતક કક્ષામાં જુદા જુદા વિષયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવા માંગતો હોય, અને જુદાજુદા વિષયોમાંથી અમુક નક્કી કરેલ નિશ્ચિત પ્રમાણ મુજબનું નિદર્શ મેળવે તેને ક્વોટા નિદર્શ કહેવામાં આવે છે. જેમકે સમાજશાસ્ત્રના 10 વિદ્યાર્થીઓ અને 10 વિદ્યાર્થિનીઓ નિદર્શ તરીકે પસંદ કરે તેમ દરેક વિષયોમાંથી દસ-દસ વિદ્યાર્થીઓ પસંદ કરી અભ્યાસ કેરે તેને ક્વોટા નિદર્શ કહેવામાં આવે છે, અને આ રીતે પસંદ કરવાની રીતને ક્વોટા નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે.

### 13.5.3 સંભાવનાત્મક અને બિનસંભાવનાત્મક નિદર્શનનો સાથે ઉપયોગ

ઘણીવાર અભ્યાસના હેતુઓને અનુરૂપ સંભાવનાત્મક અને બિનસંભાવનાત્મક નિદર્શનનો સાથે ઉપયોગ પણ કરી શકાય છે. જેમકે અમદાવાદના એ.એમ.ટી.એસ. ના ડ્રાઈવરનો અભ્યાસ કરવો હોયતો તેમના નામ સરનામાં એ.એમ.ટી.એસ. ની કચેરીમાંથી મેળવી સંભાવનાત્મક નિદર્શનની રીતે, તેમજ અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી તેમની પાસેથી બિનસંભાવનાત્મક નિદર્શનની રીતનો ઉપયોગ કરી હેતુપૂર્વકની નિદર્શનની રીતે માહિતી પ્રાપ્ત કરવામાં આવે તો તેવા અભ્યાસોમાં સંભાવનાત્મક અને બિનસંભાવનાત્મક નિદર્શનનો સાથે ઉપયોગ કરી શકાય છે.

## 13.6 સારાંશ :

સમય,શ્રમ અને પૈસાની દૃષ્ટીએ સમગ્રનો અભ્યાસ કરવો સંશોધક માટે શક્ય ના હોય તેવા સંજોગોમાં નિદર્શ પસંદ કરી અભ્યાસ કરવામાં આવે છે. ભારતમાં 'નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન' દ્વારા ભારતના જુદા-જુદા વિસ્તારોમાંથી નિદર્શ પસંદ કરી અભ્યાસ કરવામાં આવે છે જેને 'નેશનલ સેમ્પલ સર્વે' તરીકે ઓળખવામ આવે છે. આમ સમષ્ટિનાં સમગ્ર એકમોનો અભ્યાસ સમય અને ધનની દૃષ્ટીએ શક્ય ન હોય ત્યારે સેમ્પલ સર્વે અભ્યાસ ઘણો ઉપયોગી સાબિત થાય છે. સેમ્પલ સર્વેને યોગ્ય સંશોધન ડિઝાઈન અને નિષ્ણાતોના માર્ગદર્શનમાં કરવામાં આવેતો તેના તારણો કે તથ્યોનું સામાન્યીકરણ કરી સમગ્ર સમષ્ટિને લાગુ પાડી શકાય છે.

## 13.7 તમારી પ્રગતિ ચકાશો. :

(1) નિદર્શ અને નિદર્શનનો અર્થ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) યોગ્ય નિદર્શનની લાક્ષણિકતાઓ કઈ છે ?

..................................................................

..................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) સમષ્ટિની સર્વાંગી લાક્ષણિકતાઓનો સમાવેશ એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) સંભાવનાત્મક નિદર્શનની વ્યાખ્યા આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) બિનસંભાવનાત્મક નિદર્શનનો અર્થ આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 13.8 ઉપયોગી પ્રશ્નો :

(1) નિદર્શ એટલે શું ? નિદર્શનની પ્રક્રિયા ઉદાહરણ સહિત સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(2) સમષ્ટિનો અર્થ આપી, નિદર્શનના પ્રકારો ઉદાહરણ સહિત ચર્ચો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(3) ભાવનાત્મક નિદર્શનની રીતો કે પ્રકારો સમજાવો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(4) બિનસંભાવનાત્મક નિદર્શનની પ્રક્રિયાઓ કે રીતો ચર્ચો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

## 13.9 સંદર્ભ-સૂચિ :


(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિશીંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિંહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડીઝાઇન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિદ્યુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુક્લ દિનેશ, સમાજ વિજ્ઞાનો ‘નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20ઃ અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

એકમ 14

# નિરીક્ષણનો અર્થ, લક્ષણો અને પ્રકારો

-: રૂપરેખા :-

**14.0 ઉદ્દેશ્યો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 નિરીક્ષણનો અર્થ અને વ્યાખ્યા**

**14.3 નિરીક્ષણના લક્ષણો**

**14.4 નિરીક્ષણના પ્રકારો**

**14.5 સારાંશ**

**14.6 તમારી પ્રગતિ ચકાશો.**

**14.7 સ્વાધ્યાયનાં પ્રશ્નો**

**14.8 સંદર્ભ-સૂચિ**

## 14.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- નિરીક્ષણ વિશેની વિસ્તૃત માહિતી મેળવી શકશો.
- નિરીક્ષણનો અર્થ અને વ્યાખ્યા વિશેની જાણકારી મેળવી શકશો.
- નિરીક્ષણનાં લક્ષણો અને પ્રકારો ની વિસ્તૃત જાણકારી મેળવી શકશો.
- નિરીક્ષણની સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી માહિતી મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

નિરીક્ષણ પદ્ધતિને વૈજ્ઞાનિક સંશોધનની શાસ્ત્રિયપદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાકૃતિક વિજ્ઞાનો, ભૌતિક વિજ્ઞાનો, નૃવંશ વિજ્ઞાનો અને પ્રાણીશાસ્ત્ર વગેરેનું જ્ઞાન સદીઓથી વ્યવસ્થિત નિરીક્ષણના આધાર પર સંગ્રહિત કરી શકાયું છે. જેમા મોટાભાગના સંશોધનો પ્રકૃતિના ખુલ્લા વાતાવરણમાં નિરીક્ષણ પદ્ધતિના માધ્યમથી કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાંય વર્ષોથી નિરીક્ષણ પદ્ધતિને સામાજિક સંબંધો તેમજ ઘટનાઓના અભ્યાસ માટે મહત્ત્વની ગુણાત્મક પદ્ધતિ માનવામાં આવે છે. આમ અન્ય વિજ્ઞાનોની જેમ સામાજિક વિજ્ઞાનોના સંશોધનોમાં પણ નિરીક્ષણ પદ્ધતિનું અમૂલ્ય યોગદાન રહ્યું છે.

કોઈપણ વિજ્ઞાન અવલોકન કે નિરીક્ષણથી પ્રારંભ થાય છે. વિજ્ઞાનના ઉદ્દભવ અને વિકાસમાં નિરીક્ષણ પદ્ધતિનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. સામાજિક વિજ્ઞાનોના વિકાસમાં પણ નિરીક્ષણ પદ્ધતિ ઘણી મહત્ત્વની બની છે. સામાજિક વિજ્ઞાનોનું અભ્યાસક્ષેત્ર સામાજિક સંબંધો, વ્યવહારો કે સામાજિક ઘટનાઓ છે, આ સંજોગોમાં નિરીક્ષણ પદ્ધતિ દ્વારા થતા અભ્યાસોમાં સંશોધકે ઘણી સતર્કતા અને તટસ્થતા રાખવી જરૂરી છે. કોઈપણ પ્રકારના વૈજ્ઞાનિક જ્ઞાન માટે

તેના અભ્યાસવસ્તુનું નિરીક્ષણ અનિવાર્ય છે. માટે તમામ વિજ્ઞાનોનો વિકાસ નિરીક્ષણ પદ્ધતિને આભારી છે. સમાજશાસ્ત્રમાં પણ નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી અનેક સંશોધનો થયા છે. સમાજશાસ્ત્રમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો બહોળો ઉપયોગ થાય છે, ખાસ કરીને આદિવાસી સમુદાયના સામાજિક-સાંસ્કૃતિક જીવનના પાસાઓના અભ્યાસોમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ ઘણો મહત્ત્વનો સાબિત થયો છે.

કોઈપણ સામાજિક સંશોધન ત્યાં સુધી સફળ નથી થતું જ્યાં સુધી તેમાં નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ ન થાય. સમાજશાસ્ત્રને વિજ્ઞાનનું સ્વરૂપ અપાવવામાં નિરીક્ષણ પદ્ધતિનો મહત્ત્વનો ફાળો રહેલો છે. સમાજશાસ્ત્રના વિષયવસ્તુનો અભ્યાસ નિરીક્ષણ પદ્ધતિ વિના શક્ય નથી. પ્રવર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં નિરીક્ષણ પદ્ધતિ એક મહત્ત્વની ગુણાત્મક સંશોધન પદ્ધતિ બની ગઈ છે. સામાજિક પાસાઓના કે ઘટનાઓના અભ્યાસ માટે નિરીક્ષણ પદ્ધતિ સાથે સંકળાયેલા મહત્ત્વના પાસાઓની વૈજ્ઞાનિક સમજ અનિવાર્ય બની છે, તેથી સમાજ સંશોધકોએ સામાજિક નિરીક્ષણ પદ્ધતિની વૈજ્ઞાનિક પ્રક્રિયા અને તેના ખ્યાલોની સમજ પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. નિરીક્ષણ પદ્ધતિ સંશોધન માટેની પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવા માટેની મહત્ત્વની પદ્ધતિ છે. સામજિક વિજ્ઞાનોમાં સામાજિક નિરીક્ષણ પદ્ધતિના માધ્યમથી બે ઘટનાઓ વચ્ચેનાં કાર્યકારણ સંબંધને તપાસી શકાય છે. નિરીક્ષણ એટલે માત્ર જોવું તેમ નહિ, નિરીક્ષણ એ વૈજ્ઞાનિક ખ્યાલ છે, જેમાં જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ કરી ઘટનાઓ વચ્ચેનો કાર્યકારણ સંબંધ તપાસવો.

## 14.2 નિરીક્ષણનો અર્થ અને વ્યાખ્યા

નિરીક્ષણનો પ્રયોગ રોજબરોજની સામાન્ય ઘટનાઓને જોવાથી લઈ સંશોધન પદ્ધતિના ભાગરૂપે પણ થાય છે. સામાજિક ઘટનાઓની પ્રકૃતિ, કારણ, પ્રભાવ વગેરેને નિશ્ચિત ઉદ્દેશથી તપાસવા માટે નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

વેબસ્ટર કોશ મુજબ "કોઈ તથ્યો અથવા ઘટનાઓને ઓળખવા અથવા જોવાની પદ્ધતિને નિરીક્ષણ કહેવાય છે"(રાવત એચ.કે:1985:128) આમ સામાજિક ઘટનાઓને વૈજ્ઞાનિક પ્રક્રિયાથી તપાસવી તેને નિરીક્ષણ કહેવામાં આવે છે.

ઓક્ષફર્ડ શબ્દકોશ મુજબ "પ્રકૃતિમાં બનતી ઘટનાઓના કારણો, પ્રભાવ, તથા તેમના પારસ્પરિક સંબંધોને વાસ્તવિક રૂપમાં જોવા તથા તેને વ્યાખ્યાબદ્ધ કરવાની પદ્ધતિ એટલે નિરીક્ષણ"(રાવત એચ.કે:1985:128)

વસ્તુઓ તથા ઘટનાઓ, તેમની વિશેષતાઓ અને તેમના મૃતસંબંધો સમજવા અને આપણા માનસિક અનુભવોની પ્રત્યક્ષ ચેતનાને જાણવાની પ્રક્રિયા એટલે નિરીક્ષણ. સામાજિક ઘટનાઓને સમજવા માટે વ્યકિતની પોતાના મનોજગતની મહત્ત્વની ભુમિકા હોય છે, તેની સમજ, ભૂતકાળના અનુભવો, જ્ઞાનેનદ્રીઓનો ઉપયોગ, દષ્ટિકોણ સામાજિકરણ વગેરે બાબતો નિરીક્ષણ માટે મહત્ત્વની બની રહે છે.

સમાજશાસ્ત્રી વિદ્યુત જોષીના મતે "નિરીક્ષણ એટલે પંચેન્દ્રીય દ્વારા જીવંત પરિસ્થિતિનો પદ્ધતિસર અને હેતુપૂર્વક થતો અભ્યાસ. આ સામાજિક સંશોધનની એક પદ્ધતિ છે. બનતા બનાવોને નિયંત્રિત કરીને અથવા પ્રયોગશાળામાં બનાવો ઊભા કરીને કરાતા નિરીક્ષણ (Controlled Observation) કહે છે.

જયારે કોઈ ઘટનાનું તેના સ્વાભાવિક રૂપમાં તથા સ્વાભાવિક સ્થળ પર નિરીક્ષણ થાય

ત્યારે તેને અનિયંત્રિત નિરીક્ષણ કહે છે.

જયારે સંશોધક પોતાના સંશોધનક્ષેત્ર સાથે અથવા ઘટના સાથે તથા બનતા બનાવમાં ભાગ લઈને નિરીક્ષણ કરે છે અને સંશોધન ક્ષેત્ર પર કોઈ જાતનાં નિયંત્રણો જોવા મળતાં નથી ત્યારે તેને સહભાગી નિરીક્ષણ કહેવામાં આવે છે. સહભાગી નિરીક્ષણમાં સંશોધકે ભાગીદારીની તથા નિરીક્ષકની બેવડી ભૂમિકા ભજવવાની હોય છે.

સંશોધક જે સામાજિક ઘટનાનું નિરીક્ષણ કરતા હોય તે ઘટનામાં ભાગ ન લેતા દુરથી નિરીક્ષણ કરે છે ત્યારે તેને અસહભાગી નિરીક્ષણ કહે છે.

વાસ્તવમાં સંપૂર્ણપણે સહભાગી અથવા સંપૂર્ણપણે અસહભાગી નિરીક્ષણ અશક્ય છે. અંશતઃસહભાગી નિરીક્ષણ શક્ય છે.

જયારે સંશોધક અમુક કામોમાં ભાગ લે છે પરંતુ મોટેભાગે તટસ્થ રીતે બહારથી તેનો અભ્યાસ કરે છે, નિરીક્ષણ કરે છે ત્યારે તેને અંશતઃસહભાગી નિરીક્ષણ કહે છે'' (જોષી વિદ્યુત:2016:72-73)

આમ નિરીક્ષણ એટલે ઘટનાઓના કાર્યકારણ સંબંધ જે રૂપમાં ઉપસ્થિત હોય તેજ સ્વરૂપમાં યથાર્થ નિરીક્ષણ અને વર્ણન. નિરીક્ષણમાં જ્ઞાનેન્દ્રિયો દ્વારા તથ્યોને વિચારપૂર્વક સંકલન કરવામાં આવે છે.

## 14.3 નિરીક્ષણના લક્ષણો

નિરીક્ષણ એક ગુણાત્મક સંશોધન પદ્ધતિના સ્વરૂપ સમાજશાસ્ત્રમાં વિકાસ પામી છે. તેના લક્ષણો નીચે મુજબ છે.

### 14.3.1 માનવીય પંચેન્દ્રીઓનો સંપૂર્ણ ઉપયોગ

નિરીક્ષણ એટલે રોજિંદી બનતી ઘટનાઓને માત્ર જોવી એવો સામાન્ય અર્થ થતો નથી. નિરીક્ષણ એટલે સામાજિક ઘટનાઓ વચ્ચેના કાર્યકારણ સંબંધને પંચેન્દ્રીઓનો સંપૂર્ણ ઉપયોગ કરી સમજવા. નિરીક્ષણ પદ્ધતિમાં આંખનો વિશેષ ઉપયોગ થાય છે. સંશોધક જે કઈ જોવે છે તેનું સંકલન કરે છે. આ સંકલન કરેલ માહિતીનું અવલોકન, વર્ગીકરણ અને વિશ્લેષણ કરી ઘટનાઓ વચ્ચેના કાર્યકારણ સંબંધને તપાસી સામજિક તથ્યો સ્થાપિત કરે છે.

### 14.3.2 ઉદ્દેશપૂર્ણ અને સુક્ષ્મ અભ્યાસ

નિરીક્ષણ હંમેશા હેતુપૂર્ણ અને સૂક્ષ્મ હોય છે. આ બાબતે તે સામાન્ય નિરીક્ષણથી ભિન્ન છે. દરેક વ્યક્તિ હંમેશા કઈને-કઈ જોતો જ હોય છે, પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આને નિરીક્ષણ કહેવામાં આવતું નથી. નિરીક્ષણનો કોઈને કોઈ વિશેષ ઉદેશ હોય છે. એટલા જ માટે તે સુક્ષ્મ અને ઊંડાણપૂર્વકનું હોય છે. રોજબરોજ દરેક વ્યક્તિઓ સામે અનેક સામાજિક ઘટનાઓ સમાન રીતે ઉપસ્થિત થતી હોય છે કોઈ તેમાંથી સિદ્ધાંત રચે છે, તો કોઈ તેને સામાન્ય ઘટનાઓ તરીકે જોવે છે. આમ નિરીક્ષણ એ સિદ્ધાંત રચના માટે થતા ઉદ્દેશપૂર્ણ અને સુક્ષ્મ અભ્યાસ છે.

### 14.3.3 પ્રત્યક્ષ અભ્યાસ

નિરીક્ષણ પદ્ધતિની એક આગવી વિશેષતા એ છે કે તેમાં સંશોધક અભ્યાસ

ઘટનાનો સાથે પ્રત્યક્ષ ભાગીદાર બને છે. નિરીક્ષણ પ્રત્યક્ષ અભ્યાસ માટે હોય છે. સંશોધક પોતે પોતાના સંશોધનક્ષેત્રમાં જાય છે, નિરીક્ષણ કરે છે અને માહિતીનું સંકલન કરે છે. આમ નિરીક્ષણ પ્રત્યેક્ષ અભ્યાસ પદ્ધતિ છે.

### 14.3.4 પારસ્પારિક અને કાર્યકારણ સંબંધ તપાસવો

નિરીક્ષણ પદ્ધતિનો ઉદ્દેશ સામાજિક ઘટનાઓ વચ્ચેના પારસ્પારિક અને કાર્યકારણ સંબંધ તપાસવાનો છે. આમ કઈપણ સંશોધન વ્યવહેવારુ અથવા તો સિદ્ધાત રચનાના હેતુથી કરવામાં આવતું હોય છે. દરેક સામજિક સંશોધનનો હેતુ ઘટનાઓ સાથે સંકળાયેલા કાર્યકારણ સંબંધને ઉજાગર કરવાનો હોય છે તેવી જ રીતે નિરીક્ષણનો હેતુ અભ્યાસના માધ્યમથી પ્રાપ્ત માહિતીને આધારે ઘટનાઓ વચ્ચેના પારસ્પારિક સંબંધો અને કાર્યકારણ સંબંધ તપાસવાનો હોય છે.

### 14.3.5 સામુહિક આંતરક્રિયાનો અભ્યાસ

વ્યક્તિગત અભ્યાસ માટે જેમ એકમ અભ્યાસ પદ્ધતિ છે તેવી જ રીતે નિરીક્ષણ સામૂહિક આંતરક્રિયાના અભ્યાસ માટેની ગુણાત્મક સંશોધન પદ્ધતિ છે. સમાજ અનેક વ્યક્તિઓની આંતરક્રિયાઓથી રચાયો છે, આ આંતરક્રિયાનો અભ્યાસ સમાજશાસ્ત્રનું અભ્યાસવસ્તુ છે. આમ સામાજિક અભ્યાસો માટે નિરીક્ષણ એક સામુહિક આંતરક્રિયાનો અભ્યાસ કરતી ગુણાત્મક સંશોધન પદ્ધતિ છે.

## 14.4 નિરીક્ષણના પ્રકારો

અભ્યાસની સરળતા માટે નિરીક્ષણને અનેક પ્રકારોમાં વિભાજિત કરી શકાય છે. પ્રાકૃતિક વિજ્ઞાનોમાં મોટેભાગે પ્રયોગશાળામાં નિયંત્રિત વ્યવસ્થામાં અભ્યાસો થતા હોય છે, પરંતુ સામાજિક ઘટનાઓના અભ્યાસમાં આવું શક્ય બનતું નથી તેથી તેને અનિયંત્રિત અભ્યાસો કહેવામાં આવે છે. અનિયંત્રિત અભ્યાસના ત્રણ પ્રકાર છે એક સહભાગી નિરીક્ષણ બીજુ અસહભાગી નિરીક્ષણ અને ત્રીજુ અર્ધસહભાગી નિરીક્ષણ. સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્રમાં મોટેભાગે સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો સવિશેષ ઉપયોગ થાય છે માટે અહિયાં આપણે તેના ઉપર વિશેષ ભાર મૂકીશું.

### 14.4.1 અનિયંત્રિત નિરીક્ષણ

સંશોધક જયારે નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી સંશોધનકાર્ય કરે છે, ત્યારે પરિસ્થિતિ પર તેનું નિયંત્રણ હોતું નથી. તેમા ખાસ કરીને સામાજિક નિસ્બત કે ઘટનાઓના અભ્યાસમાં સંશોધકનું પરિસ્થિતિ ઉપર નિયંત્રણ હોતું નથી, આવા નિરીક્ષણ અભ્યાસોને અનિયંત્રિત નિરીક્ષણ કહેવામાં આવે છે. તેના ત્રણ પ્રકારો છે, એક સહભાગી નિરીક્ષણ, બીજું અસહભાગી નિરીક્ષણ અને ત્રીજું અર્ધસહભાગી નિરીક્ષણ.

### (અ) સહભાગી નિરીક્ષણ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિ એટલે સંશોધક અભ્યાસક્ષેત્રમા જઈ કોઈ ભૂમિકા સ્વીકારી સામાજિક ઘટનાઓનો અભ્યાસ તટસ્થતાપૂર્વક કરે છે. ખાસ કરીને સામાજિક માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાં આદિવાસી

સમુદાયના અભ્યાસમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો સવિશેષ ઉપયોગ થાય છે. સહભાગી નિરીક્ષણ શબ્દનો પ્રયોગ સર્વ પ્રથમ લીંડમેને પોતાના પુસ્તક 50Tanda 8188094/ માં પ્રયોજ્યો હતો. આ પહેલા પણ આ પદ્ધતિનો પ્રયોગ થતો હતો. કોઈપણ સામાજિક ઘટનાઓનું વિશ્લેષણ ત્યારેજ શુદ્ધ બને જયારે તે ઘટના સાથે સંકળાયેલ બાહ્ય અને આંતરિક દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક પોતે જે ઘટના કે સમુદાયનો અભ્યાસ કરવા માંગે છે તેમાં ભૂમિકા ગ્રહણ કરી જોઈતી માહિતીનું સંકલન કરે છે, આવા અભ્યાસોમાં સંશોધક તેની ઓળખ છુપાવે છે. તે સમુદાય કે અભ્યાસક્ષેત્રમાં બનતી ઘટનાઓમાં શામેલ થાય છે, દરજ્જાને અનુરૂપ ભૂમિકા સ્વીકારી ભજવે છે. આમ સંશોધક જે સમુદાયનો અભ્યાસ કરે તે જૂથના સભ્ય બની સહભાગી થઇ અભ્યાસ કરે છે, તેથી તેને સહભાગી નિરીક્ષણ કહેવામાં આવે છે. ઘણીવાર સંશોધક જે સમુદાય કે જુથમાં ભૂમિકા સ્વીકારે તેમાં એટલો ઓતપ્રોત થઈજાય છે કે, તેને તટસ્થતાનો ખ્યાલ જ નથી રેહતો. આવા સંજોગોમાં અભ્યાસના વાસ્તવિક તથ્યો સુધી પોંહચી શકાતું નથી, માટે સહભાગી નિરીક્ષણ પદ્ધતિથી અભ્યાસ કરવામાં ખૂબ જ સતર્કતા રાખવી અનિવાર્ય છે.

## અ.1. સહભાગી નિરીક્ષણ પદ્ધતિના લક્ષણો

### 1.1 ઊંડાણપૂર્વકનો અભ્યાસ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક જેતે સમુદાયમાં લાંબા સમય સુધી સહભાગી બની અભ્યાસ કરે છે, સંશોધકને જેતે સમુદાય સાથે સંકળાયેલ ઐતહાસિક તેમજ વર્તમાન પાસાઓને ઊંડાણપૂર્વક તપાસવાની તક મળે છે. આમ સહભાગી નિરીક્ષણ પદ્ધતિ ઊંડાણપૂર્વકના ગુણાત્મક સામાજિક સંશોધનો કરવામાં ઘણી ઉપયોગી છે.

### 1.2 પ્રત્યક્ષ અને વાસ્તવિક વ્યવહારનો અભ્યાસ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિ દ્વારા થતાં અભ્યાસોમાં સંશોધક પોતે અભ્યાસક્ષેત્રમા રહી પ્રત્યક્ષ ઘટનાઓનું નિરીક્ષણ કરે છે. જેતે જૂથ કે સમુદાયના અભ્યાસમાં સંશોધક પોતે જૂથની પ્રવૃત્તિમાં ભાગીદાર બની ભૂમિકા ભજવે છે. આમ સંશોધનક્ષેત્રમા સંશોધક પોતે પ્રત્યક્ષ હાજર હોવાથી માહિતીની ઊંડાણપૂર્વક નોંધ કરે છે. તેની હાજરીમાં બનતી ઘટનાઓના વાસ્તવિક સ્વરૂપને તપાસવાનો અવસર સહભાગી નિરીક્ષણ પદ્ધતિની આગવી લાક્ષણિકતા છે.

### 1.3 વિસ્તૃત માહિતીનું એકત્રીકરણ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિ દ્વારા થતા અભ્યાસોમાં સમાજજીવન સાથે સંકળાયેલા મોટાભાગના પાસાઓની માહિતી મેળવવામાં આવે છે. જેમકે, ડાંગના આદિવાસી સમુદાયનો અભ્યાસ સહભાગી

નિરીક્ષણ પદ્ધતિથી કરવામાં આવે તો આદિવાસી સમાજના રીત-રીવાજો, પરંપરાઓ, સંસ્કૃતિ, આર્થિક, ધાર્મિક, જાદુ, લગ્ન, મહિલાઓનો દરજ્જો, સમસ્યાઓ વગેરે મુદાઓની વિસ્તારપૂર્વક માહિતી મેળવવામાં આવે છે.

### 1.4 જૂથની પ્રવૃત્તિમાં સહભાગિતા અને ભુમિકા

સહભાગી નિરીક્ષણ પદ્ધતિથી અભ્યાસ કરતો સંશોધક અભ્યાસ હેઠળ નક્કી થયેલ જૂથ કે સમુદાયની રોજબરોજની પ્રવૃત્તિમાં સહભાગી બને છે. સંશોધક જે જૂથનો અભ્યાસ કરવા માંગતો હોય તે જૂથનો કોઈ દરજ્જો ધારણ કરી તેને અનુરૂપ પોતાનું વર્તન અથવા સામાજિક ભૂમિકા ભજવતો હોય છે. આ સમુદાયના સભ્યો સંશોધક સંશોધન કરવા આવ્યો છે, તે વાતથી અજાણ હોય છે. જો જૂથના લોકોને સંશોધનના હેતુઓ ખબર પડી જાયતો તે સંશોધકની હાજરીમાં પોતાની વાસ્તવિક ભૂમિકા ભજવતા નથી, માટે સંશોધક હેતુની ગુપ્તતા જળવાઈ રહે તેમાટે જૂથની દરેક પ્રવૃત્તિમાં સહભાગી બની ભૂમિકા ભજવે છે.

### 1.5 અભ્યાસની ગુપ્તતા અને ઓળખ છુપાવવી

સહભાગી નિરીક્ષણ પદ્ધતિથી જયારે અભ્યાસ કરવામાં આવે ત્યારે સંશોધનના હેતુઓથી જેતે જૂથ કે સમુદાય અજાણ હોય છે. માત્ર સંશોધક સંશોધનના હેતુંથી પરિચિત હોય છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં અભ્યાસની ગુપ્તતા ખૂબજ મહત્ત્વની બની રહે છે. જો સંજોગો વસાત અભ્યાસના હેતુઓ જૂથના સભ્યનો ખબર પડી જાય અને સંશોધકની ઓળખ છત્તી થઈ જાય તો આવા સંજોગોમાં અભ્યાસનો હેતુ પડી ભાંગે છે. આમ સહભાગી નિરીક્ષણ પદ્ધતિના માધ્યમથી થતા અભ્યાસોમાં સંશોધક અભ્યાસની ગુપ્તતા અને ઓળખ છુપાવી અભ્યાસક્ષેત્રમાંથી માહિતી મેળવી તથ્યો એકત્ર કરી સંશોધનને અંજામ આપે છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિના પ્રયોગમાં સમય, શ્રમ અને ધનની મર્યાદાઓ સર્જાવાની શક્યતા રહે છે.

### (બ) અસહભાગી નિરીક્ષણ

અસહભાગી નિરીક્ષણ પદ્ધતિના પ્રયોગમાં સંશોધક જેતે સામાજિક જૂથમાં સહભાગી થતો નથી. તે માત્ર મૂકપ્રેક્ષક બની ઘટનાઓનું નિરીક્ષણ કરતો હોય છે. દૂરથી માત્ર નિરીક્ષણ કરી ઘટનાઓને સમજવાનો પ્રયત્ન કરતો હોય છે. સંશોધક સામુદાયિક જીવનમાં ભાગીદાર થવાને બદલે માત્ર બાહ્ય નિરીક્ષણને આધારે સંશોધન કરે છે. આનો એક ફાયદો એ છેકે સંશોધક પોતાને તટસ્થ અને બિનપક્ષપાતી રાખી શકે છે. આ પદ્ધતિની મોટી મર્યાદા એ છેકે, સંશોધક અભ્યાસ જૂથની સમસ્યાઓને પોતાના દ્રષ્ટિકોણથી જોવે છે, જૂથના સભ્યોના દ્રષ્ટિકોણથી નહિ. કેમ કે સંશોધક પોતે જૂથની પ્રવૃત્તિમાં સહભાગી બનતો નથી આને કારણે ઘણીવાર અભ્યાસના વાસ્તવિક તથ્યો

સુધી પહોંચી શકાતું નથી. અસહભાગી નિરીક્ષણમાં સંશોધક ભૌતિક અને માનસિક રીતે દુર અને સ્વાભાવિક સ્થિતિમાં સંશોધન કાર્ય કરે છે.

**(ક) અર્ધસહભાગી નિરીક્ષણ**

સહભાગી અને અસહભાગી નિરીક્ષણની કેટલીક મર્યાદાઓને દૂર કરવા માટે અર્ધસહભાગી નિરીક્ષણ પદ્ધતિથી અભ્યાસનું સુચન ગુડે અને હટે કર્યું છે. અર્ધસહભાગી નિરીક્ષણ એ, સહભાગી અને અસહભાગી નિરીક્ષણની મર્યાદાઓનો દૂર કરવાનો મધ્યવર્તી ઉપાય છે. અર્ધસહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી સંશોધક કોઈ જૂથ કે સમુદાયનો અભ્યાસ કરે ત્યારે અમુક-અમુક સમયના અંતરે જૂથમાં સહભાગી બની માહિતી પ્રાપ્ત કરે છે. માહિતી મેળવ્યા પછી તે પોતાના વાસ્તવિક સામાજિક જીવનમાં પરત ફરે છે. પરત ફરી એહવાલ લેખન કરતા કોઈ માહિતી છુટી ગઈ હોયતો ફરી તે જૂથની પ્રવૃતિમાં સહભાગી બને છે. જેમકે આદિવાસી સમુદાયમાં લગ્ન અંગેના રીવાજો, પરંપરા અંગે અભ્યાસ કરતા હોઈએ ત્યારે માત્ર લગ્ન સમય દરમ્યાન તે જૂથની પ્રવૃતિમાં સંશોધક સહભાગી બને છે, અને લગ્ન પછી તે પોતાના મૂળ સામાજિક જીવનમાં પરત ફરે છે. આને અર્ધસહભાગી નિરીક્ષણ કહેવાય છે.

### 14.4.2 નિયંત્રિત નિરીક્ષણ

નિયંત્રિત નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ પ્રાકૃતિક વિજ્ઞાનમાં થતો આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી સામાજિક વિજ્ઞાનોમાં નિયંત્રિત નિરીક્ષણ દ્વારા અભ્યાસો શક્ય બન્યા છે જેમાં સંશોધક અને તેની ટીમ મશીનરીની જેમ કાર્યરત હોય છે. સામાજિક ઘટનાઓ અને પ્રયોગપાત્ર સમક્ષ અમુક પૂર્વ નિર્ધારિત સમસ્યા કે પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે, અને વ્યક્તિ કે જૂથ તે સમસ્યાનું સમાધાન લાવવા કેવા પ્રયત્નો કરે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. આવા અભ્યાસોમાં સંશોધક અને સામાજીક પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જોકે વ્યક્તિના વર્તન અને સામાજિક પરિસ્થિતિ પર સંપૂર્ણ નિયંત્રણ શક્ય નથી, તેથી આ પ્રકારના અભ્યાસો ઘણા ઓછા થાય છે.

### 14.4.3 સામુહિક નિરીક્ષણ

સામુહિક નિરીક્ષણ પદ્ધતિમાં એકથી વધારે સંશોધક કોઈ એક સમાન સામાજિક ઘટનાઓનું નિરીક્ષણ કરી અભ્યાસ કરતા હોય છે. સમાન સામાજિક ઘટના કે સમસ્યાઓનો અભ્યાસ કરવાવાળા અનેક સંશોધકો જુદાજુદા પાસાઓના અભ્યાસમાં નિષ્ણાત હોય છે. આનાથી એક ફાયદો એ થાય છેકે એકજ સામાજિક ઘટના કે સમસ્યાના અનેક પાસાઓનું નિષ્ણાત સંશોધકો દ્વારા અભ્યાસ શક્ય બને છે. જેમકે એક ઘટનાઓના સામાજિક, આર્થિક, ધર્મિક, સાંસ્કૃતિક વગેરે પાસાઓનો અભ્યાસ જુદાજુદા નિષ્ણાત સંશોધકો દ્વારા સામુહિક નિરીક્ષણ પદ્ધતિના માધ્યમથી અભ્યાસ કરવામાં આવે છે.

## 14.5 સારાંશ

સમાજજીવન અને સામાજિક સંબંધોની પ્રકૃતિ ગુણાત્મક સ્વરૂપની છે. સમાજજીવનના વાસ્તવિક જ્ઞાન સુધી પહોચવા માટે સંશોધનમાં ગુણાત્મક સંશોધન પદ્ધતિઓનો ઉપયાગ ઘણો

મહત્ત્વનો કહી શકાય. સહભાગી નિરીક્ષણ એક ગુણાત્મક સંશોધન પદ્ધતિ છે. જેનો ઉપયોગ ઘણા સમયથી સામાજિક વિજ્ઞાનો અને તેમાંય ખાસ કરીને સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્રમાં આદિવાસી સમુદાયોના અભ્યાસ માટે થતો આવ્યો છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિના ઉપયોગથી અભ્યાસ કરતા પહેલા યોગ્ય સંશોધન ડિઝાઈન તૈયાર કરી, તાલીમ પામેલ સંશોધક જૂથજીવનના અભ્યાસને શક્ય બનાવી શકે છે.

## 14.6 તમારી પ્રગતિ ચકાસો. :

(1) નિરીક્ષણનો અર્થ અને વ્યાખ્યા આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) નિરીક્ષણના કોઈપણ બે લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) નિરીક્ષણના પ્રકારો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) સહભાગી નિરીક્ષણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) સામૂહિક નિરીક્ષણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 14.7 સ્વાધ્યાયના પ્રશ્નો :

(1) નિરીક્ષણની વ્યાખ્યા, અર્થ અને પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) નિરીક્ષણના પ્રકારોની ટૂંકમાં ચર્ચા કરો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સહભાગી નિરીક્ષણ પદ્ધતિના લક્ષણો સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) સહભાગી નિરીક્ષણ પદ્ધતિનું મહત્ત્વ અને મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 14.8 સંદર્ભ-સૂચિ :


(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડિઝાઇન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિદ્યુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20ઃ અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોસીયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

એકમ 15

# નિરીક્ષણની ઉપયોગિતા અને મર્યાદાઓ

-: રૂપરેખા :-

**15.0 ઉદ્દેશ્યો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 નિરીક્ષણની ઉપયોગિતા અને મર્યાદાઓ**

**15. 3 અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતા અને મર્યાદાઓ.**

**15.4 સારાંશ**

**15.5 તમારી પ્રગતિ ચકાસો.**

**15.6 ઉપયોગી પ્રશ્નો**

**15.7 સંદર્ભ-સૂચિ**

## 15.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- નિરીક્ષણ વિશેની માહિતી સમાજશાસ્રીય દષ્ટિકોણથી મેળવી શકશો.
- નિરીક્ષણની સંશોધનમાં રહેલી ઉપયોગીતા વિશેની માહિતી મેળવી શકશો.
- નિરીક્ષણની મર્યાદાઓ વિશે જાણી શકશો.
- સહભાગી તથા અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગીતા અને મર્યાદાઓ વિશે જાણી શકશો.

## 15.1 પ્રસ્તાવના :

સમાજશાસ્ત્રના નિરંતર વિકાસમાં નિરીક્ષણ પદ્ધતિનો ઘણો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ગુણાત્મક માહિતી પ્રાપ્ત કરવાના હેતુથી થતા અભ્યાસોમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિ મહત્ત્વની સાબિત થઇ છે. સમાજની પ્રકૃતિ અને સ્વરૂપ ગુણાત્મક છે, સમાજશાસ્ત્ર સામાજિક સંબંધો, વહેવારો, જૂથજીવન, મુલ્યો, ધોરણો, સંસ્કૃતિ વગેરેનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રમાં ગુણાત્મક માહિતી મેળવવાના સંદર્ભમાં થતા અભ્યાસોમાં ગુણાત્મક સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી સંશોધન પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિ આદિવાસી સમુદાયના અભ્યાસોમાં મહત્ત્વની કહી શકાય. સામાજિક માનવશાસ્ત્રમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી ભૂતકાળમાં અનેક અભ્યાસો થયા છે. અંગ્રેજોના સમયમાં ભારતના આદિવાસી સમાજના અભ્યાસ માટે શરૂઆતમાં માનવશાસ્ત્રીઓ દ્વારા સહભાગી નિરીક્ષણ પદ્ધતિથી અભ્યાસો શરુ થયા હતા.

સમાજશાસ્ત્રીય સંશોધનમાં બે પ્રકારની માહિતીની જરૂરિયાત રહેતી હોય છે. એક સંખ્યાત્મક અને બીજી ગુણાત્મક. સંખ્યાત્મક માહિતી માટે સમાજશાસ્ત્રમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે, જયારે ગુણાત્મક માહિતી માટે સહભાગી નિરીક્ષણ, કેસ સ્ટડી, એફ.જી.ડી.

વગેરે પદ્ધતિનો ઉપયોગ થાય છે. દરેક સંશોધન પદ્ધતિની કોઈને કોઈ મર્યાદાઓ તેમજ મહત્ત્વ જરૂર હોય છે. એક પદ્ધતિની મર્યાદાઓ બીજી પદ્ધતિના ઉપયોગથી દૂર કરી શકાય છે. માટે સામાજિક વિજ્ઞાનમાં સંશોધકે પોતાના સંશોધનમાં એકથી વધારી સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવો હિતકારી છે. અહિયાં આપણે સહભાગી અને અસહભાગી નિરીક્ષણ પદ્ધતિનું મહત્ત્વ(ઉપયોગિતા) અને મર્યાદાઓની ચર્ચા કરીએ.

## 15.2 નિરીક્ષણની ઉપયોગિતા અને મર્યાદાઓ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિ એક ગુણાત્મક સંશોધન પદ્ધતિ છે. જેની ઉપયોગિતા નીચે મુજબ કહી શકાય.

### 15.2.1 સહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતા

#### 15.2.1 પ્રત્યક્ષ અભ્યાસ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક અભ્યાસ હેઠળના સંશોધનક્ષેત્રમાં કોઈ દરજ્જો ધારણ કરી તેને અનુરૂપ ભૂમિકા ભજવતો હોય છે, એટલેકે સંશોધનમાં સંશોધકની જૂથમાં પ્રત્યક્ષ હાજરી હોય છે. જૂથના દરેક કાર્યમાં સંશોધકની પ્રત્યક્ષ હાજરી હોવાથી ઘટનાને સમજી તેના તથ્યો સરળતાથી એકત્ર કરી તેની પુનઃ ચકાસણી શક્ય બને છે. અભ્યાસની પાર્શ્વ ભૂમિકામાં સંશોધકની હાજરીને કારણે દરેક સામાજિક ઘટનાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાની તક મળે છે. આમ સામાજિક ગુણાત્મક સંશોધનોમાં પ્રત્યક્ષ અભ્યાસ માટે સહભાગી નિરીક્ષણ પદ્ધતિ સવિશેષ ઉપયોગી બની રહે છે.

#### 15.2.2 ઊંડાણપૂર્વક અને સુક્ષ્મ અભ્યાસ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિ સમાજ અને તેમાં બનતી ઘટનાઓના ઊંડાણપૂર્વક અને સુક્ષ્મ અભ્યાસો કરવામાં ઘણી ઉપયોગી છે. સમાજ એ ઐતહાસિક સમયથી સામાજિક ઉત્ક્રાંતિના દરેક તબકકે ગુણાત્મક રહ્યો છે. માટે સમાજ અને તેની ઘટનાઓની વાસ્તવિક સમજ પ્રાપ્ત કરવા માટે સહભાગી નિરીક્ષણ પદ્ધતિ ઘણી મહત્ત્વની બની રહે છે. સહભાગી નિરીક્ષણમાં સંશોધક અભ્યાસક્ષેત્રમાં સહભાગી બની અભ્યાસ જુથનો ઊંડાણપૂર્વકનો સૂક્ષ્મ અભ્યાસ કરે છે. અભ્યાસ જૂથના તમામ પાસાઓનો અભ્યાસ સહભાગી નિરીક્ષણથી કરવામાં આવે છે.

#### 15.2.3 વાસ્તવિક વ્યવહારનો અભ્યાસ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી સંશોધનોમાં સંશોધક પોતે અભ્યાસક્ષેત્રમા હાજર હોય છે, જેથી અભ્યાસ જુથમાં બનતી ઘટનાઓના વાસ્તવિક સ્વરૂપને જોઈ-જાણી શકે છે. સર્વેક્ષણ પદ્ધતિથી થતા અભ્યાસોમાં સંશોધકને વાસ્તવિક વ્યવહારોનું નિરીક્ષણ કરવાનો અવકાશ મળતો નથી, તેમાં માત્ર ઉત્તરદાતાઓ પાસે પ્રશ્નો પૂછી

મેળવેલ માહિતીને આધારે તારણો તારવવામાં આવે છે, જેમાં ઘણીવાર માહિતી ખોટી આપી હોય તેવું પણ બને. પરંતુ સહભાગી નિરીક્ષણ દ્વારા થતા અભ્યાસોમાં સંશોધક અભ્યાસ ક્ષેત્રમા પોતે હાજર રહી ઘટનાઓના વાસ્તવિક વ્યવહારો સંબધિત માહિતી મેળવે છે. જેથી અભ્યાસ વધુ વિશ્વસનીય બને છે.

### 15.2.4 તથ્યોની પુનઃચકાસણી શક્ય બને છે.

સહભાગી નિરીક્ષણ પદ્ધતિ દ્વારા થતા અભ્યાસમાં સંશોધક પોતે જે સમુદાયનો અભ્યાસ કરે છે, તેમાં સહભાગી બને છે. લાંબા સમયની સહભાગીતાને કારણે મેળવેલ માહિતીના તથ્યોની પુનઃચકાસણીની તક મળી રહે છે.

આમ સહભાગી નિરીક્ષણનું મહત્ત્વ કે ઉપયોગિતા ટૂંકમાં જોઈએ તો સહભાગી નિરીક્ષણ પદ્ધતિ એક ગુણાત્મક સામાજિક સંશોધન પદ્ધતિ છે જેમાં અભ્યાસ હેઠળના જૂથ કે સમુદાયનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવે છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક જેતે જૂથના અભ્યાસ માટે જૂથનો સભ્ય બની તેની ભુમિકા સ્વીકારી માનવીય વ્યવહારના સ્વાભાવિક પાસાઓનો અભ્યાસ કરે છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિથી થતા અભ્યાસોમાં અભ્યાસ હેઠળના જૂથની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. તથ્યોની વાસ્તવિકતા અને વિશ્વનીયતા તપાસવાનો અવકાશ મળે છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિથી અભ્યાસ હેઠળના સમુદાયની ઈતિહાસથી લઈ વર્તમાન સમય સુધીની માહિતી મેળવવાની તક મળે છે. ઈતિહાસ અને વાસ્તવિકતાની સમજ મેળવી શકાય છે. જૂથ જીવનના સર્વાંગી પાસાઓની સમજ પ્રાપ્ત થાય છે.

## 15.2.2 સહભાગી નિરીક્ષણ પદ્ધતિની મર્યાદાઓ

### 15.2.1 પૂર્ણ સહભાગીપણું શક્ય નથી.

સંશોધક જે જૂથ કે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરતો હોય તેમાં સંપૂર્ણ સહભાગી થઈ શકતો નથી. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે, સંશોધક ભલે અભ્યાસ હેઠળના જૂથમાં સામેલ થાય પરંતુ તેના મૂળ જૂથની વિચારધારાનો તેના પર પ્રભાવ રહેતો હોય છે. સંશોધકની ઉંમર, જાતિ અને તેની સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિની ભિન્નતાને કારણે તે અભ્યાસ હેઠળના જૂથમાં સંપૂર્ણ સહભાગી થઈ શકતો નથી.

### 15.2.2 જૂથના વ્યવહારોમાં પરિવર્તન

કેટલાક સંજોગોમાં સંશોધકની હાજરીને કારણે અભ્યાસ હેઠળના જૂથના વ્યક્તિઓનું વર્તન-વ્યવહાર પરિવર્તન પામતા હોય છે, સંશોધકની હાજરી જૂથના અન્ય સભ્યોના વર્તનને પ્રભાવિત કરી

શકે છે. સભ્યાસ હેઠળના જૂથમાં સંશોધકને કોઈ વિશેષ દરજ્જો આપી દેવામાં આવેતો આવા સંજોગોમાં જૂથના સભ્યોનું વર્તન બદલાઈ જાય છે. આવી સ્થિતિમાં સંશોધકનું વાસ્તવિક નિરીક્ષણ કરી શકતો નથી.

### 15.2.3 અપરિચિતતાનો ગેરલાભ

સંશોધક માત્ર સંશોધનના હેતુઓ માટે અભ્યાસ હેઠળના જૂથજીવનમાં સહભાગી બનતો હોવાથી તેની અપરિચિતતાનો ગેરલાભ થવાની શક્યતાઓ રહે છે. જૂથના વ્યક્તિઓ અપરિચિત વ્યક્તિની સામે પોતાનું વાસ્તવિક વર્તન ના કરે તેવુપણ બની શકે, જેથી સંશોધનના હેતુઓ તથ્યો સુધી પહોંચવામાં મુશ્કેલીઓ આવી શકે છે.

### 15.2.4 વધારે સમય અને ખર્ચ

સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી થતા સંશોધનોમાં વધારે સમય અને ખર્ચ થતો હોય છે. સર્વેક્ષણ પદ્ધતિની તુલનામાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં તથ્યો સુધી પહોંચવામાં ઘણો લાંબો સમય લાગી શકે છે.

### 15.2.5 વસ્તુલક્ષિતાના પ્રશ્નો

સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક અભ્યાસ હેઠળના જૂથમાં સહભાગી બને છે, આવા સંજોગોમાં બહારથી આવેલ વ્યક્તિ હોવાને કારણે જૂથના સભ્યો પર તેની હાજરીનો પ્રભાવ પડે છે અને કૃત્રિમ વર્તન કરી શકે છે, આવા સંજોગોમાં સંશોધનના વાસ્તવિક હેતુઓ પ્રભાવિત થાય છે. ઘણીવાર સંશોધનમાં વસ્તુલક્ષિતાની મર્યાદાઓ ઊભી થાય છે. સંશોધક ઘણીવાર પોતાને અભ્યાસ હેઠળના જૂથ જીવનમાં ઓતપ્રોત કરી દે છે. જેથી સંશોધક તરીકેની વાસ્તવિક તટસ્થતા ગુમાવી બેસે છે, જેને કારણે સંશોધન પ્રભાવિત થવાની શક્યતાઓ રહે છે. સંશોધક સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો પ્રયોગ કરી જેતે જૂથનો અભ્યાસ કરે છે ત્યારે, તે જૂથની ભુમિકાગ્રહણની સમસ્યા ઊભી થવાની સંભાવના રહે છે, સંશોધકની બિનપરિચિતતાનો લાભ અને ગેરલાભ થઈ શકે છે.

## 15.3 અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતાઓ અને મર્યાદાઓ

### 15.3.1 અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતાઓ

(1) અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતાથી યથાર્થતાનો લાભ પ્રાપ્ત થાય છે કેમકે આ પ્રકારના નિરીક્ષણમાં સંશોધક જૂથ કે સમૂહના કાર્યોમાં ભાગ લેતો નથી જેથી ઘટનાનું યોગ્ય નિરીક્ષણ કરી શકે છે. સાથેસાથે પક્ષપાતી વલણથી બચી શકે છે.

(2) અસહભાગી નિરીક્ષણમાં વિશ્વસનીય સૂચનાઓની પ્રાપ્તિ થાય છે. સીધા પ્રશ્નો પૂછવામાં ક્યારેક ઉત્તરદાતા ખોટું પણ બોલી શકે છે, જયારે અસહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં તો સંશોધક પોતે ઘટનાઓનું નિરીક્ષણ કરી શકે છે.

(3) સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક પોતાની ઓળખ છુપાવે છે જયારે અસહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક જેતે જૂથના સભ્યોને સામેથી પોતાની ઓળખ અને અભ્યાસની માહિતી આપે છે જેથી તેને આદર અને સાચી માહિતી મળવાની સંભાવના વધી જાય છે.

(4) સહભાગી નિરીક્ષણની તુલનામાં અસહભાગી નિરીક્ષણ પદ્ધતિના ઉપયોગથી સમય અને ધનનો બચાવ થાય છે. અસહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં સંશોધક પ્રસંગોપાત અભ્યાસ જૂથની મુલાકાત લેતો હોય છે જેથી સમય અને નાણાંનો બચાવ થાય છે.

### 15.3.2 અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની મર્યાદાઓ

(1) અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની પ્રથમ મર્યાદા એ છે કે, સંશોધક ઘણી ઘટનાઓથી અપરિચિત રહી જાય છે. ઘટનાઓમાં સહભાગી ન થવાને કારણે ઘણી ઘટનાઓ અને ક્રિયાઓને સમજવા અસમર્થ બની જાય છે. ઘટનાઓમાં સહભાગી ન બનવાને કારણે તે પોતાના દ્રષ્ટિકોણથી ઘટનાઓને તપાસે છે, વાસ્તવમાં તેને જૂથના સભ્યોના દ્રષ્ટિકોણથી ઘટનાને તપાસવાની હોય છે.

(2) સંપૂર્ણ અસહભાગી નિરીક્ષણ શક્ય નથી. તેવું ઘણા વિદ્વાનો માને છે.

(3) એક અપરિચિત વ્યક્તિ તરફ જૂથના સભ્યો શંકાથી જોતા હોય છે, સંશોધકની હાજરીમાં વાસ્તવિક ઘટનાઓ ઘટિત ન થાય તેવું પણ બને. અને જો ઘટનાઓ બને તો સમુદાયના વ્યવહારમાં કુત્રિમતા પણ હોઈ શકે. આ પ્રકારની સંભાવનાઓ સંશોધનમાં અનેક માર્યદાઓ ઊભી કરી શકે છે.

## 15.4 સારાંશ

સમાજશાસ્ત્રમાં સંશોધનની સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પદ્ધતિઓ વિકાસ પામી છે. સમય સાથે જેમજેમ સંશોધનની નવીનવી શાખાઓ વિકાસ પામે છે તેમ તેમ સંશોધનની નવી નવી પદ્ધતિઓનો વિકાસ-વિસ્તાર થતો રહે છે. સામાજિક વિજ્ઞાનની એક પદ્ધતિની મર્યાદાઓમાંથી, અન્ય સંશોધન પદ્ધતિનો વિકાસ થતો હોય છે. જેમ જુના સિદ્ધાંતોની મર્યાદાઓ માંથી નવા સિદ્ધાંત રચવાનો પરિપેક્ષ્ય મળી રહે છે, તેમ જૂની સંશોધન પદ્ધતિની મર્યાદાઓમાંથી નવીનવી સંશોધન પદ્ધતિ અંગેના નવા દ્રષ્ટિકોણ પ્રાપ્ત થતા હોય છે. સામાજિક વિજ્ઞાનના સંશોધનમાં, વાસ્તવિક તથ્યો સુધી પહોંચવા માટે એકથી વધારે સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવો હિતકારક કહી શકાય.

## 15.5 તમારી પ્રગતિ ચકાસો. :

(1) પ્રત્યક્ષ અભ્યાસ એટલે શું ?

..............................................................................

....................................................................
....................................................................
....................................................................
....................................................................

(2) પૂર્ણ સહભાગીપણું શક્ય નથી, કેમ ?

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

(3) વસ્તુલક્ષિતાના પ્રશ્નો એટલે શું ?

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

## 15.6 ઉપયોગી પ્રશ્નો :

(1) સહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતા અને મર્યાદાઓ સમજાવો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

(2) અસહભાગી નિરીક્ષણ પદ્ધતિની ઉપયોગિતા અને મર્યાદાઓ સમજાવો.

....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 15.7 સંદર્ભ-સૂચિ :


(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડિઝાઇન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિદ્યુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20ઃ અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

એકમ 16

# પ્રશ્નાવલીનો અર્થ, લક્ષણો, પ્રકારો, મહત્ત્વ અને મર્યાદાઓ

-: રૂપરેખા :-

**16.0 ઉદ્દેશ્યો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 પ્રશ્નાવલીની વ્યાખ્યા અને અર્થ**

**16.3 પ્રશ્નાવલીના લક્ષણો**

**16.4 પ્રશ્નાવલીના પ્રકારો**

**16.5 પ્રશ્નાવલીનું મહત્ત્વ**

**16.6 પ્રશ્નાવલીની મર્યાદાઓ**

**16.7 સારાંશ**

**16.8 તમારી પ્રગતિ ચકાસો.**

**16.9 ઉપયોગી પ્રશ્નો**

**16.10 સંદર્ભ-સૂચિ**

## 16.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ અભ્યાસનાં એકમ બાદ તમે,

- પ્રશ્નાવલીની વ્યાખ્યા જાણી શકશો
- પ્રશ્નાવલીનાં સમાજશસ્ત્રીય લક્ષણો જાણી શકશો.
- પ્રશ્નાવલીનાં પ્રકારો વિષયક માહિતી મેળવી શકશો.
- પ્રશ્નાવલીના સમાજશાસ્ત્રીય મહત્વવિશે સમજ મેળવી શકશો
- પ્રશ્નાવલીની મર્યાદા વિશે માહિતગાર થઈ શકશો.

## 16.1 પ્રસ્તાવના :

સંશોધન એક પ્રક્રિયા છે, જેમાં સંશોધનપ્રશ્નની પસંદગીથી લઇ તારણો સુધી પહોંચવા માટે જુદાજુદા તબક્કાઓમાંથી પસાર થાવનું હોય છે. સંશોધન પ્રશ્ન કે હેતુઓ, સંશોધન વિસ્તાર અને સંશોધન પદ્ધતિના તબક્કાઓ માંથી પસાર થઇ ઉત્તરદાતાઓ પાસેથી કઈ પ્રયુક્તિના માધ્યમથી માહિતી મેળવવાની છે, તે નક્કી કરવાનો તબક્કો આવે છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ કે એકમોની લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખી માહિતી મેળવવાની પ્રયુક્તિ પસંદ કરવામાં આવે છે. માહિતી મેળવવાના ત્રણ સાધનો છે, મુલાકાત અનુસૂચિ, મુલાકાત માર્ગદર્શિકા અને પ્રશ્નાવલી. સંશોધનક્ષેત્રના ઉત્તરદાતાઓ વિશાળ ક્ષેત્રમા ફેલાયેલ, શિક્ષીત અને એક સમાન લાક્ષણિકતા ધરાવતા હોય તો પ્રશ્નાવલીનો ઉપયોગ કરી સંશોધનના હેતુઓને અનુરૂપ માહિતી પ્રાપ્ત કરી શકાય. મોટેભાગે પ્રશ્નાવલી ટૂંકી, સરળ અને 'હા' કે 'ના' માં

જવાબ મેળવવા માટે ઉપયોગી છે. સંશોધક જાતે, ટપાલ કે ઈમેલ દ્વારા પ્રશ્નાવલી મોકલી ઉત્તરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. પ્રશ્નાવલી પ્રયુક્તિ સંખ્યાત્મક માહિતીની અથવા તો પ્રાથમિક માહિતી મેળવવાના અભ્યાસ હેતુથી ઉપયોગમાં લેવામાં આવે છે.

## 16.2 પ્રશ્નાવલીની વ્યાખ્યા અને અર્થ

પ્રશ્નાવલી એ શ્રેણીબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે, જેના માધ્યમથી સંશોધક પોતાના અભ્યાસ હેતુઓને કેન્દ્રમાં રાખી અભ્યાસના એકમો પાસેથી પ્રાથમિક તથ્યો કે માહિતી પ્રાપ્ત કરે છે. પ્રશ્નાવલી એક પ્રયુક્તિ છે, જેમાં તૈયાર કરેલા પ્રશ્નોને રૂબરૂ, ટપાલ કે ઈમેલ દ્વારા અભ્યાસના ઉત્તરદાતાઓ પાસે મોકલવામાં આવે છે. જેમાં ઉત્તરદાતા જાતે માહિતી ભરે છે. પ્રશ્નાવલી તૈયાર કરતા સમયે એ બાબતની કાળજી રાખવામાં આવે છે કે, તેમાં મુકેલા પ્રશ્નો સરળ અને સમજી શકાય તેવા હોય.

લુંડબર્ગના મતે ''સામાન્ય રૂપથી પ્રશ્નાવલીનો અર્થ ઉત્તર પ્રાપ્ત કરવાની એવી પ્રયુક્તિથી છે, જેમાં એક પત્રકનો ઉપયોગ કરવામં આવે છે, જેને ઉત્તરદાતા જાતે ભરે છે'' (મુખર્જી રવીન્દ્રનાથઃ1972:283)

બોગાર્ડસના મતે ''પ્રશ્નાવલી વિભિન્ન વ્યક્તિઓને ઉત્તર આપવા માટે આપવામાં આવેલ એક તાલિકા છે'' ( મુખર્જી રવીન્દ્રનાથઃ1972:284)

શ્રીમતી યંગના મતે ''અનુસૂચિની જેમ પ્રશ્નાવલી બહુસંખ્ય, વિભિન્ન તથા છુટા-છવાયા વ્યક્તિઓ કે સમૂહો પાસેથી તથ્યો પ્રાપ્ત કરવા માટે તૈયાર કરવામાં આવે છે. આ પ્રશ્નાવલીના જવાબો આપવા માટે ઉત્તરદાતાઓને ટપાલ દ્વારા મોકલવામાં આવે છે. એકવાર પ્રશ્નાવલી મોકલ્યા બાદ કોઈ સહાયતા કરી શકાતી નથી'' (એચ.કે રાવતઃ1985:194)

ઓક્ષફર્ડ ડિક્ષનરી ઓફ સોસિયોલોજી મુજબ અર્થ કરીએતો ''પ્રશ્નાવલી એ પ્રશ્નોનું બનેલું પત્રક છે, જેમાં બંધ અને ખુલ્લા સ્વરૂપના પ્રશ્નો હોય છે જે મોટેભાગે સર્વેક્ષણમાં માહિતી પ્રાપ્ત કરવા માટેની પ્રયુક્તિ છે. પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે. પ્રશ્નાવલીનું કોમ્પ્યુટર દ્વારા વર્ગીકરણ કરી શકાય છે. પ્રશ્નાવલીમાં એવા પ્રશ્નો સ્પષ્ટ અને સરળ હોય. પ્રશ્નાવલી વિશાળક્ષેત્રમા ફેલાયેલા ઉત્તરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરી શકે છે.'' (John Scott and Gordonmarshall: 2009:621-622)

સમાજશાસ્ત્રી વિદ્યુત જોષીના મતે ''સંશોધન માટે માહિતી એકત્ર કરવા માટે બનાવેલ પ્રશ્નોનું પત્રક, જેમાં પશ્નોના જવાબો ઉત્તરદાતા જાતે ભરે છે. પ્રશ્નાવલી ટપાલ દ્વારા કે હાથોહાથ વહેંચી શકાય.

જેમાં નિશ્ચિત, સ્પષ્ટ અને પૂર્વયોજિત (પૂર્વ રચિત) પ્રશ્નો હોય છે, તેને નિયોજિત (સ્ટ્રકચર) પ્રશ્નાવલી કહે છે. આવી પ્રશ્નાવલીમાં પ્રશ્નો માર્યાદિત હોય છે તથા તેના ઘડતરમાં સંપૂર્ણ સાવધાનીની જરૂર રહે છે.

જયારે નિશ્ચિત પ્રશ્નો અને તેના જવાબમાં સ્પષ્ટ વિકલ્પો આપવાને બદલે એવા ખુલ્લા સવાલો પૂછાય, જેના જવાબો ઉત્તરદાતા પોતાની ઈચ્છા મુજબ આપી શકે, તેને બિનનિયોજિત પ્રશ્નાવલી કહે છે.

જ્યારે સંશોધનક્ષેત્ર વિશાળ હોય અને અંતર વધારે હોય ત્યારે ટપાલ મારફતે મોકલવામાં આવતી પ્રશ્નાવલીને ટપાલ દ્વારા મોકલાતી પ્રશ્નાવલી કહે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં સ્પષ્ટ વ્યવહાર અને ચોક્કસ પ્રતિભાવની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી બને છે.'' (જોષી વિદ્યુત:2016:94)

## 16.3 પ્રશ્નાવલીના લક્ષણો

### 16.3.1 શ્રેણી બંધ પશ્નોનું બનેલું પત્રક

પ્રશ્નાવલી સંશોધનના હેતુઓના સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલ શ્રેણી બદ્ધ પ્રશ્નોનું માળખું છે. સંશોધક જયારે સંશોધનના માહિતી પ્રાપ્ત કરવાના તબક્કામાં પ્રવેશ કરે છે, ત્યારે અભ્યાસ હેતુઓને કેન્દ્રમાં રાખી બંધ અને ખુલ્લા એમ બંને પ્રકારના પ્રશ્નોની પસંદગી કરી એક પત્રક તૈયાર કરે છે. આ પત્રકમાં એકસમાન પ્રશ્નોની ક્રમબદ્ધ શ્રેણી હોય છે, જેના માધ્યમથી અભ્યાસ હેઠળના એકમો કે ઉત્તરદાતાઓ પાસેથી ભરાવી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે.

### 16.3.2 પ્રશ્નોના ઉત્તર ઉત્તરદાતા જાતે લખે

પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ ત્યારે કરી શકાય જયારે અભ્યાસમાં માટે પસંદગી પામેલ ઉત્તરદાતાઓ શિક્ષિત હોય, કેમકે પ્રશ્નાવલીના પ્રશ્નોના જવાબ ઉત્તરદાતાએ જાતે ભરવાના હોય છે. અભ્યાસ દરમિયાન સંશોધક પોતાના નક્કી કરેલ સમષ્ટિ કે નિદર્શ તરીકે પસંદ કરેલા એકમો પાસેથી માહિતી પ્રાપ્ત કરવા માટે બનાવેલ પ્રશ્નાવલી ટપાલ દ્વારા કે રૂબરૂમાં પહોંચાડતો હોય છે. આ પ્રશ્નાવાલીના જવાબો ઉત્તરદાતાઓ પોતાના અનુકૂળ સમયમાં ભરી પરત મોકલતા હોય છે.

### 16.3.3 બંધ અને ખૂલ્લાં એમ બંને પ્રકારના પ્રશ્નો

પ્રશ્નાવલી એક શ્રેણીબદ્ધ પ્રશ્નોનું પત્રક છે, જેમાં બંધ અને ખુલ્લા એમ બંને પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી ગુણાત્મક અને સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત કરવા માટે બંધ અને ખુલ્લા અમે બંને સ્વરૂપના પ્રશ્નોનો સમાવેશ પ્રશ્નાવલી પત્રકમાં થાય છે. બંધ સ્વરૂપના પ્રશ્નોના જવાબો નક્કી કરેલા વિકલ્પોમાંથી આપવાના હોય છે, જયારે ખુલ્લા સ્વરૂપના પ્રશ્નોના જવાબ સંશોધનના અનુસંધાનમાં માહિતીદાતા પોતાની સમજશક્તિ અને સૂઝ-બુઝથી વિસ્તાર-પૂર્વક આપતો હોય છે.

### 16.3.4 સંશોધક અને ઉત્તરદાતા વચ્ચેના સીધા સંપર્કનો અભાવ

પ્રશ્નાવલી પ્રયુક્તિ દ્વારા થતા અભ્યાસોમાં સંશોધક ટપાલ, ઈમેલ કે રૂબરૂ જઈ અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓને પત્રકો પહોંચાડવાના હોય છે. પરંતુ પ્રશ્નોના જવાબ આપવ સંદર્ભે સંશોધક અને માહિતીદાતા વચ્ચે કોઈપણ પ્રકારની આંતરક્રિયાનો અભાવ હોય છે. ઉત્તરદાતા જયારે સંબંધિત પ્રશ્નોના જવાબો લખતો હોય ત્યારે સંશોધકની ગેરહાજરી હોય છે. આ પરિસ્થિતિના ફાયદા અને ગેરફાયદા બંને હોય છે. જેમકે માહિતીદાતાને કોઈ પ્રશ્નની સમજ ન પડે તો તેની સ્પષ્ટતા કરવાનો અવકાશ રહેતો નથી. આવા સંજોગોમાં ઘણીવાર પ્રશ્નનું ખોટું અર્થઘટન થવાની સંભાવના રહે છે.

### 16.3.5 શિક્ષિત ઉત્તરદાતાઓ માટે શક્ય

સંશોધનક્ષેત્રના ઉત્તરદાતાઓ લખી-વાંચી શકે તેવા હોવાં જોઈએ, કેમકે પ્રશ્નાવલી પ્રયુક્તિથી થતા અભ્યાસોમાં પ્રશ્નોના જવાબો માહિતીદાતાઓએ જાતે વાંચી લખવાના હોય છે. પ્રશ્નાવલી પ્રયુક્તિ દ્વારા થતા અભ્યાસોમાં ઉત્તરદાતાઓ શિક્ષિત હોવા અનિવાર્ય છે. મુલાકાત અનુસૂચિ દ્વારા કરવામાં આવતા અભ્યાસોમાં ઉત્તરદાતા અભણ હોય તોપણ માહિતી મેળવી શકાય છે, કેમકે સંશોધક પોતે પ્રશ્નો પૂછે છે અને લખે છે જયારે માહિતીદાતા તેના જવાબો આપતા હોય છે. જયારે પ્રશ્નાવલીમાં પ્રશ્નો વાંચવા અને જવાબો લખવાનું બંને કાર્ય ઉત્તરદાતાએ જાતે કરવાનું હોવાથી ઉત્તરદાતા શિક્ષિત હોવા અનિવાર્ય છે.

### 16.3.6 પ્રાથમિક તથ્યો માટેની પ્રયુક્તિ.

સર્વેક્ષણ દ્વારા થતા અભ્યાસોમાં મોટેભાગે સંખ્યાત્મક માહિતી ઉપર ભાર મુકાય છે. ઘણીવાર ગુણાત્મક માહિતીનું બંધ સ્વરૂપના પ્રશ્નોના માધ્યમથી સંખ્યાત્મક રૂપાંતર કરવામાં આવે છે. સર્વેક્ષણ પદ્ધતિથી થતા અભ્યાસોમાં પ્રશ્નાવલી પ્રયુક્તિથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે ત્યારે અભ્યાસના પ્રાથમિક તથ્યો પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન થાય છે. પ્રશ્નાવલી દ્વારા ગુણાત્મક અને ઊંડાણપૂર્વકના અભ્યાસો શક્ય બનતા નથી માટે અભ્યાસની સમષ્ટિ અંગેની પ્રાથમિક માહિતી મેળવવા માટે પ્રશ્નાવલીનો ઉપયોગ થતો હોય છે. માર્કેટ સર્વેમાં પ્રશ્નાવલીનો ઉપયોગ કરી ગ્રાહકની પ્રાથમિક રસ-રૂચિ જાણવાનો પ્રયત્ન થતો હોય છે.

### 16.3.7 ટપાલ, ઈમેલ કે રૂબરૂ મોકલી શકાય

પ્રશ્નાવલીના માધ્યમથી વિશાળક્ષેત્રમાં ફેલાયેલા અભ્યાસ એકમો પાસેથી માહિતી મેળવી અભ્યાસ કરી શકાય છે, કેમકે પ્રશ્નાવલી ટપાલ કે ઈમેલ દ્વારા ઉત્તરદાતાઓ પાસે મોકલી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. આ રીતે વિશાળ સમષ્ટિનો અભ્યાસ સરળ બની જાય છે. આજના ઈન્ટરનેટના યુગમાં ઈમેલ દ્વારા પણ પ્રશ્નાવલી ઈમેલ કરી તેના જવાબો પ્રાપ્ત કરી શકાય છે. "ગુગલ ફોમ" માં પણ પ્રશ્નાવલી મોકલી ઓનલાઈન જવાબો મેળવી શકાય છે. અભ્યાસની સમષ્ટિ સીમિત અને નાની હોયતો સંશોધક પોતે કે કોઈ અન્વેષકો દ્વારા પોતાના અભ્યાસની પ્રશ્નાવલી રૂબરૂ પહોંચાડતા હોય છે.

## 16.4 પ્રશ્નાવલીના પ્રકારો

### 16.4.1 સંરચિત પ્રશ્નાવલી

સંરચિત પ્રશ્નાવલી એટલે સંશોધક સંશોધન કાર્ય શરુ કરતા પહેલા પ્રશ્નોનું પત્રક તૈયાર કરી લે છે. સંશોધનની શરૂઆતમાં તૈયાર કરેલા પ્રશ્નોમાં સંશોધન દરમ્યાન કોઈ સુધારા-વધારા કરવાનો અવકાશ રહેતો નથી. અભ્યાસક્ષેત્ર જયારે વિશાળ હોય ત્યારે પ્રશ્નાવલી દ્વારા માહિતી પ્રાપ્ત કરવાની સરળ બને છે. આવા અભ્યાસોમાં સંરચિત પ્રશ્નાવલી ઘણી ઉપયોગી સાબિત થાય છે. મોટેભાગે સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા થતા અભ્યાસોમાં સંરચિત પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવતી હોય છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી પહેલેથી પ્રશ્નાવલી તૈયાર કરી લેવામાં આવે છે, જેમાં મોટેભાગે

સંખ્યાત્મક માહિતીના પ્રશ્નો વધારે હોય છે.

### 16.4.2 અસંરચિત પ્રશ્નાવલી

અસંરચિત પ્રશ્નાવલીમાં સંશોધન માટેના પ્રશ્નો પહેલેથી નક્કી કરવામાં આવતા નથી. આ પ્રકારની પ્રશ્નાવલીમાં અભ્યાસના મુદાઓની નોંધ કરવામાં આવે છે. ઉત્તરદાતાઓ પાસેથી કયા કયા પાસાઓના સંદર્ભમાં માહિતી મેળવવાની છે તેની સૂચનાઓ નોંધવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલી મુલાકાત માર્ગદર્શિકાની ગરજ સારે છે. વાસ્તવમાં આને મુલાકાત માર્ગદર્શિકા તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ સંશોધક યંગ આ સ્વરૂપને અસંરચિત પશ્નાવલી કહે છે.

### 16.4.3 બંધ સ્વરૂપના પ્રશ્નોવાળી પ્રશ્નાવલી

આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નો અને તેના જવાબો વિકલ્પ સ્વરૂપે આપી દેવામાં આવે છે. વિકલ્પોમાં આપેલ જવાબોમાંથી ઉત્તરદાતાઓએ પોતાનો જવાબ નોંધવાનો હોય છે. ઉદાહરણ તરીકે જોઈએતો,

પ્રશ્ન. (1) રાષ્ટ્રીય એકતા માટે કયું સાધનઃ સૌથી મહત્ત્વનું છે?

(અ) રેડિયો (બ) સમાચારપત્રો (ક) ટેલિવિઝન (ડ) ભાષણ

પ્રશ્ન (2) કૌટુંબિક ઝઘડાઓનો તમારા પર કેવો પ્રભાવ પડે છે?

(અ) માનસિક તણાવ (બ) પરિવાર છોડવાની ઈચ્છા (3) આત્મહત્યાનો વિચાર (4) ખૂન કરવાની ઈચ્છા

આમ ઉપરોક્ત પ્રશ્નોના ઉદાહરણો બંધ પ્રકારની પ્રશ્નાવલીના પ્રશ્નોનું સ્વરૂપ સમજાવે છે.

### 16.4.4 ખુલ્લા સ્વરૂપના પ્રશ્નોવાળી પ્રશ્નાવલી

આ પ્રકારની પ્રશ્નાવલીમાં પૂછાતા પ્રશ્નોના જવાબમાં માહિતીદાતાઓ મુક્ત મને વર્ણાત્મક સ્વરૂપે જેવાબ આપી શકે છે. પ્રશ્નોના જવાબમાં વિકલ્પોનું બંધન હોતું નથી. ઉદાહરણ તરીકે,

પ્રશ્ન (1) ગામડાના વિકાસ માટે તમે શું સૂચન કરશો ?

જવાબ : ____________________________________________

પ્રશ્ન (2) ગુજરાતમાં દારૂની સમસ્યાની સમાધાન માટેના પગલા જણાવો ?

જવાબ : ____________________________________________

પ્રશ્ન (3) તમારા મતે બહેનોના ગૃહિણી તરીકેના કાર્ય માટેનો પગાર હોવો જોઈએ ?

જવાબ : ____________________________________________

આમ ઉપરોક્ત પ્રશ્નોના ઉદાહરણ ખુલ્લા પ્રકારના પ્રશ્નોનું સ્વરૂપ છે, જેમાં ઉત્તરદાતા કોઈપણ ઉત્તરના બંધન વિના પોતાના સૂચનો, અભિપ્રાય, વલણો, વિચારો વગેરે લખી શકે છે.

### 16.4.5 ચિત્રમય પ્રશ્નાવલી

પ્રશ્નાવલીમાં જુદાજુદા ચિત્રો દોરી તૈયાર કરવામાં આવેલ પ્રશ્નાવલીને ચિતમય પ્રશ્નાવલી કહેવામાં આવે છે. પ્રશ્નાવલીમાં દોરેલા ચિત્રોને જોઈ ઉત્તરદાતા પોતાનો જવાબ નોધાતા હોય છે. ચિત્રાત્મક પ્રશ્નાવલી ઉત્તરદાતાઓ માટે ઘણી રસપ્રદ બની રહે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો

પ્રશ્ન (1) તમને ગ્રામીણ કે શહેરી સમાજમાં વસવાટ કરવાનું ગમે ?

ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં ગામડું અને શહેરના એમ બે ચિત્ર દોરવામાં આવ્યા હોય, તેમાંથી ઉત્તરદાતાએ પોતાના જવાબ મુજબ ચિત્ર પસંદ કરવાનું હોય છે. આ પસંદગીના માધ્યમથી સંશોધક પોતાને જોઈતી માહિતી મેળવતા હોય છે.

### 16.4.6 મિશ્રિત પ્રશ્નાવલી

મિશ્રિત પ્રશ્નાવલી એ ઉપરોકત તમામ પ્રશ્નોના સ્વરૂપનું મિશ્રણ છે. મિશ્રિત પ્રશ્નાવલીમાં બંધ અને ખુલ્લા એમ બંને પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે. સાથે સાથે અમુક પ્રશ્નોના જવાબો ચિત્રો જોઈ આપવાના હોય છે. ગુણાત્મક અને સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત કરવા માટે મિશ્રિત પ્રશ્નાવલીનો પ્રકાર ઘણો ઉપયોગી સાબિત થાય છે.

આમ ઉપરોક્ત પ્રકારની પ્રશ્નાવલીનો ઉપયોગ સંશોધક સંશોધનના હેતુઓ અને સમષ્ટિની સામાજિક-સાંસ્કૃતિક બાબતોને ધ્યાનમાં રાખી કરતો હોય છે.

## 16.5 પ્રશ્નાવલીનું મહત્ત્વ

કોઈપણ સંશોધન પદ્ધતિ અને પ્રયુક્તિનું મહત્ત્વ અને મર્યાદાઓ બને હોય છે. પ્રશ્નાવલી પ્રયુક્તિનું મહત્ત્વ નીચે મુજબ છે.

### 16.5.1 વિશાળ જનસમુદાયનો અભ્યાસ શક્ય

પ્રશ્નાવલીના માધ્યમ થકી વિશાળ સમષ્ટિમાં ફેલાયેલા ઉત્તરદાતાઓ પાસેથી ટપાલ કે ઈન્ટરનેટના માધ્યમથી અભ્યાસ માટે જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકાય છે. ઈન્ટરનેટ દ્વારા જોઈતી માહિતી માટે સંશોધક ઉત્તરદાતાઓને પ્રશ્નાવલી મોકલી શકે છે અને ઈમેલ દ્વારાજ ભરેલી પ્રશ્નાવલી પરત પણ મેળવી શકાય છે. જ્યાં ઈમેલ શક્ય નથી તેવા દૂરદૂર ફેલાયેલા ઉત્તરદાતાઓને ટપાલ દ્વારા પ્રશ્નાવલી મોકલી અભ્યાસ સંબંધિત માહિતી મેળવી અભ્યાસ કરી શકાય છે.

### 16.5.2 સુવિધાજનક

પ્રશ્નાવલી અન્ય પ્રયુક્તિઓ કરતા ઘણી સરળ અને સુવિધાજનક છે. માહિતીદાતાઓ પાસેથી સંશોધક જુદાજુદા માધ્યમો થકી ઘરે બેઠાબેઠા પોતાના અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી પ્રાપ્ત કરી શકે છે. મુલાકાત અનુસૂચિ દ્વારા થતાં અભ્યાસોમાં સંશોધકે જાતે કે તેના રોકેલા અન્વેષકોના માધ્યમથી દરેક ઉત્તરદાતાઓ પાસે રૂબરૂ જઈ માહિતી મેળવતો હોય છે. જેમાં ઘણો લાંબો સમય, શ્રમ અને પૈસા ખર્ચાતા હોય છે. જયારે પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં પ્રશ્નાવલી ટપાલ કે ઈમેલ દ્વારા મોકલી માહિતી મેળવી શકાય છે. આમ અન્ય પ્રયુક્તિની તુલનામાં પ્રશ્નાવલી સુવિધાજનક છે.

### 16.5.3 ઉત્તરદાતાઓને સ્વત્રંતા

મુલાકાત અનુસૂચિ કે માર્ગદર્શિકામાં સંશોધક પોતે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ પાસે રૂબરૂમાં માહિતી મેળવતો હોય છે. તેથી ઉત્તરદાતાઓને સમયની દષ્ટીએ માહિતી આપવા માટેની સ્વત્રંતા ઓછી મળતી હોય છે આમાં સંશોધકની હાજરીનો પ્રભાવ માહિતીદાતા પર પાડવાની શક્યતાઓ રહે છે. જયારે પ્રશ્નાવલી પ્રયુક્તિમાં પ્રશ્નાવલી ટપાલ કે ઈમેલ દ્વારા મોકલવામાં આવે છે, જેને ઉત્તરદાતા પોતાના અનુકૂળ સમયે મુક્તમને પ્રશ્નોના જવાબો ભરી પરત મોકલતો હોય છે. આમ પ્રશ્નાવલિમાં ઉત્તરદાતાઓને ઘણી બાબતે સ્વતંત્રતાનો અનુભવ થાય છે.

### 16.5.4 તુલનાત્મક અભ્યાસ માટે મહત્ત્વની

પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં મોટેભાગે સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવે છે. પ્રશ્નાવલીમાં સંખ્યાત્મક માહિતીને ગુણાત્મક માહિતીમાં રૂપાંતર કરી તેનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. સંખ્યાત્મક માહિતી થકી બે ઘટનાઓ કે પરિવર્ત્યો વચ્ચે સરળતાથી તુલના કરી શકાય છે. ઉદાહરણ તરીકે જોઈએતો ''આદિવાસી સમુદાય અને બિનઆદિવાસી સમુદાયમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ'' આવા અભ્યાસને તુલાનાત્મક અભ્યાસ કહેવામાં આવે છે.

### 16.5.5 નાણા અને સમયનો બચાવ

પ્રશ્નાવલીનો ઉપયોગ કરવાથી શ્રમ, સમય અને નાણાનો બચાવ કરી શકાય છે. અભ્યાસમાં મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવેતો સંશોધકે માહિતી મેળવવા માટે ઉત્તરદાતાઓનો સંપર્ક કરી સાનુકૂળ સમય મેળવી માહિતી મેળવવા દરેક ઉત્તરદાતાઓ પાસે રૂબરૂ મુલાકાત કરવી પડે છે. જેમાં સમય, શ્રમ અને પૈસા ઘણા વપરાય છે. જયારે પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં પ્રશ્નાવલી ટપાલ દ્વારા કે ઈમેલ કરી ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવાની હોવાથી શ્રમ, સમય અને નાણાનો બચાવ કરી શકાય છે.

### 16.5.6 ગુણાત્મક માહિતીનું સંખ્યાત્મક રૂપાંતર

આગાઉ આપણે પ્રશ્નાવલીના પ્રકારોમાં ચર્ચા કરીકે, પ્રશ્નાવલીમાં મુકવામાં આવતા ગુણાત્મક પ્રશ્નોનું સંખ્યાત્મક પ્રશ્નોમાં વર્ગીકરણ માટે રૂપાંતર કરવામાં આવે છે. જેથી સમાજના ગુણાત્મક પાસાઓનો અભ્યાસ પ્રશ્નાવલી દ્વારા કરી શકાય છે. ઘણીવાર પ્રશ્નાવલીના પ્રશ્નોને કોડીગ અને નંબર આપી દેવામાં આવે છે, જેથી તેનું વર્ગીકરણ એસ.પી.એસ.એસ.(સ્ટેસ્ટીકલ પેકેજ ફોર સોશિયલ સાયન્સ સોફ્ટવેર) દ્વારા સરળતાથી કરી શકાય આમ ગુણાત્મક માહિતીના પ્રશ્નો અને જવાબોનું વર્ગીકરણ પણ સંખ્યાત્મક સ્વરૂપમાં સરળતાથી કરી શકાય છે.

## 16.6 પ્રશ્નાવલીની મર્યાદાઓ

દરેક સંશોધન પદ્ધતિ અને માહિતી મેળવવાની પ્રયુક્તિઓમાં કોઈનેકોઈ મર્યાદા જરૂર

હોય છે. પ્રશ્નાવલી પ્રયુક્તિની કેટલીક મર્યાદાઓ નીચે મુજબ છે.

### 16.6.1 નિરક્ષર ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવાનો અભાવ

પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરી જયારે અભ્યાસ કરવામાં આવે છે ત્યારે અભ્યાસની સમષ્ટિ કે તેમાંથી પસંદ કરેલા ઉત્તરદાતાઓ શિક્ષિત હોવાં અનિવાર્ય છે, કેમકે પ્રશ્નાવલીમાં પ્રશ્નોના જવાબો ઉત્તરદાતાએ જાતે લખવાના હોય છે. આવા સંજોગોમાં અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ લખી-વાંચી શકે તેવા હોવા જોઈએ. નિરક્ષર ઉત્તરદાતાઓના અભ્યાસમાં પ્રશ્નાવલી બિનઉપયોગી બની રહે છે. નિરક્ષર ઉત્તરદાતાઓના અભ્યાસમાં મુલાકત અનુસૂચિ કે માર્ગદર્શિકાનો ઉપયોગ કરવામાં આવે છે.

### 16.6.2 ગુણાત્મક અને ઊંડાણપૂર્વકના અભ્યાસો શક્ય નથી.

પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસો સંખ્યાત્મક માહિતી અને ઘટનાના પ્રાથમિક તથ્યો મેળવવા ઉપયોગી બને છે. સમાજની ગુણાત્મક અને પરિવર્તન પામતી પ્રકૃતિના અભ્યાસમાં પ્રશ્નાવલી એટલી ઉપયોગી સાબિત થતી નથી. પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં વિશાળ સંખ્યા અને ક્ષેત્રમા ફેલાયેલા ઉત્તરદાતાઓ પાસેથી માત્ર પ્રાથમિક સ્વરૂપની માહિતી મેળવવા ઉપયોગી બને છે. પ્રશ્નાવલીથી ગુણાત્મક અને ઊંડાણપૂર્વકના અભ્યાસો શક્ય નથી.

### 16.6.3 પ્રશ્નોની સ્પષ્ટતા અને એકસમાન સમજશક્તિની મર્યાદા.

પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં સંશોધક અભ્યાસ હેઠળની સમષ્ટિના એકમો કે ઉત્તરદાતાઓને પ્રશ્નાવલી ટપાલ, ઈમેલ કે રૂબરૂમાં ભરવા માટે આપી આવે છે, ત્યારબાદ ઉત્તરદાતા પોતાના સાનુકૂળ સમયે તે પ્રશ્નાવલીના પ્રશ્નોના જવાબો ભરતો હોય છે, આ પરિસ્થિતિમાં સંશોધકની ગેરહાજરી હોવાથી પ્રશ્નાવલીના ઘણા પ્રશ્નો ઉત્તરદાતાઓને ન સમજાયતો તે પ્રશ્નોની માહિતી આપવાનું ટાળતા હોય છે. અથવા તો ખોટું અર્થઘટન થાય તેવો ભય પણ રહેતો હોય છે. દરેક ઉત્તરદાતાઓ જુદીજુદી સમજશક્તિથી પ્રશ્નાવલીના પ્રશ્નોના ઉત્તરો ભરતા હોય છે. એકજ પ્રશ્નને જુદાજુદા ઉત્તરદાતાઓ જુદાજુદા દ્રષ્ટિકોણથી સમજતા હોય એવું પણ બની શકે. આવા સંજોગોમાં સંશોધકની ગેરહાજરી ઘણું નુકશાન કરી શકે. અભ્યાસના તથ્યો કે તારણો વાસ્તવિકતા સુધી ન પણ પહોંચી શકે.

### 16.6.4 વિશિષ્ટ સમાન લાક્ષણિકતા જરૂરી.

દરેક વ્યક્તિનું સામાજિકરણ ભિન્ન-ભિન્ન સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણમાં થયું હોય છે. આથી દરેક વ્યક્તિઓમાં એકસમાન લાક્ષણિકતાઓનો અભાવ હોય છે. આવા સંજોગોમાં પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં દરેક ઉત્તરદાતાઓને એક સમાન પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. પ્રશ્નોના ઉત્તર આપતા સમયે સંશોધકની ગેરહાજરી હોવાથી દરેક ઉત્તરદાતા એકજ પ્રશ્નના જુદાજુદા અર્થ કરતા હોય તેવું બની શકે, અને માહિતી ખોટા અર્થઘટન વાળી પ્રાપ્ત થઇ શકે, જે અભ્યાસના તારણોને પ્રભાવી કરે છે. માટે પ્રશ્નાવલી પ્રયુક્તિથી થતા અભ્યાસોના ઉત્તરદાતાઓ એક સમાન વિશિષ્ટ લાક્ષણિકતા

ધરાવતા ન હોયતો અભ્યાસમાં મર્યાદાઓ ઊભી થવાની સંભાવના રહે છે.

### 16.6.5 પ્રશ્નાવલી અધુરી, અપૂરતી અને વિલંબની મર્યાદા.

પ્રશ્નાવલી દ્વારા થતા અભ્યાસોમાં ઘણીવાર નક્કી કરેલ નિદર્શ મુજબ પ્રશ્નાવલી પરત આવતી નથી અને પરત આવેતો તે અધુરી અને અપૂરતી માહિતી ભરેલ હોવાથી અભ્યાસમાં અનેક મર્યાદાઓ ઉભી થાય છે. ઉત્તરદાતાને પ્રશ્નાવલી ટપાલ દ્વાર કે ઈમેલ દ્વારા મોકલવામાં આવે છે, આવા સંજોગોમાં ઘણીવાર માહિતીદાતામાં અભ્યાસની ગંભીરતા અને રસ-રુચિના અભાવે નક્કી કરેલા નિયત સમયમાં પ્રશ્નાવલી ભરીને પરત કરવામાં વિલંબ કરતા હોય છે, જેથી અભ્યાસ નિયત સમય મર્યાદામાં પૂરો થઈ શકતો નથી.

### 16.6.6 વિશ્વસનીયતાનો અભાવ

વિશ્વસનીયતા એટલે "જયારે કોઈ એક વ્યક્તિ અથવા જુદીજુદી વ્યક્તિઓ જુદાજુદા સમયે અને સ્થળે એકજ માપનનો ઉપયોગ કરીને દરેક વખતે સમાન વસ્તુ માપે અને તેનું પરિણામ સમાન આવે તો તેને વિશ્વસનીયતા માપન કહેવામાં આવે છે. માપન સાધનનો ઉપયોગ ગમેતે વ્યક્તિ, ગમે તે સમયે કરે અને સરખું જ માપ આવે તેને વિશ્વસનીયતા કહેવાય"( જોષી વિદ્યુત:2016:144) પ્રશ્નાવલીના માધ્યમથી પ્રાપ્ત કરવામાં આવતી માહિતીમાં ઘણીવાર ઉત્તરદાતાએ પોતે સૂઝ-બૂઝ સાથે માહિતી ભરી છે કે કેમ તેના સવાલો થતા હોય છે. ઘણીવાર ઉત્તરદાતાએ માહિતી પોતે ભરી છે કે અન્ય વ્યક્તિ દ્વારા ભરાવી છે તેના પણ પ્રશ્નો રહેતા હોય છે આવા સંજોગોમાં અભ્યાસની વિશ્વસનીયતાના તારણો જુદાજુદા સમયમાં જુદાંજુદા સંશોધકો દ્વારા તપાસવામાં આવેતો જુદા પડતા હોય છે જેમાં વિશ્વસનીયતાના પ્રશ્નો ઊભા થતાં હોય છે.

## 16.7 સારાંશ :

આમ સંશોધનના વિવિધ તબક્કાઓમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ નક્કી કરવાનો તબ્બકો ઘણો મહત્ત્વનો કહી શકાય. સંશોધકે અભ્યાસના હેતુઓ, સમષ્ટિ, ઉત્તરદાતાઓની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ વગેરે પાસાઓ ધ્યાનમાં રાખી માહિતી મેળવવાની જુદીજુદી પ્રયુક્તિઓમાંથી અભ્યાસને અનુરૂપ પ્રયુક્તિ પસંદ કરવી જોઈએ. સમાજશાસ્ત્રીય સર્વેક્ષણ અભ્યાસોમાં માહિતી મેળવવાની ત્રણ પ્રયુક્તિઓનો સવિશેષ ઉપયોગ થાય છે, એક મુલાકાત અનુસૂચિ, બીજી મુલાકાત માર્ગદર્શિકા અને ત્રીજી પ્રશ્નાવલી. અભ્યાસને વધુ ગુણાત્મક બનાવવા માટે સંશોધકે એકથી વધારે પ્રયુક્તિનો ઉપયોગ કરી સંશોધન કરવું જોઈએ.

## 16.8 તમારી પ્રગતિ ચકાસો. :

(1) પ્રશ્નાવલીની વ્યાખ્યા અને અર્થ આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..................................................................

(2) માહિતી મેળવવાની કઈ-કઈ પ્રયુક્તિઓ છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) પ્રશ્નાવલીના પ્રકારો કયા-કયા છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) પ્રશ્નાવલીના કોઈપણ ત્રણ મહત્ત્વના લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) પ્રશ્નાવલીનું કોઈપણ બે મહત્ત્વ જણાવો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) પ્રશ્નાવલીની કોઈપણ ત્રણ મર્યાદાઓ જણાવો

..................................................................

..................................................................

..................................................................

.............................................................

.............................................................

(7) તુલનાત્મક અભ્યાસ એટલે શું?

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

## 16.9 ઉપયોગી પ્રશ્નો :

(1) પ્રશ્નાવલીની વ્યાખ્યા આપી, તેના લક્ષણો ઉદાહરણ સહિત સમજાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

(2) પ્રશ્નાવલીના પ્રકારોની સવિસ્તાર ચર્ચા કરો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.....................................................................

.....................................................................

(3) પ્રશ્નાવલીનો અર્થ જણાવી, પ્રશ્નાવલીનું મહત્ત્વ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) પ્રશ્નાવલીની મર્યાદાઓ ઉદાહરણ સહિત સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 16.10 સંદર્ભ-સૂચિ :

(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિશીંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિદ્યુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લીકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20: અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ, સુરત.

⌘ ⌘ ⌘

# એકમ 17 મુલાકાતનો અર્થ, લક્ષણો, પ્રકારો, ઉપયોગીતા અને મર્યાદાઓ

-: રૂપરેખા :-

**17.0 ઉદ્દેશ્યો**

**17.1 પ્રસ્તાવના**

**17.2 મુલાકાતની વ્યાખ્યા અને અર્થ**

**17.3 મુલાકાતના લક્ષણો**

**17.4 મુલાકાતના પ્રકારો**

**17.5 મુલાકાતની ઉપયોગિતા કે મહત્ત્વ**

**17.6 મુલાકાતની મર્યાદાઓ**

**17.7 સારાંશ**

**17.8 તમારી પ્રગતિ ચકાસો.**

**17.9 ઉપયોગી પ્રશ્નો**

**17.10 સંદર્ભ-સૂચિ**

## 17.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસબાદ તમે,

- મુલાકાતનો સમાજશાસ્ત્રીય અર્થ સમજી શકશો.
- મુલાકાતના લક્ષણો વિશે માહિતી મેળવી શકશો.
- મુલાકાતનાં પ્રકારો જાણી શકશો.
- મુલાકાતનું વૈજ્ઞાનિક મહત્વ સમજી શકશો.
- મુલાકાતની મર્યાદા જાણી શકશો.

## 17.1 પ્રસ્તાવના :

રોજબરોજના જીવનમાં મુલાકાત એક સામાન્ય વહેવાર કે આંતરક્રિયા છે, પરંતુ સામાજિક વિજ્ઞાનના સંદર્ભમાં સંશોધનમાટે થતી આંતરક્રિયા ચોક્કસ હેતુઓના સંદર્ભમાં આયોજન બદ્ધ કરવામાં આવતી મુલાકાત પ્રયુક્તિ છે. સંશોધક પોતાના સંશોધન દરમ્યાન માહિતી પ્રાપ્ત કરવાના તબક્કામાં જુદીજુદી માહિતી મેળવવાની પ્રયુક્તિઓનો ઉપયોગ કરે છે. મુલાકાત એ સંશોધન માટે ઉપયોગી માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિ છે. મુલાકાત દ્વારા થતા અભ્યાસોમાં બેકે તેથી વધારે વ્યક્તિઓ વચ્ચે સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી થતી આંતરક્રિયા કે ચર્ચા છે. મુલાકાતમાં આંતરક્રિયાની શરૂઆત સંશોધક દ્વારા થતી હોય છે. નક્કી કરેલ અભ્યાસ સમષ્ટિના ઉત્તરદાતાઓ કે સમુહ પાસેથી મુલાકાતનું આયોજન કરી ચર્ચા-વિચારણા કરવામાં આવે છે, આ ચર્ચાની દોર સંશોધના હાથમાં હોય છે. માહિતીદાતા સંશોધકના

પ્રશ્નોનો જવાબ આપે છે. મુલાકાતમાં માહિતી બે રીતે પ્રાપ્ત થાય છે, એક મુલાકત અનુસૂચિ અને બીજી મુલાકાત માર્ગદર્શિકા. મુલાકાત અનુસૂચિમાં પ્રશ્નો પહેલેથી પ્રશ્નાવલીની જેમ કર્મબદ્ધ રીતે મુકવામાં આવેલ હોય છે. જેનો ઉપયોગ કરી સંશોધક ઉત્તરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરે છે. મુલાકાત અનુસૂચિના માધ્યમથી પ્રાપ્ત કરવામાં આવતી માહિતીમાં સંશોધક પ્રશ્નો પૂછી જવાબો જાતેજ નોધતો હોય છે. માહિતીદાતા માત્ર પ્રશ્નો મુજબ પોતાના જવાબો આપતો હોય છે. સંશોધક પણ પહેલેથી નક્કી કરેલ સૂચી મુજબ પ્રશ્નોનું માળખું જાળવી રાખે છે. મુલાકાત માર્ગદર્શિકા દ્વારા થતા અભ્યાસોમાં સંશોધક પોતાના અભ્યાસના અનુસંધાનમાં અમુક મુદ્દાઓ નક્કી કરી. આ પ્રશ્નો કે મુદ્દાઓને આધારે ચર્ચા થતી હોય છે, ચર્ચા જેમજેમ આગળ વધતી જાય તેમતેમ ચર્ચાના અન્ય મુદ્દાઓ મેળવી, ચર્ચાને આગળ ધપાવી સંશોધનના હેતુઓને તપાસવાનો પ્રયત્ન થતો હોય છે.

સંશોધક સંશોધનના સંશોધનપ્રશ્નને અનુરૂપ જુદાજુદા વ્યક્તિઓ પાસેથી મુલાકાત કરી માહિતી પ્રાપ્ત કરતો હોય છે. મુલાકાત સંશોધનની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેને અભ્યાસની પ્રયુક્તિ તરીકે ઓળખવામાં આવે છે. મુલાકાત પ્રયુક્તિ સામાજિક ઘટનાઓ અને સામાજિક પાસાઓનો ઊંડાણપૂર્વકના ગુણાત્મક અભ્યાસ માટે ખુબજ ઉપયોગી પ્રક્રિયા છે. મુલાકાત દ્વારા ભૂતકાળની ઘટનાઓનો અભ્યાસ શક્ય બને છે. સામાજિક તથ્યોને પ્રકાશમાં લાવવા માટે મુલાકાત પ્રયુક્તિ ઘણી ઉપયોગી છે. મુલાકાતમાં સંશોધક અને ઉત્તરદાતા વચ્ચે સામાજિક આંતરક્રિયા દ્વારા સૂચનાઓનું આદાનપ્રદાન થતું હોય છે. ગુણાત્મક માહિતીની જરૂરિયાતવાળા અભ્યાસો માટે મુલાકાત અનુસૂચિ અને માર્ગદર્શિકા બંનેનો ઉપયોગ કરવામાં આવે છે.

## 17.2 મુલાકાતની વ્યાખ્યા અને અર્થ

કોઈપણ સામાજિક વિજ્ઞાનોનો વિકાસ સંશોધન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓને આભારી છે. સમાજશાસ્ત્રીય અભ્યાસમાં માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચી, મુલાકાત માર્ગદર્શિકા અને પ્રશ્નાવલીનો ઉપયોગ કરી અભ્યાસો કરવામાં આવે છે. મુલાકાત એ બે પક્ષો વચ્ચે થતી સંશોધનના હેતુ માટેની સામાજિક આંતરક્રિયા છે. મુલાકાત દ્વારા તથ્યોનું એકત્રીકરણ કરવામાં આવે છે. વાસ્તવમાં મુલાકાત દ્વારા સંશોધક અને માહિતીદાતા સામસામે બેસી પ્રશ્નો પૂછી અભ્યાસના સંદર્ભમાં સૂચનાઓ કે તથ્યોનું સંકલન કરે છે.

ડો. પી.વી.યંગના મતે "મુલાકાત એક એવી ક્રમબદ્ધ પ્રક્રિયાના રૂપમાં ઓળખવામાં આવે છે, જેમાં એક વ્યક્તિ દ્વારા બીજા વ્યક્તિના જીવનમાં કાલ્પનિક રીતે થોડોઘણો પ્રવેશ કરે છે. જોકે તેના માટે સામાન્યત તુલનાત્મકરીતે અપરિચિત છે." (મુખર્જી રવીન્દ્રનાથ:1972:3 20)

હેડર અને લીડમેનના મતે "મુલાકાતના અનુસંધાનમાં બે વ્યક્તિઓની વચ્ચે અથવા અનેક વ્યક્તિઓની વચ્ચે સંવાદ, મૌખિક પ્રતિ-ઉત્તર થાય છે, આ ચર્ચામાં કેટલાક વિષયો હોય છે જે કાર્યદ્વારા નિર્ધારિત થાય છે. (તોમર રામબિહારીસિહ:1970:318)

મોસરના મતે "મુલાકાતમાં પૂર્વનિર્ધારિત પ્રશ્નો પૂછવામાં આવે છે, અને જવાબોને લખવામાં આવે છે. મોટાપાયાપરના સર્વેક્ષણમાં નિશ્ચિત રૂપમાં હોય છે. પરંતુ તેની સાથેસાથે મુલાકાત દરમ્યાન કેટલાક ઔપચારિક સ્વરૂપોને સમજવા પડે જેમકે, પ્રશ્નોનો ક્રમ બદલવો, તેના અર્થની વ્યાખ્યા કરવી, કેટલાક નવા પ્રશ્નો ઉમેરવા તેમજ કેટલાક શબ્દોમાં પરિવર્તન કરવું." (તોમર રામબિહારીસિહ:1970:318)

થિયોડોરિસર્‌ના મતે "માહિતી એકત્ર કરવા માટે સંશોધક અને માહિતીદાતા વચ્ચે થતા વાર્તાલાપને મુલાકાત કેહેવામાં આવે છે." (રાવત એચ.કે.:1985:160)

એન કે. ડેઝિનના મતે "મુલાકાત આમને-સામનેની પરિસ્થિતિમાં કરવામાં આવેલ વાર્તાલાપ છે, જેમાં એક વ્યક્તિ બીજા વ્યક્તિ પાસેથી માહિતી પ્રાપ્ત કરે છે." (રાવત એચ.કે.:1985:161)

મોઝર અને કાલટનના મતે "એક સર્વેક્ષણ મુલાકાતમાં માહિતીદાતા પાસેથી કેટલીક માહિતીપ્રાપ્ત કરવા માટે સંશોધક અને માહિતીદાતા વચ્ચે થતો વાર્તાલાપ છે." (રાવત એચ.કે.:1985:161)

મેક્રોબી અને મેક્રોબીના મતે "મુલાકાત પ્રત્યક્ષ મૌખિક આદાનપ્રદાન છે, જેમાં એક વ્યક્તિ એટલેકે સંશોધક કોઈ અન્ય વ્યક્તિ અથવા વ્યક્તિઓ પાસેથી માહિતી, અભિવ્યક્તિ અથવા માન્યતાઓ જાણવાનો પ્રયત્ન કરે છે." (રાવત એચ.કે.:1985:161)

A Dictionary of Siciology મુજબ મુલાકાતનો અર્થ સમજીએતો "મુલાકાત એ સંશોધક અને ઉત્તરદાતા વચ્ચે સંશોધન સંબંધિત માહિતીના આદાનપ્રદાનથી, માહિતી મેળવવાના હેતુથી થતી સામાજિક આંતરક્રિયા છે. મુલાકાત વ્યક્તિગત અને આમને-સામને અથવા ટેલીફોન દ્વારા થતી હોય છે. જેમાં સંશોધક પ્રશ્ન પૂછી માહિતીદાતા પાસેથી માહિતી પ્રાપ્ત કરે છે." (John Scott and Gordon Marshall: 2009:372)

સમાજશાસ્ત્રી વિદ્યુત જોષીના મતે "મુલાકાત એ સંશોધન માટે ઉપયોગી માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિ છે. મુલાકાત સ્થળ પરનાં કાર્ય અંગેની એક પદ્ધતિ છે. તેનો ઉપયોગ વ્યક્તિ અથવા જૂથોના પરસ્પર પ્રત્યાઘાતોનાં પરિણામોનું અવલોકન કરવામાં આવે છે. મુલાકાતથી એક સામાજિક સંબંધ બંધાય છે. આ સંબંધમાં મુલાકાત લેનાર અને આપનાર બંને સમાન ભૂમિકાઓ ભજવે છે. જયારે પ્રાકૃતિક વિજ્ઞાન, જેવાં કે રસાયણશાસ્ત્ર કે ભોતિકશાસ્ત્રમાં સંશોધન કરનાર અને જેનું સંશોધન કરવાનું છે તે વસ્તુ ક્યારેય પણ સમાન ભૂમિકા પર હોતા નથી.

સામાન્ય રીતે બિનઅંગત માહિતી મેળવવા માટે અવલોકન માટેની તક ઝડપવા માટે જે વિગતો અમુક માણસો અમુક સંજોગોમાં જુદીજુદી રીતે આપે તેની સાચી તારવણી કરવા માટે તથા લોકોના અભિપ્રાયો, વલણો, માન્યતાઓ વગેરેની ચોકસાઈ કરવા માટે મુલાકાતનો ઉપયોગ કરવામાં આવે છે.

મુલાકાતના પ્રકારોમાં વ્યક્તિગત મુલાકાત અને સમૂહ મુલાકાત મહત્ત્વના પ્રકારો છે. વ્યક્તિગત મુલાકાતમાં એક માણસની બીજા માણસ સાથેની મુલાકાતનો સમાવેશ થાય છે. જયારે મુલાકાતી એક જગ્યાએ કેટલાક માણસો સાથે મળે ત્યારે તેમની પાસેથી માહિતી મેળવવા માટે તેમને પ્રશ્નપત્રક આપે છે તેને સમૂહ મુલાકાત કહે છે." (જોષી વિદ્યુત:2016:116)

મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરી થતા સંશોધનમાં બે માધ્યમોથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. એક મુલાકાત અનુસૂચિ અને મુલાકાત માર્ગદર્શિકા. મુલાકત અનુસૂચિમાં માહિતી મેળવવાના પ્રશ્નો પહેલેથીજ નક્કી કરી તૈયાર કરવામાં આવેલ હોય છે, જયારે મુલાકાત માર્ગદર્શિકામાં સંશોધન માટેની માહિતી પ્રાપ્ત કરવા માટેના ચર્ચાના અમુક મુદ્દાઓ નોંધી, ચર્ચા સમયે નવા-નવા પ્રશ્નો ઉમેરી ચર્ચાને આગળ ધપાવવામાં આવે છે. ચર્ચા કે વાર્તાલાપ

કરવા માટેનું માર્ગદર્શન પૂરી પાડતી પ્રયુક્તિ એટલે મુલાકાત માર્ગદર્શિકા.

''મુલાકાતની પ્રક્રિયા દરમિયાન વધારે ચોકસાઈ તથા ક્રમિકતા જાળવવા માંટે અગાઉથી નિર્ધારિત મુદ્દાઓની યાદીને મુલાકાત માર્ગદર્શિકા કહે છે. મુલાકાત લેનાર સંશોધક માર્ગદર્શક મુદાઓની ક્રમવાર યાદીને આધારે ઉત્તરદાતાને ક્રમિક સ્વરૂપે પ્રશ્નો પૂછી ઉત્તરો મેળવે છે, જેથી જરૂરી માહિતી મેળવવાની રહી ન જાય.'' (જોષી વિદ્યુતઃ2016:116)

## 17.3 મુલાકાતના લક્ષણો

### 17.3.1 બે કે તેથી વધારે વ્યક્તિઓ વચ્ચેની પારસ્પરિક આંતરક્રિયા.

મુલાકાત એ સંશોધનના અનુસંધાનમાં થતી માહિતી મેળવવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. મુલાકાતમાં સંશોધક પોતાના અભ્યાસ હેતુઓને ધ્યાનમાં રાખી સમષ્ટિમાંથી પસંદ કરેલા માહિતીદાતાઓ પાસેથી મુલાકાત કરી, પ્રશ્નો પૂછી, ચર્ચા કરી જોયતી માહિતી પ્રાપ્ત કરે છે. મુલાકાત એક પ્રક્રિયા છે, જેમાં એક કરતા વધારે વ્યક્તિઓ કોઈ નક્કી કરેલા સંશોધન મુદ્દા પર ચર્ચા કરે છે, જેમાં સંશોધક સમગ્ર સંચાલનનું દોરી-સંચાર કરતો હોય છે. માહિતી મેળવવાના હેતુથી સંશોધક અને ઉત્તરદાતા કે ઉત્તરદાતાઓ વચ્ચે થતી પારસ્પરિક આંતરક્રિયા છે.

### 17.3.2 બે કે તેથી વધારે વ્યક્તિઓ વચ્ચે પ્રત્યક્ષ-પરોક્ષ હાજરી અને સામાજિક સંપર્ક.

સંશોધનના હેતુ માટે સંશોધક અને માહિતીદાતા વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ ચર્ચા થાય છે. સામાન્ય રીતે સંશોધક માહિતીદાતાને રૂબરૂ મળી વાર્તાલાપ કરી સંશોધન માટે માહિતી પ્રાપ્ત કરતો હોય છે, પરંતુ અમુક સંજોગોમાં માહિતીદાતા રૂબરૂ ન મળી શકે તેમ હોયતો ટેલીફોનિક ચર્ચા કરી પરોક્ષ રીતે માહિતી મેળવી સંશોધનના હેતુઓને ચકાસવા માટે પ્રયત્નો થતા હોય છે. આ સંપર્ક કે મુલાકાત સંશોધનના સામાજિક હેતુ માટે થતી હોવાથી તેને સામાજિક સંપર્ક કહેવામાં આવે છે. આમ બે કે તેથી વધારે વ્યક્તિઓ વચ્ચે પ્રત્યક્ષ-પરોક્ષ હાજરી અને સામાજિક સંપર્ક મુલાકાતની મહત્ત્વની લાક્ષણિકતા છે.

### 17.3.3 મુલાકાતનો વિશિષ્ટ હેતુ.

સંશોધક અને માહિતીદાતા વચ્ચે થતી ચર્ચા સંશોધનના અનુસંધાનમાં થતી હોય છે. સંશોધકનો મુલાકાત કરવાનો વિશિષ્ટ હેતુ હોય છે. સંશોધક મુલાકાત કરી પોતાના સંશોધનની ઉપકલ્પના અને સંશોધનપ્રશ્નોની ચકાસણી માટે જરૂરી માહિતી પ્રાપ્ત કરવાના હેતુસર માહિતીદાતાઓને મળતો હોય છે. રોજિંદી જીવન પ્રવૃત્તિમાં થતી મુલાકાત અને સંશોધનના વિશિષ્ટ હેતુસર થતી મુલાકાતમાં ઘણો ભેદ છે.

### 17.3.4 પરસ્પરની ભૂમિકાથી સભાન.

સંશોધક અને માહિતીદાતા વચ્ચે થતી મુલાકાતમાં બંને પક્ષો પોત-પોતાની ભૂમિકાથી સભાન હોય છે. સંશોધક પોતાના અભ્યાસના હેતુઓને અનુરૂપ પ્રશ્નો પૂછે છે, જયારે ઉત્તરદાતા તે પ્રશ્નોના જવાબ આપતો હોય છે. સંશોધક માહિતી પ્રાપ્તિ દરમ્યાન ચર્ચા વિચારણામાં સંશોધનની આચારસંહિતાઓ પ્રત્યે સભાન હોય છે. જયારે માહિતીદાતા પોતે પણ મુલાકાતના હેતુઓથી પરિચિત હોય છે.

### 17.3.5 મુલાકાત અનુસૂચિ કે માર્ગદર્શિકાનો પ્રયોગ.

સમાજશાસ્ત્ર કે અન્ય કોઈપણ વિજ્ઞાનોમાં થતા અભ્યાસોમાં મુલાકાત પ્રયુક્તિનો જયારે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે માહિતી મેળવવા મુલાકાત અનુસૂચિ કે મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કરાતો હોય છે. મુલાકાત અનુસૂસિ કે માર્ગદર્શિકા માહિતી મેળવવા માટેના સાધનો છે. મુલાકાત અનુસૂચિમાં સંશોધન હેતુઓને ધ્યાનમાં રાખી પહેલેથીજ પ્રશ્નોનું માળખું તૈયાર હોય છે, જયારે માર્ગદર્શિકામાં સંશોધન માટેના અમુક મુદાઓને આધારે ચર્ચા કરવામાં આવે છે. આ ચર્ચા દરમ્યાન અનેક નવાનવા પ્રશ્નો વિશે પણ વાત કરવામાં આવે છે.

### 17.3.6 મુલાકાત એક વિશિષ્ટ પ્રક્રિયા.

મુલાકાત એક વિશિષ્ટ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેમાં સંશોધક પોતાના અભ્યાસ હેતુઓને ધ્યાનમાં રાખી માહિતીદાતા સાથે મુલાકાત કરતો હોય છે. આ મુલાકાતનું વિશિષ્ટ વૈજ્ઞાનિક પ્રક્રિયાદ્વારા આયોજન થતું હોય છે. જેમાં સંશોધક અને માહિતીદાતા બંને પોતાની સામાજિક ભૂમિકાથી સભાન હોય છે.

## 17.4 મુલાકાતના પ્રકારો

સંશોધનના અનુસંધાનમાં મુલાકાતનો હેતુ, સંશોધનને આધારે સામાજિક તથ્યોની ખોજ કરવાનો હોય છે, પરંતુ મુલાકાતના કેટલાક સર્વસામાન્ય પ્રકારો નીચે મુજબ છે.

### 17.4.1 ભાગ લેનાર વ્યક્તિઓને આધારે મુલાકાતના પ્રકાર.

સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી મુલાકત પ્રક્રિયામાં સામેલ માહિતીદાતાઓની સંખ્યાને આધારે બે પ્રકારો પાડી શકાય છે, જે નીચે મુજબ છે.

**(અ) વ્યક્તિગત મુલાકાત**

સંશોધક પોતાના સંશોધન હેતુઓને કેન્દ્રમાં રાખી કોઈ વ્યક્તિ સાથે મુલાકાતનું આયોજન કરી, ચર્ચા-વિચારણા કરી કોઈ એક વ્યક્તિના વિચારો, માન્યતાઓ, સમસ્યાઓ, મનોવલણો વગેરે તપાસવાનો પ્રયત્ન કરે તેને વ્યક્તિગત મુલાકાત કહેવામાં આવે છે. આમ એક-એક મુલાકાત કરી સંશોધક પોતાનું નિદર્શ મુજબ માહિતી પ્રાપ્ત કરતો હોય છે. ઉદાહરણ તરીકે કૉલેજના આચાર્યનો અભ્યાસ હોય અને તેમની સાથે એક-એક કરી મુલાકાતનું આયોજન કરેતો તેને વ્યક્તિગત મુલાકાત કહેવાય.

**(બ) સામૂહિક મુલાકાત**

સામૂહિક મુલાકાતમાં સંશોધક પોતાની અભ્યાસ સમષ્ટિના એકમો સાથે સમૂહ ચર્ચા કરી માહિતી પ્રાપ્ત કરતો હોય છે. જેમકે કોઈ ગ્રામીણ સરપંચોનો અભ્યાસ કરવો હોય અને દસ કે પંદર સરપંચોને કોઈ નક્કી કરેલા સ્થળે ભેગા કરી સંશોધનના હેતુઓના સંદર્ભમાં સમૂહ ચર્ચા કરે તેને સામૂહિક મુલાકાત કહેવામાં આવે છે.

### 17.4.2 ઉદ્દેશને આધારે મુલાકાતના પ્રકારો

દરેક સંશોધનો કોઈને કોઈ હેતુઓને ધ્યાનમાં રાખી થતા હોય છે.

સંશોધનનો વ્યવહારુ કે સિદ્ધાંતિક હેતુ હોય શકે. આ બાબતને કેન્દ્રમાં રાખી મુલાકાતના નીચે મુજબના પ્રકારો પાડી શકાય.

**(અ) નિદાનાત્મક કે ઉપચારાત્મક મુલાકાત**

કોઈ સામાજિક સમસ્યાને કેન્દ્રમાં રાખી તેને ડર કરવાના હેતુથી થતી મુલાકાત નિદાનાત્મક કે ઉપચારાત્મક મુલાકાત કહેવામાં આવે છે, જેમકે યુવાનોમાં વ્યસનના વધતા જતા પ્રમાણના મનોવિજ્ઞાન કારણો શોધી તેને દૂર કરવા માટે કેવા પગલાં લઈ શકાય તે જાણવા માટે મનોચિકિત્સક સાથે કરવામાં આવતી મુલાકાત નિદાનાત્મક કે ઉપચારાત્મક મુલાકાત છે. સામાજિક સમસ્યાઓના સમાધાન શોધવાના હેતુથી થતી મુલાકાત એટલે નિદાનાત્મક કે ઉપચારાત્મક મુલાકાત.

**(બ) શોધ મુલાકાત**

કોઈ સામાજિક તથ્યોની શોધ માટે અથવાતો સિદ્ધાંત રચવાના હેતુથી થતી મુલાકાત એટલે શોધ મુલાકાત. સંશોધક પોતાના સંશોધન દ્વારા કોઈ સામાજિક તથ્યોને પ્રકાશમાં લાવે છે. જયારે અમુક સંશોધનો સામાજિક વ્યવસ્થાને સમજવા માટેના પરિપ્રેક્ષ્ય વિકસાવવા માટે સંશોધન મુલાકાત થતી હોય છે.

**17.4.3 સમયને આધારે મુલાકાતના પ્રકારો.**

સંશોધનના હેતુઓને તપાસવા માટે લગતા સમયને આધારે થતી મુલાકાતોના સમયગાળાને આધારે મુલાકાતના પ્રકારો નીચે મુજબ પાડી શકાય.

**(અ) અલ્પ સમયની મુલાકાત**

સંશોધક પોતાના સંશોધન હેતુને અનુરૂપ જુદાજુદા વ્યક્તિ કે સમૂહો સાથે મુલાકાત કરી માહિતી પ્રાપ્ત કરતો હોય છે, આ મુલાકાતનો સમય અને મુલાકાતની સંખ્યાને ધ્યાનમાં રાખી મુલાકાતના નીચે મુજબના પ્રકારો પાડી શકાય. જો થોડા સમય માટે કોઈ વ્યક્તિ કે સમૂહને મળી માહિતી પ્રાપ્ત કરવામાં આવે તેને અલ્પ સમયની મુલાકાત કહેવામાં આવે છે. જેમ કે પત્રકારો દ્વારા થતી કોઈ રાજકીય વ્યક્તિની મુલાકાત.

**(બ) લાંબા સમયની મુલાકાત**

સંશોધક પોતાના અભ્યાસમાં કોઈ વ્યક્તિ કે જૂથ સાથે લાંબો સમય સંપર્કમાં રહી સંશોધન માટે જોઈતી માહિતી પ્રાપ્ત કરે તેને લાંબા સમયની મુલાકાત કહેવામાં આવે છે. જેમકે કોઈ ગ્રામીણ સમાજમાં સરકારની કોઈ યોજનાની કેવી અસરો પડી છે તે જાણવા માટે સંશોધક લાંબા સમય સુધી તે ગામના સરપંચ કે અન્ય વ્યક્તિઓની મુલાકાતો કરતો હોય છે. આવી મુલાકાતો ઘણી લાંબી ચાલતી હોય છે.

**(ક) પુનરાવર્તિત મુલાકાત**

આ પ્રકારની મુલાકાતોમાં સંશોધક અભ્યાસ હેઠળના વ્યક્તિ કે

સમૂહને અમુક નિશ્ચિત સમાયંતરે મુલાકાતો લેતો હોય છે, જેમકે કોઈ સરકારી યોજનાની ગ્રામીણ સમાજ પર કેવી અસરો પડી છે તેને જાણવા માટે યોજનાના અમલ પહેલા અને પછી તે ગામના લોકોની મુલાકાત લઇ પરિવર્તનો તપાસવાનો પ્રયાસ કરે છે, જેને પુનરાવર્તિત મુલાકતકહે છે. બીજી રીતે જોઈએ તો અમુક સમયના અંતરે ગ્રામીણ સમાજમાં કેવા પરિવર્તનો આવ્યા છે તે તપાસવા માટે તે જ ગામની ફરીફરી મુલાકાતનું આયોજન કરવામાં આવે તેને પુનરાવર્તિત મુલાકાત કહેવામાં આવે છે.

## 17.5 મુલાકાતની ઉપયોગિતા કે મહત્ત્વ.

### 17.5.1 અમૂર્ત અને મનોવૈજ્ઞાનિક તથ્યોનો અભ્યાસ

સમાજની પ્રકૃતિ અમૂર્ત છે. સમાજનો ખ્યાલ મનોવૈજ્ઞાનિક બાબત છે. સંશોધક મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરી સમાજમાં બનતી ઘટનાઓને સમજવાનો પ્રયત્ન કરે છે. સંશોધક વ્યક્તિ કે સમૂહની મુલાકાત કરી અમૂર્ત સામાજિક ઘટનાઓનો ગુણાત્મક અભ્યાસ કરે છે. સંશોધક ઊંડાણપૂર્વક વ્યક્તિ કે સમૂહની મુલાકાત લઇ ઘટના સાથે સંકળાયેલ મનોવૈજ્ઞાનિક તથ્યો જાણવાનો પ્રયત્ન કરે છે. આમ મુલાકાત પ્રયુક્તિ અમૂર્ત અને મનોવૈજ્ઞાનિક તથ્યોનો અભ્યાસ કરવા માટે ઉપયોગી છે.

### 17.5.2 ભૂતકાળની ઘટનાઓનો અભ્યાસ.

કોઈ વ્યક્તિ કે સમાજના ભૂતકાળને જાણવા અને સમજવા માટે ઊંડાણપૂર્વકના અભ્યાસની જરૂરિયાત રહે છે. મુલાકાત પ્રયુક્તિના ઉપયોગ થકી સમાજ અને વ્યક્તિના ભૂતકાળ અંગેના અભ્યાસો કરી શકાય છે. મુલાકાતને આધારે મેળવેલ માહિતીને આધારે વર્તમાન સમયમાં આવેલ પરિવર્તનોની દિશા અને દશા જાણી ભવિષ્ય અંગે આગાહી કરી શકાય છે.

### 17.5.3 ઘટનાઓમાં અવલોકનનો અવસર.

સામાજિક ઘટનાઓના વૈજ્ઞાનિક અવલોકનો માટે મુલાકાત પ્રયુક્તિનો બહોળો ઉપયોગ થાય છે. સમાજમાં બનતી ઘટનાઓ વચ્ચેના કાર્યકારણ સંબંધને સમજવા માટે મુલાકત અનુસૂચિ અને માર્ગદર્શિકાનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે, આ માહિતીને આધારે ઘટનાઓ સંબંધિત અનેક પાસાઓને તપાસી ઘટનાઓનું અવલોકન કરી શકાય છે. મુલાકાત દ્વારા થતા ઊંડાણપૂર્વકના અભ્યાસોમાં સંશોધક અને અભ્યાસ હેઠળની વ્યક્તિ કે સમૂહના પ્રત્યક્ષ સંપર્કને કારણે ઘટનાઓના અવલોકનોના વારંવાર અવસર મળી રહે છે.

### 17.5.4 પારસ્પરિક આંતરક્રિયાના માધ્યમથી ઊંડાણપૂર્વકનો અભ્યાસ.

મુલાકાત પ્રયુક્તિના માધ્યમથી થતા અભ્યાસોમાં સમષ્ટિના એકમો સાથે સંશોધક અને માહિતીદાતા વચ્ચે સતત પારસ્પરિક સંપર્ક અને આંતરક્રિયા થતી હોય છે, જેથી અભ્યાસના એકમોની ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત કરી શકાય છે. ગુણાત્મક સામાજિક ઘટનાઓને સમજવા માટે ઇતિહાસથી લઇ વર્તમાન સમય સુધી શક્ય હોય તેટલી માહિતી પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. આમ સામાજિક ઘટનાઓના ઊંડાણપૂર્વકના અભ્યાસો માટે મુલાકાત પ્રયુક્તિ ઘણી ઉપયોગી બની રહે છે.

### 17.5.5 સૂચનાઓનું આદાનપ્રદાન અને તથ્યોની શોધ

મુલાકાત અનુસૂચિ અને માર્ગદર્શિકાનો ઉપયોગ કરી સંશોધન માટે જરૂરી માહિતી મુલાકાત લઈ પ્રાપ્ત કરવામાં આવે છે. મુલાકાત દરમ્યાન સંશોધક અને માહિતીદાતા વચ્ચે સૂચનાઓનું આદાનપ્રદાન થાય છે. ચર્ચા કે વાર્તાલાપના માધ્યમથી સામાજિક તથ્યોની શોધ કરવામાં આવે છે. આમ સંશોધનમાં મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરી સૂચનાઓનું આદાનપ્રદાન અને સામાજિક તથ્યોના સંશોધનો કરવામાં ઉપયોગી બને છે.

## 17.6 મુલાકાતની મર્યાદાઓ

સંશોધનની કોઈપણ પદ્ધતિ કે પ્રયુક્તિ હોય એમાં કોઇને કોઇ મર્યાદાઓ અચૂક હોય છે. મુલાકાત પ્રયુક્તિની કેટલીક મર્યાદાઓ નીચે મુજબ છે.

### 17.6.1 યાદશક્તિની ખામી અને દોષપૂર્ણ સમજશક્તિ

સંશોધન માટે થતી મુલાકાતમાં સંશોધકને મુલાકાત દરમ્યાન થતી ચર્ચાને વિસ્તારથી યાદ રાખવી પડે છે, પરંતુ જો સંશોધકની યાદશક્તિ સારી ન હોય તો ઘણી મર્યાદાઓ સર્જાય છે. આ મર્યાદાને દૂર કરવા માટે માહિતીદાતાની અનુમતિ હોયતો મુલાકાત દરમ્યાન થયેલ વાર્તાલાપને ટેપરેકોર્ડરમાં રેકોર્ડ નોંધી શકાય છે. આ મર્યાદા મુલાકાત પ્રયુક્તિ કરતા સંશોધકને વધારે લાગુ પડે છે.

### 17.6.2 સ્પષ્ટ અભિવ્યક્તિનો અભાવ

સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી થતી મુલાકાત એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. સંશોધકે તે પ્રક્રિયાના દરેક તબક્કાઓને યોગ્ય ન્યાય આપવો અનિવાર્ય છે. મુલાકાતમાં ચર્ચા દરમ્યાન સંશોધક કે માહિતીદાતામાં સ્પષ્ટ અભિવ્યક્તિનો અભાવ હોયતો સશોધનકાર્યમાં ઘણી મર્યાદાઓ સર્જાવાનો ભય રહે છે. આમ મુલાકાત પ્રયુક્તિના ઉપયોગમાં સંશોધકની અભિવ્યક્તિ સ્પષ્ટ હોવી જોઈએ.

### 17.6.3 ખોટી પ્રતિષ્ઠાનો ભાવ.

ઘણીવાર માહિતીદાતા ખોટી પ્રતિષ્ઠામાં રચાતો હોયતો અભ્યાસના તારણો માટે જોઈતી સાચી માહિતી સંશોધકને આપતો નથી. સાચી માહિતી આપવાથી માહિતીદાતાની સામાજિક પ્રતિષ્ઠા જોખમાય છે તેવો ખોટો ખ્યાલ સંશોધનમાં અનેક મર્યદાઓ ઊભી કરી શકે છે

### 17.6.4 સામાજિક પાર્શ્વભૂમિકામાં તફાવત

સંશોધક અને માહિતાદાતાનું ભિન્ન-ભિન્ન સામાજિક-સાંસ્કૃતિક વાતવારણમાં થયેલ સામાજિકરણ મુલાકાત દરમ્યાન થતી ચર્ચાને પ્રભાવિત કરી શકે છે. બંનેની સામાજિક પાશ્વભૂમિકામાં તફાવત હોવાને કારણે અભ્યાસના તારણો પ્રભાવિત થવાની સંભાવના રહે છે.

### 17.6.5 વધારે સમય, નાંણા અને આવડતની જરૂરિયાત.

મુલાકાત પ્રયુક્તિ દરમ્યાન ઘણો સમય, ધન અને આવડતની જરૂરિયાત રહેતી હોય છે. ઘણીવાર માહિતીદાતા વ્યસ્ત હોવાને કારણે મુલાકાતનો સમય

આપતો નથી જેથી અભ્યાસમાં વિલંબ થાય છે. અનેક વ્યક્તિઓની મુલાકાત માટે ઘણોબધો સમય અને પૈસા જાય છે. સંશોધક પાસે મુલાકાતની આવડત ન હોય તો અભ્યાસમાં અનેક મર્યાદાઓ સર્જાય છે, તેથી સંશોધક અમુક બાબતોથી પરિચિત હોવો જોઈએ, જેમકે સંશોધનની આચારસહિતા, સંશોધન અને મુલાકાતી યોગ્ય પ્રક્રિયા, રજૂઆત, ભાષા- શૈલી, હાવભાવ, વગેરે.

### 17.6.6 મુલાકાત લેનાર કે આપનારના પૂર્વગ્રહ

મુલાકાત એ બે વ્યક્તિ કે સંશોધક અને જૂથ વચ્ચે થતી તટસ્થ સામાજિક આંતરક્રિયા છે. સંશોધક અને માહિતીદાતા બંને અથવા તો તેમાંથી કોઈ એક પૂર્વગ્રહયુક્ત વલણ ધરાવતો હોય તો સંશોધન માટે ઉપયોગી સાચી માહિતી પ્રાપ્ત થતી નથી. આવા સંજોગોમાં અભ્યાસમાં મર્યાદાઓ સર્જાવાનો ભય ઊભો થાય છે.

## 17.7 સારાંશ :

સામાજિક સંશોધનોમાં માહિતી પ્રાપ્ત કરવા માટે મુખત્વે ત્રણ સાધનોનો ઉપયોગ થાય છે, એક પ્રશ્નાવલી, બીજી મુલાકાત અનુસૂચિ અને ત્રીજી મુલાકાત માર્ગદર્શિકા. સંશોધકે પોતાના અભ્યાસના હેતુઓ અને સમષ્ટિના એકમોની સામાજિક-સાસ્કૃતિક વિશેષતાઓને ધ્યાનમાં રાખી યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ, જેથી સંશોધન અભ્યાસ તેના વાસ્તવિક તથ્યો સુધી પહોંચી શકે.

## 17.8 તમારી પ્રગતિ ચકાસો. :

(1) મુલાકાતની વ્યાખ્યા અને અર્થ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) માહિતી મેળવવાની પ્રયુક્તિઓ કઈ-કઈ છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) પરસ્પરની ભૂમિકાથી સભાન એટલે શું ?

..................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) મુલાકાતના કયા-કયા પ્રકારો છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) મુલાકાતની કોઈપણ ત્રણ મહત્ત્વની બાબતો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(6) મુલાકાતની કોઈપણ બે માર્યદાઓ લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 17.9 ઉપયોગી પ્રશ્નો :

(1) મુલાકાત પ્રયુક્તિના લક્ષણો સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) મુલાકાતનો અર્થ આપી, મુલાકાતના જુદાજુદા પ્રકારો સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) મુલાકાત પ્રયુક્તિનું મહત્ત્વ ઉદાહરણ સહીત ચર્ચો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) મુલાકાત પ્રયુક્તિની મર્યાદાઓ સવિસ્તર સમજાવો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 17.10 સંદર્ભ-સૂચિ :


(1) Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.

(2) Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.

(3) Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.

(4) Work Ruth , Meryer Michal (2009) Method of Critical Discourse Analysis, SAGE.

(5) JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.

(6) Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. Third edition)

(7) Ahuja Ram (2012) Research Methods, Rawat Publication, Jaipur.

(8) Rawat H.K. (2007) Soiciology basic Concepts, Rawat Publication, Jaipur.

(9) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(10) Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research Methods, SAGE Publication, London.

(11) Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.

(12) Swanborn Peter G. (2010) Case Study Research What, Why and How? SAGE Publication, London.

(13) Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56,number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.

(14) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(15) રાવત એચ.કે., પ્રારંભિક સામાજિક શોધ (1985) નેશનલ પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્લી. (હિન્દી)

(16) જાની ગૌરાંગ, સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ (2017) માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.

(17) તોમર રામબિહારીસિહ, સામાજિક સંશોધન (1970) શ્રીરામ મેહર કંપની, આગરા. (હિન્દી)

(18) મુખર્જી રવીન્દ્રનાથ, સામાજિક સર્વેક્ષણ અને શોધ (1972) સરસ્વતી સદન, દિલ્લી. (હિન્દી)

(19) શાહ વિમળ પી. (1990) સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(20) શાહ વિમળ પી. (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(21) જોષી વિદ્યુત (1997) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(22) રાવત હરિકૃષ્ણ (2202) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)

(23) શુકલ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ, અપ્રિલ-જૂન 2001, ગ્રંથ-20ઃ અંક; 1-2, (લેખ- પેજ નંબર-20 થી 25) સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ, સુરત.


⌘ ⌘ ⌘

એકમ 18

# માહિતીનું વિશ્લેષણ, માહિતીનું વર્ગીકરણ, માહિતીનું અર્થઘટન

-: રૂપરેખા :-

**18.0** ઉદ્દેશ્યો

**18.1** પ્રસ્તાવના

**18.2** માહિતીનું વિશ્લેષણ

**18.3** માહિતીનું વર્ગીકરણ

**18.4** માહિતીનું અર્થઘટન

**18.5** સાદુ અને સંચયી આવૃત્તિ વિતરણ

**18.6** સારાંશ

**18.7** તમારી પ્રગતિ ચકાસો

**18.8** ચાવીરૂપ શબ્દો

**18.9** બહુવિકલ્પીય પ્રશ્નો

**18.10**ઉપયોગી પ્રશ્નો

**18.11**સંદર્ભ સૂચી

## 18.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,

- સંશોધનમાં મેળવેલ માહિતીનું વર્ગીકરણ કરતા શીખશો.
- સંશોધનમાં મેળવેલ માહિતીનું વિશ્લેષણ કરતા શીખશો.
- સંશોધનમાં મેળવેલ માહિતીનું અર્થઘટન કરતા શીખશો.
- સંશોધનમાં મેળવેલ માહિતીનું સાદુ અને સંચયી આવૃત્તિ વિતરણ કરતા શીખશો.

## 18.1 પ્રસ્તાવના :

સંશોધક સંશોધનમાં વિભિન્ન પ્રયુક્તિઓના માધ્યમથી માહિતી એકત્ર કરે છે. એકત્ર કરેલ માહિતી વચ્ચે જયારે તાર્કિક રીતે જોડવામાં આવે છે ત્યારે તે માહિતી અર્થપૂર્ણબને છે આ માહિતીને અર્થપૂર્ણ બનવા માટે મેળવેલ માહિતીનું વિશ્લેષણ, માહિતીનું વર્ગીકરણ અને માહિતીનું અર્થઘટનની પ્રક્રિયામાંથી પસાર થાય છે. પ્રસ્તુત એકમમાં માહિતીનું વિશ્લેષણ, માહિતીનું વર્ગીકરણ અને માહિતીનું અર્થઘટનની સમજુતી આપેલ છે ત્યાર બાદ સાદું અને સંચય આવૃત્તિવિતરણની સમજ આપવામાં આવી છે.

## 18.2 માહિતીનું વિશ્લેષણ :

સંશોધનમાં માહિતી વિશ્લેષણની પ્રક્રિયા માહિતી એકત્રીકરણની પ્રક્રિયા પૂરી થઇ ગયા

પછીજ કરવામાં આવે છે. છતાં પણ સંશોધનમાં સંશોધક જેવું માહિતી એકત્રીકરણ કરવાનો પ્રારંભ કરે છે તેની સાથેજ માહિતી વિશ્લેષણની પ્રક્રિયાનો પ્રારંભ પણ કરીદે છે. સંશોધનના બધાજ તબક્કામાં માહિતીનું વિશ્લેષણ અને વર્ગીકરણની જરૂર પડે છે. આપણે જેને વ્યવસ્થિત માહિતીના વિશ્લેષણની પ્રક્રિયા કહીએ છીએ તે તો બધીજ માહિતી એકત્ર થઇ ગયા બાદ જ કરવામાં આવે છે.

યંગ માહિતી વિશ્લેષણનો અર્થ આપતા કહે છે કે ''એકત્રિત કરેલી માહિતી પર સંશોધનના તારણો તારવવા માટે માહિતીના વિવિધ એકમોની યોગ્ય ગોઠવણ અને વિવિધ એકમો વચ્ચેના તાર્કિક સબંધોમાં ગોઠવણી પ્રક્રિયાને માહિતી વિશ્લેષણ કહેવામાં આવે છે.''

સંશોધનમાં માહિતીનું વિશ્લેષણ કરવું એ એક વિસ્તૃત પ્રક્રિયા છે અને તેની સાથે બીજી ઘણી પ્રક્રિયાઓ જોડાયેલી છે. માહિતીનું વિશ્લેષણ કરવું એટલે એકત્રિત માહિતીનું વિગતવાર વર્ણન અને સ્પષ્ટીકરણ, એકત્રિત માહિતીનું અર્થઘટન કરવા માટે, ચોક્કસ તારણો તારવવા માટે, જુદા જુદા એકમો વચ્ચેનો તાર્કિક સંબંધ સમજવો પડે. આમ માહિતીનું વર્ગીકરણ, સ્પષ્ટીકરણ કરી માહિતીને અર્થઘટનપાત્ર બનવાની સમગ્ર પ્રક્રિયાને માહિતીના વિશ્લેષણ તરીકે ઓળખવામાં આવે છે.

સંશોધનમાં એકત્રિત થયેલી માહિતીનું વિશ્લેષણ કરવા માટે મેળવેલી માહિતીનું પરિવર્ત્યોને આધારે વર્ગીકરણ થવું જરૂરી છે. સંશોધનમાં નિરીક્ષણ, પ્રશ્નાવલી, મુલાકાત વગેરે પ્રયુક્તિનો ઉપયોગ કરીને પ્રાથમિક કે ગૌણ માહિતી મેળવેલ હોય, પણ આ રીતે મેળવેલ માહિતીના એકમો વચ્ચેનો સબંધ સમજીને યથાર્થ રીતે તારણો તારવવા માટે માહિતીનું વિશ્લેષણ કરવું ખૂબ જ અગત્યનું છે. સંશોધકે એકત્ર કરેલી માહિતીમાં રહેલા તથ્યો અને આંકડા પરસ્પરના સંદર્ભમાં તપાસવામાં આવે તો તે તથ્યો અને આંકડા અર્થપૂર્ણ બની શકે છે. અને તેમાંથી મહત્ત્વના તારણો તારવી શકાય છે. આમ સંશોધકે એકત્ર કરેલી માહિતીમાં અર્થ તારવવા માટે કોઈ ચોક્કસ તારણ ઉપર પહોચવા માટે માહિતીનું વિશ્લેષણ કરવું જરૂરી છે. માહિતી વિશ્લેષણ પ્રક્રિયામાં મેળવેલ માહિતીમાં ક્ષતિઓ દૂર કરવી ખૂબ જ જરૂરી છે. તેના માટે સંશોધકે મેળવેલ માહિતીમાં બધા પ્રશ્નોના યોગ્ય ઉત્તર મેળવ્યા છે કે નહિ તે તપાસી લેવાનું હોય છે. અમુક પ્રશ્નોના ઉત્તરો નોંધવાનું રહી ગયું હોય તો તે માહિતી તપાસી પૂણ કરવી. આ તબ્બકે સંશોધકે મેળવેલ માહિતીમાં દોષ બહુવિધતા દૂર કરીને તેને એકવિધ બનાવવી જરૂરી બને છે. તેનાથી માહિતી વિશ્લેષણ અને વર્ગીકરણની પ્રક્રિયા સરળ બને છે.

## 18.3 માહિતીનું વર્ગીકરણ

સંશોધનમાં માહિતીનું વર્ગીકરણ કરવામાં ન આવે ત્યાં સુધી વિભિન્ન એકમોને ઓળખવા શક્ય બનતા નથી તેમજ વિભિન્ન એકમો વચ્ચેનો સંબંધ પણ સમજી શકાતો નથી સંશોધકે એકત્ર કરેલ માહિતી જટિલ સ્વરૂપમાં હોવાથી તેનો કોઈ અર્થ નીકળતો નથી માટે આ માહિતીને અર્થપુણ બનાવમાં માટે સંશોધન સમસ્યા કે સંશોધન પ્રશ્નને અનુરૂપ માહિતીનું વર્ગીકરણ કરવું ખુબ જ જરૂરી છે. સંશોધકે માહિતીનું વર્ગીકરણ કરવામાં એકત્ર કરેલી માહિતીમાં તે માહિતી ગુણાત્મક છે કે સંખ્યાત્મક તે પણ ધ્યાને લેવું જોઈએ.

સંશોધકે એકત્ર કરેલી માહિતીમાં વિવિધ એકમોને સમજવા અને વિભિન્નતાના આધારે જુદા જુદા વર્ગોમાં વહેચવાની પ્રક્રિયાને વર્ગીકરણ તરીકે ઓળખવામાં આવે છે. સાદા શબ્દોમાં કહીએ તો, એકત્ર કરેલી માહિતીના ગુણ કે જથ્થાને તેની વિશેષતાઓ, સમાનતાઓના આધાર

પર જુદા જુદા વર્ગોમાં વેહચવાની અને જુદા જુદા એકમો વચ્ચે રહેલી એકતાને જાણવાની પ્રક્રિયાને વર્ગીકરણ તરીકે ઓળખવામાં આવે છે. આમ એકત્ર કરેલી માહિતીમાં સમાન ગુણધર્મો એકમોને ભિન્ન ગુણધર્મો ધરાવતા એકમોથી અલગ કરવામાં આવે છે અને ભિન્ન ભિન્ન ગુણધર્મો ધરાવતી માહિતીના એકમોને જુદા જુદા વર્ગોમાં વહેંચવાની પ્રક્રિયાને માહિતીનું વર્ગીકરણ કહેવામાં આવે છે.

માહિતીનું વર્ગીકરણ સંશોધક પોતાની મરજી મુજબ કરી શકતો નથી. સંશોધકે મેળવેલ માહિતીનું વૈજ્ઞાનિક રીતે એકમોનું વર્ગીકરણ કરવાનું હોય છે. તેના માટે સંશોધકે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે. જેમ કે માહિતીના વર્ગીકરણમાં દરેક એકમોને સ્થાન મળવું જોઈએ. વર્ગીકરણની શ્રેણી ગમે એટલી લાંબી હોય પણ દરેક એકમોને શ્રેણીમાં સમાવાની સરખી તક મળવી જોઈએ. કોઈ પણ એકમ બાકી ન રહી જાય તે બાબત સંશોધકે ધ્યાનમાં રાખવી. કોઈપણ એકમ એક સાથે એકથી વધુ શ્રેણીમાં હોવા જોઈએ નહિ. માહિતી વર્ગીકરણ માટે ગુણધર્મ કે લાક્ષણિકતા ને આધારે પ્રત્યેક એકમ એક જ સમયે એક જ શ્રેણીમાં સ્થાન મળી શકે અને કોઈપણ એકમને એકી સાથે એકથી વધુ શ્રેણીમાં સ્થાન ન મળે તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

માહિતી વર્ગીકરણની પ્રક્રિયામાં બે પ્રકારની માહિતી જોવા મળે છે. ગુણાત્મક માહિતી અને સંખ્યાત્મક માહિતી. માહિતીના વર્ગીકરણમાં એકમોના ગુણ કે લક્ષણને આધારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે આવા વર્ગીકરણને ગુણાત્મક વર્ગીકરણ કહેવામાં આવે છે. દા.ત. લિંગ, ધર્મ, વ્યવસાય, લગ્ન, શિક્ષણ વગેરે. આમ આવા ગુણ કે લક્ષણો ધરાવતા એકમોના આધારે માહિતીનું વર્ગીકરણ કરવામાં આવે તેને ગુણાત્મક વર્ગીકરણ કર્યું કહેવાય છે. જેમ કે લિંગના ગુણધર્મ ના આધારે સ્ત્રી કે પુરુષ, ધર્મના આધારે હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, લગ્નને આધારે પરણિત અપરણિત, શિક્ષણના આધારે ભણેલા કે અભણ વિભાજન કરીએ ત્યારે આપણે માહિતીનું ગુણાત્મક વર્ગીકરણ કરીએ છીએ તેમ કહેવાય. બીજા પ્રકારની માહિતી એ સંખ્યાત્મક માહિતી છે. સંખ્યાત્મક વર્ગીકરણ એટલે કે માહિતીના એકમોને ચોક્કસ રીતે માપી શકાય એવી સંખ્યામાં કે આંકડામાં વર્ગીકૃત કરવામાં આવે ત્યારે તેવા વર્ગીકરણને સંખ્યાત્મક વર્ગીકરણ કહેવાય. બીજા શબ્દોમાં કહીયેતો માહિતીના એકમોને વર્ગીકૃત કરીને જયારે ચોક્કસ માપમાં રજૂ કરવામાં આવે તેને સંખ્યાત્મક વર્ગીકરણ કહેવામાં આવે છે. દા. ત. ઉંમર, આવક, વજન, ભૌગોલિક અંતર, સભ્યોની સંખ્યા વગેરેને આંકડામાં કે સંખ્યામાં દર્શાવી શકાય છે.

સંશોધક માહિતીનું વિભિન્ન એકમોનું વર્ગીકરણ કરી કોષ્ટક ગ્રાફ, આકૃતિ સ્વરૂપે રજૂ કરી શકે છે. તેમજ માહિતીના વર્ગીકરણથી અહેવાલ તેમજ તારણો તારવવામાં પુરાવા તરીકે રજૂ કરે છે. આમ સંશોધનમાં માહિતીનું વર્ગીકરણ અનેક રીતે ઉપયોગી બને છે.

## 18.4 માહિતીનું અર્થઘટન

માહિતીનું અર્થઘટન એટલે માહિતી પરથી અર્થ તારવવો, માહિતીમાં રહેલો ગર્ભિત અર્થ બહાર લાવવો, માહિતીમાંથી શું જાણવા મળે છે તે અંગેના અનુમાનો કરવા અને તે અંગેના તારણો રજૂકરતા વિધાનો કરવા તેને માહિતીનું અર્થઘટન કહેવાય છે. સંશોધકે એકત્ર કરેલી માહિતીનું વિશ્લેષણ અને વર્ગીકરણ બાદ માહિતી પરથી તારણો તારવવા તે સંશોધન પ્રક્રિયામાં ખુબ જ મહત્તવનું પાસું છે. માહિતી અર્થઘટનની પ્રક્રિયા અર્થઘટન કરેલી માહિતીના વિવિધ એકમો વચ્ચે શું સંબંધ છે તેની સાથે છે. તેમાં બીજા થયેલા સંશોધનોના તારણો સાથે

જોડાણ પણ જોવા મળે છે. અર્થઘટનની પ્રક્રિયા સૈદ્ધાંતિક ખ્યાલો પુરા પાડે છે. આવા સૈદ્ધાંતિક ખ્યાલો આગળના સંશોધનો માટે માર્ગદર્શક બની રહે છે.

માહિતીનું અર્થઘટન કરવાનું કામ સરળ નથી. અર્થઘટનની પ્રક્રિયા એ એક કળા છે. માહિતીનું અર્થઘટન કરવા માટે સંશોધકમાં વૈજ્ઞાનિક વલણ, પ્રમાણિકતા વૈજ્ઞાનિક કલ્પનાશક્તિ ચતુરાઈ, અને નિષ્ઠા હોવી જરૂરી છે. આ અર્થઘટન કરવાની કળા અનુભવથી આવે છે. સંશોધકે માહિતીનું અર્થઘટન કરવામાં સંશોધન સાથે સંકળાયેલા બધા પાસાઓ તેમજ એકમોને ધ્યાને લેવા. તેમજ અર્થઘટન કરવામાં ઉતાવળ ન કરતા ધીરજપૂર્વક કાર્ય કરવું. માહિતીના અર્થઘટનની પ્રક્રિયા દરમિયાન સંશોધકે મેળવેલી માહિતીમાંથી ખોટા અર્થઘટન થવાની સંભાવનાઓ રહેલ છે તેથી ખોટું અર્થઘટન ભૂલભરેલા તારણો તરફ લઈ જાય છે. આથી અર્થઘટનની પ્રક્રિયા આત્મલક્ષિતા ન આવે અને સંશોધક સાચા પરિપ્રેક્ષમાં થાય તે જરૂરી છે. સંશોધન પ્રશ્ન, માહિતીનું એકત્રીકરણ અને સિદ્ધાંત વચ્ચે થતી પ્રક્રિયાને સંશોધકે ધ્યાનમાં રાખી માહિતીનું અર્થઘટન કરવું જોઈએ. સંશોધકે વિષયની પસંદગીમાં, સંશોધન પ્રશ્નના ઘડતરમાં, માહિતીનું અર્થઘટન કરવામાં આત્મલક્ષી પરિબળોથી દૂર રહેવું જોઈએ અને સંશોધનમાં સત્ય સિવાય બીજું કઈ જ નહિ એ સ્થિતિ પર પહોંચવું જોઈએ.

## 18.5 સાદુ અને સંચયી આવૃત્તિ વિતરણ

સંશોધન પ્રક્રિયામાં સંશોધન પ્રશ્નની પસંદગી, ઘડતર, ક્ષેત્રની પસંદગી, માહિતી એકત્રીકરણ, માહિતીનું વર્ગીકરણ અને અર્થઘટન કરવામાં આવે છે, જેમાં એકત્ર કરેલી માહિતી વિશાળ અને વધારે પ્રમાણમાં હોય છે તેને વ્યવસ્થિત અને ટૂંકમાં રજૂ કરવા માટે માહિતીને વિવિધ વર્ગોમાં વિભાજીત કરવી જરૂરી છે. માહિતીને વર્ગીકૃત કરીએ પછી તેનું આંકડાશાસ્ત્રીય વર્ણન કરવામાં આવે છે વર્ગીકૃત માહિતીને સાદા અને સંચયી આવૃત્તિના વિતરણોના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. માહિતીને રજૂ કરતા સાદા અને સંચયી આવૃત્તિના વિતરણો સમજતા પહેલા તેની સાથે સબંધિત કેટલાક ખ્યાલોનો અર્થ સમજવો જરૂરી છે.

- **પ્રાપ્તાંકો :**

  અભ્યાસ હેઠળના એકમોએ પ્રાપ્ત કરેલ ગુણાંક- પછી તે ગુણના સંદર્ભમાં હોય કે સમયના સંદર્ભમાં હોય તેને પ્રાપ્તાંક તરીકે ઓળખવામાં આવે છે.

  દા.ત. એક વર્ગના વિધાર્થીઓએ સમાજશાસ્ત્રની પરીક્ષામાં જે ગુણ પ્રાપ્ત કર્યા હોય તે તેના પ્રાપ્તાંક કહેવાય છે. વિદ્યાર્થી દ્વારા મેળવેલ ગુણ પ્રાપ્તાંક બને છે.

- **પ્રાપ્તાંકોની હદ :**

  પ્રપ્તાંકોની હદ નક્કી કરવી એટલે બે નજીકના પ્રપ્તાંકો વચ્ચેના અંતરને સરખી રીતે વહેંચવું. દરેક પ્રપ્તાંકોને ઉપલી હદ અને નીચલી હદ હોય છે. દા.ત. 10 ની ઉપલી હદ 10.5 અને નીચલી હદ 9.5 થાય. આ બાબત દરેક પ્રાપ્તાંકને લાગુ પડે છે.

- **ખંડિત શ્રેણી :**

  જે શ્રેણીમાં આંકડા હમેશાં પૂર્ણાંકમાં હોય છે તેવી શ્રેણીને ખંડિત શ્રેણી કહેવામાં આવે છે. જેમ કે વર્ગમાં વિધાર્થીની સંખ્યા, કુટુંબના સભ્યોની સંખ્યા વગેરે ખંડિત શ્રેણીના ઉદાહરણ છે. જે શ્રેણીના બે અંકો વચ્ચેસળંગ સૂત્રતા હોતી નથી તેવી શ્રેણીને ખંડિત શ્રેણી કહેવામાં આવે છે. ખંડિત શ્રેણીમાં દરેક પ્રાપ્તાંકની હદ નક્કી જ હોય છે ખંડિત શ્રેણીના દરેક નજીકના આંક વચ્ચે ખાલી જગ્યા રહે છે.

- **અખંડિત શ્રેણી :**

  જે આંકડાની શ્રેણીમાં અંકો વચ્ચે ખાલી જગ્યા હોતી નથી, પરંતુ સળંગ સૂત્રતા હોય છે તેવી શ્રેણીને અખંડિત શ્રેણી કહેવામાં આવે છે. દા.ત. ઉમર, વજન, સમય, લંબાઈ વગેરે. અખંડિત શ્રેણીમાં આંક વચ્ચે ખાલી જગ્યા હોતી નથી. તેથી આવા પ્રાપ્તાંકોની હદ નક્કી કરવાની જરૂરિયાત ઊભી થાય છે.

- **આવૃત્તિ વિત્તરણ :**

  સંશોધક ઉત્તરદાતાઓને પ્રશ્નો પૂછીને કે તેમનું અવલોકન કરીને જે માહિતી એકત્ર કરે છે તે માહિતી અવર્ગીકૃત સ્વરૂપની હોય છે. તેથી તેના આધારે ચોક્કસ સમજ મળી શકતી નથી તેમજ તેના પરથી તારણો તારવી શકતા નથી દા.ત. 8 વિધાર્થીઓએ સમાજશાસ્ત્ર વિષયમાં મેળવેલા ગુણ જે અવર્ગીકૃત માહિતી કહેવાય, આવી માહિતીને ચોક્કસ વર્ગો નક્કી કરી તેમાં વર્ગીકૃત કરવાની રીત એટલે આવૃત્તિ વિત્તરણ. બીજી રીતે કહીએ તો વર્ગીકરણમાં એકત્રિત કરેલ માહિતીના જથ્થાને જુદા જુદા વર્ગોમાં, શ્રેણીમાં વહેંચવામાં આવે છે. આ જુદા જુદા વર્ગોમાં સમાવિષ્ટ થતા કિસ્સા કે એકમોનું વિતરણ કે વહેંચણી કરવામાં આવે તેને આવૃત્તિ વિતરણ કહેવાય. જે તે વર્ગોમાં સમાવિષ્ટ થતી વ્યક્તિઓ, એકમો કે કિસ્સાઓની સંખ્યાને આવૃત્તિ કહેવાય અને વિભિન્ન વર્ગો તથા પ્રત્યેક વર્ગોમાં સમાવિષ્ટ થતા કિસ્સાની સંખ્યાને આવૃત્તિ વિતરણ કહેવાય. ટૂંકમાં આવૃત્તિ વિતરણ એક પ્રકરાનું કોષ્ટક છે જેમાં વર્ગો, આવૃત્તિ ચિન્હો અને આવૃત્તિ એમ વિવિધ ખાના હોય છે.

**વર્ગલંબાઈ લઈને વર્ગો લખવાની રીતો / પદ્ધતિ બે છે**

- **નિવારક પદ્ધતિ :** આ પદ્ધતિમાં વર્ગોની ઉચ્ચ હદ જેટલા પ્રાપ્તાંકોને અનુગામી વર્ગોમાં દર્શાવામાં આવે છે. જેમ કે 10 વર્ગ લંબાઈવાળાને 0-10, 10-20, 20-30 ના વર્ગસ્તરો પાડવા હોય તો 10 પાપ્તાંકોને 0-10 ના વર્ગમાં ગણતરીમાં ન લેતા 10-20 ના વર્ગમાં ગણતરીમાં લેવું. એવી જ રીતે 20 પાપ્તાંકોને 10 - 20 ના વર્ગમાં ગણતરીમાં ન લેતા 20 - 30 ના વર્ગમાં ગણતરીમાં લેવું. જે તે વર્ગમાં ઉચ્ચ હદ જેટલા પ્રાપ્તાંકોને ઉચ્ચ હદવાળા વર્ગમાંથી નિવારવામાં આવે છે. બાકાત રાખવામાં આવે છે. અને તેના અનુગામી વર્ગમાં નિમ્ન હદવાળા વર્ગમાં દર્શાવામાં આવે છે.

- **અનિવારક પદ્ધતિ :** આ પદ્ધતિમાં ઉચ્ચ હદ માં આવતા પ્રાપ્તાંકોને તે જ વર્ગમાં દર્શાવામાં આવે છે. જેમ કે 10 વર્ગ લંબાઈવાળા 0-10, 11-20, 21-30 ના વર્ગસ્તરો પાડવા હોય તો 10 પ્રાપ્તાંકોને 0-10 માં 20 પ્રાપ્તાંકોને 11-20 માં અને 21 પ્રાપ્તાંકોને 21 - 30 ના વર્ગમાં દર્શાવવામાં આવે છે.

**સમાન વર્ગ લંબાઈ :** આવૃત્તિ વિતરણ માં નક્કી કરેલા બધા વર્ગઅંતરોમો વર્ગ લંબાઈ એક સમાન હોવી જોઈએ. પહેલા વર્ગની વર્ગ લંબાઈ 10 રાખી હોય તો ત્યાર પછીના બધા વર્ગોમાં વર્ગ લંબાઈ 10 રાખવી જોઈએ. પરંતુ કેટલાક ખાસ કિસ્સામાં જેમ કે આવક, વસ્તી વગેરે પરીવર્ત્યોની વર્ગીકરણ માં અસમાન વર્ગ લંબાઈ હોય શકે છે. સંશોધક સંશોધન હેતુ અને માહિતીના સ્વરૂપને ધ્યાને લઇ અસમાન વર્ગ લંબાઈ રાખી શકાય છે.

આવૃત્તિ વિત્તરણ એટલે કોઈપણ પરીવર્ત્યોની વિવિધ શ્રેણીઓમાં કેટલીક સંખ્યાના અભ્યાસ એકમોનો સમાવેશ થાય છે એ દર્શાવતું વિતરણ. આવૃત્તિ વિતરણ બે પ્રકારના

છે. સાદું આવૃત્તિ વિતરણ અને સંચય આવૃત્તિ વિરણ.

**1. સાદું આવૃત્તિ વિત્તરણ (Simple Frequency Distribution)**

અભ્યાસ હેઠળના એકમોની કોઈપણ પરીવર્ત્યો કે લક્ષણોને લગતી માહિતીને સંક્ષેપમાં અને સ્પષ્ટ રીતે રજૂ કરતી સાદી અને સરળ આંકડાશાસ્ત્રીય રીત એ સાદી આવૃત્તિ વિત્તરણ છે. આ પ્રકારના વિત્તરણમાં પ્રત્યેક વર્ગના અભ્યાસ હેઠળના એકમોની સંખ્યા અને અભ્યાસ હેઠળના તમામ વર્ગોના એકમોનો સરવાળો કરી કુલ અભ્યાસ એકમોની સંખ્યા દર્શાવવામાં આવે છે.

આવૃત્તિ વિત્તરણ તૈયાર કરવા માટેના નીચેના સોપાનો સમજવા જરૂરી છે.

1. આવૃત્તિ વિત્તરણનો કોઠો બનાવતા પહેલા બધા પ્રાપ્તાંકોને ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવવા. આવૃત્તિ વિતરણનો કોઠો તૈયાર કરવા માટે પ્રપ્તાંકોને ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવવા/ હાર બનાવવી જરૂરી નથી. પણ ગણતરીમાં સરળતા માટે હાર બનાવવી યોગ્ય ગણાય છે.

2. આપેલ પાપ્તાંકોમાંથી સૌથી મોટો અને સૌથી નાનો પ્રાપ્તાંક શોધો. અને તે બે વચ્ચેનો તફાવત શોધો.

   ઉ.દા. 24. 34. 46. 58. 18. 24. 60, 35. 50. 15, 59. 18. 26. 35. 50.

   ઉપરોક્ત ઉ.દા. માં સૌથી મોટો પ્રાપ્તાંક 60 અને સૌથી નાનો પાપ્તાંક 15 છે. આ બે પ્રાપ્તાંકો વચ્ચે તફાવત્ત 45 (60 - 15- 45) છે. આ તફાવત્ત વિસ્તાર છે. જેને આંકડાશાસ્ત્રની પરિભાષામાં વિસ્તાર (100) કહેવામાં આવે છે.

3. વર્ગોની સંખ્યા અને વર્ગ લંબાઈ નક્કી કરો. વિસ્તાર શોધ્યા બાદ કેટલા વર્ગોમાં માહિતી રજૂ કરવી છે અને દરેક વર્ગની વર્ગ લંબાઈ કેટલી રાખવી છે તે નક્કી કરવામાં આવે છે. આ બંને બાબતો વર્ગોની સંખ્યા અને વર્ગોની લંબાઈ પરસ્પર સંકળાયેલી છે. દા.ત જેમ વર્ગોની લંબાઈ મોટી રાખશો તેમ વર્ગોની સંખ્યા ઓછી થઇ જશે. અને જેમ વર્ગ લંબાઈ નાની રાખીશું તેમ વર્ગોની સંખ્યા વધારે થશે.

   વર્ગ સંખ્યા નક્કી કરવા માટેનું સૂત્ર છે. :-

$$\text{વર્ગની સંખ્યા} = \frac{\text{વિસ્તાર}}{\text{વર્ગ લંબાઈ}} + 1$$

ઉપરના ઉ.દા. માં વિસ્તાર 45 છે તે પ્રમાણે 45 % 5 +1 = 10 વર્ગો પડે.

વર્ગોની સંખ્યા કેટલી રાખવી તે વિશે કોઈ સામાન્ય નિયમ નથી. પરંતુ સંશોધક પાસે ઉપલબ્ધ માહિતી અને તેના ઉદેશો ધ્યાનમાં લઇ વર્ગો નક્કી થાય છે. તેવી જ રીતે વર્ગ લંબાઈ કેટલી રાખવી તે વિશે પણ કોઈ સામાન્ય નિયમ નથી તેમ છતાં સામાન્ય રીતે 5, 10, 15, 20 એ રીતે વર્ગો લંબાઈ પસંદ કરતી હોય છે. જયારે વર્ગોની સંખ્યા 10 કે 15 રાખવી હિતાવહ ગણી શકાય. વાસ્તવમાં સંશોધક પોતે વર્ગોની સંખ્યા અને વર્ગ લંબાઈ વિશે નિર્ણય લેવાનો હોય છે.

**વર્ગ લંબાઈ નક્કી કરવા માટેનું સૂત્ર છે. :-**

$$\text{વર્ગ લંબાઈ} = \frac{\text{વિસ્તાર}}{\text{વર્ગની સંખ્યા}} + 1$$

ઉપરના ઉ.દા. માં વિસ્તાર 45 અને વર્ગોની સંખ્યા 10 છે તે પ્રમાણે 45 ૪ 10 = 4.5 એટલે કે 5 વર્ગો પડે.

સામાન્ય રીતે વર્ગો એવી રીતે નક્કી કરવામાં આવે છે કે પહલા વર્ગમાં સૌથી નાના પ્રાપ્તાંકનો સમાવેશ થાય અને છેલ્લા વર્ગમાં સૌથી મોટા પાપ્તાંક નો સમાવેશ થાય છે. દરેક વર્ગને બે સીમાઓ હોય છે.

1. ઉર્ધ્વ સીમા (ઉપરની હદ)

2. અધઃ સીમા (નીચલી હદ)

4. વર્ગો અને વર્ગ લંબાઈ નક્કી થઇ ગયા બાદ કોષ્ટક તૈયાર કરો. જેમાં દરેક વર્ગના ખાનામાં એક પછી એક વર્ગો લખો. વર્ગની સામે આવૃત્તિ ચિન્હના ખાનામાં । આવી નિશાની મુકો. આમ છેલ્લા આવૃતિના ખાનામાં દરેક વર્ગની સામેના ચિન્હોની ગણતરી કરી સંખ્યા લખો. આવૃત્તિ વિતરણની સમગ્ર બાબતોને નીચે મુજબના ઉ.દા. થી સમજીએ.

**ઉ.દા.**

સમાજશાસ્ત્ર વિષયના 30 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નીચે મુજબ છે. તેના આધારે સાદું આવૃત્તિ વિતરણ તૈયાર કરો.

44, 23, 25, 19, 29, 28, 47, 38, 20,

42, 30, 36, 25, 39, 46, 24, 20, 24, 39.

આ ઉ.દા.માં સૌથી મોટી સંખ્યા (પાપ્તાંક) 45 અને સૌથી નાની સંખ્યા (પ્રાપ્તાંક) 02 છે. ત્યાર બાદ સૌથી મોટી સંખ્યા 45 માંથી સૌથી નાની સંખ્યા 02 બાદ કરતાં વિસ્તાર મળે. એટલે કે અહી, 47 - 02 = 45 એ વિસ્તાર છે. (વર્ગીની સંખ્યા) માટે

$$\text{વર્ગની સંખ્યા} = \frac{\text{વિસ્તાર}}{\text{વર્ગ લંબાઈ}} + 1$$

એટલે કે $\frac{45}{5} + 1 = 10$ એ વર્ગ અંતર છે.

વર્ગ લંબાઈ માટે $\frac{\text{વિસ્તાર}}{\text{વર્ગ લંબાઈ}}$

એટલે કે $\frac{45}{10} = 4.5$ (5) વર્ગ લંબાઈ આવે.

**વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણ પ્રમાણે સાદું આવૃત્તિવિતરણ**

| ગુણ | આવૃત્તિ ચિન્હ | આવૃત્તિ (f) |
|---|---|---|
| 02 – 06 | IIII | 4 |
| 07 – 11 | III | 3 |
| 12 – 16 | IIII | 4 |
| 17 – 21 | III | 3 |

| | | |
|---|---|---|
| 22 – 26 | ~~IIII~~ | 5 |
| 27 – 31 | III | 3 |
| 32 – 36 | III | 3 |
| 37 – 41 | II | 2 |
| 42 – 46 | II | 2 |
| 47 – 51 | I | 1 |
| | કુલ – N | 30 |

(પાંચ આવૃત્તિને IIIII (IIII) આ બંને રીતે દર્શાવી શકાય)

ઉપરોક્ત આવૃત્તિ વિતરણના કોષ્ટક પરથી હવે સ્પષ્ટ થાય છે કે ક્યા વર્ગમાં કેટલી આવૃત્તિ છે. દા.ત 22 - 26ની વચ્ચે મેળવેલા વિદ્યાર્થીઓ કેટલા ? આ પ્રશ્નનો જવાબ તેની સામેના વર્ગની આવૃત્તિ પરથી મળે છે. આવું અર્થઘટન અને સ્પષ્ટતા દરેક વર્ગ અને તેની સામેની આવૃત્તિઓની સંખ્યા માટે થઇ શકે છે. અને સૌથી વધુ આવૃત્તિ કયા વર્ગમાં છે તે પણ જાણી શકાય છે.

**2. સંચય આવૃત્તિ વિત્તરણ (Cumulative Frequency Distribution)**

સાદા આવૃત્તિ વિતરણ પરથી પત્યેક વર્ગમાં કેટલા એકમો છે એની માહિતી પાપ્ત થાય છે. પરંતુ કેટલીક વખત આપણે અમુક વર્ગ સુધી વધુ કે ઓછી કેટલી આવૃત્તિ છે તે જાણવાની જરૂર પડે છે તેમજ ઉમર, વસ્તી, કુટુંબનું કદ, જન્મ દર, મુત્યુ દર વગેરે પ્રકારની માહિતીની જરૂર પડે છે સાદા આવૃત્તિ વિતરણ દ્વારા આ પ્રકારની માહિતી મળી રહતી નથી પરંતુ સંચયઆવૃત્તિ દ્વારા આ પ્રકારની આંકડાકીય માહિતી મળી રહે છે. અહી ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે સંચયી આવૃત્તિવિતરણની પાયો સાદું આવૃત્તિવિતરણ છે.

સંચયી આવૃત્તિ વિતરણસાદા આવૃત્તિ વિતરણ દ્વારા મેળવી શકાય છે. સાદા આવૃત્તિવિતરણની વિગતોમાં સમાવિષ્ટ થયેલ એકમો કે આવૃત્તિને ક્રમિક રીતે એક પછી એક વર્ગોમાં ઉમેરવામાં આવે ત્યારે તેને સંચયી આવૃત્તિ વિતરણ કહેવાય. સાદા આવૃત્તિ વિતરણમાં ઉપયોગમાં લીધેલા વર્ગાતરો પૈકી નાનામાં નાના વર્ગાતરોની આવૃતીથી શરુ કરી તેના પછીના પ્રતિ ક્રમિક વર્ગાતરોની આવૃત્તિમાં તેની અગાઉના વર્ગાંતરોની આવૃત્તિ ક્રમિક રીતે ઉમેરતા જવામાં આવે છે અને આ પ્રક્રિયા બધા જ વર્ગાંતરોની આવૃત્તિઓનો સરવાળો રહે ત્યાં સુધી ચાલુ રહે છે. સંચય આવૃત્તિવિતરણની પ્રક્રિયા નાનામાં નાના વર્ગઅંતરોથી શરુ થાય છે અને મોટામાં મોટા વર્ગાતરે પૂરી થાય છે. સંચય આવૃત્તિ વિતરણની આ બંને રીતોને ''થી ઓછી'' સંચયી આવૃત્તિ વિતરણ અને ''થી વધુ'' સંચયી આવૃત્તિ વિતરણ તરીકે ઓળખવામાં આવે છે.

સાદા આવૃત્તિ વિતરણના આધારે સંચયી આવૃત્તિ વિતરણ તૈયાર કરતી વખતે સાદા આવૃત્તિ વિતરણના ત્રણ ખાના ઉપરાંત બીજા બે ખાના જોડવામાં આવે છે. તેમાં ચોથું ખાનું ''થી ઓછું'' અને પાંચમુ ખાનું ''થી વધારેનું'' હોય છે. સાદા આવૃત્તિ વિતરણના ખાનામાં જે પહેલા વર્ગના પ્રાપ્તાંકોની સંખ્યા હોય તે જ સંખ્યા ''થી ઓછા''ના ખાનામાં તે જ વર્ગની સામે મુકવામાં આવે છે. તે પછીના દરેક વર્ગની આવૃત્તિઓને ''થી ઓછા''ના ખાનામાં રહેલી સંચયી આવૃત્તિમાં ઉમેરવામાં આવે છે. આમ એક પછી એક

વર્ગની આવૃત્તિઓનો સરવાળો કરતાં જવાથી અંતિમ વર્ગની સામે ''થી ઓછી''ના ખાનામાં કુલ આવૃત્તિની સંખ્યા આવે છે. આગલા વર્ગની સંચયી આવૃત્તિમાં પછીના વર્ગની આવૃત્તિની સંખ્યા ઉમેરવાથી પછીના વર્ગની સંચયી આવૃત્તિ મળે છે. એક પછી એક વર્ગની સંચયી આવૃત્તિમાં તેનાથી નીચેના વર્ગની આવૃત્તિ ઉમેરતા જતા ''થી ઓછા'' પ્રકારની સંચયી આવૃત્તિ મળતી જશે. તેમ જ ''થી વધારેના'' ખાનામાં સૌથી નીચલા વર્ગની (મોટા વર્ગની) આવૃત્તિને લખવામાં આવે છે. તેના ઉપરના વર્ગોની આવૃત્તિને ''થી વધારે''ના ખાનામાં સંચય આવૃત્તિમાં ક્રમશ ઉમેરતા જવું. જે રીતે ''થી ઓછા'' પ્રકારની સંચયી આવૃત્તિ મેળવવા માટે ઉપરથી નીચેની દિશામાં ઉત્તરોતર સરવાળો કરીએ છીએ તેમ જ ''થી વધારે'' પ્રકારનું સંચયી આવૃત્તિ વિતરણ મેળવવા માટે નીચેથી ઉપરની દિશામાં ઉત્તરોત્તર સરવાળો કરતાં જવો. સાદા આવૃત્તિ વિતરણને સમજવામાં માટે આગળ ઉ.દા. આપેલ છે. તેના આધારે સંચયી આવૃત્તિ વિતરણને નીચે મુજબ સમજી શકાય.

**ઉ.દા.**

**વિધાર્થીઓએ મેળવેલા ગુણ પ્રમાણે સાદું અને સંચયી આવૃત્તિ વિતરણ**

| ગુણ | આવૃત્તિ ચિન્હ | સાદી આવૃત્તિ (f) | સંચયી આવૃત્તિ | |
|---|---|---|---|---|
| | | | થી ઓછી | થી વધારે |
| 02 – 06 | IIII | 4 | 4 | (26 + 4) 30 |
| 07 – 11 | II | 3 | (4 + 3) 7 | (23 + 4) 27 |
| 12 – 16 | IIII | 4 | (7 + 4) 11 | (19 + 4) 23 |
| 17 – 21 | III | 3 | (11 + 3) 14 | (16 + 3) 19 |
| 22 – 26 | IIII | 5 | (14 + 5) 19 | (11 + 5) 16 |
| 27 – 31 | III | 3 | (19 + 3) 22 | (8 + 3) 11 |
| 32 – 36 | III | 3 | (22 + 3) 25 | (5 + 3) 8 |
| 37 – 41 | II | 2 | (25 + 2) 27 | (3 + 2) 5 |
| 42 – 46 | II | 2 | (27 + 2) 29 | (1 + 2) 3 |
| 47 – 51 | I | 1 | (29 + 1) 30 | 1 |
| | **કુલ – N** | **30** | | |

ઉપરોક્ત કોષ્ટકમાં ''થી ઓછી'' સંચય આવૃત્તિનું વાંચન આ મુજબ કરી શકાય. :

(1) 7 થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 4 છે.

(2) 17 થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 4 છે.

(3) 32 થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 3 છે.

(4) 47 થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 2 છે.

''થી વધારે '' સંચય આવૃત્તિનું વાંચન આ મુજબ કરી શકાય. :

(1) 42 થી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 3 છે.

(2) 32 થી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 8 છે.

(3) 22 થી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 16 છે.

(4) 12 થી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 23 છે.

**આવૃત્તિવિતરણના ઉદાહરણ**

1. નીચે આપેલા પાપ્તાંકો પરથી સાદું અને સંચયી આવૃત્તિવિતરણ તૈયાર કરો.

(વર્ગલંબાઈ 5 અને પ્રથમ વર્ગ 8 - 12 રાખો.)

48, 21, 30, 54, 29, 28, 44, ૨8, 10, 57,

40, 26, 31, 29, 24, 50, 30, 45, 40, 34,

19, 54, 14, 52, 12, 47, 08, 19, 38, 38.

અહી મોટો પાપ્તાંક 57 છે, તેથી સુચના મુજબ પ્રથમ વર્ગ 8 -12 થી શરુ કરી વર્ગ લંબાઈ 5 રાખી 57ના પાપ્તાંકનો સમાવેશ થઇ જાય તે રીતે અનુગામી વર્ગાતર રાખવા.

**આવૃત્તિ વિતરણ**

| વર્ગાતર | આવૃત્તિ ચિન્હ | સાદી આવૃત્તિ (f) | સંચયી આવૃત્તિ | |
|---|---|---|---|---|
| | | | થી ઓછી | થી વધારે |
| 8 – 12 | III | 3 | 3 | 30 |
| 13 – 17 | I | 1 | 4 | 27 |
| 18 – 22 | III | 3 | 7 | 26 |
| 23 – 27 | II | 2 | 9 | 23 |
| 28 – 32 | ~~IIII~~I | 6 | 15 | 21 |
| 33 – 37 | II | 2 | 17 | 15 |
| 38 – 42 | IIII | 4 | 21 | 13 |
| 43 – 47 | III | 3 | 24 | 9 |
| 48 – 52 | III | 3 | 27 | 6 |
| 53 – 57 | III | 3 | 30 | 3 |
| | **કુલ – N** | **30** | | |

2. નીચે આપેલા પાપ્તાંકો પરથી સાદું અને સંચયી આવૃત્તિવિતરણ તૈયાર કરો.

(વર્ગલંબાઈ 10 અને પ્રથમ વર્ગ 11 - 20 રાખો.)

40, 26, 31, 29, 24, 50, 30, 45, 40, 34, 21, 53, 61, 83, 52, 99, 80, 112, 50, 92, 19, 56, 14, 52, 12, 47, 18, 19, 38, 38, 76, 47, 59, 64, 55, 63, 107, 48, 22, 55, 70, 43, 66, 40, 32, 90, 88, 63, 44, 64.

અહી મોટો પાપ્તાંક 112 છે, તેથી સુચના મુજબ પ્રથમ વર્ગ 10 - 20થી શરુ કરી વર્ગ લંબાઈ 10 રાખી અનુગામી વર્ગાતર રાખવા.

**આવૃત્તિ વિતરણ**

| વર્ગાંતર | આવૃત્તિ ચિન્હ | સાદી આવૃત્તિ (f) | સંચયી આવૃત્તિ | |
|---|---|---|---|---|
| | | | થી ઓછી | થી વધારે |
| 11 – 20 | ~~IIII~~ | 5 | 5 | 50 |
| 21 – 30 | ~~IIII~~ I | 6 | 11 | 45 |
| 31 – 40 | ~~IIII~~ II | 7 | 18 | 39 |
| 41 – 50 | ~~IIII~~ IIII | 9 | 27 | 32 |
| 51 – 60 | ~~IIII~~ II | 7 | 34 | 23 |
| 61 – 70 | ~~IIII~~ II | 7 | 41 | 16 |
| 71 – 80 | II | 2 | 43 | 9 |
| 81 – 90 | III | 3 | 46 | 7 |
| 91 – 100 | II | 2 | 48 | 4 |
| 101 – 110 | I | 1 | 49 | 2 |
| 111 – 120 | I | 1 | 50 | 1 |
| | **કુલ – N** | **50** | | |

## 18.6 સારાંશ :

કોઈપણ સામાજિક સંશોદન ત્યારે જ પૂર્ણ કહેવાય કે જ્યારે સંશોધનનાં સંપૂર્ણ માહિતીનું વર્ગીકરણ વિશ્લેષણ કરવામાં આવે તેના માટે સાદુ અને સંચયી આવૃત્તિ વિતરણ ખૂબ જ મહત્વનું છે.

## 18.7 તમારી પ્રગતિ ચકાસો :

(1) માહિતીનું વિશ્લેષણ એટલે શું ? સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) માહિતીનું વર્ગીકરણ ટૂંકમાં સમજાવો.

..................................................................

..................................................................

................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................

(3) માહિતીનું અર્થઘટન વિશે ટૂંક નોંધ લખો.

................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................

(4) સાદુ અને સંચયી આવૃત્તિ વિતરણ વિગતવાર ચર્ચા કરો.

................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................
................................................................

## 18.8 ચાવીરૂપ શબ્દો

- **માહિતીનું વિશ્લેષણ :**

  "એકત્રિત કરેલી માહિતી પર સંશોધનના તારણો તારવવા માટે માહિતીના વિવિધ

એકમોની યોગ્ય ગોઠવણ અને વિવિધ એકમો વચ્ચેના તાર્કિક સબંધોમાં ગોઠવણી પ્રક્રિયાને માહિતી વિશ્લેષણ કહેવામાં આવે છે.''

- **માહિતીનું અર્થઘટન :**

  સંશોધનમાં એકત્ર કરેલી માહિતી કે નિરીક્ષણ હેઠળ આવેલી સિલસિલાબંધ અથવા વેરવિખેર હકીકતોને વૈજ્ઞાનિક રીતે સમજાવવા કોઈ વિભાવનાઓનું ઝુમખું અથવા સિદ્ધાંત લાગુ પાડીને આ હકીકતો વચ્ચેનો તાર્કિક સંબંધ બતાવવાનો પ્રયાસ. દરેક હકીકત અન્ય હકીકત સાથે સંકળાયેલી છે તે માન્યતાને આધારે હકીકતો વચ્ચેના સબંધોનું સ્વરૂપ અહીં સમજાવાય છે,

- **પ્રાપ્તાંકો :**

  અભ્યાસ હેઠળના એકમોએ પ્રાપ્ત કરેલ ગુણાંક- પછી તે ગુણના સંદર્ભમાં હોય કે સમયના સંદર્ભમાં હોય તેને પ્રાપ્તાંક તરીકે ઓળખવામાં આવે છે.

- **ખંડિત શ્રેણી :**

  જે શ્રેણીમાં આંકડા હંમેશાં પૂર્ણાંકમાં હોય છે તેવી શ્રેણીને ખંડિત શ્રેણી કહેવામાં આવે છે. જેમ કે વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યા, કુટુંબના સભ્યોની સંખ્યા વગેરે ખંડિત શ્રેણીના ઉદાહરણ છે. જે શ્રેણીના બે અંકો વચ્ચેસળંગ સૂત્રતા હોતી નથી તેવી શ્રેણીને ખંડિત શ્રેણી કહેવામાં આવે છે. ખંડિત શ્રેણીમાં દરેક પ્રાપ્તાંકની હદ નક્કી જ હોય છે ખંડિત શ્રેણીના દરેક નજીકના આંક વચ્ચે ખાલી જગ્યા રહે છે.

- **અખંડિત શ્રેણી :**

  જે આંકડાની શ્રેણીમાં અંકો વચ્ચે ખાલી જગ્યા હોતી નથી પરંતુ સળંગ સૂત્રતા હોય છે તેવી શ્રેણીને અખંડિત શ્રેણી કહેવામાં આવે છે. દા.ત. ઉંમર, વજન, સમય, લંબાઈ વગેરે. અખંડિત શ્રેણીમાં આંક વચ્ચે ખાલી જગ્યા હોતી નથી. તેથી આવા પ્રપ્તાંકોની હદ નક્કી કરવાની જરૂરિયાત ઊભી થાય છે.

## 18.9 બહુવિકલ્પીય પ્રશ્નો

1. માહિતીમાં અમુક ગુણ કે લક્ષણના આધાર પર માહિતીનું વર્ગીકરણ કરવામાં આવે તેવી માહિતીને ........................ કહેવામાં આવે છે.

   (ગુણાત્મક માહિતી, સંખ્યાત્મક માહિતી, ચિત્રાત્મક માહિતી)

2. માહિતીનું વર્ગીકરણ ......................... પોતાની મરજી મુજબ કરી શકતો નથી.

   (માહિતીદાતા, સંશોધક, ઉતરદાતા)

3. દરેક વર્ગને ................... સીમાઓ હોય છે.

   (5, 3, 2)

4. વર્ગલંબાઈની રીતોમાં ઉચ્ચહદમાં આવતાં પ્રાપ્તાંકોને તે જ વર્ગમાં દર્શાવામાં આવે છે. તેને................... કહેવામાં આવે છે.

   (અનિવારક પદ્ધતિ, નિવારક પદ્ધતિ, બંનેમાંથી એકપણ નહિ)

જવાબ : 1. ગુણાત્મક માહિતી 2. સંશોધક 3. 2 4. અનિવારક પદ્ધતિ

## 18.10 ઉપયોગી પ્રશ્નો

1. માહિતીનું વિશ્લેષણ એટલે શું ? સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

2. માહિતીનું વર્ગીકરણ ટુંકમાં સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

3. માહિતીનું અર્થઘટન વિશે ટૂંક નોધ લખો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

4. સાદું અને સંચયી આવૃત્તિ વિતરણ વિગતવાર ચર્ચા કરો..

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

5. નીચે આપેલા પાપ્તાંકો પરથી સાદું અને સંચયી આવૃત્તિ વિતરણ તૈયાર કરો.

(વર્ગલંબાઈ 5 રાખો.)

22, 55, 29, 31, 26, 34, 22, 37, 35, 45,

59, 40, 34, 47, 49, 39, 32, 28, 57, 48,

33, 24, 58, 21, 45, 35, 54, 49, 23, 37,

36, 28, 24, 40, 29, 41, 62, 55, 42, 63.

6. નીચે આપેલા પાપ્તાંકો પરથી સાદું અને સંચયી આવૃત્તિ વિતરણ તૈયાર કરો. (વર્ગલંબાઈ 7 રાખો.)

36, 57, 35, 24, 64, 28, 24, 40, 29, 51,
41, 62, 55, 42, 63, 59, 28, 11, 34, 30,
40, 57, 13, 34, 29, 20, 49, 39, 32, 42
48, 43, 50, 47, 32, 50, 44, 42, 49, 21,
33, 30, 28, 51, 42, 38, 50, 38, 47, 39.

## 18.11 સંદર્ભ-સૂચિ


- Good, William J. and Hatt, P.K, (1952), **Methods in Social Research**, McGrow Hill Book Company, New York.
- Young P V and Schmid C F, (1966), (Editor - Herbert Blumer - 2012), **Scientfic Social Survey and Research**, Literary Licensing, LLC.
- Kumar Ranjit, (2011), Research Methodology, 3rd Edition, Saga Publication, New Delhi.

- જોબનપુત્રા દેવેન્દ્ર, (1991), **સમાજશાસ્ત્રમાં આંકડાશાસ્ત્ર**, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- શાહ એ જી અને દવે જે કે, (2009), **સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ**, અનડા બૂક ડીપો, અમદાવાદ.
- પટેલ આર એસ, (2008), **સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર**, જય પબ્લિકેશન, અમદાવાદ.
- શાહ વિ.મળ. પી., ( ), **સંશોધન ડિઝાઈન**,
- જોષી વિદ્યુત, (2017), **સમાજ વિજ્ઞાન શબ્દકોશ**, અક્ષર પ્રકાશન, અમદાવાદ.
- ઉપાધ્યાય ચંદ્રકાંત, (2018) MSO – 2, સમાજશાસ્ત્રીય સંશોધનની પદ્ધતિઓ (ભાગ-3 સંશોધનમાં આંકડાશાસ્ત્ર) ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સિટી, અમદાવાદ.


⌘ ⌘ ⌘

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**